કડવા પાટીદાર કુળદેવી

શ્રી ઉમિયા માતાજી દર્શન

(ઈતિહાસ-પાટીદારો-ઊંઝા)

(સચિત્ર)




કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા (ઉ.ગુ.)

કડવા પાટીદાર કુળદેવી

શ્રી ઉમિયા માતાજી દર્શન

(ઈતિહાસ-પાટીદારો-ઊંઝા)

(સચિત્ર)



કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા (ઉ.ગુ.)

realpatidar.com

શ્રી ઉમિયા માતાજીના મંદિરની નીચે ભોંયરાના ગણપતિ



विघ्नेश्वराय वरदाय सुरप्रियाय।।
लंबोदराय सकलाय जगद्धिताय।।
नागाननाय श्रुति यज्ञ विभूषिताय।।
गौरीसुताय गणनाथ नमो नमस्ते।।

શ્રી માતાજીના નિજ મંદિરમાંની મૂળ પૌરાણિક મૂર્તિ



शूलं पट्टिश खडग चर्म विशिखान् मुणुंदधानां करैः, सेव्या शोभन षड्भूजां सुनयनां दिव्याम्बरालंकृताम् ।
शुभ्रागां वृषवाहनां सुरनरां भक्तोत्सवां शालिनीं, वन्दे श्री कडवेश्वरीं भगवती लक्ष्मी प्रदात्रीमुमाम् ।।

ત્રિશુલ, પટ્ટિશ, ખડગ, ઢાલ, બાણ અને મુણુંદને હસ્તોમાં ધારણ કરવાવાળાં, સેવા કરવા યોગ્ય, સુંદર છ ભૂજાવાળાં, સુંદર નયનોવાળાં, દિવ્ય વસ્ત્રાલંકારોથી શોભતાં, ઉજ્જ્વળ અંગોવાળાં, વૃષભના વાહનવાળાં, દેવોમાં શ્રેષ્ઠ, ભક્તોમાં ઉમંગ-ઉત્સાહ વધારનારાં, દિવ્ય તેજથી શોભતાં, લક્ષ્મી-ઐશ્વર્ય આપવાવાળાં, એવાં કડવેશ્વરી (કડવા પાટીદાર કુળદેવી) ભગવતી ઉમાને હું વંદન કરું છું.

કડવા પાટીદાર કુળદેવી

શ્રી ઉમિયા માતાજી દર્શન

(ઈતિહાસ - પાટીદારો - ઊંઝા)
(સચિત્ર)

લેખક :
સીતારામભાઈ જો. પટેલ
(ચેરમેન, પ્રચાર અને પ્રકાશન સમિતિ)

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

કડવા પાટીદાર કુળદેવી

શ્રી ઉમિયા માતાજી દર્શન

(ઈતિહાસ - પાટીદારો - ઊંઝા)

(સચિત્ર)

લેખક અને © : શ્રી સીતારામભાઈ જો. પટેલ

પ્રકાશક :
પ્રચાર અને પ્રકાશન કમિટી,
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

પ્રથમ આવૃત્તિ : સં. ૨૦૬૩ મહા સુદ ૫ (વસંત પંચમી)

પ્રત : ૫૦૦૦

મૂલ્ય : રૂ. ૫૦/–

મુદ્રક :
હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ
૦૨, કલિંગ કોમ્પ્લેક્સ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ ● ફોન : ૨૬૫૮૪૯૬૩

આ પુસ્તકના સ્પોન્સર દાતા

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા

• ઋણ સ્વીકાર •



ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-ઊંઝા એ દુનિયાભરમાં મોટું નામ છે. ખાસ કરીને જીરા-વરિયાળી અને ઈસબગુલ જેવા રોકડિયા પાક માટે આ બજાર પ્રખ્યાત છે અને ભારત સરકારને કરોડોનું હૂંડિયામણ કમાવી આપે છે.

આ બજારના સૂત્રધાર ચેરમેનશ્રી **નારાયણભાઈ લલ્લુદાસ પટેલ** એ ગુજરાત રાજ્યના ધારાસભ્ય છે અને પૂર્વ મહેસૂલ મંત્રી, વાહન-વ્યવહાર મંત્રી અને બીજનિગમના ચેરમેન હતા. તેઓ એક લોકનેતા છે. તેઓ સમાજના નીચામાં નીચા માણસ સાથે નીચે બેસી તેઓના આત્મીય બની તેમના પ્રશ્નો ખુલ્લા દિલે જાણી ઉકેલે છે. તેઓ પહેલા સામાન્યજન છે, પછી નેતા છે. તેમની આગેવાનીમાં બજાર સમિતિએ જે સમાજલક્ષી કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરી છે, જેનાથી તેમની સંવેદના સામાન્ય જન સાથે જોડાયેલી હોય તે સાબિત થાય છે. તેઓ બજાર વિસ્તાર અને પોતાના મતવિસ્તારના પ્રશ્નોને વિધાનસભામાં વાચા આપી જ્યોતિગ્રામ યોજના જેવી યોજનાનો અમલ કરાવી શક્યા છે. તેમની સાથેની તેમની બોર્ડ ટીમ તેમની સાથે જ છે. તેમના નિર્ણયો એકી અવાજે થાય છે.

આવી ઊંઝાના ગૌરવરૂપ બજાર સમિતિના સૂત્રધારોએ આ પુસ્તક સ્પોન્સર કર્યું છે, તે બદલ તેમનો હું આભારી છું.

આ બજાર સમિતિએ ચેરમેનશ્રી નારાયણભાઈની આગેવાનીમાં કૃષિ-વિષયક, સામાજિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં જે યોગદાન આપ્યું છે - તેની વિગતવાર નોંધ આ સાથે જોઈ શકાય છે. તેમણે બજાર વિસ્તારના ૩૧ ગામોના દરેક નાગરિકને માસ વીમા યોજનાથી રક્ષિત બનાવ્યો છે. જ્યોતિગ્રામ યોજના તળે ઊંઝા તાલુકો તેમજ વડનગર તાલુકાના દરેક ગામને ૨૪ કલાક વીજળી-કરણનો લાભ આપ્યો છે. આવા શ્રી નારાયણભાઈના સમાજલક્ષી અભિગમથી તેઓ લોકપ્રિય ધારાસભ્ય, આદર્શ ચેરમેન અને લોકનેતા તરીકે સન્માનીય બન્યા છે. ખેડૂતોના પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવે છે અને પાણી રીચાર્જ માટે તળાવો, ચેકડેમ, બોરીબંધમાં મોટી સહાય કરી આ વિસ્તારને નંદનવન બનાવ્યો છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા

સહકારથી સમગ્ર સમાજની સેવા

કૃષિ

રૂ. ૧૦ કરોડ કુલ ૧૨૭ તળાવ રીચાર્જ હેતુ (સરકારશ્રીની સહાય સાથે)
રૂ. ૧૩૩.૭૦ લાખ બોરીબંધ તથા ૭૦ પાકા ચેકડેમ (સરકારશ્રીની સહાય સાથે)
રૂ. ૨.૩૦ લાખ પશુ સારવાર કેમ્પમાં / રૂ. ૫૦ હજાર સરદાર કૃષિ યુનિ. દાંતીવાડા
રૂ. ૪૬.૫૦ લાખ તાલુકાના ખેડૂતોને તાલપત્રીનું રાહતદરે વિતરણ (સરકારશ્રીની સહાય સાથે)

સરકારી ભાગીદારી

રૂ. ૧.૬૧ કરોડ ગોકુળ ગ્રામયોજનામાં
રૂ. ૫૯.૮૪ લાખ જ્યોતિગ્રામયોજનામાં - ઊંઝા તાલુકો
રૂ. ૫૦ લાખ જ્યોતિગ્રામયોજનામાં - વડનગર તાલુકો
(૨૪ કલાક વિજળીકરણ યોજના)

સેવાકીય પ્રવૃત્તિ

ભોજનાલયમાં ફક્ત રૂ. ૧૫માં જમવાની ઉત્તમ વ્યવસ્થા
૨૪ કલાક ફાયરફાઈટર સેવા / શબ વાહિની (રૂ. ૧ની ટોકન ફીમાં) અંતિમયાત્રા માટે
૨૪ કલાક એમ્બ્યુલન્સ સેવા / રૂ. ૮.૫૦ લાખની નોટબુક/ચોપડા રાહત દરે

સુરક્ષા

રૂ. ૮૯ લાખથી વધારે અકસ્માત વિમા યોજનામાં
રૂ. ૨૫ લાખ માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં
રૂ. ૫ લાખથી વધારે પોલીસ સ્ટેશન બિલ્ડિંગમાં

કુદરતી આપત્તિ

રૂ. ૯૫ લાખ અછત રાહત ફંડમાં
રૂ. ૫૬ લાખ માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં
રૂ. ૧૫ લાખ કચ્છ ધરતીકંપ રાહત ફંડમાં
રૂ. ૫ લાખ પુર પીડિત રાહત ફંડમાં / રૂ. ૨૧ લાખ સુનામી

આરોગ્ય

રૂ. ૩૧ લાખ રોટરી ચેરી. ટ્રસ્ટ (ચિલ્ડ્રન હોસ્પિ.) ઊંઝા
રૂ. ૨૪ લાખ કોટેજ હોસ્પિટલ, ઊંઝા
રૂ. ૧૧ લાખ સરદાર સેવા ટ્રસ્ટ (બ્લડ બેન્ક) / રૂ. ૫ લાખ આંખની હોસ્પિટલ
રૂ. ૫ લાખ જિલ્લા અંધત્વ નિવારણ / રૂ. ૧ લાખ સદ્‌ભાવના ચેરીટેબલ ટ્રસ્ટ

શિક્ષણ

રૂ. ૫૧ લાખ લોક કલ્યાણ ટ્રસ્ટ / રૂ. ૩૧ લાખ કન્યા કેળવણી મંડળ
રૂ. ૩૦ લાખ પ્રાથમિક શાળાના ઓરડાઓ માટે / રૂ. ૨૦ લાખ શ્રેયસ કેળવણી મંડળ
રૂ. ૧૦ લાખ નવજીવન કેળવણી મંડળ
રૂ. ૧૦ લાખ વિદ્યાલક્ષ્મી બોન્ડ (કન્યા કેળવણી ઉત્તેજન)

સંસ્કારિક પ્રવૃત્તિ

રૂ. ૫૫ લાખ સમૂહ લગ્નોમાં પ્રોત્સાહન રૂપે / રૂ. ૧૧.૧૧ લાખ મુક્તિધામ, સિદ્ધપુર
રૂ. ૭ લાખ રૈન બસેરાની સુવિધા
રૂ. ૧૦૬ લાખ સામાજિક સંસ્થાઓને જાહેરાત પેટે

શ્રી નારાયણભાઈ લ. પટેલ
ચેરમેન
શ્રી જેઠાભાઈ કે. પટેલ
વાઈસ ચેરમેન
વિષ્ણુભાઈ એમ. પટેલ
સેક્રેટરી

ડિરેક્ટર

શ્રી દિપકકુમાર એમ. પટેલ
શ્રી મફતલાલ આઈ. પટેલ
શ્રી પ્રભુરામ કે. પટેલ
શ્રી ભગવાનભાઈ એસ. પટેલ
શ્રી ભગાભાઈ એસ. પટેલ
શ્રી નરોત્તમભાઈ કે. પટેલ
શ્રી નાગરભાઈ આઈ. પટેલ
શ્રી ડાહ્યાલાલ એમ. પટેલ
શ્રી વિષ્ણુભાઈ વિ. પટેલ
શ્રી મહેન્દ્રભાઈ એન. પટેલ
શ્રી પ્રવિણભાઈ કે. પટેલ
શ્રી કનુભાઈ પી. પટેલ
શ્રી કીર્તિભાઈ ડી. પટેલ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા

ફોન : ચેરમેનશ્રી : (૦૨૭૬૭) ૨૫૨૫૦૮ ■ સેક્રેટરીશ્રી : ૨૫૩૬૦૮ ફેક્સ : ૨૫૪૩૦૮

અર્પણ

કડવા પાટીદાર સમાજની ઉત્પત્તિ કરનાર કુળદેવી, કડવા પાટીદારની આરાધ્ય દેવી, પરિશ્રમ અને પ્રમાણિકતા, સાહસ અને સમરસતા, ઉદ્યમ અને ઉદારતાથી પાટીદાર સમાજને ભરપૂર શક્તિની પ્રણેતા એવી વાત્સલ્યમૂર્તિ - કલ્યાણીદેવી મા ઉમિયાને અર્પણ!

—શ્રી સીતારામભાઈ જો. પટેલ

પુસ્તક વિશે – લેખક !

કોઈપણ ભાવને શબ્દદેહ ન મળે, ત્યાં સુધી સર્વભોગ્ય બની શકે નહિ.

મા ઉમિયા વિશે લખવું તે એક અણધાર્યું સાહસ છે. તેમને પૂરો ન્યાય આપવાની તો તાકાત નથી પણ જે કંઈ વિગત મળી, મેળવી તે સમાજ સમક્ષ રજૂ કરવાની એક પ્રેરણા 'મા'ની કૃપાથી જ પેદા થઈ એમ સમજુ છું. મા ઉમિયાનું મૂળ સ્થાન અને નિજ મંદિર વિશે મોટાભાગે સમાજ અજાણ છે. તે બાબત રજૂ કરવાનો આ નમ્ર પ્રયાસ છે.

સમાજમાંથી 'મા' માટેની જાણકારી અંગે દિવસે-દિવસે પૂછપરછ અને માગ વધતી જાય છે. તે અંગે પ્રચાર અને પ્રકાશન કમિટીએ એક સી.ડી. રોમ તૈયાર કરી છે. નેટવિઝન, અમદાવાદને સ્ક્રીપ્ટ તૈયાર કરવા સર્વ માહિતી પૂરી પાડી હતી, પણ તેમણે તૈયાર કરેલી સ્ક્રીપ્ટ ઠીક ન લાગી. માતાજી બાબતે ભક્તિભાવ અને પોતાપણું હોય તે જ આ બાબતને શક્ય વિશેષ ન્યાય આપી શકે, તેવું લાગવાથી તે સ્ક્રીપ્ટ ખૂબ મહેનત કરી તૈયાર કરી. સમય ઘણો થયો, પણ આ કામ પૂરું કર્યું છે. આ બાબતમાં ઈતિહાસ, દંતકથા, પુરાણકથા તેમજ વહીવંચા બારોટોના ચોપડા અને અન્ય આ વિષયના લેખકોના સંદર્ભનો આધાર લઈ આ પુસ્તક તૈયાર કર્યું છે. આમ છતાં કોઈ વિગતદોષ રહ્યો હોય તો તે મારી ધ્યાન બહારની બાબત હશે. જો કોઈ આધારભૂત વિગત તરફ મારું ધ્યાન દોરશે, તો નવી આવૃત્તિમાં તે સુધારી લેવાશે.

આ પુસ્તક મા ઉમિયાની ભક્તિનો એક પ્રકાર જ માનું છું. આશા છે કે તે સર્વને ગમશે અને મા ઉમિયા, કડવા પાટીદારો અને ઊંઝા

વિશે સમાજને વિશેષ જાણકારી ઉપલબ્ધ થશે, તો મારો પ્રયત્ન સાર્થક થયો ગણાશે. સાથે સાથે મા ઉમિયા પ્રત્યેનો ભક્તિભાવ વધારવામાં અને પાટીદાર એકતામાં વધારો થવાની પ્રેરણા થશે તો હું ધન્ય બનીશ.

વિશેષમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ સમાજના ઉત્કર્ષનો હેતુ અપનાવ્યો છે. ભારતભરના પાટીદારોની કુળદેવી મા ઉમિયા જ છે. માની ધજા નીચે આખો સમાજ સંગઠિત બની, એકતા અને ભાઈચારો વધે - તેવી માતાજીની પ્રેરણા થવાથી મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ ખાતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ સમાજયાત્રાઓ યોજી સંપર્કસૂત્ર ચાલુ કર્યું છે, તેનો પણ આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે. આગળ ઉપર મા ઉમિયા આપણને ક્યાં લઈ જાય છે અને શાં-શાં ઐતિહાસિક કાર્યો કરાવે છે. તે નવા યુગનાં મંડાણ હશે - તેમાં પાટીદારોનો ફાળો અદ્વિતીય હશે એવી શ્રદ્ધા છે.

આ પુસ્તક તૈયાર કરવામાં પ્રચાર અને પ્રકાશન સમિતિના પૂર્વ ચેરમેન શ્રી મણીભાઈ મમ્મીએ શરૂથી સલાહ સૂચનો, માર્ગદર્શન આપ્યું છે. ખાસ તો હરવખત પ્રોત્સાહિત કર્યો છે. તેઓએ લેખક જેટલી જ મહેનત કરી છે. તેમનો આભારી છું.

આ પુસ્તકનું પ્રકાશન કરવા માટે સંસ્થાના હોદ્દેદારશ્રીઓએ ઉમળકાભેર સંમતિ આપી તે બદલ તેઓ સર્વેનો ખૂબ ખૂબ આભાર માનું છું.

મા ઉમિયાના સર્વને આશીર્વાદ!

ઊંઝા **—શ્રી સીતારામભાઈ જો. પટેલ**

તા. ૨૩-૧-૨૦૦૭

સં. ૨૦૬૩ ને મહા સુદ ૫ (વસંત પંચમી)

પ્રમુખશ્રીનો મનોભાવ !

મા ઉમિયા જગતજનની છે. કડવા પાટીદાર કુળદેવી અને કડવા પાટીદારોની આરાધ્યદેવી વિશે આ પુસ્તકની માહિતી લોકભોગ્ય બને, તેથી પાટીદાર સમાજમાં ભક્તિભાવ વધે, એકતા અને ભ્રાતૃભાવની પ્રેરણા મળે, તે હેતુથી આ પુસ્તક આ લેખકે આધારભૂત માહિતી સાથે તૈયાર કર્યું છે.

લેખક આ સંસ્થાના જવાબદાર કાર્યકર્તા હોવાથી મા ઉમિયા વિશે અને પાટીદાર સમાજને ખૂબ નજીકથી જાણે છે - જેથી આ પુસ્તકમાં તેમના સ્વ-અનુભવ અને અભ્યાસનો નિચોડ છે, જે અભિનંદનને પાત્ર છે.

પ્રથમ આ વિષયની સી.ડી. રોમ તૈયાર કરવામાં આવી છે, જે સર્વને ઉપયોગી ન થઈ શકે. તેથી તે જ વિષયવસ્તુનું આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં યથાયોગ્ય જગ્યાએ ફોટાઓ મૂકવામાં આવ્યા છે - જે વાંચક માટે વધુ રસિક બનશે.

સાથે સાથે ભારતભરના પાટીદાર સમાજની એકતા માટે મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશની સમાજયાત્રાઓનો પણ આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

માતાજી સંસ્થાન પાસે માતાજી વિશે કે પાટીદાર ઈતિહાસ વિશે કોઈ માહિતીસભર પુસ્તક નહોતું - તે ખોટ આ પુસ્તક દ્વારા કંઈક પૂરી થશે.

આથી જ આધારભૂત માહિતીવાળા આ પુસ્તકનું પ્રકાશન પણ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા દ્વારા કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં ઊંઝાના મંદિર ઉપરાંત અન્ય મુખ્ય મુખ્ય મંદિરોની પણ માહિતી આપેલી છે, જે વિશેષ લાભપ્રદ છે. સમાજયાત્રાઓથી ભારતભરમાં એકતા અને સંગઠન પેદા થશે - જે મહત્ત્વની વાત છે.

છેલ્લે આવું સુંદર પુસ્તક તૈયાર કરવા બદલ લેખક શ્રી સીતારામભાઈ જો. પટેલને ખૂબ-ખૂબ બિરદાવું છું અને અભિનંદન આપું છું.

આ પુસ્તક તૈયાર કરવામાં શ્રી મણીભાઈ મમ્મીનું સતત માર્ગદર્શન અને સલાહ-સૂચનો મળ્યાં છે તે પણ યથાયોગ્ય છે અને સુંદર માહિતીસભર બન્યું છે.

આ પુસ્તકમાં દર્શાવેલ માહિતી બાબતમાં કેટલાક એવા નિર્દેશો છે, જે માટે અલગ પુસ્તક તૈયાર થઈ શકે. આશા છે કે આગળ ઉપર પણ તેવાં પુસ્તકો આ લેખક દ્વારા કે અન્ય લેખકો દ્વારા તૈયાર થાય - તેવી અપેક્ષા અસ્થાને નથી.

મા ઉમિયા સૌને શક્તિ આપે!

ફરી લેખકને ખૂબ-ખૂબ અભિનંદન!

મા ઉમિયાના આશિષ સહ.

શ્રી કેશુભાઈ વી. પટેલ
પ્રમુખશ્રી,
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન,
ઊંઝા

આ પુસ્તક વિશે

શ્રી મણીભાઈ ઈ. પટેલ - મમ્મી...!

વિશ્વના કડવા પાટીદારોનું માદરે વતન ઉમાપુર ઊંઝા અને વિશ્વના કડવા પાટીદારોની અંગત માલિકીની એકમાત્ર કોઈ ધાર્મિક સંસ્થા હોય તો તે શ્રી ઉમિયા માતાજી - ઊંઝાનું મંદિર છે.

વેદકાળથી એટલે કે છેક પાંચ હજાર વર્ષથી પ્રચંડ આસ્થા અને શ્રદ્ધા સાથે મા ઉમિયાની પૂજા આપણે કરતા આવ્યા છીએ. આ સમય દરમિયાન અનેક ઉથલપાથલો, મુશ્કેલીઓ આવી તો પણ આપણે આજ તારીખ સુધી એટલી જ પ્રચંડ આસ્થા સાથે મા ઉમિયાની પૂજા કરીએ છીએ. આ દરમિયાન વચગાળાનો એક એવો સમય આવ્યો કે જેમાં આપણી નવી પેઢીને ધીરે ધીરે અમારી કુળદેવી મા ઉમિયા છે, તેવું ભૂલાવાનું શરૂ થયું હતું. તેવા સમયે અને ઘણા વર્ષો સુધી મા ઉમિયાનો કોઈ મહાયજ્ઞ થયો ન હતો. તેથી કેટલાક માઈ ભક્તોને અને તે વખતના પૂજારી મહારાજને વિચાર આવ્યો કે માનો કોઈ ઉત્સવ થવો જોઈએ. ઊંઝા માઈ મંડળ નાના-મોટા ઉત્સવો માના સાનિધ્યમાં ઉજવતું હતું. તે દરમિયાન આ વિચાર આવતાં માનો ૧૮મી શતાબ્દિ મહોત્સવ સંવત ૨૦૩૩ના માગશર સુદ-૪થી ૮ સુધીનો ભવ્યાતિભવ્ય ઉજવાયો. જેમાં ૧૮થી ૨૦ લાખ લોકો મા ઉમિયાના દિવ્ય દર્શન કરવા માટે ઉમટી પડ્યા. તે બાદ સમગ્ર કડવા પાટીદાર સમાજમાં જાગૃતિ અને ચેતના આવી. તે પછી મા ઉમિયાના જ્યોતિરથે ગુજરાતના ૩૫૦૦ અને મધ્યપ્રદેશના ૭૪૨ ગામોમાં ભવ્ય રીતે પરિક્રમા કરી. તે પછી માતાજીનાં દર્શન કરવા માટેનો જે પ્રવાહ વંધ્યો અને માતાજી વિશે જાણવા માટેની જે ઉત્કંઠા જાગી, તેથી સંસ્થાના સંચાલકો અને તેમાં પ્રચાર અને પ્રકાશન સમિતિના ચેરમેનશ્રી સીતારામભાઈને વિચાર આવ્યો કે માતાજી વિશે હજારો યાત્રાળુઓને માહિતી મળી રહે તેવું પુસ્તકનું પ્રકાશન કરવું. આ વિચારના પરિણામે

આ પુસ્તકનું પ્રકાશન થઈ રહ્યું છે. જેનાથી સંસ્થામાં એકખૂટતી કડી પૂરાશે.

ઈતિહાસનો કોઈ અંત હોતો નથી. કડવા પાટીદાર સમાજનો કોઈ કડીબદ્ધ ઈતિહાસ પ્રાપ્ય નથી. હજી તેના સંશોધનને ઘણો અવકાશ છે. આવા પુસ્તકો તૈયાર કરવા માટે સંસ્થાએ સંશોધકો કે ઈતિહાસકારોનો સંપર્ક કરી, તમામ માહિતી પૂરી પાડવી તેમજ આર્થિક સહાય પણ કરવી જરૂરી લાગે છે. કોઈ પણ પ્રજા કે જ્ઞાતિનો ઈતિહાસ નવી પેઢીના ઘડતરમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

આ પુસ્તકથી હજારો યાત્રાળુઓને માહિતીસભર ઈતિહાસ અને મંદિરની પ્રવૃત્તિ વિશે જાણકારી મળી રહેશે.

આ પુસ્તક તૈયાર કરવામાં આ પુસ્તકના લેખક શ્રી સીતારામભાઈ જે. પટેલે જે નિષ્ઠાપૂર્વક પરિશ્રમ ઉઠાવી આ કાર્ય કર્યું છે, તે માટે તેમને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

સંસ્થાના હોદ્દેદારોએ પણ આ પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરવાનો જે નિર્ણય લીધો. તે સંસ્થાના વિકાસનું એક મહત્ત્વપૂર્ણ કદમ ગણાશે.

આ પુસ્તકના સ્પોન્સર દાતાની શોધમાં હતા, તેવા વખતે અમને વિચાર આવ્યો કે આ માટે માર્કેટ કમિટીના ઉત્સાહી અને દીર્ઘદૃષ્ટા ચેરમેન શ્રી નારણભાઈનો સંપર્ક સાધતાં, તેમણે અને તેમના બોર્ડે એક સારા વિચારને તરત જ અનુમોદન આપી, આ પુસ્તક સ્પોન્સર કર્યું છે, તે માટે શ્રી નારણભાઈ અને તેમના સાથીઓ–બોર્ડ ઓફ ડાયરેક્ટરના મહાનુભાવોને ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ.

વાંચકો આ પુસ્તકને આવકારી માતાજી તરફનો ભક્તિભાવ અને સંસ્થાના વિકાસમાં સહાયક બનશે તેવી શુભેચ્છા સાથે મા ઉમિયા સૌનું મંગલ કરે તેવી પ્રાર્થના સહ.

શ્રી મણીભાઈ ઈ. પટેલ (મમ્મી)
પૂર્વ ચેરમેનશ્રી પ્રચાર અને પ્રકાશ કમિટી,
શ્રી ઊંઝા માતાજી સંસ્થાન, ઊંઝા.

અનુક્રમ

मा उमाम्बा शरणमस्तु जन्मातरेष्वपि।

કડવા પાટીદાર કુળદેવી

શ્રી ઉમિયા માતાજી દર્શન

(ઈતિહાસ - પાટીદારો - ઊંઝા)

(સચિત્ર)

વંદના

યા દેવિ સર્વભૂતેષુ શક્તિરુપેણ સંસ્થિતા, ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥

યા દેવિ સર્વભૂતેષુ માતૃરુપેણ સંસ્થિતા, ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥

યા દેવિ સર્વભૂતેષુ લક્ષ્મીરુપેણ સંસ્થિતા, ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥

હે મા ઉમિયા, જગત્‌જનની, રિદ્ધિ-સિદ્ધિદાતા, જગતકલ્યાણી, શંકરપ્રિયા, હિમાલયપુત્રી, લંબોદર-સ્કંદમાતા, ઊંઝા સ્થિત અખંડ સ્વરૂપા એવી કડવેશ્વરી, આરાધ્યદેવી અને કુલદેવી આપને શતશત પ્રણામ!

વિભાગ - ૧

ઈતિહાસ - પાટીદારો - ઊંઝા

- ઊંઝા - પ્રાથમિક પરિચય અને વિશેષતા
- કૂર્મિક્ષત્રિય પાટીદારો અને મા ઉમિયા!
- કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની વિકાસયાત્રા
- શ્રી ઉમિયા માતાજીની પૂજા અને અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓ
- ૧૮મી શતાબ્દી મહોત્સવ
- મહોત્સવ પછીનું માતાજી સંસ્થાન
- સમાજકલ્યાણી દેવી શ્રી ઉમિયા માતાજી
- શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ
- શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ – જ્યોતિરથ
- શ્રી ઉમિયા માતાજીમાં ઊજવાતા ધાર્મિક ઉત્સવો
- શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાની વહીવટી પાંખ

૧

ઊંઝા - પ્રાથમિક પરિચય અને વિશેષતા

ઊંઝા ખાસ કરીને બે બાબતોથી દુનિયામાં પ્રખ્યાત છે. એક તો કડવા પાટીદાર કુળદેવી મા ઉમિયાનું સ્થાન છે. જે આખી દુનિયાના કડવા પાટીદારોને આકર્ષે છે. બીજું ઊંઝાનું માર્કેટયાર્ડ જીરા-વરિયાળી, ઈસબગુલ માટે લગભગ આખી દુનિયામાં પ્રખ્યાત છે.

ઊંઝા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાનું એક રમણીય નગર છે. અમદાવાદથી ઉત્તરે સ્ટેટ હાઈવે નં. ૪૧ રસ્તે ૧૦૦ કિ. મીટર દૂર આવેલું છે. કોઈપણ માણસ ઊંઝાથી પસાર થાય તો તેના માટે ઊંઝા અજાણ્યું રહેતુ નથી. માણસ ઊંઘતો હોય તો પણ રોડ રસ્તે કે ટ્રેન રસ્તે ઊંઝા આવે કે તેને જીરાની સોડમ જગાડી દે છે. અમદાવાદ દિલ્હીની રેલલાઇને ઊંઝા સ્ટેશન આવે છે. આ નગર મા ઉમિયાના દર્શને આવતા યાત્રીઓથી અને માર્કેટયાર્ડના જીરા-વરિયાળીના ધમધમતા વેપાર માટે વેપારીઓથી ધમધમતું રહે છે.

ખાસ કરીને આ નગરમાં મા ઉમિયાનાં દર્શને આવતા યાત્રીઓને આધુનિક સગવડતાને લીધે આવવાનું વિશેષ આકર્ષણ રહે છે. અહીં રહેવા માટે આધુનિક સગવડતાથી સજ્જ પથિકાશ્રમની વ્યવસ્થા છે. ખૂબ જ માફકસરના ચાર્જ સાથે યાત્રીઓને સુવિધા આપવામાં આવે છે. જમવાની પણ સારી સુવિધા છે. જેથી ઊંઝાથી પસાર થનાર કોઈપણ વ્યક્તિ મા ઉમિયાનાં દર્શને આવવાનું ચૂકતી નથી. વળી યાત્રીસંઘો, પર્યટનની ટુરોની લક્ઝરી બસોની અવરજવર પણ રહે છે. આથી ઊંઝાથી પસાર થનાર કોઈપણ વ્યક્તિ ઊંઝાનાં મા ઉમિયાથી અજાણ નથી.

(૨) પાટીદારોની કુળદેવી મા ઉમિયા અને ઊંઝા

(અ) પૌરાણિક કથા : મા ઉમિયા આદિશક્તિ છે. સૃષ્ટિની રચના થઈ તે પહેલાં માત્ર શિવતત્ત્વ હતું. જેને આપણે ભગવાન શિવ તરીકે પૂજીએ છીએ. આ શિવતત્ત્વને રમણ કરવાની ઇચ્છા થઈ. જેથી તે એકનાં અનેક થયાં. તેમણે ભગવાન વિષ્ણુને પ્રગટ કર્યા. ભગવાન વિષ્ણુની નાભિમાંથી બ્રહ્મા પ્રગટ થયા. શિવે બ્રહ્માને સૃષ્ટિની રચના કરવાનો આદેશ આપ્યો. સૃષ્ટિની રચનામાં શક્તિ આવશ્યક છે. આથી શિવતત્ત્વએ સતીને પ્રગટ કર્યાં. આ સતી એ જ મા ઉમા. તે પછી શિવના આદેશથી મૈથુનીસૃષ્ટિ પેદા કરવામાં આવી. તે માટે બ્રહ્માજીએ દક્ષ પ્રજાપતિ અને વિરીણીને ઉત્પન્ન કર્યાં. તેમનાથી સૃષ્ટિની રચના કરવામાં આવી. તેમણે ઋષિઓ અને કન્યાઓને પ્રગટ કરી. સતીએ દક્ષ પ્રજાપતિને ત્યાં જન્મ લીધો. તેમનાં ભગવાન શિવ સાથે લગ્ન કરવામાં આવ્યાં. શિવ અને પાર્વતી કૈલાસ પર્વત પર નિવાસ કરે છે.

એક વાર રામાવતારના સમયે શિવજી પાર્વતીજીને શ્રીરામચંદ્રજીની કથા કહી રહ્યા હતા. રામચંદ્રજી ભગવાન શિવના ઇષ્ટ છે. રામચંદ્રજી અવતારી પુરુષ હોવાથી માનવીસહજ લીલા કરી રહ્યા છે. સીતાજીના રાવણ દ્વારા હરણને લઈને શ્રીરામચંદ્રજી સીતાના વિરહમાં વિહ્વળ બની ભટકે છે. આ વાતથી પાર્વતીજીને રામ બ્રહ્મ છે - તે વિશે શંકા જાગે છે. આ વાત તેઓ ભગવાન શિવને જણાવે છે. શિવજીની આજ્ઞા લઈ તેઓ રામચંદ્રજી બ્રહ્મ છે કે નહિ-તે અંગે પરીક્ષા કરવા સીતાનો વેશ ધારણ કરી રામચંદ્રજી પાસે જાય છે. રામચંદ્રજી તેમને ઓળખી લઈ ભગવાન શંકર અંગે પૂછે છે, ત્યારે સતીના ભ્રમનું નિરસન થાય છે અને પોતે શરમીંદગી અનુભવે છે. ભગવાન શિવ પાસે આવી તેઓ આ વાત છુપાવે છે, પરંતુ ભગવાન શિવ ધ્યાનથી આ વાત જાણે છે. ત્યારથી મનોમન શિવજી તેમના તરફ વિરાગી બને છે. આ દરમિયાન સર્વ દેવતાઓનાં વિમાનો કૈલાસ પર્વત પરથી જઈ રહ્યાં છે. દક્ષજીએ શિવને અપમાનિત કરવા યજ્ઞ કર્યો છે. દક્ષજીને તેમના જમાઈ ભગવાન શિવ પ્રત્યે તિરસ્કાર પેદા થયેલો છે. આથી તેમણે યજ્ઞમાં શિવ-પાર્વતીને આમંત્રણ આપ્યું નથી. અંતર્યામી શિવ બધી વાત જાણે છે. પાર્વતીજી દેવોનાં વિમાન ક્યાં જાય છે તેવી પૃચ્છા કરે

છે. શંકર ભગવાન વાત ટાળે છે. સતી આગ્રહ કરે છે ત્યારે શિવજી દક્ષના યજ્ઞ વિશે તેમને જણાવે છે. સતીને પિતાજીના યજ્ઞમાં જવાનું મન થાય છે પણ શિવજી વિના આમંત્રણે ન જવા જણાવે છે. સતી હઠાગ્રહ કરે છે. શિવજી પોતાના ગણોને તેમની સાથે દક્ષજીના યજ્ઞમાં જવા રજા આપે છે. ત્યાં માત્ર તેમની માતા વિરીણી સિવાય સતીને કોઈ આવકાર આપતું નથી. યજ્ઞમાં સર્વ દેવતાઓ હાજર છે. ભગવાન શિવનો યજ્ઞભાગ રાખવામાં આવ્યો નથી. સતીને પોતાને આવકાર ન મળવાનાં અપમાન કરતાં તેમના પતિ ભગવાન શિવનું અપમાન સહન થતું નથી. તેઓ દક્ષજીનાં પુત્રીરૂપી શરીરને યજ્ઞવેદીમાં પડી બાળી નાખે છે. શિવજીએ મોકલેલ ગણો વીરભદ્ર વગેરે યજ્ઞનો વિધ્વંસ કરે છે. ભગવાન શંકર આવે છે. તેઓ પણ કોપાયમાન થાય છે. દક્ષને મારી નાખવામાં આવે છે. આમ સતીનો દક્ષ પ્રજાપતિની પુત્રી તરીકેનો પ્રથમ અવતાર પૂરો થાય છે.

અત્રે શક્તિપીઠોની ઉત્પત્તિ વિશે ટૂંકમાં જાણવું યોગ્ય ગણાશે. ભગવાન શિવ યજ્ઞ ભંગ કરી, યજ્ઞવેદીમાં બળતા સતીના શબને ઉઠાવી લે છે. સતી પ્રત્યેના લગાવને લીધે કોપાયમાન શિવ આખી સૃષ્ટિને ખેદાનમેદાન કરતા માર્યા માર્યા ફરે છે. સર્વ સૃષ્ટિ, દેવો વગેરે ત્રાહિમામ્ પોકારે છે. સર્વે વિષ્ણુને શિવના કોપથી સૃષ્ટિને બચાવવા પ્રાર્થના કરે છે. ભગવાન વિષ્ણુ જાણે છે કે જ્યાં સુધી શંકર ભગવાન પાસે સતીનું શબ હશે-ત્યાં સુધી તેમને શાંત કરવા મુશ્કેલ છે. આથી ભગવાન શ્રી વિષ્ણુ પોતાના સુદર્શન ચક્રથી સતીના શબના ટુકડા કરે છે. એ દરેક ટુકડો જ્યાં જ્યાં પડ્યો તે સ્થળ શક્તિપીઠ બન્યું. આ પૃથ્વી પર સતીના શબના કુલ બાવન ટુકડા કરવામાં આવ્યા. જે બાવન શક્તિપીઠો તરીકે આજે પણ પૂજાય છે. ઊંઝામાં બિરાજતાં મા ઉમાએ સતીનું આદ્યશક્તિ રૂપે પૂર્ણ સ્વરૂપ છે, જે પૂર્ણરૂપે શક્તિનું મૂળ આદ્યસ્થાન ગણાય! શક્તિપીઠે તો માના એક અંગની પૂજા થાય છે, જ્યારે ઊંઝામાં મા ઉમા આદ્યશક્તિ રૂપે શક્તિનાં પૂર્ણ સ્વરૂપે બિરાજે છે. બાદ સતીનો બીજો અવતાર હિમાલય અને મૈનાની પુત્રી ઉમા તરીકે થાય છે. તેઓ ભગવાન શિવને પતિ તરીકે આરાધે છે. કઠિન તપ કરે છે. નારદજી ભવિષ્યવાણી કરે છે કે - તેમને પતિ તરીકે ભગવાન

શિવ મળશે. તેમની તપશ્ચર્યા દરમિયાન સાત ઋષિઓ પરીક્ષા કરે છે, તેમાં સતી પાર ઉતરે છે. ઋષિઓનાં આશીર્વાદ મળે છે.

બીજી બાજુ ભગવાન શિવ દક્ષના યજ્ઞમાં સતી ભષ્મ થઈ જવાથી વિરાગી બની ગયા છે. સૃષ્ટિ પર તાડકાસુરનો ભયંકર આતંક વર્તાય છે. તે દેવોને કનડે છે. ઋષિઓના યજ્ઞો ભંગ કરે છે. તેનો ભગવાન શિવના પુત્રથી જ નાશ થાય તેવું તેને વરદાન છે. આથી સર્વ દેવતાઓ ભગવાન શિવને લગ્ન માટે વિનવે છે અને હિમાલયપુત્રી ઉમા સાથે તેમનાં લગ્ન થાય છે. તેમના પુત્ર કાર્તિકેય દેવોના સેનાપતિ બની તાડકાસુરનો વધ કરે છે.

આમ શિવ-પાર્વતી કૈલાસ પર નિવાસ કરે છે. ભગવાન શિવને અવારનવાર અસુરોના વિનાશ માટે જવાનું બને છે. એક વાર દંડકારણ્યમાં અસુરોનો ત્રાસ વધી ગયો હતો. ઋષિમુનિઓના યજ્ઞોનો તેઓ ભંગ કરે છે. આથી ઋષિમુનિઓ ભગવાન શિવની સ્તુતિ કરે છે. ભગવાન શિવ પ્રસન્ન થાય છે અને પ્રગટ થઈ ઋષિમુનિઓને અસુરોનો નાશ કરવાનું આશ્વાસન આપે છે. ભગવાન શિવ આજે જ્યાં ઊંઝા છે -તે દંડકારણ્ય (કે જેનો હેડંબાવન એક ભાગ છે - જેમાં પાંડવોના સમયમાં હેડંબા રહેતી હતી અને ભીમની પત્ની બની હતી. આજે તે હેડંબાની મૂર્તિ ઊંઝામાં મોલ્લોતોના ચોરા પાસે છે. સમગ્ર ભારતમાં હેડંબાની મૂર્તિ બીજી કોઈ જગ્યાએ નથી) - તે વનપ્રદેશમાં અસુરોના સંહાર માટે આવે છે, સાથે મા ઉમિયાજી પણ હોય છે. ભગવાન શિવ મા ઉમાને સરસ્વતીકિનારે મૂકી અસુરો પાછળ જાય છે. મા ઉમા સરસ્વતીકિનારે રમણીય પ્રદેશથી પ્રફુલ્લિત થાય છે. તેઓ એકલાં હોવાથી સરસ્વતીકિનારે માટીના પૂતળાં બનાવે છે. ભગવાન શિવ અસુરોનો સંહાર કરી પરત આવે છે, ત્યારે મા ઉમિયાએ માટીનાં બાવન પૂતળાં બનાવેલાં છે. તેમણે ભગવાન શિવને આ સુંદર પૂતળાં બતાવ્યાં. ભગવાન શિવે શિવાનાં વખાણ કર્યાં. મા ઉમાએ આથી ભગવાનને આગ્રહ કર્યો કે આ સુંદર પૂતળાંઓને આપ સજીવન કરો. ભગવાને તેમના આગ્રહથી બાવન પૂતળાંને સજીવન કર્યાં. સજીવ બનેલાં પૂતળાઓએ શિવ-પાર્વતીને નમસ્કાર કર્યાં. મા ઉમિયાએ તેમને આશીર્વાદ આપ્યા કે, ''તમો એકવાર વાવશો ને ત્રણ વાર લણશો. તમે સુખી, સમૃદ્ધ અને આબાદ બનશો. તમારા કુળનો વિસ્તાર વધશે. તમો સર્વના પોષણકર્તા

બનશો અને તમારાં સારાં કાર્યોથી પૃથ્વીલોકમાં નામ અમર કરશો.'' આ બાવન પુરુષો એ કડવા પાટીદારોની બાવન શાખના આદિપુરુષો બન્યા. મા ઉમાએ તેમને પ્રગટ કર્યા આથી મા ઉમા પાટીદારોની 'કુળદેવી' પ્રસ્થાપિત થયાં. આ સમયે ભગવાન શિવ પણ પ્રસન્ન થયા અને મા ઉમાની ઉમાપુર-ઊંઝા ખાતે સ્થાપના કરી. હાલ ઊંઝા ખાતે ભગવાન શિવે જ મા ઉમાની સ્થાપના કરી છે. આમ કડવા પાટીદારોને મા ઉમિયાએ જ ઉત્પન્ન કર્યા છે.

બીજી પૌરાણિક કથામાં પાટીદારો શ્રી રામચંદ્રજીના પુત્રો લવ અને કુશના વંશજો હોવાનું દર્શાવાય છે. સીતામાતા મા ઉમિયાની પૂજા કરતાં હતાં. સીતાજીને શ્રીરામજીનાં પ્રથમ દર્શન બગીચામાં થયાં હતાં અને તેમણે મા ઉમિયાને શ્રીરામ પતિ તરીકે મળે તેવી પ્રાર્થના કરી હતી. મા ઉમિયાએ તેમને આશીર્વાદ આપી તેમની મનોકામના પૂર્ણ કરી હતી. સીતાજી જ્યારે ધરતીમાં સમાય છે ત્યારે તેઓ લવ-કુશને મા ઉમિયાને સોંપે છે. ત્યારથી લવ-કુશ મા ઉમિયાની પૂજા કરતા હતા. તેમના વંશજો લવના 'લેઉવા' અને કુશના 'કડવા' તરીકે ઓળખાયા. લેઉવાઓએ મા ઉમિયાની પૂજા છોડી દીધી, પરંતુ કડવા પાટીદારોએ છેકથી મા ઉમિયાની પૂજા ચાલુ રાખી. મા ઉમિયાએ હરદમ તેમની મનોકામના પૂરી કરી છે. તેઓ કુલરક્ષક હોવાથી 'કુળદેવી' તરીકે સ્વીકારાયાં છે. કુશવંશ સૂર્યવંશમાં આવે છે. કુશે કુશાવતીનું રાજ્ય સ્થાપ્યું. બાદમાં તેઓ અયોધ્યા આવ્યા. તેમના વંશજોમાં અગ્નિવર્ણ થયા. સ્કન્દપુરાણમાં સહ્યાદ્રિખંડમાં વર્ણન છે કે, અગ્નિવર્ણના વંશમાં અશ્વપતિ રાજા થયા. તેમણે પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો. તે પરિણામે ૧૨ પુત્રો થયા. અનુજ, દેવક, પૃથ, ઋતપર્ણ, જય, સુશિભ્રુ, સૌદામ, સુમન્તુ, કૌડિન, મન્ડૂક, કુશિક અને માર્તન્ડ તેમનાથી કુશવંશ ચાલ્યો. કુશવંશથી ઉદ્ભવેલા 'કુર્મી'ઓ છે. આ કુશવંશના કુર્મિ ગુજરાતમાં 'કડવા' નામથી ઓળખાય છે અને જ્યાં જ્યાં કુશના વંશજો કડવા પાટીદારો ગયા ત્યાં ત્યાં મા ઉમિયાની પૂજા કરતા આવ્યા છે. કડવા પાટીદારો રામચંદ્રજી પ્રત્યે વધુ લગાવ ધરાવે છે. જ્યાં-જ્યાં કડવા પાટીદાર વર્ચસ્વનાં ગામ છે, ત્યાં ત્યાં રામમંદિર અવશ્ય હોય છે. શ્રી રામચંદ્રજીનાં ગૃહમંદિરો પણ કડવા પાટીદારોમાં જોવા મળે છે. જે કડવા પાટીદારોને કુશના વંશજો છે-તેમ જણાય છે.

વળી સીતાજીના પિતાજી જનક વિદેહી ખેતી કરતા હતા. હળ હાંકતાં જમીનમાંથી તેમને અયોનિજા સીતા મળ્યાં હતાં. પાટીદારોનો મૂળગત વારસામાં મળેલ વ્યવસાય ખેતી જ છે, જે બતાવે છે કે સીતાજી મા ઉમિયાની પૂજા કરતાં હતાં અને તેમનું વાહન નંદીશ્વર (પોઠિયો) ખેતી માટેનું મુખ્ય પાત્ર છે. જેથી પાટીદારો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે અને સીતાજી તથા લવ-કુશનાં આરાધ્યદેવી મા ઉમિયાને 'કુળદેવી' તરીકે પૂજતા આવ્યા છે.

આ સિવાય પણ સૂર્યવંશમાં થયેલા કશ્યપ ઋષિના પુત્રો તરીકે પાટીદારોનું ગોત્ર ગણાય છે. કુર્મિ ઋષિના પુત્રો તરીકે પણ પાટીદારોને ઓળખવામાં આવે છે. વળી, એક માન્યતા એવી પણ છે કે ભગવાનનો કુર્માવતાર થયો હતો. પાટીદારોને તેમના વંશજો પણ ગણવામાં આવે છે.

આ બધી કથાઓથી સાબિત થાય છે કે પાટીદારો ક્ષત્રિયો હતા અને તેમની કુળરક્ષક તરીકે કુળદેવી મા ઉમિયા જ છે.

(બ) ઐતિહાસિક સંદર્ભ : હવે પાટીદારો અને કુળદેવી મા ઉમિયાની ઉત્પત્તિની કથા ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ.

માનવ સંસ્કૃતિની શરૂઆત મધ્ય એશિયાથી થઈ, તેમ દુનિયાના સર્વ ઈતિહાસકારો આ વાતે સંમત છે. મધ્ય એશિયાથી આર્યો ઈરાન-અફઘાનિસ્તાન થઈ હિન્દુ કુશના ખૈબરઘાટ જેવા રસ્તે થઈ હિન્દુસ્તાનના કાશ્મીર પ્રદેશમાં આવ્યા. ત્યાંથી જીવનસંઘર્ષને લઈને આગળ વધ્યા. સારી જમીન અને પાણીની વ્યવસ્થા મળી ત્યાં વિચરણ કરતાં આગળ વધતા ગયા. પશુપાલન અને ખેતી એ તેમનો વ્યવસાય હતો. આ ટોળીઓ જ્યાં-જ્યાં સારી સુવિધા મળી, ત્યાં-ત્યાં આગળ વધતી ગઈ. કોઈ ગંગા-જમનાનાં મેદાનો અને કિનારે કિનારે પંજાબથી યુ.પી. બિહાર, નેપાળ સુધી ગયા. કોઈ મ. પ્રદેશ ગયા. ગુજરાતના પાટીદારો પંજાબથી રાજસ્થાનની મરુભૂમિ છોડી જૂની સરસ્વતીના કિનારે કિનારે ગુજરાત આવ્યા. અહીંથી મધ્ય પ્રદેશ, યુ.પી. તરફ પણ ગયા અને મહારાષ્ટ્ર, કર્ણાટક અને તામિલનાડુ સુધી ગયા છે. આમ છેક વેદકાળથી આ પ્રજા વિચરણ કરતી રહી છે. પંજાબથી ગુજરાત આવ્યા બાદ આર્યો પાટીદાર બન્યા. જમીનની મોટી 'પાટી' ધારણ કરનાર 'પાટીદાર' કહેવાયા પછીથી પટેલ થયા. પાટીદારો ખેતીની કુશળતાને લીધે જ્યાં ગયા ત્યાં આગેવાન પ્રજા તરીકે

જીવ્યા. ગામમાં જે આગેવાન હોય તેને ગાયકવાડી સરકારે 'પટેલનો' હોદ્દો આપ્યો. જ્યાં જ્યાં પાટીદાર પ્રભુત્વવાળાં ગામ હતાં તેના આગેવાન 'પટેલ' કહેવાયા. તે રીતે પછી સર્વ પટેલ કહેવાયા. સંઘર્ષમય જીવન વખતે તલવાર ધારણ કરનાર 'ક્ષત્રિય' હતા. ઉત્તર ભારતમાં 'કુર્મિ ક્ષત્રિય' તરીકે ઓળખાતી આ પ્રજા ગુજરાત આવી કુલમી - કુનબી - કણબી તરીકે ઓળખાઈ. આ પ્રજા પંજાબથી ગુજરાત આવી ઠરીઠામ થઈ, પરંતુ ઉત્તર ભારતનાં જે-જે ગામ, પ્રદેશમાંથી આવ્યા તે નામ ધારણ કર્યાં. જેમ કે, મોલ્લોત માંડલેહથી, રૂસાત રોહિતગઢથી તેમ અવધથી આવ્યા તે અવધિયા, કનૌજથી આવ્યા તે કનોજિયા તરીકે તે પ્રદેશને પોતાની અટકમાં ધારણ કર્યાં.

યુ.પી. અને બિહારની સરહદે માધાવતીના રાજા વ્રજપાલજી મહેત દેશના રાજા ચંદ્રસેન સાથેની લડાઈમાં હાર્યા અને ત્યાંથી પોતાના રસાલા સાથે ગુજરાત બાજુ નીકળ્યા. સાથે સાથે શ્રીસ્થળ (આજનું સિદ્ધપુર)માં માતૃશ્રાદ્ધ કરવાની ઈચ્છાથી સિદ્ધપુર આવ્યા. શ્રાદ્ધવિધિ પૂર્ણ કરી - ઊંઝા આવ્યા. અહીં ગુજરાતમાં વસેલા પોતાના સ્વજાતિ બંધુઓએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું અને અહીં જ રોકાઈ જવા આગ્રહ કર્યો. રાજા વ્રજપાલજીને રાત્રે મા ઉમિયાએ દર્શન આપી અહીં રોકાઈ જવા જણાવ્યું. પરિણામે વ્રજપાલજી પોતાના રસાલા સાથે સ્વજાતિ બંધુઓના આગ્રહથી અહીં રોકાઈ ગયા. આ ખડતલ અને મહેનતુ પ્રજા સંઘર્ષમય જીવન જીવનારી હતી. સાથે સાથે શક્તિપૂજા પણ લઈને આવી હતી. વેદો શાખ પૂરે છે કે મા ઉમિયા ધન-ધાન્યની દેવી છે. આથી આ કૃષિકાર પ્રજા મા ઉમિયાની છેક વેદકાળથી પૂજા કરતી આવી છે. પાંચ હજાર વર્ષોથી એકધારી શક્તિપૂજા કરનારી આ પ્રજાનો ઈતિહાસમાં વિરલ અને બેજોડ દાખલો છે. આજે પણ ઊંઝા આસપાસનાં ગામોમાં 'પલ્લીઓ' ભરાય છે, જે ઈન્દ્રપૂજા છે. રાજા વ્રજપાલજીએ સંવત ૨૧૨માં ઈ.સ.ની બીજી સદીમાં ૧૫૬ની સાલમાં મા ઉમિયાનું ઊંઝામાં પ્રથમ મંદિર બનાવ્યું અને પ્રથમવાર મા ઉમિયાની પ્રાણપ્રતિષ્ઠા કરી અને મોટો યજ્ઞ પણ કર્યો. તે વખતે ઊંઝા ઉમાપુર તરીકે ઓળખાતું હતું.

એક અહેવાલ એમ પણ જણાવે છે કે, મા ઉમિયાનું મંદિર પ્રથમ રાજા અવનિપતે બંધાવ્યું. તેણે મોટો યજ્ઞ કર્યો હતો. તે બાદ ત્રણ-ચાર વાર મંદિર બન્યું. આમ મા ઉમિયાનું પ્રાગટ્યસ્થાન ઊંઝા જ છે.

૨

કુર્મિક્ષત્રિય પાટીદારો અને મા ઉમિયા!

ભારતમાં આર્યો મધ્ય એશિયાથી આવ્યા - આર્ય પ્રજા દુનિયાની બુદ્ધિમાન, તેજસ્વી અને સાહસી પ્રજા હોવાથી તેમની જ બોલબાલા રહી. ભારતમાં પણ આર્યો આવ્યા અને ઉત્તરદક્ષિણ, પૂર્વ-પશ્ચિમમાં ફેલાઈ ગયા. 'अर्' ધાતુથી આર્યો કહેવાયા. 'अर्' એટલે 'હળ' એવો અર્થ છે. હળ ખેતી કરનાર ખેડૂત સાથે જોડાયેલ છે. આમ આર્યો માનવજાતિના પ્રથમ કૃષિકારો-ખેડૂતો હતા. આર્યોની પ્રકૃતિપૂજા, પ્રકૃતિપ્રેમ, પ્રકૃતિચિંતન-દરેક ભારતીય સંસ્કૃતિનું મૂળ છે. ભારતીય સંસ્કૃતિ પ્રકૃતિ સાથે જોડાયેલ છે. અમારા ધર્મમાં પ્રકૃતિપૂજા છે. આપણે ઝાડ, પશુ, પક્ષી, સૂર્ય-ચંદ્ર, તારાઓ, નદીઓ-પહાડોની પૂજા કરીએ છીએ. આપણું તત્ત્વજ્ઞાન પણ પ્રકૃતિ સાથે જોડાયેલ છે. આથી આપણે તેત્રીસ કરોડ દેવતાઓને પૂજીએ છીએ. આપણા ઋષિઓએ જ્યાંથી જ્ઞાન મેળવ્યું, તેને દેવતા માન્યા. આર્યો અન્ન, વાયુ, અગ્નિ, જલ અને આકાશની પણ દેવતા તરીકે પૂજા કરતા આવ્યા છે. આ જ આપણી વિચારધારા છે.

એક તરફ આપણે 'कुर्मि' છીએ. 'कुर्मि'નો અર્થ ધરતીને ખોળે રમતો માણસ, જે ખેડૂત સાથે સંબંધ ધરાવે છે. 'कुर्मि' ભગવાન કુર્માવતારથી જાણીતો છે-જે ક્ષત્રિય હતા.

कुर्मि - कु = પૃથ્વી + ऊर्मि = ગોદ. આથી કુર્મિ એટલે પૃથ્વીને ખોળે ખેલનાર ખેડૂત. કુર્મિ કશ્યપગોત્રથી ઉત્પન્ન થયા તેમ પણ મનાય છે. કશ્યપ અને દક્ષ પ્રજાપતિની સુપુત્રી અદિતિથી કુર્મિઓ પેદા થયા છે, જે ક્ષત્રિયો હતા અને યુદ્ધના સમય બાદ તેઓ ખેતીવાડી અને પશુપાલન કરતા હતા.

આમ કુર્મિ કે જેઓ પૃથ્વીના પુત્રો હતા અને અર્ - હળ ચલાવવાવાળા આર્યો એક જ છે. આ કુર્મિ કે જેઓ આર્યો છે, તેમણે સૌપ્રથમ ખેતી

અપનાવી. પ્રકૃતિપૂજાનો પાયો પણ આ પ્રજાએ જ નાખ્યો, કે જે ભારતીય સંસ્કૃતિની મૂળભૂત બાબત છે. આ કુર્મિઓ ખેતીને પવિત્ર અને ગૌરવશાળી માનતા આવ્યા છે. 'माताभूमिः पुत्रौऽहं पृथिव्याः' (પૃથ્વી મારી માતા અને હું પૃથ્વીનો પુત્ર છું) આ વેદવાક્ય જ તેનો પુરાવો છે.

આર્યો પોતાના આદિજીવનમાં વિચરતી પ્રજા હતી. જ્યાં સારી જમીન, પાણી અને ફળ-ફૂલ ભરપૂર મળે ત્યાં તેમણે પોતાનાં સંસ્થાન બનાવ્યાં. તેમનો જીવનમંત્ર - ''चरन् वै मधु विन्दति'' (જે નિરંતર ફરતો રહે છે તે મધ પ્રાપ્ત કરે છે) હતો. તેઓ પ્રકૃતિની પૂજા કરતા. તેઓ ઈન્દ્રની પણ પૂજા કરતા હતા અને સૌથી મહત્ત્વની વાત તો તે હતી કે તેઓ ધન-ધાન્ય અને સમૃદ્ધિની દેવી ''મા ઉમિયા''ની પૂજા કરતા હતા. મા ઉમા ભગવાન શિવનાં અર્ધાંગિની છે. શિવ કલ્યાણકારી છે, મા ઉમિયા અન્નપૂર્ણા દેવી છે. આથી જ છેક વેદકાળથી ''કુર્મિ'' - આર્યો ખેડૂત હોઈ ધન-ધાન્ય અને સમૃદ્ધિની દેવી અન્નપૂર્ણા મા ઉમાની પૂજા કરતા આવ્યા છે. આપણે ખેડૂત છીએ. ખેતી આપણો પ્રથમ વ્યવસાય છે આથી આપણે પૃથ્વીપુત્રો છીએ. આપણે પૃથ્વીમાતા પર આધારિત છીએ. આપણા માટે આ પૃથ્વી ધરતીમાતા છે, અને એ જ મા ઉમિયા છે - જે આપણને ધન-ધાન્ય અને સમૃદ્ધિ આપે છે. આ કારણે જ મા ઉમિયા આપણી ''કુળદેવી'' છે. આપણે માના પુત્રો છીએ. એ જ આપણી રક્ષક છે અને તેમનાથી જ આપણા કુળનો વિસ્તાર વધે છે. આપણે છેક વેદકાળથી અંદાજે પાંચ હજાર વર્ષોથી માની પૂજા કરતા આવ્યા છીએ. આપણી સભ્યતા અને સંસ્કાર છેક વેદની ઉત્પત્તિથી જોડાયેલ છે.

પ્રાચીન સભ્યતામાં ત્રણ વંશ ઉલ્લેખનીય છે (૧) મનુર્ભરત વંશ (૨) સૂર્ય વંશ અને (૩) ચંદ્ર વંશ. મનુર્ભરત વંશમાં ૧૪ મનુઓ થયા. જેમાં દક્ષ પ્રજાપતિ પણ આવે.

સૂર્ય અને ચંદ્ર વંશ. ક્ષત્રિયોના વંશો છે.

સૂર્યના આદિપુરુષ વિવસ્વાન (સૂર્ય) હતા.

ચંદ્રવંશ અત્રિથી શરૂ થાય છે, જેમાં પુરુરવા, નહુષ, યયાતિ વગેરે છે.

આપણો સૂર્યવંશ છે - જેમાં ઇક્ષ્વાકુ, મહારાજ પૃથુ, મહારાજ સત્યવ્રત, સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર, રોહિત, સગર, ભગીરથ, રઘુ, દિલીપ, અજ અને મહારાજ દશરથ આવે છે. મહારાજ દશરથના રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન કે જેઓ ભારતીય સંસ્કારરક્ષક મહાન રામાયણ ગ્રંથનાં પાત્રો છે. ભગવાન રામથી લવ અને કુશ થયા. આ બંને મહાપુરુષો કુર્મિ પાટીદારોના આદિપુરુષો છે. લવના વંશજો 'લેઉવા' કે 'લેવા' અને કુશના વંશજો 'કડવા પાટીદાર' પેદા થયા.

પાટીદારોની કેટલીક વિશિષ્ટતાઓ છે...

- પાટીદાર સત્યવક્તા અને સ્પષ્ટ વક્તા છે.
- પાટીદાર શ્રમજીવી હોવાથી 'આરામ હરામ છે.' સૂત્રનો અમલ કરે છે.
- પાટીદાર સૌપ્રથમ રાષ્ટ્રવાદી છે - મારો દેશ, મારી માતૃભૂમિ અને સર્વ દેશવાસી મારા ભાઈ છે, તેવું સમજે છે.
- પાટીદાર પ્રથમ ખેડૂત છે. જેથી ગામડાં સાથે જોડાયેલ છે, પાટીદારનો જન્મ ગામડામાં થયેલ હોય. બાદમાં શહેરમાં વસેલ હશે.
- પાટીદારનું જીવન સરળ અને સાદું છે.
- પાટીદારો અસ્થાયી રહ્યા છે - જ્યાં અનુકૂળ જણાય ત્યાં વિચરણ કરે છે.
- પાટીદાર હંમેશ સહનશીલ હોય છે.
- પાટીદાર સૌને સાથે લઈને ચાલનારો છે. જેથી તો 'કણબી પાછળ કરોડ, કણબી આગળ કોઈ નહીં' કે 'પરથમીનો પોઠી' કે 'ખેડૂત જગતનો તાત' જેવી કહેવતો સમાજે હોંશથી પાટીદાર માટે વાપરેલ છે.
- પાટીદાર બોલવામાં કઠોર છે, પણ ઉદાર દિલ હોય છે.
- પાટીદાર અત્યંત વિશ્વાસુ છે અને કોઈને આપેલ વચન જીવતરના ભોગે પણ નિભાવે છે.
- પાટીદાર શક્તિપૂજક છે અને છેક વેદકાળથી મા ઉમિયાની પૂજા કરતો આવ્યો છે. તે જ્યાં જ્યાં ગયો શક્તિપૂજા સાથે રહી છે.

- પાટીદાર સૌની સાથે હળીમળીને રહેનારો છે. તેણે 'ચાલશે અને ફાવશે' સૂત્રને અપનાવેલ છે.
- પાટીદાર મહેનતુ છે, જેથી કોઈના પર આધારિત નથી.
- પાટીદાર આજે પણ ઉચ્ચ ધ્યેય અને જીવનમૂલ્યો સાથે જીવે છે.
- પાટીદાર પોતાના પાછળ પડેલ ભાઈ-બહેનને યથાશક્તિ મદદ કરે છે.
- પાટીદારોએ નીતિ, પ્રામાણિક્તા અને ચારિત્ર્યને કેન્દ્રમાં રાખીને પ્રગતિ સાધી છે.

આ સર્વે વિશિષ્ટતાઓને લીધે પાટીદાર ગાડાની સંસ્કૃતિથી આજે કોમ્પ્યુટર અને રોકેટ સંસ્કૃતિએ પહોંચ્યો છે.

ગુજરાતમાં મા ઉમિયાની ધજા નીચે સૌ પાટીદારો એક થયા છે. ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી મા ઉમિયાનું ચૈતન્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું છે. મા ઉમિયા જગતજનની તો છે જ, પણ હવે સમાજકલ્યાણી દેવીના રૂપે પ્રકાશી રહી છે.

ઉમિયા માતાજી સંસ્થાને સમાજના ઉત્કર્ષ માટે 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ' બનાવ્યો છે. આ નિધિ માટે ૧૦૦ કરોડ એકઠા કરવાનો સંકલ્પ બનાવ્યો છે. આ માટે ગુજરાતનાં ૩૫૦૦ ગામડાઓમાં મા ઉમિયાનો જ્યોતિરથ ફર્યો છે. 'જ્યોતિરથ'નું નિર્માણ અદ્ભુત અને ભવ્ય છે. તે મા ઉમિયાનાં મંદિરની પ્રતિકૃતિ છે. મા ઉમિયા આ જ્યોતિરથમાં બિરાજમાન થઈને પાટીદારોના ગુજરાત - મધ્ય પ્રદેશનાં ગામેગામ પરિભ્રમણ કરે છે. રથ જ્યાં જાય છે ત્યાં સૌ ભક્તિભાવથી ભાવવિભોર બને છે. સર્વ વિરોધ, ટંટા-ઝઘડા અને સૌ વૈમનસ્ય છોડી એક બને છે, એકીસાથે બેસી ભોજન લે છે. સાથે સાથે માતાજી આગળ વ્યસનમુક્તિની પ્રતિજ્ઞાઓ લેવાય છે. આથી આખા સમાજમાં એકતા અને ભાઈચારાનું વાતાવરણ ઊભું થયું છે.

3

કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની વિકાસયાત્રા

આમ તો છેક વેદકાળથી પાટીદારો મહાશક્તિ મા ઉમિયાની પૂજા કરતા આવ્યા છે. અંદાજે ઈ.સ. પૂર્વે ૧૨૫૦થી ૧૨૦૦ના સમયગાળામાં આ પ્રજા પંજાબથી નીકળી રાજસ્થાન વટાવી ગુજરાત આવી વસી છે. ફળદ્રુપ જમીન અને પાણીની વ્યવસ્થાને લીધે ઊંઝા આવી વસવાટ કર્યો. પંજાબથી આવી ગુજરાત રહેવા છતાં આ પ્રજા શક્તિપૂજા ભૂલી નહિ. અહીં મા ઉમિયાનું મંદિર બનાવ્યું અને ધન-ધાન્યની દેવી એવી મા ઉમિયાની પૂજા ચાલુ રાખી, સાથે સાથે વર્ષે એક વાર 'પલ્લી' પણ ભરવાનું ચાલુ રાખ્યું. ધન-ધાન્યની દેવી તરીકે વેદોની ઋચાઓ જેની સ્તુતિ કરે છે - તે ઉષાદેવી કે ઉમાદેવીની 'પલ્લી' દ્વારા પૂજા કરવામાં આવે છે. પંજાબમાં પાટીદારો જે રીતે શક્તિની 'પલ્લી' ભરતા તે જ રીતે અહીં પણ 'પલ્લી' ભરવાનું ચાલુ રાખ્યું. આ પલ્લી માત્ર પાટીદારો જ ભરે છે. ઊંઝામાં આજે પણ મા ઉમિયાનાં મૂળ સ્થાનકે મોલ્લોતોના મોટા માઢમાં પલ્લી ભરવામાં આવે છે. હવે માતાજીના મંદિરે પણ આસો સુદ-૮ના રોજ પલ્લી ભરાય છે. પાટીદારો ઊંઝાથી આજુબાજુ જ્યાં પણ ગયા છે - ત્યાં એટલે કે ઊંઝાની આજુબાજુનાં ગામોમાં આજે પણ પલ્લીઓ ભરાય છે.

પંજાબમાં બૈશાખીનો તહેવાર ઊજવાય છે. તેમ અહીં પણ વસંતપંચમીનો મેળો ભરાય છે.

પંજાબનાં જે-જે ગામોથી આ પ્રજા આવી તે-તે ગામના નામને પાટીદારોએ પોતાની શાખ બનાવી યાદગીરી જાળવી છે. જેમ કે મોલ્લોત માંડલેહથી, રૂસાત રોહિતગઢથી - એ રીતે પાટીદારોની મૂળ બાવન શાખો પંજાબના વતનની સાથે જોડાઈ છે.

મતલબ કે આ પ્રજાએ પંજાબથી આવીને પણ પોતાની મૂળભૂત પરંપરાઓ જાળવી રાખી છે.







જૂના મંદિરના અવશેષો (શેષશાયી ભગવાન મંદિર)





જૂના મંદિરના અવશેષો
(શેષશાયી ભગવાન મંદિર)

શ્રી ઉમિયા માતાજીનું મંદિર ઊંઝામાં સૌપ્રથમ ક્યારે બન્યું - તે વિશે આધારભૂત માહિતી મળતી નથી, પરંતુ વહીવંચા બારોટોના ચોપડેથી જે માહિતી મળે છે, તે બતાવે છે કે કડવા પાટીદારોને મા ઉમિયાએ બાવન પૂતળાં બનાવી સજીવન કર્યા, જે કડવા પાટીદારોના આદિપુરુષો બન્યા. ભગવાન શિવ પણ પ્રસન્ન થયા અને મા ઉમિયાની ઉમાપુર-ઊંઝા ખાતે પ્રથમ સ્થાપના કરી. જે કડવા પાટીદારોનાં કુળદેવી બન્યાં. તે પછી સૌપ્રથમ ઊંઝા નગરનો રાજા ક્રતપાલસિંહ કે વ્રજપાલસિંહે મા ઉમિયાનું મંદિર બનાવ્યું. તેણે મા ઉમિયાનો મોટો યજ્ઞ કર્યો હતો. મા ઉમિયા તેના પર પ્રસન્ન હતાં અને તેને સમયે સમયે સહાય કરતાં હતાં.

તે બાદ રાજા અવનીપત આ નગરનો રાજા હતો. તેણે શિવાલય અને મા ઉમિયાની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી અને સવા લાખ શ્રીફળ હોમી મોટો મહાયજ્ઞ કર્યો હતો. ઘીના કૂવા ભરી હોમ કર્યો હતો. અઢારસો બ્રાહ્મણો વરુણીમાં બેસી વેદોચ્ચાર-સ્તુતિ કરતા હતા. આવા મહાન યજ્ઞ વખતે મા ઉમિયા પ્રસન્ન થયાં હતાં અને કડવા પાટીદારોનાં વિવાહ બાર વર્ષે (બંધુકા વિવાહ) કરવાનો આદેશ કર્યો હતો. બંધુકા વિવાહની તિથિ મા ઉમિયાજી જ નક્કી કરતાં હતાં.

વિ. સંવત ૮૫૦ આસપાસ પાટણ ખાતે વનરાજ ચાવડાના અમલમાં ઊંઝાના પાટીદારો પર કરબોજ અને કનડગતને લઈને કેટલાક પાટીદારો મધ્ય પ્રદેશના માળવા-નિમાડ પ્રદેશમાં ગયા. જો કે બંધુકા વિવાહ જે બાર વર્ષે થતાં તે ત્યાં પણ ચાલુ રહ્યાં. ઊંઝાથી લગ્નની કંકોત્રી ત્યાં જતી અને મા ઉમિયાએ સૂચવેલા એક જ મુહૂર્તે સર્વ જગ્યાએ બંધુકા વિવાહ કરવામાં આવતાં હતાં. આ પ્રથા છેક વિ. સંવત ૧૯૭૭ સુધી ચાલુ રહી. ઊંઝાથી નક્કી થયેલ લગ્નતિથિની કંકોત્રી લઈ જુદા-જુદા વિસ્તારમાં બ્રાહ્મણો ચોકિયાતો સાથે જતા. પહેલાં બંધુકા વિવાહ ૫-૭-૯ કે ૧૧ વરસે સારા મુહૂર્તે થતાં પણ વિ. સંવત ૧૮૦૬માં માઈ ભક્ત શ્રી થોભણદાસ મોલ્લોતે આ પ્રથા દર ૧૦ વર્ષે ચાલુ કરી, એટલે કે ૧૮૦૬-૧૮૧૬-૧૮૨૬ એ રીતે દર ૧૦ વર્ષે બંધુકા વિવાહ ચાલુ થયેલાં.

તે બાદ ગામી શાખના વેગડા પટેલે વિ. સંવત ૧૧૨૨માં માગશર સુદ-૨ના દિવસે મા ઉમિયાનું મંદિર બનાવવાનું ખાતમુહૂર્ત કરેલું અને સં.

૧૧૨૪ના ચૈત્ર માસમાં મંદિર પર શિખર ચડાવવામાં આવેલું. તેના બાંધકામમાં તે વખતે રૂ. ૫૦૦૦/-નો ખર્ચ થયેલો. મંદિરનું દ્વાર ઊગમણી દિશાએ હતું. તે મંદિરની પાસે દૂધેશ્વર મહાદેવનું મંદિર હતું, તેમજ હનુમાનજીની પ્રતિમા હતી. માતાજીના મંદિરથી ઈશાન ખૂણામાં અબોટી તળાવ હતું. આ તળાવનું પાણી મંદિરમાં પ્રક્ષાલનમાં વપરાતું હોવાથી અબોટી તળાવ કહેવાતું હતું. આ તળાવમાં એક વાવ પણ હતી. આ વાવના નિશાન પરથી તેમજ દૂધેશ્વર મહાદેવ, અબોટી તળાવની નિશાનીઓ બતાવે છે કે હાલનું માતાજીનું મંદિર છે - ત્યાં આ મંદિર ન હતું પણ આજે શેષશાયી ભગવાનની જગ્યા છે ત્યાં મંદિર હતું.

વહીવંચા બારોટોના ચોપડાના આધારે આ નિશાનીઓ આજેપણ જોઈ શકાય છે. લશ્કરી છાવણી તરીકે ઓળખાતી જગ્યા પણ અહીંથી થતી લશ્કરોની આવન-જાવનનાં રોકાણ અને પડાવની જગ્યા છે.

વિ. સંવત ૧૩૫૬માં દિલ્હીની ગાદીના બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીએ આ વિસ્તારને ધમરોળ્યો. તે વખતે પાટણમાં કરણ ઘેલાનું રાજ્ય હતું. તેના પ્રધાન માધવના ભાઈ કેશવની પત્નીનું તેણે હરણ કર્યું અને કેશવને મારી નાખ્યો. ત્યારે પ્રધાન માધવે તેનું વેર લેવા અલ્લાઉદ્દીન ખીલજીને પાટણ પર ચઢાઈ કરવા બોલાવ્યો. તેણે તેના સુબા ઉલુઘખાનને પાટણ મોકલ્યો. આ સુબાએ ગુજરાતમાં ઘણાં ગામ ભાગ્યાં, ઘણાં મંદિર તોડ્યાં, ઘણી સ્ત્રીઓ પર અત્યાચારો ગુજાર્યા. તેણે જ ઊંઝાના માતાજીના મંદિરને તોડ્યું. આ વખતે માની મૂર્તિને મોલ્લોતોના મોટા માઢમાં સંતાડી હોય, હાલ આ જગ્યાએ જ્યાં **ગોખ** છે ત્યાં જ જૂનું મંદિર હતું તેમ લાગે છે, કારણ કે આ મંદિરના અવશેષો રૂપે મંદિરની કલાત્મક ખંડિત મૂર્તિઓ અને પથ્થરો પણ શેષશાયી ભગવાનની દીવાલોમાં આજે જડેલા દેખાય છે.

આ માતાજીના ગોખે આજે પણ **'પલ્લી'** ભરાય છે અને દર વર્ષે નવચંડી હવન પણ થાય છે. પચીસ વર્ષ પહેલાં અહીંથી દર જેઠ સુદ બીજના દિવસે **'હળોતરા'** પણ થતા હતા. 'હળોતરા'નો તહેવાર ખેડૂતોનો તહેવાર છે. ઊંઝામાં દરેક પાટીદાર આ દિવસે નવા વર્ષની વધામણી લેખે ઘેર લાપસીનું ભોજન જમે છે.

હળોતરાની ઉજવણીમાં યુવાનો અને બાળકો નાનાં નાનાં હળ (હળિયા) લઈ, દરેક મહોલ્લાઓમાં 'હેલ ખેલ ભલ્લા વરસ્યા...' બોલતાં બોલતાં ઘેર ઘેર ફરે અને દરેક ઘરેથી તેમના પર પાણીની હેલથી ધાર કરવામાં આવે-જેનો આનંદ જ કંઈ ઓર હોય છે. તે બાદ બધાં જ 'હળિયાં' શ્રી ઉમિયા માતાજીના મંદિરે જાય. મોલ્લોતોના ઊંચા ઘર નામના મહોલ્લાએથી પ્રજાપતિ સ્ત્રીવેશે 'ભતવારી' બની-માથે ભાતની સૂંડલી ઉપાડી માતાજીના મંદિરે જાય. 'ભતવારી' માતાજીની પ્રદક્ષિણા કરે-સાથે હળિયાં પણ પ્રદક્ષિણા ફરે. ભતવારીએ લાવેલ ભાત ત્યાં માતાજીને ધરાવાય બાદ તે પ્રસાદ હળિયાઓને વહેંચવામાં આવે, તે બાદ જ હળિયાઓ પોતપોતાને ઘેર જાય. આખા ગામના હળિયાઓમાંથી કોણ માતાજીએ પ્રથમ દાખલ થાય, તેની હરીફાઈ થાય અને તે રીતે હળોતરાનો તહેવાર ઊજવાય.

આ દિવસે મોલ્લોતોના ચોરાએ પ્રજાપતિ માતાજીનું નામ લઈ ચાર મોટા ગોળા (મોટાં માટલાં) સવારે પાણી ભરીને મૂકી જાય. આ ચારે ગોળા એટલે ચોમાસાના ચારે માસ-અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો. આ નક્કી કરેલા ગોળાઓમાંથી પાણી ઝમે અને પાણીનો રેલો નીકળે, જે રેલો વધુ રેલાય તે માસમાં વધુ વરસાદ થાય - એ રીતે વરસાદનાં શુકન જોવામાં આવતાં.

આ દિવસે ઊંઝાના વૈષ્ણવ વાણિયાઓ મોલ્લોતના માઢમાં વહોરવા આવતા. તેમને અનાજ વહોરાવવામાં આવતું અને તે ઉપરથી તે વર્ષે કંઈ ચીજ સારી પાકશે - તેવાં શુકન જોવાતાં. આ શુકન પણ પ્રથાનો એક ભાગ હતો.

આજે આ બધી પ્રથા બંધ છે. હળોતરા વખતે માતાજીમાં ક્યાં હળિયાં પહેલા દાખલ થાય તે માટે હરીફાઈ અને ખેંચતાણ થતી અને હળિયાઓને ગળે બાંધેલા બળદોના ઘૂઘરાઓની રમઝટ વાગતી, જેથી ઝઘડા પણ થતા. આ રીતે ગામનું વાતાવરણ ન બગડે-તે હેતુથી આ પ્રથા બંધ કરવામાં આવી. હાલ નાનાં-નાનાં બાળકો ગળે ઘૂઘરા બાંધી, હાથમાં લીમડાની લીલી ડાળીઓ લઈ ઘેર ઘેર 'હેલ ખેલ ભલ્લા વરસ્યા'નો નાદ કરી મહોલ્લા ગજવે છે. તેમના પર લત્તે લત્તે પાણી પધરાવાય છે.

આ જ રીતે જે વર્ષે જેઠ-અષાઢમાં વરસાદ ખેંચાય ત્યારે બહેનો માટીના વરુણદેવ બનાવી - જેને **'ઢૂંઢિયા બાપજી'** ગણી એક બહેન બાજઠ પર મૂકેલ ઢૂંઢિયા બાપજીને ઉપાડે. તેની પાછળ બહેનોનું ટોળું ગીતો ગાતું ગાતું મહોલ્લે- મહોલ્લે, ઘેર-ઘેર ફરે અને ગાય કે - 'ઢૂંઢિયા બાપજી મે' વરસાવો કે પોટલે પોટલે પાણી પછાડો...' ઘેર-ઘેરથી ઢૂંઢિયા બાપજી પર પાણી પધરાવવામાં આવે અને દાણા આપવામાં આવે. આ રીતે વરુણદેવને રિઝવવામાં આવે. ભેગા થયેલા દાણા મંદિરમાં ચકલાનાં ચણ માટે આપવામાં આવે. વરસાદ વરસે તેવી પ્રાર્થના કરવામાં આવે.

આ ઉપરાંત દર પાંચ વર્ષે સારા મુહુર્તે દરેક દીકરાના **ઘોરૈયા** થાય છે. તે માટે ઘેર સવા પાંચ શેર ઘીની સુખડી કરવામાં આવે છે. અને શ્રી મણીભદ્ર વીરમહારાજના સ્થાનક મગરવાડા (જિ. બનાસકાંઠા)ની દિશાએ સામા પગલે બહેનો સુખડીની તાસક માથે ધરી ગાતા ગાતા સૌ વગડામાં જાય છે. ત્યાં દરેક જુદા જુદા ઝાડના છાંયડે બેસે છે. દીકરાને કુલગોર દીવો કરી, શ્રીફળ વધેરી ચાંલ્લો કરે છે અને વીરમહારાજના પગે લગાડી અશીર્વાદ લેવાય છે. ત્યાં દીકરાની બાબરીની લટ લેવાય છે. તે બાદ સૌ સુખડી જમે છે. આ સુખડીનો પ્રસાદ ત્યાં જ પૂરો કરવાનો હોય છે. ઘેર લાવી શકાતો નથી.

વળી, દર વર્ષે ભાદરવા સુદ-૮ના રોજ મોલ્લોત શાખનાં **બાળોજ માતાજીનાં વધામણાં** થાય છે. મોલ્લોત શાખમાં જેના ઘેર પ્રથમ દીકરો અવતરે તેનું બાળોજ માતાજીનું વધામણું કરવાનું કરબટું છે.

બાળોજ માતા બાળ + ઓજ એટલે કે બાળકોને તેજ આપનારી માતા ગણાય છે. જેથી દીકરાને તેમના દર્શને લઈ જવાનો હોય છે. જે દીકરાનું વધામણું કરાય છે, તેના ઘેર આખો મોલ્લોત પરિવાર ઘરદીઠ દીવો પૂરવા આવે છે. દીવો પૂરવા આવનારને દરેકને સાકરની વધામણી વહેંચવામાં આવે છે. વધામણાવાળાના ઘેર સવારથી દીવો કરી બે તાસકોમાં અનાજ ભરી બંનેમાં એક એક શ્રીફળ મૂકવામાં આવે છે. બપોરે ઘેર મિષ્ઠાન્ન જમાય છે. સગાવહાલાં બેન-દીકરીઓ આવી હોય છે. બપોર બાદ સારા મુહુર્તમાં વાજતે-ગાજતે બહેનો દરેક દીકરાની આ તાસકો માથે લઈ ગાતાં

ગાતાં પ્રથમ બાળોજ માતાના મંદિરે જાય છે. આ દૃશ્ય ખૂબ જ સુંદર અને મનભાવન હોય છે. અહીં એક તાસકનું અનાજ ઠલવાય છે અને શ્રીફળ વધેરાય છે. વધામણાવાળા દીકરાને પૂજારીજી ચાંલ્લો કરી માતાજીના દર્શન કરાવી આશીર્વાદ આપે છે.

ત્યાંથી બહેનો ગાતાં ગાતાં મા ઉમિયાજીના મંદિરે જાય છે. અહીં બીજી તાસકનું અનાજ ઠલવાય છે, અને શ્રીફળ વધેરાય છે. દીકરાને માતાજીના પૂજારીજી ચાંલ્લો કરી દર્શન કરાવી આશીર્વાદ આપે છે. તે બાદ બહેનો ગાતાં ગાતાં ઘેર આવે છે.

આ વધામણાં હાલ ચાલુ છે. હવે રૂસાત શાખમાંથી પણ કેટલાંક વધામણાં કરે છે. આ સિવાય સગા-સંબંધીઓનાં પણ માનતાનાં વધામણાં થાય છે.

આ રીતની સાંસ્કૃતિક પરંપરાઓ ગ્રામ્ય લોકજીવન સાથે વણાયેલી છે. હવે સમયના પરિવર્તન સાથે આ પ્રથાઓ લુપ્તપ્રાય થઈ રહી છે.

આ સમયગાળામાં જ તરગાળા જ્ઞાતિની ઉત્પત્તિ અને તેના મૂળ પુરુષ અસાઈત ઠાકરનો ઊંઝાના પટેલની દીકરીને બચાવવાનો પ્રસંગ પણ બન્યો હતો. અસાઈત ઠાકર વટલાઈને નાયક બન્યા. પાટીદારોએ સહારો આપ્યો. (આજે પણ આખો કડવા પાટીદાર સમાજ આ તરગાળા કોમને સહારો આપે છે)

અસાઈત ઠાકરે તરગાળા બની ભવાઈના વેશ ભજવ્યા. તે ભવાઈની ઉત્પત્તિ પણ આ જ સમયે થઈ. જે આજે ગુજરાતનું સાંસ્કૃતિક ઘરેણું ગણાય છે - જેમાં તત્ સમયના સમાજનું પ્રતિબિંબ રજૂ થાય છે.

જો કે મધ્ય પ્રદેશ ગયેલા કડવા પાટીદારોના વહીવંચા - બારોટો આ અસાઈત ઠાકરના હેમાળા પટેલની દીકરી ગંગાને ઉલુઘખાનના જનાનખાનામાંથી બચાવવાના અને વટલાયાના પ્રસંગ વિશે કંઈ ઉલ્લેખ નથી. અહીંના બારોટ વહીવંચાના ચોપડાઓમાં પણ આ વાતની નોંધ જણાઈ નથી.

વિ. સંવત ૮૦૦થી ૧૩૦૦ સુધીમાં ઊંઝા જાહોજલાલીથી ભરપૂર રહ્યું હતું. વનરાજ ચાવડાના સમયમાં ઊંઝા પાટણ રાજ્યનો ભાગ હતું.

આ પ્રજાએ ખેતીની પોતાની આગવી સૂઝથી આ પ્રદેશને નંદનવન બનાવ્યો હતો. રાજ્ય તેમના પર કરનું ભારણ વધારે જતું હોવાથી આ પાટીદારો અહીંથી સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત અને મધ્ય પ્રદેશ જવા લાગ્યા. ઊંઝામાં આ પ્રજાનો જેમ જેમ વિસ્તાર થતો ગયો તેમ તેમ સારી જમીનની શોધ કરી પાટીદારો સ્થળાંતર કરવા લાગ્યા. વળી, અહીં રાજપૂત, મુસલમાન અને વાણિયાઓ સાથેના ઝઘડાઓથી મારા-કાપીને લીધે પણ પાટીદારો જુદી જુદી જગ્યાએ સ્થળાંતર કરવા લાગ્યા. આજે આ પાટીદારો ગુજરાતમાં તેમજ મધ્ય પ્રદેશમાં ફેલાયેલા જણાય છે. આ સ્થળાંતરને લીધે વનરાજ ચાવડાના દૂરંદેશી મંત્રી ચાંપરાજના બુદ્ધિચાતુર્યથી કડવા પાટીદારોને અહીં જ રોકાઈ જવાનું બન્યું. તેમણે માતાજીના પૂજારી મારફતે પાટીદારોને અહીં જ રહેવા આદેશ કર્યો અને બંધુકા વિવાહની પ્રથા શરૂ કરી. દર દસ કે બાર વરસે માતાજી મુહૂર્ત આપે તે દિવસે આખી કડવા પાટીદાર જ્ઞાતિમાં લગ્નો થાય. માતાજીના મંદિરે જ માણેકસ્તંભ રોપાય અને ઠેકઠેકાણે છેક મધ્ય પ્રદેશમાં પણ કંકોત્રીઓ અહીંથી જ જાય. ''બંધુકાવિવાહ''માં બાર વરસે લગ્નો થવાના લીધે ઘોડિયામાં હીંચતાં બાળકોનાં પણ લગ્નો લેવાતાં - તેટલું જ નહિ જે કન્યા લગ્ન વગરની રહે, તેને ફૂલના દડાથી પરણાવી દેવામાં આવતી. તે ફૂલનો દડો નદી કે કૂવામાં પધરાવી દેવાતો. આમ નાના-મોટા દરેકનાં લગ્નો બાર વર્ષે લેવાતાં. આ પ્રથા પણ સમયના પરિવર્તન સાથે બંધ થઈ. હવે તેનું નવું સ્વરૂપ સમૂહલગ્નોની રીતે ચાલે છે.

ઊંઝા નગરના પાટણના સોલંકી વંશ સાથેનો નાતો પણ વિશેષ હતો. પાટણના રાજા કરણ સોલંકી ગુજરાતના ઇતિહાસનું મહત્ત્વનું પાત્ર એવા મહારાણી મીનળદેવીને ઊંઝામાં પરણ્યા હતા. મીનળદેવી એ ઊંઝાના મોલ્લોત શાખના હેમાળા પટેલનાં પુત્રી હતાં. આ મહાપ્રતાપી મીનળ ઊંઝાની દીકરી હતી. સિદ્ધરાજ જયસિંહની માતા હતી, એટલે કે મહાપ્રતાપી રાજા સિદ્ધરાજ કે જેના વખતમાં પાટણ રાજ્યનો સૂર્ય તપતો હતો, તે મહારાજા સિદ્ધરાજનું મોસાળ ઊંઝામાં મોલ્લોત શાખના હેમાળા પટેલને ત્યાં હતું. આથી પાટણ સાથેનો વિશેષ નાતો બંધાયો હતો. જેથી પણ પાટીદારો ઊંઝામાં સ્થિર થયા.

વિ. સંવત ૧૩૦૦ બાદ મોગલોના સમયે અલ્લાઉદ્દીન ખીલજીના સુબા ઉલુઘખાને માતાજીનું મંદિર તોડ્યા વિશે આગળ જોયું. તે બાદ અઢારમી-ઓગણીસમી સદી દરમિયાન અંગ્રેજી અમલમાં પ્રમાણમાં શાંતિનો સમય રહ્યો. ત્યારે પાટીદારો માતાજીનું ઈંટ-ચૂનાનું મંદિર બનાવી માતાજીની પૂજા કરતા હતા. આ ઈંટ-ચૂનાનું મંદિર ક્યારે અને કોણે બનાવ્યું - તે વિશે કંઈ માહિતી ઉપલબ્ધ નથી. આ મંદિરનો કિલ્લો વિ.સં. ૧૮૭૩માં ખાતમુહૂર્ત કરી બનાવવાનું શરૂ થયું. જે સં. ૧૮૭૯માં કિલ્લાનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. આ કિલ્લામાં ઊંઝાના તળાવમાં આવેલી વાવના પથ્થરો જડવામાં આવ્યા છે. હાલ ગામ તળાવની વાવ દટાઈ ગઈ છે. આ કિલ્લામાં પૂર્વ-પશ્ચિમ અને ઉત્તરે એમ ત્રણ દરવાજા બનાવવામાં આવ્યા હતા. કિલ્લામાં છ બુરજ અને તેમાં એક એક બારી મૂકવામાં આવી છે.

જગપ્રસિદ્ધ શ્રી ઉમિયા માતાજીના મંદિરનું બાંધકામ

શ્રી ઉમિયા માતાજીના ઈંટ-ચૂનાના મંદિરની જગ્યાએ નવીન પથ્થરનું મંદિર વિ. સંવત ૧૯૪૩ ઈ.સ. ૧૮૮૭માં તૈયાર કરવામાં આવ્યું. હિન્દુસ્તાનમાં મોગલ સમયના અસ્ત સાથે અને અંગ્રેજોના સમયની શરૂઆતથી શાંતિની શરૂઆત થઈ. આ સમયે ઊંઝા પાટણ રાજ્યના અસ્તથી ગાયકવાડી રાજ્યના એક ભાગ તરીકે હતું. ગાયકવાડી રાજાઓ પ્રજાવત્સલ હતા. આ વખતે મહારાજા સયાજીરાવ વડોદરાના રાજા હતા.

આ શાંતિના સમયમાં કડવા પાટીદારોની માતાજીનાં દર્શને આવવાની પ્રવૃત્તિ વધી. લોકોમાં મંદિરનું પુનઃ નિર્માણ કરવાનો ખ્યાલ ઊભો થવા લાગ્યો. આ વખતે અમદાવાદના માઈભક્ત શ્રી રામચંદ્ર મનસુખલાલના હૃદયમાં મંદિરનો સુધારો કરવાની ઈચ્છા જાગી. તેમણે કડવા પાટીદાર જ્ઞાતિના જુદા- જુદા વિસ્તારોના આગેવાનોની એક સભા વિ. સં. ૧૯૧૬ ઈ.સ. ૧૮૬૦માં બોલાવી. આ સભામાં પાટડી, વિરમગામ, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, કડી, ખાનદેશ, નિમાડ, કાઠિયાવાડ અને કચ્છ તેમજ જ્યાં જ્યાં કડવા પાટીદારો વસતા હોય તે તમામ સ્થળોએથી મંદિરના પુનઃનિર્માણ માટે ઉઘરાણું કરવા ઠરાવવામાં આવ્યું. ઉઘરાણું થતાં એક લાખ રૂપિયાનો ફાળો એકઠો થયો. ત્યારે મંદિરના પુનઃનિર્માણનું કામ માઈભક્ત

પટેલ રામચંદ્ર મનસુખરામને વિ. સંવત ૧૯૨૧ (ઈ.સ. ૧૮૬૫)માં સોંપવામાં આવ્યું. તેમણે જૂનું ઇંટ-ચૂનાનું મંદિર ઉત્થાપીને આજનું પથ્થરનું મોટું શિખરબંધ દેવાલય બનાવ્યું. તેમણે ઇંટ-ચૂનાનો ઘુંમટવાળો ભાગ, ચોકીઓ, મંદિર નીચેનું ભોંયરું અને પરથાળ તૈયાર કરાવ્યો. આટલેથી નાણાં ખૂટતાં કામ અધૂરું રહ્યું. શ્રી રામચંદ્ર મનસુખરામની પ્રતિમા મંદિરમાં હાલ મોજુદ છે.

આ અટકી પડેલ કામ રાવબહાદુર બહેચરદાસ અંબાઈદાસ લશ્કરીએ પુનઃ શરૂ કર્યું. ગાયકવાડી રાજ્યમાં તેમની વગ હતી. મહારાજશ્રી સયાજીરાવ ગાયકવાડ વિ. સં. ૧૯૩૮ (ઈ.સ. ૧૮૮૨)માં જ્યારે કડી પ્રાંતની મુલાકાતે આવેલા ત્યારે શ્રી ઉમિયા માતાજીના મંદિરે પણ પધાર્યા હતા. શ્રી બહેચરદાસ લશ્કરીએ મંદિરનું કામકાજ આગળ ચલાવવા તા. ૧૮-૧-૧૮૮૩ના રોજ કડવા પાટીદારોના ૪૦૦ આગેવાનોને અમદાવાદ પોતાને ત્યાં તેડાવ્યા. આ મિટિંગમાં રૂ. ૫૨૮૬નો ફાળો થયો. પાટડી દરબારે રૂ. ૧૦૦૧/- આપ્યા, તેમજ હાજર આગેવાનો સિવાયનાં અન્ય ગામોમાંથી રૂ. ૨૦૦૪નો ફાળો થયો. તે સિવાય પણ બીજો ફાળો મળી કુલ રૂ. ૧૧,૫૦૦ જેવી રકમ એકઠી કરવામાં આવી. મંદિરના અધૂરા રહેલા બાંધકામને આગળ ધપાવવા માટે વિ.સં. ૧૯૪૦ના અષાઢ સુદ-૨ના રોજ કડવા પાટીદાર જ્ઞાતિના આગેવાનોની મિટિંગ બોલાવી, જેમાં નીચે મુજબ પંચ (વ્યવસ્થાપક સમિતિ)ની રચના કરવામાં આવી.

૧.	રાવબહાદુર બહેચરદાસ અંબાઈદાસ લશ્કરી	—	સરપંચ (પ્રમુખ)
૨.	પાટડી દરબારશ્રીના કારભારી		
૩.	અમીન પારીખ હરિલાલ નારણભાઈ	—	કડી
૪.	પટેલ બાજીદાસ થોભણદાસ મોલ્લોત	—	ઊંઝા
૫.	પટેલ લક્ષ્મીચંદ બાલચંદ રૂસાત	—	ઊંઝા
૬.	પટેલ વાહલજી નાનજી રોડ	—	ઊંઝા
૭.	પટેલ ભગવાનદાસ ખુશાલદાસ	—	ઉમતા
૮.	પટેલ તળજનદાસ નાલચંદ	—	ચાણસ્મા
૯.	પટેલ હેમા કાહનજી	—	ઉપેરા

૧૦. પટેલ ગુલાબચંદ માલજી — સરઢવ
૧૧. પટેલ કલજી મનોરદાસ — પીલોદરા
૧૨. પટેલ વીરા હેમરાજ — લાંઘણજ
૧૩. પટેલ જમનાદાસ કારડીદાસ — રૂપાલ
૧૪. પટેલ કેવળ ઝવેરદાસ મોલ્લોત — ઊંઝા
૧૫. પટેલ નરસીદાસ દાનસિંગ — મહેસાણા

આ સમિતિની દર ત્રણ મહિને મિટિંગ થતી - વર્ષે એકવાર જનરલ મિટિંગ થતી. હિસાબો અને બાંધકામની દેખરેખ રાખવામાં આવતી. આ બાંધકામમાં ગાયકવાડ સરકાર તરફથી કડી પ્રાંતના સુબા મારફતે તા. ૨૬-૧૨-૧૮૮૩ના રોજ રૂ. ૧૫૦૦ પ્રજાવત્સલતા અને મા ઉમિયાનાં ભક્તિભાવ રૂપે મોકલવામાં આવ્યા. તા. ૨૫-૧-૧૮૮૪ની મિટિંગમાં બાંધકામ માટે ઘરદીઠ એક રૂપિયો ઉઘરાવવા ઠરાવ્યું. જેમાં ખર્ચનો રૂ. ૧૩,૦૫૧નો અંદાજ રજૂ થયો. બાંધકામ ચાલુ થયું. આજના મંદિરનું પથ્થરોના શિલ્પ, નકશીકામ વગેરેનું માળખું તૈયાર થવા લાગ્યું. દેવાલય ફરતે ૨૫ ફૂટની જગ્યાની છૂટ મૂકી પથ્થર-ચૂનામાંથી વિશાળ ધર્મશાળા રૂ. ૧૭,૫૩૮ના ખર્ચે બાંધવામાં આવી. આ ધર્મશાળા ઉત્તર - દક્ષિણ ૧૬૦ ફૂટ તથા ૧૪૮ ફૂટ લાંબી અને પૂર્વ-પશ્ચિમ ૧૮૫ ફૂટ લાંબી છે. આ ધર્મશાળામાં ૬૧ વિભાગો પાડી મહેલદાર દરવાજા કરવામાં આવ્યા. ચાર ખૂણે ચાર ઘુંમટ બનાવ્યા. દરેક ઘુંમટમાં એક બારી, કમાડબંધ ઓરડો કરી ઝરૂખેદાર બારીઓ મૂકી. પૂર્વ દિશાના મોટા દરવાજા પર ધાબા બંધ ૨૨ ફૂટ લાંબો અને ૧૧ ફૂટ પહોળો મેઢો બનાવ્યો. જેમાં સવાર-સાંજ ચોઘડિયાં વગાડનારા અને માતાજીના ગવૈયાઓ બેસતા. મંદિરના બાંધકામના ઈજનેર તરીકે મિસ્ત્રી મગનલાલ મનસુખરામ હતા. વહીવટી કારકૂન તરીકે દવે ગણપતરામ લલ્લુરામ હતા. વિ.સં. ૧૯૪૩માં મંદિરનુ કામ પૂર્ણ થયું. તેનું વાસ્તુપૂજન તા. ૬-૨-૧૮૮૭ના રોજ કડી પ્રાંતના સુબાની હાજરીમાં થયું. નામદાર શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી માતાજીને કિંમતી પોષાક ભેટ ધરવામાં આવ્યો હતો. આ કાર્ય પૂર્ણ કરવા માટે ગાયકવાડ સરકારે શ્રી બહેચરદાસ લશ્કરીને રાજ્ય તરફથી શાલ, જોટો અને પાઘડી ભેટ આપવામાં આવી હતી. આ

દિવસે કડવા જ્ઞાતિના દસ હજાર લોકોની હાજરીમાં દેવાલય પર ઊંઝાના મોલ્લોત શ્રી નાગરદાસ ઉગરદાસ પટેલ તથા રૂસાત શ્રી કશળદાસ કિશોરદાસ પટેલ તરફથી સોનાનું શિખર ચઢાવવામાં આવ્યું હતું. જેનો રૂ. ૨૦૦૦/-નો ચડાવો થયો હતો. બાંધકામ અંગેની સર્વ વિગત દર્શાવતો આરસનો શિલાલેખ હાલ મોજૂદ છે.

મંદિરમાં આરસનો શિલાલેખ

।। શ્રી ઉમિયા દેવી જયતિ ।।

શ્રી ગણેશાય નમઃ સ્વસ્તિ શ્રમન્ન પવિત્રમાર્ક રાજ્ય સમવાતીત સવંત્ ૧૯૪૩ વર્ષે શાકે ૧૮૦૮ પ્રવર્તમાને શુભકારિ માઘ માસે શુકલ પક્ષે તિથૌ ૬ રવિ વાસ રે... તારીખ સને ૧૮૬૭ ઈસવી.

શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ વડોદરા રાજ્યે

મંત્રી રાવબહાદુર લક્ષ્મણરાવ જગન્નાથ, સરસુબા રાવબહાદુર ગણેશ સીતારામ-શાસ્ત્રી ઉત્તરપ્રાંત સુબા-રાવ બહાદુર રામચંદ્ર ગોપાલરાવ હરિદેશમુખ સિદ્ધપુર મહાલયે ગામ ઊંઝા સમીપેશ્રી ઉમિયાજી દેવીનું પ્રાચીન શિખર બંધ ઈંટ ચુનાગચી દેવાલય, ઉત્થાપન કરી અમદાવાદી કડવા જ્ઞાતિલાઓયે ઉત્સાહથી પરિશ્રમ લેઈ દેશોદેશ ઉઘરાણું કરી ફરીથી પાષાણનું મોહોટું શિખરબંધ દેવાલય, ચોકીઓ, ભૂઈરુ તથા પરથાર અમદાવાદના સ્વર્ગવાસી પટેલ રામચંદ મનસુખરામ હસ્તે ગામ ઊંઝાના પટેલ બાજીદાસ થોભણદાસ વિગેરે વિદ્યમાને આશરે રૂ. ૧,૦૦,૦૦૦/- લાખ ખરચી કરાવ્યું. તેમાં ઘણાં વર્ષ સુધી અધૂરુ કામ પડી રહેલું તે શ્રી અમદાવાદવાસી રાવ બહાદુર શેઠ બહેચરદાસ અમઈદાસ સી. યેસ. આઈ લશ્કરીની પ્રેરક યોજનાથી સીદપુર સંવત ૧૯૪૦ના અસાઢ સુદી-૨ વાર બુધ દીને કયડવા જ્ઞાતિના ભાઈઓ ઘણાં ગામોના ભેલા મલી શ્રી ઉમિયા દેવીની સ્વસ્થાનિક વ્યવસ્થા તથા નવી ધર્મશાળા બનાવવા તથા દેવાલયનું અધૂરુ કામ પૂરું કરવા પંચ નીમી.

સરપંચ પ્રમુખ રાવબહાદુર શેઠ બહેચરદાસ અમઈદાસ સી. યૈસ. આઈ.

૧ પાટડી દરબારના કારભારી...., ૧ અમીન પરીખ હરિલાલ નારણભાઈ કડી ૧ પટેલ બાજીદાસ થોભણદાસ મોહોલોત ઊંઝા ૧ પટેલ લક્ષ્મીચંદ બાલચંદ રૂસાત ઊંઝા ૧ પટેલ વાહાલજી નાનજી રોટ વસે ચારસે તરફથી ઊંઝા ૧ પટેલ ભગવાનદાસ ખુશાલદાસ ઉમતા ૧ પટેલ તલજનદાસ ભાવસંઘ ચાણસ્મા ૧ પટેલ હેમા કાહનજી ઉપેરા ૧ પટેલ ગુલાબચંદ માલજી સહોડવ ૧ પટેલ કલજી મનોરદાસ

પીલુદરા ૧ પટેલ વીઠા હેમરાજ લાંઘણજ ૧ પટેલ જમનાદાસ કાસીદાસ રૂપાલ મુખી પટેલ કેવલ ઝવેરદાસ મોહોલોત ઊંઝા પટેલ નરસીદાસ દાનસીંગ મેસાણા.

આ પંચોયે રાવ બહાદુર શેઠ બેહેચરદાસ અમઈદાસ સી. યેસ. આઈ.ને અધિકાર આપ્યો તે પ્રમાણે પોતાની ખાતરીના ગુમાસ્તાઓને મોકલી ગામોગામથી ઊઘરાણું કરાવ્યું તથા ચોક્સાઈ તપાસ દેખરેખ સંભાલ્ય રાખી કામ કરાવ્યું તેહેની વિગત નીચે મુજબ.

જ

૩,૨૫,૦૬૮-૧૦-૬ ॥રૂ.॥ કુલ ઊઘરાણું આવ્યું વસૂલ

રૂ. ૧,૫૦૦	સકાઈ શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડના હુકમથી
રૂ. ૧,૦૦૧	પાટડી દરબાર દેસાઈ સૂરજમલજી જોરાવરસંઘજી તરફથી
રૂ. ૧,૦૦૦	મુંબઈ ગરા શ્રી અમદાવાદવાસી રાવ બહાદુર શેઠ બહેચરદાસ અમઈદાસ સી.યેસ.આઈ. તરફથી
રૂ. ૧,૧૦૧	ઊંઝા ગામના
રૂ. ૨,૦૪,૬૬૫	॥૨॥ શાકાઈ ગામ ૩૯૪ના જ્ઞાતિના ભાઈઓ તરફથી દર ઘરદીઠ રૂ. ૬ સિવાયે ગરીબ અશક્તને છોડીને

ઉ

૩,૨૫,૮૨૧-૧૧-૬ ॥રૂ.॥ કુલ લાગત ખર્ચ થયું

રૂ. ૨૧૪ દેવાલય ખાતે રૂમ, મંડપ, માતયાગ, બારામાં આરસપહાણનું પાથરણ, કમલચોકીયાલા વગેરે તથા ભુઈરુ સમરાવી જાલિયો બેસારી ઘુંમટમાં પુતલિયો બેસારી, ચીત્રાવિ પાશાણની તોરણ કમાન્યો બેસારી પરથારમાં પાશાણનું અધૂરુ પાથરણ પૂરું કરાવ્યું દેવાલયનું શિખર સુવર્ણથી રસાયું, દેવાલય ઉપરના પીપણા કહાડી નાંખી સાંધાપૂરી પટીયોસજ કરી ધોલાવ્યું.

રૂ. ૧,૧૪,૫૦૬-૧૪-૯ શ્રી પાકી ધર્મશાલા ખાતે

પાશાણઈ લો ચૂનો ગચીનાં ધાવાં નંગ ૬૧ તથા ચાર ખૂણો ઘુંમટ ધાર તેમાં દર એકમાં બારી ઓરડા પરસાળ કમાડબંધ નવી પાકિ ધર્મશાળા કરવી તેમાં જતી ચો દેશ લોહ ખંડના સ્થંભો તે ઉપર પગાથિ જડિત પડાલિયો કરાવી તેનું ક્ષેત્રફળ પૂર્વ-પશ્ચિમ ફૂટ ૧૮૫ બાધી છે. તથા મધ્ય ઉત્તર દ્વારથી દક્ષિણ પૂર્વભિ ફૂટ ૧૬૦ પહોલિ છે. તથા પશ્ચિમાભિ ફૂટ ૧૪૮ પહોલિ છે. પૂર્વ દિશાએ

મોટો દરવાજો તે ઉપર ધાવો બંધ મેહેડો લાંબો ફૂટ ૨૨ છે તથા પહોલો ફૂટ ૧૧ છે. આગલયે બાજુ પથરના ઓટલા તથા પગથીયાં તથા ઇંટ-ચૂના ગચીયો નિહાયણીઓ કરાવી તથા તે પાસે વજીરો ઉપર ચાંઘડીયાં વગાડનાર વાસ્તે બંગલી ૧ તથા દક્ષિણાતી વજોરી ઉપર બીજી બંગલી કરાવી. ઉત્તર દરવાજો તે માંહી પુર્વાતી ધાબા ઉપર ચડવાનો જોનો તથા ૨૭ ધાબાં પર માતાજીના દુકાન તથા દરવાજા આગળ ચોકિમાં પથરના કોણીદાર સ્તંભો તથા કમાનો જે ઉપર ચુનાગરી ઘોમટી કાંગરાવાલી કરાવી.

રૂ. ૯૩,૪૭૮-૧૧-૯ બીજી કાચી ધર્મશાલા ખાતે

ઉત્તર દરવાજા આગળ ઇંટમાટીની સર્વજનિક ધર્મશાલા પૂર્વ-પશ્ચિમ ફૂટ ૧૮૫ની પહોલી ઉત્તર-દક્ષિણ ફૂટ ૧૦૨ની કરાવી તેહેમાં પટેલ ત્રિકમદાસ બેહેચરદાસ રૂસાત પોતાની જમીન ધર્માદા આપી છે. તેહેમાં દરવાજામાં પેસતા જમણી બાજુ માતાની દુકાન ડાબી બાજુ પૂજારીને રહેવા ઘર તે મેઢા બંધ ઓરડી પરસાલ માંડવી સાથે તથા બીજી દુકાનો ૫ સિવાય છૂટ પડાલીયો.... નેવાંથી છાપરાં છાયેલું હેવી કરાવી ઇજનેર મિસ્તરી મગનલાલ મહાસુખરામ ।। કારકૂન દવે ગણપતરામ લલુરામ.

રૂ. ૩૧૫/- દુકાન-કારકૂન-ઇનામ તથા વાસ્તુખરચ.

ઊંઝા વિસ્તારમાં તે વખતે પાણીની અગવડ ઘણી હતી. યાત્રીઓ માટે પાણીની સગવડ કરવી પણ જરૂરી હતી. તે માટે આ બાંધકામ સમિતિએ વિ.સં. ૧૯૪૩ના ચૈત્ર સુદમાં તા. ૧-૪-૧૮૮૭ના રોજ કડી પ્રાંતના સુબા શ્રી રામચંદ્ર ગોપાલદાસ દેશમુખજીના વરદ્‌હસ્તે માન સરોવર બાંધવાનું ખાત મુહૂર્ત પંદર હજાર ભાવિકોની હાજરીમાં કરાવ્યું હતું. મંદિરના ઇશાન ખૂણે ૧૨૦ ફૂટ - ૧૨૦ ફૂટની લંબાઈ, પહોળાઈ અને ૫૬ ફૂટની ઊંડાઈનું આ ભવ્ય માનસરોવર બનાવવામાં આવ્યું. તેની પશ્ચિમ દિશાએ ૯ ફૂટ પહોળું અને ૨૮ ફૂટ ઊંચું એવું શિવાલય પણ આ માનસરોવરમાં બનાવ્યું. કામ પૂર્ણ થાય તે પહેલાં રા.બ. શ્રી બહેચરદાસ લશ્કરી સ્વર્ગવાસી થયા અને બાકીનું કામ તેમના સુપુત્ર શ્રી શંભુપ્રસાદે પૂર્ણ કરાવ્યું. માનસરોવર વિ.સં. ૧૯૫૧ (ઈ.સ. ૧૮૯૫)માં તૈયાર થયું. આ માનસરોવરનો પણ શિલાલેખ મોજૂદ છે.



મંદિરનો શિલાલેખ



માનસરોવરનો શિલાલેખ

માનસરોવર નિર્માણકાર્યનો શિલાલેખ

महाराजाधीराज श्रीश्रीश्री १०८ श्री श्रीमंत महाराजा सयाजीराव गायकवाड
सेना खासखेल समशेर बहादुर इत्यादि
वडोदरा
दीवान बहादुर मणीभाई जसभाई दीवान साहेब
श्री उंझे उमिया माताजी समीपे मानसरोवर
संवत १९५१मां बंधाई तैयार थयुं
उत्तर प्रांतना सुभ – साहेब रावबहादुर त्र्यंबकराय वृजराय
श्री उमिया माताजी संस्थान कमिटि
प्रमुख
राव बहादुर शेठ बेहेचरदास अंबाईदास सी. एस. आई. तत् पुत्र
शेठ शंभुप्रसाद बेहेचरदास लश्करी
अमदावाद
पंच (मेम्बर)

पाटडी दरबारश्रीना कारभारी — पाटडी
अमीन हरिलाल नारायणभाई — कडी
परी रुघनाथदास परसोत्तमदास — विरमगाम
परी जीभाई केवलदास — विरमगाम
पा. शामलदास बाजीदास
पा. मानचंद झवेरदास — ऊंझा
पा. रामचंद्र लखमीचंद
पा. रामचंद्र नाथा — ऊंझा
पा. तलजनदास भावसंग — चाणस्मा
पा. गणेश मानसंग — चाणस्मा
पा. भगवानदास खुसालदास, उमता
पा. धनजी भगवानदास, लाडोल
पा. द्वारकादास कलनीदास, पीलुदरा
पा. करशनदास नरसिंहदास, मेसाणा
पा. जमनादास काशीदास, रुपाल
पा. वक्ता गोपाल, लाडोल
पा. गुलाबदास मालजी, सरढव
पा. हेमराज कहानजी, उपेरा
पा. विठ्ठलदास हेमराज — लांघणज
पा. बापुभाई केवलभाई — कडी

मानसरोवरनी प्रतिष्ठा संवत १९५१ना महावदी–५मी वार गुरु
इ. सने ता. १४ माहे फेब्रुआरी सने १८९५ खर्च रु. १३,५४१

માતાજીનો પ્રભાવ વધવા લાગ્યો. વહીવટ પણ વધ્યો. આથી સંવત ૧૯૮૭ના વૈશાખ સુદ-૧૫ તા. ૨--૫-૧૯૩૧ના રોજ માતાજી સંસ્થાનનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું. જેમાં આ સંસ્થાન માત્ર કડવા પાટીદાર કોમની માલિકીનું હોવાનું સ્વીકારવામાં આવ્યું.

ઈ.સ. ૧૯૫૨માં આ સંસ્થાનની ટ્રસ્ટ એક્ટ અન્વયે નોંધણી કરવામાં આવી. આ સંસ્થાન માત્ર કડવા પાટીદારોના ઘરઘરના ફંડ-ફાળાથી બનાવવામાં આવેલ હોવાથી આ સંસ્થાન સમગ્ર કડવા પાટીદારોની માલિકીની એકમાત્ર પોતિકી મજિયારી મિલકત છે. જેથી ટ્રસ્ટને કડવા પાટીદારોની માલિકીનું સ્વીકારવામાં આવ્યું. જેનો ટ્રસ્ટ નોંધણી નં. એ/૯૪૩ મહેસાણા છે.

બંધારણની રચના બાદ સને ૧૯૩૧થી સને ૧૯૫૬ સુધી પ્રથમ નીચેના હોદેદારો રહ્યા હતા.

પ્રમુખશ્રી	:	**શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી**	અમદાવાદ
ઉપપ્રમુખશ્રી	:	**શ્રી લાલસિંહજી રાયસિંહજી દેસાઈ**	પાટડી
મંત્રીશ્રી	:	**શ્રી નંદલાલ મંછારામ પટેલ**	અમદાવાદ

આમ આ સંસ્થાનનો વહીવટ બંધારણીય રીતે અને લોકશાહી રીતે ચાલવા લાગ્યો. તે મુજબ નીચે પ્રમાણે બાંધકામો થયાં.

સં. ૨૦૦૦	નોકરો માટે છ ઓરડીઓ ખર્ચ	રૂ. ૩,૫૦૦
સં. ૨૦૦૦	પાંચ દુકાનો ખર્ચ	રૂ. ૧૬,૫૦૦
સં. ૨૦૦૨	પાવરહાઉસના બે રૂમખર્ચ	રૂ. ૧૫,૦૦૦
સં. ૨૦૦૨	બે મજલાની ધર્મશાળા ખર્ચ	રૂ. ૨૮,૦૦૦
સં. ૨૦૧૦	બે મજલાની પાંચ રૂમની ધર્મશાળા ખર્ચ	રૂ. ૩૯૨૦૦

જેમાં શેઠશ્રી અરવિંદભાઈ એન. મફતલાલ મુંબઈ તરફથી રૂ. ૨૫,૦૦૦ મળેલા. તે ઉપરાંત રૂ. ૪૦,૩૦૦ના ખર્ચે એક બંગલો બન્યો. વળી બીજા બે રૂમ - પૂજારી અને કારભારી માટે રૂ. ૧૪,૨૦૦ના ખર્ચે બનાવવામાં આવ્યા.

સં. ૨૦૧૧માં	ધર્મશાળાના રૂમ-૬ ખર્ચ	રૂ.	૪૩,૧૪૪
સને. ૧૯૬૦-'૬૧માં	ધર્મશાળાના રૂમ-૫ ખર્ચ	રૂ.	૨૫,૪૧૧
સને. ૧૯૬૨-'૬૩માં	માતાજીનું ભવ્ય ટાવર ખર્ચ	રૂ.	૩૬,૨૩૩
સને ૧૯૭૧-'૭૨માં	કમિટી હોલ ખર્ચ	રૂ.	૩૬,૮૧૮
	બે માળની ઈમારત ખર્ચ	રૂ.	૧,૩૮,૪૮૮
	મંદિરની દીવાલો, પગથિયાં પર આરસ જડવામાં આવ્યો ખર્ચ	રૂ.	૧,૩૮,૦૨૭
	નવું શિવાલય ખર્ચ	રૂ.	૩૫,૧૧૩

૪

શ્રી ઉમિયા માતાજીની પૂજા અને અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓ

જગતજનની મા ઉમિયા એ સ્વયં પાર્વતી જ છે. તે જગતજનની મા છે, અન્નપૂર્ણા છે તેના પરની શ્રદ્ધા અને ભક્તિથી સુખસમૃદ્ધિ અને આબાદી મળે છે. અગણિત યાત્રાળુઓની આસ્થા ફળી છે અને લોકો લાખોની સંખ્યામાં માનાં દર્શન કરી ધન્ય બને છે. મા સર્વને મનવાંચ્છિત ફળ આપે છે. ખાસ કરીને યાત્રીઓ પૂનમ-એકાદશી કે ઉત્સવો સમયે માનાં દર્શને વિશેષ આવે છે. આ સમયે મંદિર યાત્રીઓથી ઊભરાય છે. વેકેશનમાં વિદ્યાર્થીઓ અને પર્યટકોની ખાસ બસોથી માનો ચાચરચોક ભરેલો રહે છે.

(અ) માતાજીની પૂજા

મા ઉમિયાના મંદિરે દરરોજ ચાર વખત આરતી થાય છે.

(૧) સવારે	- મંગળા આરતી કે શણગાર આરતી	સવારે	૬-૩૦ વાગ્યે
(૨) બપોરે	- રાજભોગ અને આરતી	બપોરે	૧૨-૦૦ વાગ્યે
(૩) સાંજના	- સંધ્યા આરતી	સાંજે	૭-૧૫ વાગ્યે
(૪) શયન	- શયન આરતી	રાત્રે	૯-૩૦ વાગ્યે

દિવસની શરૂઆતથી મા ઉમિયાને સવારે પ્રક્ષાલ કરી, શણગાર કરવામાં આવે છે. તે બાદ શાસ્ત્રોક્ત રીતે ષોડષોપચાર પૂજા કરવામાં આવે છે અને પછી મંગળાઆરતીની શરૂઆત થાય છે. સવારની મંગળાઆરતીમાં અનેક યાત્રીઓ અને અનેક ગ્રામજનો આવે છે અને માની આરતીનો ભક્તિભાવથી લાભ લે છે. આરતી પૂરી થયેથી માતાજીને મહાપ્રસાદનો ભોગ ધરાવવામાં આવે છે. સવારે આરતી બાદ દરેક દર્શનાર્થીને મહાપ્રસાદ વહેંચવામાં આવે છે.

બપોરે બાર વાગ્યે માતાજીને રાજભોગ ધરાવવામાં આવે છે અને તે સમયે રાજભોગઆરતી થાય છે.

સાંજના ૭-૧૫ વાગ્યે માતાજીની સંધ્યાઆરતી થાય છે. શિયાળાના સમયે દિવસ ટૂંકો હોવાથી આરતીનો સમય ૬-૩૦ વાગ્યે રાખવામાં આવે છે. આ સમયે પણ મોટા પ્રમાણમાં દર્શનાર્થીઓ આરતીનો લાભ લે છે.

રાતના ૯-૩૦ વાગ્યે માતાજીની શયનઆરતી થાય છે. તે બાદ માતાજીનું મંદિર બંધ કરવામાં આવે છે.

આ રીતે દરરોજ માતાજીની ચાર સમયે આરતી-પૂજા થાય છે.

(બ) માતાજીમાં ઊજવાતા ઉત્સવો :

ઉત્સવો દરમિયાન માતાજીને વિશેષ શણગારવામાં આવે છે. ફૂલોની આંગી પણ કરવામાં આવે છે. ખાસ કરીને બેસતું વર્ષ, અન્નકૂટ, વસંતપંચમી, વૈશાખી પૂનમ અને નવરાત્રીના ઉત્સવો માતાજીમાં ઊજવાય છે. આ દિવસોએ માતાજીને વિશેષ શણગારવામાં આવે છે.

બેસતું વર્ષ : દિવાળી બાદ કારતક સુદ-૧ને વહેલી સવારથી નગરજનો માતાજીનાં દર્શને ઊમટે છે. આ નવા વર્ષના દિવસે શ્રદ્ધાળુઓ માતાજીનાં દર્શન સૌપ્રથમ કરી નવા વર્ષની શરૂઆત કરે છે. દર્શનાર્થીઓ માતાજીને યથાશક્તિ ભેટ-દાન કરે છે. શ્રીફળ-પ્રસાદ ધરાવે છે. સવારથી જ દૂર-દૂરથી યાત્રાળુઓ માનાં દર્શને ઊમટે છે, દર્શન કરી ધન્ય બને છે. માતાજીમાં ખૂબ જ ભીડ થાય છે. દર્શન માટે ખાસ લાઇનોની વ્યવસ્થા કરવામાં આવે છે. મંદિરમાં ઢળતા સ્ટેજની વ્યવસ્થા કરાય છે. ભાઈઓ અને બહેનોની જુદી-જુદી લાઇનો હોય છે. શ્રી ઉમા માઈ મંડળ, આખા ગામમાંથી માઇમંડળો અને અન્ય સંસ્થાઓના સ્વયંસેવકો સ્વેચ્છાએ વ્યવસ્થા જાળવવા મદદરૂપ થાય છે. દાન-ભેટની પાવતીઓ આપવા માટે અહીંની બેંકના કર્મચારીઓ સેવા આપે છે. માતાજીનો સ્ટાફ અને વ્યવસ્થાપક કમિટીના સભ્યો ખડેપગે રહી વ્યવસ્થા જાળવે છે. આખો દિવસ યાત્રીઓનો અવિરત પ્રવાહ ચાલુ રહે છે. જો કે નવા વર્ષમાં લાભપાંચમ સુધી યાત્રીઓનો પ્રવાહ ચાલુ રહે છે.

અન્નકૂટ : માતાજીમાં ૧૯૭૬માં ઊજવાયેલ '૧૮મી શતાબ્દી મહોત્સવ'ની યાદગીરીમાં દર માગશર સુદ-૮ના રોજ અન્નકૂટનો ઉત્સવ ઊજવવામાં આવે છે. આ દિવસે માતાજીને છપ્પનભોગ ધરાવવામાં આવે



માતાજીને ધરાવેલ અન્નકૂટ





વૈશાખી પૂનમની શોભાયાત્રા

છે. છપ્પનભોગ માટે શ્રદ્ધાળુઓ સ્વેચ્છાએ પોતાનો ફાળો નોંધાવે છે, જેમને પછીથી છપ્પનભોગનો પ્રસાદ આપવામાં આવે છે.

વસંતપંચમી : વસંતપંચમી એટલે કે મહાસુદ-પના દિવસે માતાજીનો પાટોત્સવ ઊજવવામાં આવે છે. આ દિવસે માતાજીનો મેળો ભરાય છે. દૂર- દૂરથી અનેક યાત્રીઓ માના દર્શને આવે છે. આ દિવસે પણ દર્શનાર્થીઓની ભીડ આખો દિવસ રહે છે. માતાજીમાં હૈયે-હૈયું ભીડાય તેવી ભીડથી ઊભા રહેવાની પણ જગ્યા રહેતી નથી. દર્શન માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવે છે. આ દિવસને 'પરગણા પાંચમ' પણ કહેવામાં આવે છે.

વસંતપંચમીએ વસંતના આગમનની શરૂઆત હોય છે. આથી આ દિવસે મહા સુદ-પથી માતાજીને સફેદ સાડી પહેરાવવામાં આવે છે. આ સફેદ સાડીની બોર્ડરને કેસૂડાનાં ફૂલના રંગથી રંગવામાં આવે છે. તે સાડી મહા સુદ-પથી ફાગણ વદ-પ (રંગપંચમી) સુધી માતાજીને પહેરાવવામાં આવે છે, જેને 'વસનિયું' કહેવામાં આવે છે.

વસંતપંચમીનો દિવસ કડવા પાટીદારો માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. તે દિવસે શુભકામ કરવાનું વણજોયું મુહૂર્ત ગણવામાં આવે છે. તે દિવસે કડવા પાટીદાર ખેડૂત બળદના કાંધે ધૂંસરી મૂકતો નથી અને 'અણુજો' (કામકાજ બંધ રાખવું તે) પાળે છે. આ દિવસે કડવા પાટીદારના ઘરે લાડુનું જમણ બનાવવામાં આવે છે.

વૈશાખી પૂર્ણિમા : આ દિવસે ઊંઝાની તમામ સંસ્થાઓ રજા પાડે છે. આ દિવસ માતાજીનો પ્રાગટ્ય દિવસ હોવાથી વિશેષ મહત્ત્વનો હોય છે. આ દિવસે માતાજીની ઊંઝા નગરમાં શોભાયાત્રા નીકળે છે. આખું ઊંઝા નગર આબાલ-વૃદ્ધ સૌ શોભાયાત્રામાં ભાગ લે છે. સવારે માતાજી સંસ્થાન તરફથી હવન થાય છે. સાથે સાથે શોભાયાત્રા પણ નીકળે છે. શોભાયાત્રામાં ભાગ લેવા અઠવાડિયા પહેલાં ઉછામણીઓ થાય છે. લોકો ઉછામણીઓમાં પણ હોંશે હોંશે ભાગ લઈ માતાજીની શોભાયાત્રામાં વિશેષસ્થાન પસંદ કરે છે. આ શોભાયાત્રામાં માતાજી ચાંદીના રથમાં બિરાજી

નગરયાત્રા કરવા નીકળે છે. ભાવિકભક્તો રથને ખેંચી દોરે છે અને આખા નગરમાં ફેરવે છે. આજુબાજુથી ભજનમંડળીઓ, હાથી, ઘોડા, સ્કૂટરસવારો, ધાર્મિક પ્રસંગો રજૂ કરતાં ટેબ્લો (ઝાંખીઓ), વેશભૂષાઓથી સજ્જ ભક્તો, માથે કળશ અને જ્વારા મૂકી ચાલતી કુમારિકાઓ સર્વે શોભાયાત્રાનું વિશેષ આકર્ષણ હોય છે. નગરમાં સૌ લતાઓ સ્વચ્છ અને સુઘડ કરવામાં આવે છે અને સફાઈ હરીફાઈઓ થાય છે. જુદાં જુદાં બેનરોથી લતે-લતે માનું સ્વાગત થાય છે. ફૂલોની વર્ષા થાય છે. ગરમીમાં પાણીના ફુવારા છાંટવામાં આવે છે. ઠેર-ઠેર પાણી, છાશ, શરબતની પરબો મંડાય છે. નગરની અનેક સંસ્થાઓ સ્વેચ્છાએ પોતે ગમે તે સેવા કરવાનું નક્કી કરી માની શોભાયાત્રામાં વધારો કરે છે. શોભાયાત્રાની ઝલક જોવા ગ્રામજનો ઊમટે છે. શોભાયાત્રા અડધાથી એક કિલોમીટર લાંબી હોય છે અને લગભગ સાત કિલોમીટર નગરમાં યાત્રા કરે છે. આ યાત્રા નગર માટે વિશેષ આકર્ષણરૂપ બને છે. પ્રસાદ પણ સ્વૈચ્છિક રીતે સંસ્થાઓ વહેંચે છે. માની સવારી જે-જે સ્થળે જાય ત્યાં-ત્યાં લતે-લતે મંદિરોએ સેવાભાવી સંસ્થાઓ દ્વારા માનું ભવ્ય સ્વાગત થાય છે અને બપોરે લગભગ **૧૨થી ૧ વાગ્યે આ યાત્રા નગર પરિભ્રમણ કરી સ્વસ્થાને પરત થાય છે.** આમ આ આખો દિવસ ઊંઝા નગરમાં ઉલ્લાસ અને ઉમંગનું વાતાવરણ હોય છે.

આ દિવસે માતાજી નગરયાત્રાએ નીકળે ત્યારે અને સ્વસ્થાને પરત થાય ત્યારે ઉછામણીમાં ભાગ લઈ જે ભાવિકે માને નગર પ્રસ્થાન કરાવવાનો અને સ્વસ્થાને બેસાડવાનો ચડાવો લીધો હોય, તેમને આરતીનો લાભ આપવામાં આવે છે.

નવરાત્રી મહોત્સવ : આસો સુદ-૧થી આસો સુદ-૯ સુધીના દિવસો શક્તિના દિવસો કહેવાય છે. આ દિવસોને નવરાત્રી પણ કહેવાય છે. આ દિવસોમાં શક્તિને રમવાના દિવસો મનાય છે. આ પવિત્ર દિવસોમાં લોકો ઉપવાસ, અનુષ્ઠાન અને હોમહવન વિધિ-વિધાન કરે છે. મા ઉમિયાનાં સ્થાનમાં પણ શ્રી ઉમામાઈ મંડળ અને અન્ય મંડળો દ્વારા નવરાત્રી ઉત્સવ અનેરો ઊજવાય છે. નવરાત્રી એકમના દિવસથી માતાજીમાં ઘટ સ્થાપન કરવામાં આવે છે અને તેની નવે દિવસ ષોડ્ષોપચાર પૂજા કરવામાં આવે

છે. આ દિવસોમાં રાત્રે નવે દિવસ ગરબાનાં આયોજન થાય છે. દરરોજ જુદી-જુદી મંડળીઓ ગરબા ગાવા આવે છે. ઊંઝા નગરની બાળાઓ અને બહેનો માના ચાચરચોકમાં ગરબે ઘૂમવા આવે છે. રાત્રે બાર-એક વાગ્યા સુધી ગરબાઓની રમઝટ જામે છે. નગરના તેમજ બહારના લોકો દર્શનનો લાભ લેવા આવે છે. રાત્રે ભવ્ય રોશનીનું આયોજન થાય છે.

નવરાત્રીના નવેય દિવસ માતાજીના પૂજારી ઉપવાસ કરે છે અને ઘટ-કુંભ સ્થાપનની જગ્યાએ રોજ ચંડીપાઠ કરવામાં આવે છે.

આસો-સુદ ૧૫ને શરદ પૂર્ણિમાના દિવસે રાત્રે માતાજીની શયન આરતી વખતે માને દૂધ-પૌંઆનો ભોગ ધરાવવામાં આવે છે.

નવરાત્રીના નોમના દિવસે સવારે ૧૦-૦૦થી ૧૧-૦૦ વાગ્યે માતાજીમાં પલ્લી ભરાય છે. જેમાં ભાતભાતની રસોઈ તૈયાર થાય છે. આ પલ્લીમાં બાકળા તૈયાર કરવામાં આવે છે. આ રસોઈનો માતાજીને થાળ ધરાવવામાં આવે છે અને તેનો પ્રસાદ વહેંચવામાં આવે છે. આસો સુદ-૮ના દિવસે માતાજીનો નવચંડીયજ્ઞ કરવામાં આવે છે. તેના યજમાન તરીકે ઉછામણીમાં ભાગ લેનારને લાભ આપવામાં આવે છે.

આમ માતાજી સ્થાનમાં દરવર્ષે આ ઉત્સવો પ્રસંગે માતાજીમાં વિશેષ શણગાર કરવામાં આવે છે. ફૂલોની આંગી પણ કરવામાં આવે છે અને તે દિવસોએ માતાજીની ષોડ્ષોપચાર પૂજા કરવામાં આવે છે.

આ સિવાય દર ધનતેરસના દિવસે એક જ દિવસ માટે માતાજી માત્ર કમળ પર બિરાજમાન થાય છે. તે દિવસે મા લક્ષ્મીસ્વરૂપે ભક્તોને દર્શન આપે છે.

દર કાળીચૌદસના દિવસે માતાજીના કેશ છૂટા રાખવામાં આવે છે અને આ દિવસે મા સિંહના વાહન પર બિરાજમાન થાય છે. આ દિવસે મા કાલીસ્વરૂપે દર્શન આપે છે. કાળીચૌદસની રાત્રીએ ભક્તો માટે ભજન કરવા, તાંત્રિકોને તંત્રની સાધના કરવા, સાધકોને સાધના કરવાનો સમય હોય છે. આથી આ દિવસે માની રાતની શયનઆરતી કરવામાં આવતી

નથી. આ સિવાય પણ વર્ષમાં જે-જે દિવસોએ રાત્રીએ પૂજાનું મહત્ત્વ હોય ત્યારે - જેમ કે જન્માષ્ટમીની રાત્રે કૃષ્ણનો જન્મોત્સવ હોય, આસો સુદ-૮ના રોજ પણ રાત્રે નગરમાં ગરબા અને ભજનો હોય અને મહાશિવરાત્રીએ ભોળાનાથ સદાશિવની આરાધના હોય, એટલે આ ત્રણે દિવસોએ પણ માતાજીની શયનઆરતી થતી નથી.

દર પૂનમે કે મોટા ઉત્સવો વખતે માતાજીને નંદીની જ સવારી હોય છે.

દરરોજ દૈનિક શણગારમાં માતાજીને ષડ્ભુજા હોય છે અને તહેવારે કે પૂર્ણિમાએ માતાજીની અષ્ટભુજા હોય છે.

(ક) માતાજીની સાત દિવસની સવારીઓ :

જગતજનની મા ઉમિયા માતાજી

દેવોના દેવ મહાદેવનાં અર્ધાંગિની એટલે જગતજનની મા ઉમા પાર્વતી! મા ઉમિયાએ મહાદેવજીને મેળવવા માટે ખૂબ કઠિન તપશ્ચર્યા કરી. મહાદેવજી તો વિરાગી અને સ્મશાનવાસી, તેમને લગ્ન કે ગૃહસ્થાશ્રમ જેવી કોઈ સ્થિતિનો ખ્યાલ જ નહિ. છતાં દેવોએ જગત્ હિતાય, જગત્ સુખાય તેમને લગ્ન કરવા આજીજી કરી. ભોળાનાથ તો ઘડીકમાં ભોળવાઈ જાય. લગ્ન માટે સંમત થયા. મા ઉમાની જન્મોની આરાધના ફળી. મહાદેવજી પ્રસન્ન થયા અને તેમને પોતાનાં અર્ધાંગિની તરીકે સ્વીકાર્યાં.

આમ તો બ્રહ્મા સર્જન કરે છે, વિષ્ણુ પાલન-પોષણ કરે છે અને સદાશિવ શંકર નવસર્જન માટે જ્યારે જ્યારે રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે ત્યારે ત્યારે પૃથ્વી પર વિસર્જન સર્જાય છે. શંકર ભગવાનનું તાંડવ પૃથ્વીને ખળભળાવી મૂકે છે. તેમનું ત્રીજું નેત્ર કામ જેવા કામને પણ ભસ્મીભૂત કરી નાખે છે. આવા વિકરાળ અને ક્રોધિત સ્વરૂપને શાંત ન કરવામાં આવે તો પૃથ્વીનો વિનાશ થાય. મહાદેવજીના આ ભયંકર ક્રોધને માત્ર મા ઉમા-પાર્વતી જ શાંત કરી શકે! તે ક્રોધની પ્રજ્વલિત ધારાને પોતાના 'લાસ્ય' સ્વરૂપથી મા ઉમા શાંત કરી પૃથ્વીને વિનાશથી બચાવે છે. મા ઉમા શાંતિ અને સહનશીલતાની સૌમ્યમૂર્તિ છે. આ માનું જગતજનની સ્વરૂપ

છે. શક્તિ સંપ્રદાયમાં લોકો જગતજનની મા ઉમા-પાર્વતીની કલ્યાણકારી અન્નપૂર્ણા સ્વરૂપે પૂજા કરે છે અને લોકો રિદ્ધિ-સિદ્ધિ મેળવે છે. આપણે પણ મા ઉમિયાની પૂજા કરતા આવ્યા છીએ.

અહીં શ્રી ઉમિયા માતાજીમાં દરરોજ શાસ્ત્રોક્ત રીતે બ્રાહ્મ મુહૂર્તમાં શ્રી સુક્ત પાઠથી અભિષેક કરવામાં આવે છે. તેમની ષોડ્ષોપચાર પૂજા કરવામાં આવે છે. તે બાદ મંગળાઆરતી થાય છે. સવારે બાળભોગ ધરાવાય છે. બપોરે રાજભોગ અને આરતી થાય છે. સાંજે સંધ્યાઆરતી અને નૈવેદ્ય ધરાવાય છે. છેલ્લે ૯-૩૦ વાગ્યે શયનઆરતી બાદ મુખ્ય દ્વાર બંધ થાય છે. આ રીતે પૂજાનો ક્રમ છે.

મા ઉમિયાની સવારી દરરોજ જુદાં જુદાં વાહનોની રહે છે, જે નીચે મુજબ છે.

સોમવારે	—	નંદીની સવારી
મંગળવારે	—	મયૂર પર સવારી
બુધવારે	—	સિંહની સવારી
ગુરુવારે	—	ગજરાજની સવારી
શુક્રવારે	—	કૂકડાની સવારી
શનિવારે	—	ઐરાવત હાથી પર સવારી
રવિવારે	—	વાઘની સવારી

આ રીતે મા સોમવારે પાર્વતી, મંગળવારે સરસ્વતી, બુધવારે ચંડી, ગુરુવારે લક્ષ્મીજી, શુક્રવારે બાલા ત્રિપુરા સુંદરી શ્રી બહુચરાજી, શનિવારે શ્રી વૈભવલક્ષ્મી - ઐન્દ્રી અને રવિવારે શ્રી અંબિકા. આમ જુદાં જુદાં સ્વરૂપે મા ઉમિયાનો શણગાર અને પૂજા કરવામાં આવે છે.

આમ મા ઉમિયાની પૂજા-ભક્તિથી લોકો પોતાની મનોકામનાઓ પૂર્ણ કરે છે.

ઉત્સવો સમયે માતાજીને અલગ શણગાર કરવામાં આવે છે. વિશેષરૂપે ફૂલોની આંગી-સજાવટથી માનું ગર્ભગૃહ શોભી ઊઠે છે.

માતાજીના મંદિરની નીચે ભોંયરું છે અને તેમાં જમણી સૂંઢના ગણપતિની સ્થાપના થયેલી છે. આ જમણી સૂંઢના ગણપતિની મૂર્તિનું તાંત્રિક માર્ગમાં વિશેષ મહત્ત્વ હોય છે. આ મૂર્તિ અલભ્ય ગણાય છે. (શરૂઆતમાં મૂકેલ ગણપતિદાદાનો આજ મૂર્તિનો ફોટો છે)

આ ભોંયરાના ગણપતિદાદાને રોજ બપોરે ગોળના લાડુનો ભોગ ધરાવવામાં આવે છે અને તેનો પ્રસાદ વહેંચવામાં આવે છે.

આ રીતે માતાજીમાં ધાર્મિક ક્રિયાકાંડનો ભરચક કાર્યક્રમ હોય છે.

(ડ) માતાજીની બાધાઓ અને બાબરી

માતાજીમાં દરવર્ષે કરવામાં આવતા કર્મકાંડ-બાધા કહો કે 'કરબટુ' કહેવાય છે. માતાજીમાં ૧૮મી શતાબ્દી મહોત્સવની યાદમાં દર માગશર સુદ-૮ના રોજ છપ્પનભોગનો અન્નકૂટ ધરાવવામાં આવે છે. આ દિવસે ભાવિકભક્તો સ્વેચ્છાએ અન્નકૂટમાં દાન-ભેટ આપી લાભ લે છે. તેમને માતાજીના અન્નકૂટનો પ્રસાદ આપવામાં આવે છે. દાન-ભેટની રકમ નક્કી કરેલી નથી.

માતાજીમાં આસો સુદ-૧થી આસો સુદ-૯ સુધી નવરાત્રીના નવેય દિવસ 'ઘટ સ્થાપન' અને 'ચંડીપાઠ' ચાલે છે. પૂજારી નવે દિવસ ઉપવાસ કરે છે. આસો સુદ-૮ના રોજ માતાજીમાં હવન થાય છે. આસો સુદ-૯ના દિવસે બપોરે ૧૦-૦૦થી ૧૧-૦૦ કલાકે 'પલ્લી' ભરવામાં આવે છે, જેમાં બાકળા સહિત રસોઈ તૈયાર કરી માને ભોગ ધરાવાય છે અને પ્રસાદ વહેંચાય છે. આ કર્મકાંડ માતાજી સંસ્થાન તરફથી કરવામાં આવે છે. દરરોજ સવારનો બાળભોગ અને બપોરનો રાજભોગ તથા સાંજનો ભોગ પૂજારીજી સંસ્થા તરફથી તૈયાર કરવામાં આવતા રસોડેથી લાવી માતાજીને ધરાવે છે. સાંજે સંધ્યાઆરતી બાદ માતાજીને સાંજનો ભોગ ધરાવાય છે અને તે સમયે આરતી થાય છે અને ભાવિકભક્તો માતાજીનું સ્તુતિગાન કરે છે. તે બાદ શયનઆરતી ૯-૩૦ વાગ્યે થાય છે.

સંધ્યાઆરતીથી પંદર મિનિટ પહેલાં સંસ્થાના રસોડેથી પૂજારીજી ધૂપ લઈ નીકળે છે. તે સમયે ધૂપની આગળ વાળંદ મશાલ લઈ ચાલે છે,



સોમવારે નંદી સવારી

ભગવાન શિવના પ્રિય ગણ પર હેત લાવી
મા ઉમિયાએ પાટીદારોને સમૃદ્ધ બનાવ્યા.



મંગળવારે મોર પર સવારી

મા ઉમિયા કહે છે, સરસ્વતી પણ હું જ છું.
જગતને જ્ઞાન-બોધ આપી સુખશાંતિ અર્પું.



બુધવારે અપૂર્વ દર્શન સિંહસવારીનાં
મા ઉમિયા કહે શક્તિની દાત્રી હું છું.



ગુરુવારે રાજવી સવારી ગજરાજની

મા ઉમયા કહે નિત્ય વ્યવહારમાં ઉદારતા

અને સૂક્ષ્મ અવલોકન ગજરાજ તણું.



શુક્રવારે કુક્કુટ સવારી મા ઉમિયાની

મા ઉમિયા કહે, જીવ માત્ર માટે સમભાવ-સમદૃષ્ટિ દયા રાખજો.




શનિવારે માની સવારી ઐરાવત પર

ભક્તોનું કલ્યાણ એ જ માની ઈચ્છા



રવિવારે વાઘની સવારી
જગતનાં મલિન તત્ત્વોને જાકારો.



માતાજીનો ગોખ

છડીદાર છડી લઈ આગળ ચાલે છે. દરજીભાઈ ભૂંગળ વગાડતાં ચાલે છે (હવે ભૂંગળ વગાડનાર કોઈ ન હોવાથી તે બંધ છે). આ ધૂપ મંદિરના દરેક દેવતાઓને આપવામાં આવે છે, તે જ પ્રમાણે આરતી પણ મંદિરના દરેક દેવતાઓની ઉતારવામાં આવે છે.

જો કે ''પલ્લી'' એ ઈન્દ્રપૂજા છે. છેક વેદકાળથી આ પલ્લીપૂજા ચાલી આવે છે. માત્ર કડવા પાટીદાર કોમ જ છેક વેદકાળથી આ પૂજા કરતી આવી છે.

શ્રી ઉમિયા માતાજીનો ગોખ કે જે માતાજીનું મૂળ સ્થાનક મનાય છે. જે મોલ્લોત ભાગના મોલ્લોતચોરા પાસે આવેલા મોટા માઢમાં આવેલ છે. ત્યાં પણ આસો સુદ-૮ના રોજ 'પલ્લી' ભરાય છે. આ પલ્લીમાં સાત ધાન્ય-બાકળા વગેરેની રસોઈ બનાવી, બાજઠ પર ગોઠવી, રાત્રે પલ્લી કાઢવામાં આવે છે અને તળાવની પાળે વાજતે-ગાજતે મૂકી અવાય છે. તે બાદ પ્રસાદ વહેંચાય છે અને પછી જ દીકરાઓની બાધાના ગરબા કાઢવામાં આવે છે.

આ સિવાય ઘણા શ્રદ્ધાળુ-ભક્તો પોતાનાં બાળકોની ચૌલક્રિયા (બાબરી) માતાજીના સ્થાનકે કરે છે. વળી, ઘણા ભક્તો પોતે માનતા તરીકે માનેલ યજ્ઞ-હવન પણ અહીં કરાવે છે.

(ચ) યજ્ઞયાગ :

માતાજી સંસ્થાનમાં દરરોજ સવારે વિદ્વાન કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા બે હવનો કરવામાં આવે છે. આ માટેની બારે માસની તિથિઓ નોંધાઈ ગઈ છે. યજ્ઞની તિથિ રૂ. ૫,૦૦૦થી નોંધાયેલી છે. ભાવિકભક્તોએ બારે માસની તિથિઓ નોંધાવી દીધી છે. નોંધાવેલી તિથિએ તેને જાણ કરવામાં આવે છે. તેઓ યજ્ઞના યજમાન તરીકે બેસી પૂજાવિધિનો લાભ લે છે અને હવન પૂરો થયેથી પ્રસાદ લે છે.

(છ) સદાવ્રત પ્રવૃત્તિ :

માતાજી સંસ્થાનમાં દરરોજ બપોરે ૧૨-૦૦ વાગ્યે સદાવ્રતમાં અભ્યાગતોને જમાડવામાં આવે છે. સદાવ્રત માટે પણ રૂ. ૧,૦૦૦માં તિથિનોંધ

થાય છે. જમનાર અભ્યાગતો સારી સંખ્યામાં આનો લાભ લે છે. દરરોજ સવારે ચકલાને ચણ પણ નાખવામાં આવે છે. આ સિવાય પણ શિવરાત્રી ગૌરીવ્રતની પૂજા, દશામાના વ્રતની ઉજવણી, સંકટ ચતુર્થીવ્રત, એકાદશી વ્રત, શીતળામાતાના વ્રતની ઉજવણી પણ અહીં બ્રાહ્મણ દ્વારા કરવામાં આવે છે.

આ સિવાય દર અષાઢ સુદ-૧૧ના રોજ માતાજીમાં ચોવીસ કલાકની અખંડ ધૂન ચાલે છે.

જેમ ભાવિકભક્તો દરવર્ષે યજ્ઞ કરે છે તેમ શ્રી મફતલાલ ગગલદાસ પટેલ પરિવાર તરફથી માતાજીમાં છેલ્લાં દસેક વર્ષથી દરરોજ બે બ્રાહ્મણો દ્વારા શતચંડીનો પાઠ થાય છે.

આ સિવાય દર ચાતુર્માસમાં કોઈ વિદ્વાન સંત-મહાત્માને નિમંત્રીને ચોમાસા દરમિયાન સાંજના બે કલાક કથા-સત્સંગ ચાલે છે, જેનો નગરજનો સારો લાભ ઉઠાવે છે.

આ ઉપરાંત માતાજીમાં સવાર, બપોર અને સાંજ ચોઘડિયાં વાગે છે.

૫

૧૮મી શતાબ્દી મહોત્સવ

મા ઉમા ઊંઝામાં પ્રગટ થયાની માન્યતા મુજબ માધાવતીના કુર્મિરાજા વ્રજપાલજી કે કૃતપાલજી લડાઈમાં હારી જતાં માળવાથી સિદ્ધપુર માતૃશ્રાદ્ધ માટે આવ્યાની વાત અને ઊંઝામાં સંવત ૨૧૨ની સાલમાં આવ્યા અને શ્રી માતાજીનું મંદિરની પ્રતિષ્ઠા કર્યાની વાતની દંતકથાને મૂળ પાયો ગણી ઉમિયા માતાજીને ૧૮મી સદી ચાલે તેમ ગણવામાં આવ્યું છે.

સામાન્ય રીતે કોઈપણ મૂર્તિની સ્થાપના થયા પછી સમયે - લગભગ એક સો વર્ષના અંકે તે જ મૂર્તિમાં નવું ચૈતન્ય પ્રગટ થાય, તે માટે શાસ્ત્રોક્ત રીતે ફરી પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવતી હોય છે. શાસ્ત્રનું પ્રમાણ આનું સમર્થન કરે છે.

આમ શ્રી ઉમિયા માતાજીની મૂર્તિ સ્થાપના બાદ ફરી પ્રાણપ્રતિષ્ઠા માટે વિચારવામાં આવ્યું. આ માટે કેટલાક શ્રી ઉમામાઈ મંડળના માઈભક્તોનાં દિલમાં શ્રી માતાજીએ પ્રેરણા કરી અને માતાજીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવવાનો વિચાર રજૂ કરવામાં આવ્યો. માતાજીના પૂજારીશ્રીને આ વાત જણાવાઈ અને તેમણે શાસ્ત્રોક્ત રીતે આવું કરવું જરૂરી છે, તેવું સમર્થન કર્યું. આ વાત માતાજીના વહીવટકર્તાઓના ધ્યાનમાં લાવવામાં આવી. માતાજીના વહીવટકર્તાઓએ આ વિચારને વધાવી લીધો. માત્ર ખર્ચની જોગવાઈનો સવાલ હતો. તે વખતે માતાજી સંસ્થાન પાસે અંદાજે રૂપિયા ત્રણેક લાખની શિલક હતી. ચર્ચાવિચારણાને અંતે શ્રી માતાજીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવવાનું ઠરાવવામાં આવ્યું. કારોબારી સભામાં વાત રજૂ કરવામાં આવી અને સર્વએ આ વાત સહર્ષ સ્વીકારી લીધી.

મહોત્સવને '૧૮મી શતાબ્દી મહોત્સવ' એવું નામ આપવામાં આવ્યું. આ અંગે ગામસભા બોલાવવામાં આવી અને મહોત્સવના આયોજનની

તૈયારીઓ ચાલુ થઈ ગઈ. તેના માટેની જુદી-જુદી કમીટિઓની રચનાઓ કરવામાં આવી. છ માસ પહેલાંથી મહોત્સવના આયોજનનું કામ ચાલુ થઈ ગયું. રોજેરોજની મિટિંગો પોતપોતાની જવાબદારીઓ અદા કરવા લાગી અને મહોત્સવનો લોકજુવાળ કલ્પના બહારની રીતે ઊભરવા લાગ્યો. મહોત્સવની ઊજવણીના મૂળમાં માતાજીની પ્રેરણા જ કામ કરતી હોય તેવું સ્પષ્ટ જણાવા લાગ્યું. લોકઉત્સાહ અને કાર્યકરોની ધગશ જોતાં સ્પષ્ટ જણાવા લાગ્યું કે, આ કામ માનવકલ્પના કરતાં દૈવીશક્તિની સહાયનું જ કામ હોય! લોકોનો અદમ્ય ઉત્સાહ, ગામની દરેક કોમની મહોત્સવની ઉજવણીની એક લાગણી જોતાં આ કામ માત્ર માતાજી જ કરતાં હોય તેમ લાગવા માંડ્યું. કડવા પાટીદારોનો દર્શનમેળો જામ્યો. પાંચથી સાત લાખ માણસો દર્શને આવવાની ગણતરી હતી તેના બદલે ૧૬થી ૧૮ લાખ માણસોએ દર્શનનો લાભ લીધો. માતાજીના દ્વાર રાત્રે ૯-૧૫ વાગ્યે બંધ કરવામાં આવતા હતા, તે દર્શનાર્થીઓના રાત-દિવસના અવિરત પ્રવાહને જોઈ માતાજીના દ્વાર ચોવીસ કલાક ખોલી નાખવામાં આવ્યા. આયોજન કર્તાઓનાં આયોજનો કલ્પના બહાર ગયાં. લોકજુવાળનો ધોધ જોતાં કોઈ આયોજન કારગત નીવડે તેમ ન લાગ્યું. આમ છતાં એક સંસ્કારી પ્રજાને શોભે તે રીતે લોકોએ સ્વયંભૂ રીતે માતાજીનાં દર્શનનો લાભ લીધો. સ્વયંસેવકોએ રાત-દિવસ જોયા વગર ભૂખે-તરસે પોતાની જગ્યાએ ચોવીસે કલાક પોતાની સેવા-શક્તિનો પરચો બતાવ્યો. ભૂખ્યા સ્વયંસેવકને પોતાની જગ્યાએ જ મોઢામાં નાસ્તા આપવાની વ્યવસ્થાઓ કરવામાં આવી. રસોઈનું કામ કલ્પનામાં ન આવે તે રીતે ટપોટપ આટોપાઈ જતું. રસોઈયાઓએ માતાજીના નામે રસોઈઓ પાર પાડી, સીધુ-સામાન ક્યાંથી આવ્યું ને કેમ તેનો ઉકેલ થયો તે પણ આપોઆપ ચાલવા લાગ્યું. પાણીની તેમજ સેનિટેશનની વ્યવસ્થાઓ પણ યથાયોગ્ય રીતે પાર પડી, વાહનવ્યવહારનું આયોજન પણ નાનું પડવા છતાં આપોઆપ પાર પડ્યું. લોકજુવાળે તો હદ કરી નાખી. લોકોએ તન-મન-ધનથી આ મહોત્સવ માણ્યો. જેમણે આ મહોત્સવ જોયો તે લોકો આજેપણ કહે છે કે, આ મહોત્સવ ''न भूतो न भविष्यति'' જેવો બની ગયો.

સૌથી મહત્ત્વની વાત તો એ બની કે મહોત્સવના આયોજન પહેલાં લગભગ અઠવાડિયાથી વરસાદ ચાલુ હતો. વરુણદેવની હાજરી એ મહોત્સવનું પ્રથમ લક્ષણ બન્યું. કાર્યકરોને ચિંતા ઊપજાવે તેવું બન્યું. વરસાદ બંધ ન થાય તો કેમ કરી આ મહોત્સવ પાર પાડવો તે મોટો યક્ષ પ્રશ્ન બન્યો. આગેવાનો આ માટે સિદ્ધપુરના તપસ્વી સંતશ્રી દેવશંકર મહારાજ કે જેઓ સરસ્વતીના કાંઠે શ્રી અરવડેશ્વર મહાદેવની જગ્યા જોડે તપશ્ચર્યા કરતા હતા. તેમની પાસે ડૂબતો માણસ તરણું શોધે તેમ આશાનું કિરણ લઈ તેમની પાસે પહોંચ્યા. તેમને પૂછ્યું કે - દાદા, અમે માતાજીના મહોત્સવનો મોટો અવસર આદર્યો છે, અને વરસાદ વરસી રહ્યો છે. અમે શું કરીએ? દાદાએ થોડા અંતર્મુખ થઈ જવાબ આપ્યો કે, ભાઈઓ! તમે કોનો અવસર આદર્યો છે? તો જેનો અવસર છે - તે સાક્ષાત આ બધું નિહાળી રહી છે. તમે ચિંતા ન કરો અને કામ તેને સોંપી ચાલુ રાખો અને સર્વના આશ્ચર્ય વચ્ચે મહોત્સવના આગલા દિવસે રાત્રે લગભગ બાર વાગ્યાથી વરસાદ બંધ. જાણે વરુણદેવ પોતાની હાજરી બતાવી રસ્તાઓ છાંટી ગયા. આગલા દિવસે પવનદેવ પણ તોફાની બનેલા. તે પણ શાંત બન્યા. અગ્નિદેવ પણ પોતાની હાજરી બતાવી ગયા. વાતાવરણ એવું તો આહ્‌લાદક બન્યું કે શિયાળો હોવા છતાં અને આટલો વરસાદ વરસ્યો હોવા છતાં ઠંડીનું નામ નહિ. મહોત્સવના પાંચ દિવસ દરમિયાન ગામમાં કોઈ ગમખ્વાર કે મૃત્યુનો બનાવ બન્યો ન હતો.

આટલો માનવ મહેરામણ ઊભરાતો હોવા છતાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી. આમ આ મહોત્સવ એ સ્વયંભૂ રીતે શ્રી માતાજીની પ્રેરણા અને સહાયથી ઊજવવામાં આવ્યો - જે ઊંઝાના ઈતિહાસમાં અવિસ્મરણીય અને અનુપમ-બેજોડ બનાવ બની ગયો. જેઓએ આ મહોત્સવ જોયો તેઓ ધન્ય બન્યા. ભવિષ્યમાં આવો મહોત્સવ ઉજવી શકાય કે કેમ - તે બાબત પણ સર્વ કલ્પના બહારની જણાવા લાગી. આ મહોત્સવ જોઈ સરકારી વ્યવસ્થાતંત્રો દંગ થઈ ગયાં. માણસની દૃષ્ટિ અને આયોજનની કલ્પના બહાર આ કામ પાર પડી ગયું. એક સ્વપ્નવત્ આપોઆપ સ્વયંભૂ રીતે આ મહોત્સવ ઊજવાયો.

મહોત્સવની તવારીખ

(૧) તા. ૧૮-૪-૧૯૭૬ શતાબ્દી મહોત્સવ ઊજવવા વિચારણા કરવાનો કારોબારીનો ઠરાવ.

(૨) તા. ૪-૭-૭૬ મહોત્સવ તા. **૨૩-૧૧-૭૬થી તા. ૨૯-૧૧-૭૬** દરમિયાન ઊજવવાનું નક્કી કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. અને '૧૮મી શતાબ્દી મહોત્સવ' એવું નામાભિધાન કરવામાં આવ્યું.

(૩) તા. ૨૦-૮-૭૬ની કારોબારી સભામાં તા. ૨૪-૮-૭૬ના દિવસે ઊંઝા માર્કેટયાર્ડમાં આ અંગે ગામસભા બોલાવવાનું ઠરાવવામાં આવ્યું.

(૪) તા. ૩૦-૮-૭૬ના રોજ ગામના નાગરિકોની સભા બોલાવી મહોત્સવ ઊજવવાનું ઠરાવવામાં આવ્યું. જેમાં માતાજીની કારોબારી સભાના સભ્યો ઉપરાંત બીજા ૧૦૫ સભ્યોની '૧૮મી શતાબ્દી મહોત્સવ' કમિટી બનાવવામાં આવી. જેમાં ફંડ ફાળો એકઠો કરવાની, હિસાબ રાખવાની કામગીરી નક્કી કરવામાં આવી.

નીચે મુજબની ચેરમેનો સાથેની પેટા કમિટીઓ કરવામાં આવી

૧.	મહોત્સવ કમિટી	- સ્વ. શ્રી ગોબરદાસ શંભુદાસ પટેલ
૨.	સ્વાગત સમિતિ	- શ્રી કેશવલાલ વિ. પટેલ
૩.	નાણાં સમિતિ	- શ્રી લક્ષ્મીકાંત ભગુભાઈ
૪.	પ્રચાર અને પ્રકાશન કમિટી	- શ્રી મણિલાલ ઈ. પટેલ (મમ્મી)
૫.	યજ્ઞ સેવાસમિતિ	- શ્રી ઈશ્વરલાલ શંકરલાલ પટેલ
૬.	સરભરા અને ભોજન સમિતિ	- શ્રી શંકરલાલ માનચંદદાસ પટેલ
૭.	મંડપ અને ઉતારા સમિતિ	- સ્વ. શ્રી શંકરલાલ બાલચંદદાસ પટેલ
૮.	આરોગ્ય, પાણી ને દીવાબત્તી કમિટી	- શ્રી જીવરામ છબીલદાસ પટેલ
૯.	સલામતી અને વ્યવસ્થા કમિટી	- સ્વ. શ્રી ચતુરભાઈ ઈશ્વરલાલ પટેલ
૧૦.	વાહનવ્યવહાર કમિટી	- સ્વ. શ્રી ઈશ્વરલાલ ડી. પટેલ
૧૧.	પ્રસાદ કમિટી	- સ્વ. શ્રી ભોગીલાલ કેવળદાસ પટેલ
૧૨.	સ્વયંસેવક કમિટી	- શ્રી અંબાલાલ ના. ચારી

આ રીતે શ્રી માતાજીના મહોત્સવનું આયોજન ગોઠવાયું. યજ્ઞની શરૂઆત તા. ૨૫-૧૧-૭૬ને સંવત ૨૦૩૩ના માગશર સુદ-૪ના રોજ શુભ મુહુર્તે સ્વ. શ્રી બાલચંદદાસ ઉમેદરામ પટેલના હસ્તે ધ્વજારોપણ વિધિ થયો. યજ્ઞના મુખ્ય આચાર્ય નડિયાદના વિદ્વાન પંડિત શ્રી સુખદેવજી અગ્નિહોત્રી હતા. યજ્ઞના મુખ્ય યજમાન સ્વ. પટેલ સોમાભાઈ શંકરદાસ મોલ્લોત હતા. જેમણે પ્રથમ પાટલાનો ચડાવો રૂ. ૪૫૦૦૦/-માં લીધો હતો. યજ્ઞની પૂર્ણાહુતિ તા. ૨૯-૧૧-૭૬ના રોજ સંપન્ન થઈ.

મહોત્સવ પછી...

ઊંઝા ગામમાં માતાજીના ૧૮મી શતાબ્દી મહોત્સવ દરમિયાન છ માસથી એક એવો થનગનાટ, ઉત્સાહ, ઉમંગ ને કર્મઠતાનો માહોલ જામ્યો હતો કે ગામનો દરેક નાગરિક 'મા' અને 'મહોત્સવ'મય બની ગયો હતો. મહોત્સવ દરમિયાન દરેક કોમનો દરેક નાગરિક જાણે પોતાના જ ઘરનો પ્રસંગ હોય તે રીતે સોંપવામાં આવેલી તેમજ સ્વયંભૂ રીતે સૂઝે તે કામગીરીમય બની રાત-દિવસ મચી પડેલ હતો. ઊંઝાની જાહેર સંસ્થાઓનાં મકાનો, ગંજબજારની દુકાનો ઉતારા માટે ખુલ્લી મૂકવામાં આવી હતી.

છેવટે માના મહોત્સવના પાંચ દિવસોનો અનેરો સમય કેમ પસાર થઈ ગયો તે જ ખ્યાલ ન રહ્યો. ઊંઝાની તસુએ તસુ જમીન યાત્રીઓના પગરજથી ધન્ય બની. મહોત્સવના દિવસો દરમિયાન ગુજરાતના ખૂણે-ખૂણેથી લોકો માનાં દર્શને ઊમટી પડ્યા હતા. કોઈને ક્યાંય કંઈ તકલીફ થયાની કોઈને જાણમાં નથી. ઊંઝાના કાર્યકરોની મુક્તકંઠે પ્રશંસા થવા લાગી. મહોત્સવ દરમિયાનની અજોડ કાર્યશક્તિ એ માત્ર માતાજીના હજારો હાથોએ પ્રગટેલી શક્તિનો ધોધ જણાતો હતો. ઊંઝાની તમામ સંસ્થાઓએ દિલ દઈને પૂરી કાર્યદક્ષતાથી કામ કર્યું અને અવસર દીપી ઊઠ્યો હતો. દરેક સરકારી એજન્સીઓએ પણ મહોત્સવને પૂરો સાથ અને સહકાર આપ્યો હતો. રેલવે, એસ.ટી., સરકારી કચેરીઓ, પોલીસખાતું, આરોગ્યખાતું તેમજ ખાસ કરીને પત્રકારો અને માહિતી અને પ્રસારણખાતાએ પણ આ મહોત્સવને ખુલ્લા દિલે આવકારી સફળ બનાવ્યો હતો.

આ રીતે માતાજીનો મહોત્સવ અલૌકિક અને ભવ્ય રીતે સંપન્ન થયો હતો. માતાજીના મહોત્સવમાં વપરાયેલ દરેક સાધનસામગ્રી પણ લોકો પ્રસાદ તરીકે ખર્ચેલ નાણાથીયે વધુ રકમ આપીને મહોત્સવની યાદગીરીરૂપે મેળવી રાખી. અરે, છેવટે યાત્રીઓનાં જૂતાં પણ માતાજીને લગભગ બે કે અઢી હજાર રૂપિયાની ભેટ આપી ગયાં.

ખરી વાત તો ઊંઝાના નાગરિકોનાં દિલમાં આનંદના અતિરેક બાદ અનુભવાતી ખુશીની ખટક જણાવા લાગી. છેલ્લા એક માસથી જે રંગે નાગરિકો રંગાયા હતા - જે ખુશીને ઉમંગથી પગ ઉપડતો હતો - તે મહોત્સવ બાદ અસહ્ય લાગવા માંડ્યું. જેમ બાપ દીકરીનાં લગ્નપ્રસંગને ઊજવે ને દીકરીને સાસરે વળાવ્યા બાદ જે અનુભવ કરે, તેવું જ લગભગ ઊંઝામાં વાતાવરણ ઊભું થઈ ગયું હતું. દરેકને જાણે રોજની જેમ માતાજી તરફ પગ જતા હતા. ત્યાં આવી નિષ્ક્રિયતા અનુભવી ખુશીના નિસાસા થવા લાગ્યા. સંસ્મરણો યાદ આવવા લાગ્યાં. 'હવે શું?'નો પ્રશ્ન થવા લાગ્યો. આ ભાવ વર્ણવી શકાય તેમ નથી.

આ રીતે મહોત્સવ સંપન્ન થયા બાદ સર્વ કામગીરી આટોપાવા લાગી. લોકો ધીરેધીરે પોતાની કામગીરીમાં વ્યસ્ત થવા લાગ્યા. છેલ્લા છ માસથી ખેડૂતોએ ખેતીકામ છોડેલું, કારીગરોએ પોતાનાં કામ છોડેલાં અને વેપારીઓએ પોતાના વેપાર છોડેલા. તે સર્વે પોતપોતાનાં કામ સંભાળવા લાગ્યા.

શ્રી માતાજીના મહોત્સવમાં ધારણા બહારની સફળતા મળી. લગભગ ૧૬થી ૧૮ લાખ દર્શનાર્થીઓએ લાભ લીધો. દરેકના દિલમાં એક જ વાત જણાઈ આવી કે આ મહોત્સવ માનવશક્તિના આયોજનનું કામ ન હતું પણ સાક્ષાત્ જગતમાતા મા ઉમિયાજીની દૈવીશક્તિનો પરચો જ આ સફળતામાં કામ કરી રહ્યો હતો. માની ચેતના સોળે કળાએ પ્રગટી ઊઠી હતી.

સંસ્થાનના કાર્યવાહકોએ ન ધારેલી સફળતા જોઈ. ખર્ચની જોગવાઈની ચિંતા હતી - તેના સ્થાને લગભગ બાવન લાખ રૂપિયા માતાજીનાં ચરણે

માનવ મહેરામણે અર્પી દીધા હતા. આમાંથી લગભગ આઠેક લાખનો ખર્ચ બાદ જતાં લગભગ ચુંવાળીસ લાખની બચત થઈ. આર્થિક સફળતા કરતાં ખાસ તો કડવા પાટીદાર સમાજ માતાજીની ધજા નીચે એકતા અને ભાઈચારો અનુભવવા લાગ્યો - તે આ મહોત્સવની મુખ્ય ફળશ્રુતિ નોંધાઈ છે. ગુજરાત કે ભારતમાં વસતા દરેક કડવા પાટીદારને પોતાની કુળદેવી માટેની શ્રદ્ધા અને ભાવના અનેકગણી વધી ગઈ. કેટલાયે એવા કડવા પાટીદારો હતા કે જેમને પોતાની કુળદેવીનો કોઈ ખ્યાલ ન હતો. તે દરેકે પોતાની મા સાથે નાતો જોડ્યો અને ભક્તિભાવથી સમયે સમયે માના આંગણે પધારવાની લાલસા બંધાઈ. આ મહોત્સવે દરેક કડવા પાટીદાર માટે મા-દીકરાના અતૂટ બંધનનો ખ્યાલ આપ્યો. આજસુધી કપરા સંજોગોમાં માને યાદ કરનાર દરેકે વર્ષે એકવાર માનાં દર્શને અચૂક આવવાનું નક્કી કર્યું. આમ આ મહોત્સવ એ શ્રમજીવી કોમ માટે શક્તિપ્રેરક અને 'જાગૃતિનો મહાયજ્ઞ' બની ગયો.

દરેક ઊંઝાના નાગરિકે માનો ચમત્કાર અનુભવ્યો. મહોત્સવ માટે છ માસની બજાવેલી કામગીરીનું ફળ માતાજીએ એક વર્ષમાં બદલો વાળીને આપ્યું. દરેકે પોતપોતાના ધંધામાં બરકત અનુભવી. આમ માતાજીની ચેતના સર્વ પ્રકારે પ્રગટી ઊઠી.

૬

મહોત્સવ પછીનું માતાજી સંસ્થાન

આપણે જોયું કે ૧૮મી શતાબ્દી મહોત્સવ એ મહાન જાગૃતિયજ્ઞ અને કડવા પાટીદાર એકતાનો મહાયજ્ઞ બન્યો હતો. હવે માતાજી સંસ્થાનના કાર્યકર્તાઓમાં નવા નવા વિચાર ને નવી નવી પ્રવૃત્તિઓ આદરવાનો ઉત્સાહ પ્રગટ્યો. માતાજી સમાજકલ્યાણી દેવી તરીકે ઊભરવાં લાગ્યા. માતાજીના બંધારણમાં પણ ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે સામાજિક પ્રવૃત્તિઓ કરવાનો સમાવેશ કરવામાં આવ્યો.

સૌપ્રથમ યાત્રિકોની સગવડની વિચારણા હાથ ધરવામાં આવી. યાત્રિકો માટે અદ્યતન સુવિધાવાળું એક પથિકાશ્રમ અને ભોજનાલય બનાવવાનું વિચારવામાં આવ્યું અને તેનું આયોજન સને૧૯૭૭-'૭૮માં રૂ. ૪૦ લાખના ખર્ચે બનાવવામાં આવ્યું. જેનું ખાત મુહૂર્ત સંસ્થાના પ્રમુખ શેઠશ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરીના હસ્તે તા. ૧૭-પ્ર-૭૮ના રોજ કરવામાં આવ્યું. જેમાં ૩૬ રૂમો, ૩ સ્ટોરરૂમ, એક સભાહોલ અને ૫ મોટા હોલ તૈયાર કરવામાં આવ્યા. સાથે સાથે નીચેના ભાગે ભોજનાલયની પણ વ્યવસ્થા કરવામાં આવી, જેમાં ગેસ-ડીઝલના ચૂલાઓની પણ વ્યવસ્થા કરવામાં આવી. એકીસાથે ૪૦૦ માણસો રહી શકે તેવી વ્યવસ્થા થઈ. યાત્રીઓની સુવિધા માટે ઠંડાં તેમજ ગરમ પાણીની વ્યવસ્થા કરવામાં આવી. સાથે સાથે ચાંદીની જાળી, ચાંદીનો ગોલખ તેમજ ચાંદીનો કઠેડો બનાવવામાં આવ્યો. ચાંદીના દરવાજાનું પણ આયોજન કરવામાં આવ્યું. જેમાં ૩૬૮ કિલો ચાંદી વાપરવામાં આવી છે. વળી ટાવરની બાજુમાં રૂ. ૧૭ લાખના ખર્ચે ભવ્ય ઓફિસ બનાવવામાં આવી. ઓફિસના ઉપરના ભાગે યાત્રાળુઓ માટે બીજા ૧૨ રૂમો બનાવવામાં આવ્યા અને એક સભાહોલ બનાવવામાં આવ્યો. માતાજીના મંદિરની દક્ષિણ બાજુએ રૂ. ૧૮ લાખના ખર્ચે એક સત્સંગ હોલ પણ બાંધવામાં આવ્યો - જેમાં એક હજાર શ્રોતાઓ બેસી શકે તેવું આયોજન છે. સત્સંગ હોલ

માટે પટેલ તળશીદાસ જોરદાસ રૂસાત તરફથી જમીનની દેણગી મળેલી. આથી સત્સંગ હોલ પર તેમનું નામ જોડવામાં આવ્યું છે. આ ઉપરાંત યાત્રીઓ માટે માનસરોવર ઉપર એટેચ બાથની સગવડ સાથેના બીજા ૩૦ રૂમ બાંધવામાં આવ્યા છે. તેના ભોંયતળિયાના ભાગે કડવા પાટીદાર સમાજના દરેક પાસાની ઝાંખી કરાવતું એક સંગ્રહસ્થાન બનાવવામાં આવનાર છે. તે બાદ માતાજીના કાર્યવાહકોનું ચિંતન માત્ર ઊંઝા પૂરતું જ મર્યાદિત ન રહેતાં, જ્યાં જ્યાં કડવા પાટીદારોને જરૂરી જણાય ત્યાં ત્યાં તેમની સગવડો સાચવવાનું આયોજન વિચારવામાં આવ્યું છે.

(૧) શ્રી ઉમિયા પથિકાશ્રમ-અંબાજી :

સને ૧૯૭૯માં અંબાજીમાં વિશાળ જગા સાથેનો લશ્કરી શેઠનો બંગલો લગભગ સવા ત્રણ લાખમાં ખરીદવામાં આવ્યો. ત્યાં લગભગ પચીસ લાખથી પણ વધુ ખર્ચીને ૨૮ રૂમ, એક ઓફિસ તેમજ બે રસોડાં શેડ સાથે અદ્યતન ઉમા પથિકાશ્રમ બનાવવામાં આવ્યું. જે યાત્રિકો માટે આશીર્વાદરૂપ બન્યું છે. અહીં એકીસાથે ૫૦૦ યાત્રીઓ માટે સગવડ છે.

(૨) શ્રી ના. મા. પટેલ પરિવાર શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ-બેચરાજી :

લગભગ તે જ અરસામાં બેચરાજી ખાતે પણ એક અદ્યતન પથિકાશ્રમ બનાવવાની વિચારણા કરવામાં આવી. અહીં શ્રી નારાયણભાઈ માધવલાલ પટેલ પરિવાર તરફથી ૯૨૦૧ ચો.વાર જમીન પથિકાશ્રમ બનાવવા માટે ભેટ મળી. તેમાં રૂ. ૪૨ લાખના ખર્ચે પથિકાશ્રમ બનાવવામાં આવ્યું. જેની સાથે દાતાનું નામ જોડવામાં આવ્યું – **શ્રી ના. મા. પટેલ લાટીવાળા પરિવાર શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ-બેચરાજી**. અહીં ઉપર-નીચે એમ ૧૬+૧૬ મળી કુલ ૩૨ રૂમ બનાવી. એક સાથે ૨૦૦૦ માણસો જમે એવી ભોજનાલયની વ્યવસ્થા છે.

બેચરાજીમાં કડવા પાટીદારો ચૌલક્રિયા (બાબરી ઉતરાવવા)એ આવે છે. ખાસ કરીને ચૈત્ર માસમાં આ માટે માનવ મહેરામણ ઊભરાય છે. આ સમયે દરેકને જાતે રસોડા ને જમણવારની વ્યવસ્થા કરવાની રહેતી હતી. ખૂબ હાડમારી, કનડગત વેઠવી પડતી. અહીં દરેક કોમની ધર્મશાળાઓ

છે, માત્ર કડવા પાટીદારની જ ધર્મશાળા ન હતી. જ્યારથી આ પથિકાશ્રમની વ્યવસ્થા કરવામાં આવી ત્યારથી લોકોને મોટી રાહત થઈ છે. લોકોને રસોઈ, જમવાની તેમજ બ્રહ્મભોજનની પણ વ્યવસ્થા કરી આપવામાં આવે છે. પ્રસાદી માટે જોઈએ તે લાડુ પણ પડતર ભાવે મળી રહે છે. પોતે રસોઈ બનાવવા ઈચ્છે તો પણ એકીસાથે ૨૪ રસોડાં થઈ શકે તેવી વ્યવસ્થા છે.

આ ઉપરાંત રૂ. ૫૪ લાખના ખર્ચે ૫૪ ફૂટ × ૧૦૦ ફૂટનો એક સાંસ્કૃતિક હોલ પણ બાંધવામાં આવ્યો. તેના ઉપર એટેચ બાથ સાથેની સગવડવાળી આધુનિક ૧૧ રૂમો અને એક ઓફિસની સગવડ કરવામાં આવી છે.

ભવિષ્યની જરૂરિયાત માટે બીજી અઢી વીઘા જમીન પણ મેળવી છે.

આટલા ભવ્ય પથિકાશ્રમમાં પટેલ કમુબેન અંબાલાલ નારણદાસ સીતાપુરવાળાના રૂ. ૪,૭૫,૦૦૦/-ના દાનથી શ્રી ઉમિયા માતાજીનું પથ્થરનું મંદિર પણ બનાવવામાં આવ્યું છે.

(૩) શ્રી ઉમિયા માતાજી કેમ્પસ સોલા-અમદાવાદ

ગુજરાતનું પાટનગર અને ગુજરાતના હાર્દસમા અમદાવાદમાં તો ગુજરાતભરના કડવા પાટીદારોની આવન-જાવન હોય જ છે. અહીં ધંધાર્થે, સરકારી કામ માટે તેમજ ખાસ કરીને દર્દીઓની માવજત માટે અમદાવાદ આવવું ફરજિયાત બની જાય છે. આવા સમયે સામાન્ય માનવીને ક્યાં રહેવું તે પ્રશ્ન હોય છે. આવા ભાઈઓની મૂંઝવણ દૂર કરવાના હેતુથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાએ સોલારોડ પર શ્રી ભાગવત વિદ્યાપીઠની બાજુમાં ૨૬ વીઘા જમીન-કમ્પાઉન્ડ વોલ, બોર તથા ૨૬ રૂમોનાં બાંધકામ સાથે રૂ. ૭૫ લાખમાં ખરીદ કરી છે. આ જગ્યા સમાજ માટે આશીર્વાદરૂપ બની છે. અહીં રહેવા-ઊતરવાની વ્યવસ્થા, જમવાની વ્યવસ્થા તેમજ લગ્ન પાર્ટીઓ, સંમેલનો વગેરે પણ યોજી શકાય, તેવી પૂર્ણ સગવડ છે.

અહીંના ૨૬ રૂમો પૈકી ૧૩ રૂમ આઇ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટરને ફાળવવામાં આવી છે.

● ■ ●

આ ઉપરાંત ભવિષ્યના વિકાસને ધ્યાનમાં રાખી ઊંઝામાં સને ૧૯૭૯-'૮૦માં પાંચ અને ત્રણ વીઘા જમીન માતાજીના મંદિરની નજીકમાં ખરીદવામાં આવી.

યાત્રિકોની સગવડ માટે ૧૯૮૨માં માતાજીના ખુલ્લા કમ્પાઉન્ડમાં જોધપુરી પથ્થર જડવામાં આવ્યા. ટાવરની બાજુમાં સુવિધાપૂર્ણ ઓફિસ અને કર્મચારી આવાસનું આયોજન કરવામાં આવ્યું. યાત્રિકો માટે ચા-નાસ્તાની સગવડ, સાત્વિક ભોજન અને ઠંડાં પાણીની સગવડ પણ કરવામાં આવી. ભોજન અને ઉતારાની સગવડ યાત્રિકોને પોષાય અને સગવડ સચવાય તે રીતે કરવામાં આવી છે. યાત્રીઓ આનો લાભ સારી રીતે લે છે. દૂર-દૂરથી આવનાર યાત્રીઓ સગવડ ને સુવિધા જોઈ રાત્રીરોકાણ ઊંઝામાં જ રાખે છે.

૭

સમાજકલ્યાણી દેવી શ્રી ઉમિયા માતાજી

જેમ સમય આગળ વધે છે, તેમ સમાજમાં પણ પરિવર્તન આવતું જાય છે. આજે કડવા પાટીદાર સમાજ દરેક ક્ષેત્રોમાં આગળ વધી રહ્યો છે. માત્ર ખેતી અને પશુપાલન જ જે સમાજનો વ્યવસાય હતો. ધરતી સાથે બાથ ભીડીને જેણે માત્ર કુદરત પર જ ભરોસો રાખીને પોતાનું જીવન અને આજીવિકા નિભાવી હતી, ફાટેલ-તૂટેલ કપડાં, સાદો ખોરાક, ઈંટ-પથ્થર-માટીની નળિયા ઢાંકેલી સામાન્ય જેની રહેવાની મઢૂલી, લીંપણ, છાણ-માટીનાં ઘર, રાતદિવસ કેવળ મજૂરી કરનાર ધરતીપુત્રો - જેમની જીવનપદ્ધતિ કેવળ શ્રમકાર્ય જ રહી હતી, તેવા આ ધરતીપુત્રોએ સમયના પરિવર્તનથી આજે સમાજનું કે આર્થિક ક્ષેત્રનું એવું કોઈ ક્ષેત્ર નહીં હોય કે જ્યાં પોતાનો 'કડવા પટેલ' તરીકેનો પોતાની મહેનતનો પરચો ન બતાવ્યો હોય! દરેક ક્ષેત્રમાં આજે કડવા પાટીદાર ખેડાણ કરી રહ્યા છે.

ધરતીપુત્ર-ખેડૂત પાટીદારે પોતાના શ્રમજીવીપણાથી આગવી ભાત પાડી છે. ''કણબી પાછળ કરોડ'' કે 'પરથમીનો પોઠી'ની સમાજે આપેલી પદવીઓ પાટીદારના ખરબચડા અને મહેનતકશ જીવનની યશકલગીઓ છે. પોતે ભૂખ્યા રહી પોતાની સાથે જીવતા સમાજના દરેક વર્ગને તે પોષણ આપતો આવ્યો છે. કારણ પોતાના વારસાગત જીવન વ્યવસાય 'ખેતી' માટે સુથાર, કુંભાર, લુહાર કે સમાજની દરેક કોમનો સાથ લેવો પડે-બદલામાં તેમને જીવાડવાનું પણ તેના માથે જ રહેતું આવ્યું છે. જો ઊંડાણથી નિરીક્ષણ કરવામાં આવે તો આની પાછળ રજવાડી ક્ષત્રિયની પ્રજાપાલક વૃત્તિનો અંદાજ દેખાઈ આવે છે. પાટીદારની મૂળભૂત પ્રકૃત્તિ 'પ્રજાપાલક' તરીકેની ઝાંખી જણાઈ આવે છે. આ પાટીદાર સમાજે છેલ્લાં પચીસ જ વર્ષોમાં પોતાની કાયાપલટ કરી છે. આજે ખેડૂત મટી વ્યવસાયી બન્યો છે અને તેણે ભલભલા વ્યવસાયીઓને પોતાની શ્રમજીવી પદ્ધતિથી હંફાવ્યા છે.



પ્રથમ સમૂહલગ્ન - શ્રી ઉમિયા માતાજી મંદિર
કાયમી લગ્નોત્સવ યોજના - ૧૯૭૯

realpatidar.com

આવા સમાજના ખમીરવંતા માનવીઓ જો પોતાના જ પાછળ રહેતા ભાઈની વહારે ન આવે તો તેના વારસાગત કુળ-સંસ્કાર લાજે! પાટીદાર કોમના કોઈની પાસે લાંબો હાથ ન કરવાના લોહીના સંસ્કારને લઈને આ કોમના જરૂરતમંદ માનવીઓની સારસંભાળ લેવાની પ્રેરણા શ્રી માતાજી સંસ્થાને આપી છે. આથી જ મા સમાજકલ્યાણી દેવી બની છે. માતાજીની પ્રેરણાથી માતાજી સંસ્થાને સામાજિક ઉત્થાન માટે અને સમાજના જરૂરતમંદને આપોઆપ રક્ષણ આપી શકાય તેવાં ચિંતન સાથે સમાજ માટે કેટલીક યોજનાઓ અમલમાં મૂકી છે.

૧. કાયમી લગ્નોત્સવ યોજના :

માતાજીની કારોબારીએ સામાજિકક્ષેત્રે પણ નોંધપાત્ર પહેલ કરી છે, જે અન્ય સમાજો માટે પ્રેરણારૂપ બનેલ છે. સૌપ્રથમ 'સમૂહલગ્ન'નું આયોજન માતાજી સંસ્થાનમાં યોજવામાં આવેલું હતું. સને ૧૯૭૮-'૭૯માં એટલે કે સંવત ૨૦૩૫ના વૈશાખ સુદ-૩ને તા. ૨૯-૪-૭૯ના રોજ ૨૪ યુગલોનાં સમૂહલગ્નો યોજવામાં આવ્યાં.

સમૂહલગ્નનો વિચાર કડવા પાટીદારો માટે કોઈ નવી વાત નથી. કડવા પાટીદાર સમાજમાં ૧૯મી-૨૦મી સદીમાં (કે તે પહેલાં રાજા અવનિપતના સમયથી) 'બંધુકાવિવાહ' દર બાર વર્ષે અને દશ વર્ષે માતાજીમાંથી મુહૂર્ત નક્કી થાય તે રીતે આખા સમાજમાં યોજવામાં આવતાં હતાં. આ બંધુકાવિવાહમાં બાળલગ્નો થતાં હોઈ તે પ્રથા સમાજમાં જાગૃતિ આવી તેમ બંધ કરવામાં આવી. આ રીતે સમૂહલગ્નોનો વિચાર એ કડવા પાટીદારો માટે કોઈ નવો વિચાર નથી.

લગ્નોના વધતા જતા ખર્ચ અને સામાજિક મહત્તાના ખ્યાલ પાછળ પડેલા સમાજમાં સામાન્ય લોકોનું આર્થિક ધોવાણ અટકાવવા માતાજીએ સમૂહલગ્નો યોજવાની પહેલ કરી છે, જે પ્રથા આજેપણ ચાલુ છે. માતાજીમાં સમૂહલગ્નોનું વર્ષમાં પાંચથી સાત વાર આયોજન કરવામાં આવે છે. તે સિવાય પણ જેને માતાજીમાં લગ્ન કરવાં હોય તે માત્ર રૂ. ૩૦૦૦ બંને પક્ષો દરેક પાસેથી લઈને કરી આપવામાં આવે છે. સમૂહલગ્નમાં જોડાનાર

બંને પક્ષો દરેક પાસેથી રૂ. ૧૫૦૦ લેવામાં આવે છે. શ્રી માતાજીમાં લગ્ન કરનાર દરેક કન્યાને 'ચૂંદડી' કે 'પાનેતર' માતાજી તરફથી આપવામાં આવે છે. આ સિવાય પણ જ્યાં જ્યાં કડવા પાટીદાર સમાજનાં સમૂહલગ્નો યોજાય છે, તે .દરેક કન્યાને માતાજી તરફથી આશીર્વાદ તરીકે પાનેતર કે ચૂંદડી આપ્વામાં આવે છે. આમ દરવર્ષે લગભગ પાંચ લાખ રૂપિયાનાં પાનેતર માતાજીમાંથી આપવામાં આવે છે. આમ શ્રી ઉમિયા માતાજી સંસ્થાનમાં કાયમી લગ્નોત્સવ યોજના ચાલુ જ છે. વળી સાદાઈથી લગ્ન કરનાર માત્ર રૂ. ૫૦૦ ભરીને લગ્ન કરી શકે છે. આમ સમૂહલગ્નોની પ્રવૃત્તિ દ્વારા સમાજનું આર્થિક ધોવાણ અટકાવવામાં આવે છે અને કરોડો રૂપિયાની બચત થાય છે. તે સિવાય રૂ. ૧૦૦ની ભેટ ધરી માતાજી સમક્ષ ફૂલ-હારથી પણ લગ્ન થાય છે.

૨. વિધવા-ત્યક્તા બહેનોનાં બાળકોને વિદ્યાભ્યાસ માટે આર્થિકસહાય :

કડવા પાટીદાર સમાજની વિધવા-ત્યક્તા બહેનોનાં બાળકો આર્થિક કારણોસર ભણી શકતાં ન હોય તેમને ધો. ૧૨ કે તે ઉપર ભણતાં હોય, તેમને દર વર્ષે રૂ. ૧૦૦૦થી ૨૦૦૦ સુધીની મદદ અપાય છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૩૧૦૬ બાળકોને રૂ. ૨૩,૨૧,૩૪૯ ચૂકવવામાં આવ્યા છે.

૩. છાત્રાલયોને આર્થિક મદદ :

સમયની માગ છે કે આજે વિદ્યાર્થીને સક્ષમ બનવા માટે ભણવું આવશ્યક છે. સારા અભ્યાસક્રમો માટે ગમે ત્યાં ભણવા જવું પડે ત્યારે રહેવા - જમવાની વ્યવસ્થા ખૂબ આવશ્યક અને જરૂરી બની જાય છે. આવા વિદ્યાર્થીઓ માટે છાત્રાલયોની ખાસ જરૂર રહે છે. આથી માતાજી સંસ્થાને જ્યાં કન્યા કે કુમાર છાત્રાલયો કરવામાં આવે ત્યાં ત્યાં ખર્ચના ૨૫ ટકા અગર રૂપિયા પાંચ લાખ બંનેમાં જે ઓછું હોય તે આપવાનું ઠરાવેલ છે. શરૂમાં માત્ર કન્યા છાત્રાલયોને રૂ. ૨,૫૦,૦૦૦/- આપવામાં આવતા હતા. હવે કુમાર-કન્યા બંને પ્રકારનાં છાત્રાલયોને રૂ. ૫,૦૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુમાર

છાત્રાલયોને રૂ. ૧,૨૫,૫૦,૦૦૦ અને કન્યા છાત્રાલયોને કુલ રૂ. ૧,૯૫,૫૫,૦૦૦ની આર્થિક મદદ આપવામાં આવી છે.

૪. રોગનિદાન કેમ્પોને મદદ :

આજના મોંઘવારીના યુગમાં દાક્તરી સારવાર ગજા બહારના ખર્ચની બનતી જાય છે. ત્યારે માતાજી સંસ્થાન કોઈપણ કડવા પાટીદાર સંસ્થા રોગ નિદાન કેમ્પ યોજે તો તેને ૫૦ ટકા મદદ અગર રૂ. ૭૫૦૦ જે ઓછું હોય તે આપવામાં આવતું હતું. હવે તેમને રૂ. ૧૦,૦૦૦ આપવાનું ઠરાવેલ છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં આ યોજના અન્વયે કુલ રૂ. ૩,૪૫,૪૮૫ આપવામાં આવ્યા છે.

૫. વિધવા-ત્યક્તા બહેનોની દીકરીઓનાં લગ્ન માટે આર્થિકસહાય :

અસહાય, નિરાધાર કે ગરીબ વિધવા-ત્યક્તા બહેનો પોતાની દીકરીઓનાં લગ્ન ન કરી શકે તેમ હોય તેમને માતાજી સંસ્થાન તરફથી લગ્ન કરાવી અપાય છે. સમૂહલગ્નમાં જોડાય તો તેના ખર્ચની રકમ સંસ્થાન આપે છે.

૬. કડવા પાટીદાર સમાજના પથિકાશ્રમોને મદદ :

કડવા પાટીદાર સમાજના જ્ઞાતિભાઈઓને રહેવા-જમવાની તેમજ ઉતારાની સગવડ સચવાય તે માટે મુંબઈ, સુરત, વડોદરા, રાજકોટ, ભૂજ, ઈન્દોર, ગાંધીનગર તથા દિલ્હીમાં કડવા પાટીદાર સમાજની સગવડ માટે પથિકાશ્રમ બાંધવા માટે જે કડવા પાટીદાર સમાજ આગળ આવે, તેને ખર્ચના ૨૫ ટકા અને વધુમાં વધુ ૫ લાખની મદદ આપવામાં આવે છે. આ યોજના અન્વયે વડોદરા અને સુરતમાં દશ લાખ રૂપિયાની મદદ કરવામાં આવી છે.

૭. તેજસ્વી વિદ્યાર્થીઓને ઉમિયાચંદ્રક :

કડવા પાટીદાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓએ ધો. ૧૦, ધો. ૧૨ કે બોર્ડ લેવલની કે યુનિવર્સિટી લેવલની ફાઈનલ પરીક્ષાઓમાં સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પ્રથમ નંબર મેળવેલ હોય, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કે રમત-ગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રિય કક્ષાએ ૧થી ૩ નંબર મેળવનાર U.P.S.C.

પરીક્ષાઓમાં પાસ થનાર G.P.S.C.માં પ્રથમ નંબર મેળવનાર, કોઈ પણ ક્ષેત્રે વિશિષ્ટ લાયકાત મેળવનાર કે રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર હોય તેમને પ્રોત્સાહિત કરવા 'શ્રી ઉમિયાચંદ્રક'થી બહુમાન કરવામાં આવે છે. આઇ.એ.એસ.ની પદવી મેળવનાર કડવા પાટીદારને પણ ઉમિયાચંદ્રકથી નવાજવામાં આવે છે. આ તેજસ્વી ધન સમાજનું ગૌરવ છે. આ ચંદ્રક દર પાંચ વર્ષે આપવામાં આવે છે. તા. ૩૧-૧૨-૨૦૦૧ સુધીમાં કુલ ૨૩૭ તેજસ્વી વિદ્યાર્થીઓને ઉમિયાચંદ્રક એનાયત કરવામાં આવ્યા છે.

૮. વિશિષ્ટ પ્રતિભાવંતોને બહુમાન :

કડવા પાટીદાર સમાજની એવી કેટલીયે પ્રતિભાઓ છે કે જેમણે જુદાં-જુદાં ક્ષેત્રોમાં વિશિષ્ટ પ્રદાન કરી નામનાઓ મેળવી હોય છે. ખેતી, ઔદ્યોગિક કે અન્ય ક્ષેત્રે નોંધપાત્ર વિશિષ્ટ કામગીરી બજાવી હોય તેવી વિશિષ્ટ પ્રતિભાશાળી વ્યક્તિઓને પણ માતાજી તરફથી બહુમાન કરી સન્માનવામાં આવે છે.

૯. ગૃહિણી તાલીમ શિબિરો તથા કુમાર શિબિરો :

કડવા પાટીદાર સમાજની બહેનોને આદર્શ ગૃહિણી તરીકેની તાલીમ આપી શકાય તે માટે યોજાતી ગૃહિણી તાલીમ શિબિરોને ખર્ચના ૫૦ ટકા અગર રૂ. ૧૨,૫૦૦ અને માતાજી તરફથી વાહનની સગવડ આપવામાં આવે છે. જો વાહનની સગવડ ન લે, તો તેને રૂ. ૧૫,૦૦૦ની મદદ અપાય છે. હવે સમયનાં પરિવર્તન સાથે કુમાર શિબિરો યોજવાની પણ શરૂઆત થઈ છે. આ માટે પણ એ જ ધોરણે સહાય આપવામાં આવે છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં આ યોજનામાં રૂ. ૮,૪૫,૬૭૧ની મદદ આપવામાં આવી છે.

૧૦. કડવા પાટીદાર ઈતિહાસ કે સામાજિક સંશોધન તૈયાર કરનારને પ્રોત્સાહન સહાય :

કડવા પાટીદાર જ્ઞાતિ અત્યંત ગરીબાઈમાં જીવીને આગળ આવેલી કોમ છે. આથી કેળવણીના અભાવને લીધે આ જ્ઞાતિનો કડીબદ્ધ કોઈ ઈતિહાસ તૈયાર નથી. જો કોઈપણ વ્યક્તિ આ માટે સંશોધન કરી ઈતિહાસ તૈયાર કરે તેને આર્થિકસહાય અને પ્રોત્સાહન આપવાનું ઠરાવેલ છે. આવા



શ્રી ઉમિયા ચંદ્રક અર્પણ કરાયેલ ભાઈ-બહેનો



વિધવા-ત્યકતા બહેનોને પેન્શન

મહાનિબંધો માટે પણ પ્રોત્સાહક સહાય આપવા ઠરાવેલ છે. 'કુર્મિક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ' નામના શ્રી પુરુષોત્તમદાસ લલ્લુભાઈ પરીખના કડવા પાટીદાર સમાજના ઈતિહાસલક્ષી પુસ્તક પછી ડૉ. મંગુભાઈ પટેલ તથા ડૉ. અમૃત પટેલે પણ આ માટે ખૂબ જહેમત ઉઠાવી ઘણું સાહિત્ય તૈયાર કર્યું છે. પુસ્તકો પણ પ્રગટ થયાં છે. હજી બીજી-ત્રીજી સદીથી ઓગણીસમી સદી દરમિયાનનો કડીબંધ ઈતિહાસ તૈયાર થયો નથી જેનું સંશોધન થવું જોઈએ. તે માટે પણ માતાજી સંસ્થાન મદદ કરવા તૈયાર છે.

૧૧. વિકલાંગ સમૂહલગ્ન મેળો :

આ સમાજનાં વિકલાંગ ભાઈ-બહેનોના લગ્નમેળા યોજવામાં આવે છે અને નક્કી થનાર જોડાઓનાં લગ્ન પણ વિનામૂલ્યે કરી આપવામાં આવે છે. આવા મુરઝાયેલાં જીવનોને નવપલ્લવિત કરવાનું કામ પણ આ સંસ્થાન કરે છે.

૧૨. જરૂરતમંદ બહેનોને આર્થિકસહાય :

સમાજની ગરીબ અને આર્થિક રીતે પછાત એવી વિધવા-ત્યક્તા કે નિરાધાર બહેનોને ખાતરી કરી દરમાસે આર્થિક સહાય - પેન્શનરૂપે આપવામાં આવે છે. જે તેમના જીવનનિર્વાહમાં મદદરૂપ થાય છે. આ યોજના અન્વયે તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૨૫૬૯ બહેનોને કુલ રૂ. ૨,૭૧,૯૦,૩૭૮ની સહાય આપવામાં આવી છે.

૧૩. અપંગતા કે અસાધ્ય રોગીઓને સહાય :

સમાજની કોઈ કમાનાર વ્યક્તિને અકસ્માત થતાં અપંગતા આવી જાય અગર કમાનાર વ્યક્તિ અસાધ્ય રોગમાં પટકાય અને કોઈ કમાનાર ન હોય, તેવાં કુટુંબોને દર ત્રણ માસે આર્થિક સહાય આપવામાં આવે છે.

૧૪. ખેતી આધારિત ખેતમજૂર મોભીનું અકસ્માત અવસાન થાય તે કુટુંબને મદદ :

કડવા પાટીદાર સમાજ ખેતીઆધારિત હોઈ કોઈપણ ખેતમજૂર મોભીનું ખેતીકામ દરમિયાન પડવા - વાગવાથી કે ઝેરી જાનવર કરડવાથી કે બીજી કોઈ રીતે અકસ્માત અવસાન થાય તો તેના કુટુંબને તરત જ માતાજી સંસ્થાન તરફથી રૂ. ૨૧,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. તા.

૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૬૯ વ્યક્તિઓને રૂ. ૧૪,૨૯,૦૦૦ સહાય પેટે ચૂકવાયા છે.

૧૫. મંદબુદ્ધિ કે પરાધીન વ્યક્તિઓને આર્થિકસહાય :

સમાજના કોઈ કુટુંબમાં મંદબુદ્ધિની કે ગાંડપણ અથવા માનસિક ખામીને લીધે કે ગમે તે કુદરતી કારણસર પરાધીન વ્યક્તિ હોય અને તેવી વ્યક્તિની સાર-સંભાળ રાખવા સમર્થ ન હોય કે જે કુટુંબને ભારરૂપ હોય, તેવા કુટુંબને દર છ માસે આર્થિકસહાય આપવાની જોગવાઈ છે.

૧૬. કુદરતી હોનારતો પ્રસંગે લોન :

આગ, પૂર, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે વાવાઝોડા જેવી કુદરતી હોનારતનો સમાજનાં કુટુંબો ભોગ બન્યાં હોય, તેમને વગર વ્યાજની લોન આપવામાં આવે છે. કુદરત આગળ માણસ લાચાર બને છે, ત્યારે આ સંસ્થાન તેને સહાય કરી હૂંફ આપે છે. સૌરાષ્ટ્રમાં શાપુર-વંથલીને રેલસંકટ વખતે, મહેસાણા જિલ્લામાં અતિવૃષ્ટિ વખતે, તેમજ કચ્છમાં આવેલા વાવાઝોડા વખતે રૂ. ૧૭ લાખ જેટલી લોનની સહાય કરેલ છે. કચ્છ-સૌરાષ્ટ્રના ભૂકંપના અસરગ્રસ્તોને રૂ. ૧,૦૦,૦૦,૦૦૦ની સહાય કરી છે. સૌરાષ્ટ્રને ૬૫ લાખ અને કચ્છને ૩૫ લાખની સહાય કરી છે. સુરત રેલ સંકટ વખતે પણ રૂબરૂ પહોંચી જીવન જરૂરી ચીજોની કીટ વહેંચી છે.

૧૭. વિકલાંગ વ્યક્તિઓને ટ્રાઈસિકલ :

સમાજનાં વિકલાંગ ભાઈ-બહેનોને સ્વમાનભેર જીવવામાં મદદરૂપ થવા માટે માતાજી સંસ્થાન તરફથી ટ્રાઈસિકલ આપવામાં આવે છે. (અન્ય કોમોને પણ ટ્રાઈસિકલ આપવામાં આવેલ છે.) આ સમાજની કોઈપણ વ્યક્તિ ઘોડીથી ચાલે તે માતાજીને મંજૂર નથી. આવી વ્યક્તિ સાદા કાગળ પર અરજી કરી સાથે ૬૦ ટકા અપંગતાનું માન્ય ડોક્ટરનું સર્ટિફિકેટ રજૂ કરેથી ટ્રાઈસિકલ મેળવી શકે છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૭૯૧ વિકલાંગ વ્યક્તિઓને રૂ. ૧૭,૩૬,૨૨૨ની ટ્રાઈસિકલોની વહેંચણી કરવામાં આવી છે.

૧૮. અસાધ્યરોગ સારવાર સહાય :

માણસ જીવવા માટે સંઘર્ષ કરતો હોય છે. છતાં એવા અસાધ્ય રોગો થાય છે કે જેથી સતત મૃત્યુ સાથે જાણે બાથ ભીડવાની હોય છે. જિંદગી



વિકલાંગોને ટ્રાયસિકલ

realpatidar.com

તો ભયમાં હોય છે, સાથે સાથે તેનું કુટુંબ પણ સારવારમાં આર્થિક રીતે ખુવાર થતું હોય છે. કેન્સર, હૃદયના વાલ્વ બદલવાની તકલીફ, કિડની ટ્રાન્સપ્લાન્ટ કે બાય-પાસ સર્જરી - આ ચાર રોગ સામાન્ય રીતે અસાધ્ય રોગ છે. તેમાં સપડાયેલ માણસની સ્થિતિ દયનીય હોય છે. તેનું કુટુંબ પણ અસહાયતા અનુભવે છે. આવા રોગમાં પીડાતી કડવા પાટીદાર કોઈપણ વ્યક્તિને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઉચ્ચક મદદ આપે છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૭૫૭ વ્યક્તિઓને રૂ. ૩૪,૨૩,૯૮૮ની મદદ કરવામાં આવેલ છે.

૧૯. કાયમી સમાધાન પંચ :

સમાજમાં મિલકતોના ઝઘડા, લગ્નવિચ્છેદ વિષયક ઝઘડા, સામાજિક તેમજ અન્ય વિખવાદો ઉકેલવા ઊંઝાની સિવિલ કોર્ટના નિયંત્રણ હેઠળ, આ સંસ્થાન કાયમી સમાધાન પંચની કાર્યવાહી પણ કરે છે. આ સમાધાન પંચ મારફતે પ્રશ્નોનો સહાનુભૂતિપૂર્વક અને ઝડપી ન્યાયયુક્ત ઉકેલ આવે છે.

૨૦. શ્રી ઉમિયા અકસ્માત વીમા યોજના :

આ સંસ્થાને કડવા પાટીદાર સમાજની દરેક વ્યક્તિને અકસ્માત વીમાનું આરક્ષણ આપવાનું નક્કી કરેલું. આ યોજના હેઠળ કોઈપણ કડવા પાટીદાર રૂ. ૧૨૦ના ગુણાંકથી રૂ. ૬૦૦ સુધીની રકમ માત્ર એક જ વાર ભરેથી પાંચ વર્ષથી ૭૦ વર્ષ સુધીની વ્યક્તિ વીમાનું આરક્ષણ મેળવી શકે. એટલે કે પાંચ વર્ષથી ગમે તે ઉંમરે લીધેલ વીમો ૭૦ વર્ષ પૂરાં કરે ત્યાં સુધી વ્યક્તિને વીમાનું આરક્ષણ મળે. રૂ. ૧૨૦ સામે રૂ. ૨૦,૦૦૦નો અકસ્માત વીમો અને તેના ગુણાંકમાં રૂ. ૬૦૦ સામે રૂ. ૧,૦૦,૦૦૦ સુધી આ વીમાનું આરક્ષણ મેળવી શકાતું હતું. આ યોજના હવે તા. ૩૦-૬-૨૦૦૧થી બંધ કરવામાં આવી છે. આ તારીખ સુધીમાં કુલ ૨,૧૬,૩૬૩ વીમાદારોએ વીમો લીધો. આ યોજના નીચે તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૩૫૮ વીમેદારોને કુલ રૂ. ૧,૮૮,૮૦,૦૦૦ના ક્લેઈમ ચૂકવાયા છે. અત્યાર સુધીના વીમાધારકો માટે વીમા આરક્ષણ ચાલુ રહે છે.

૨૧. I.A.S. તાલીમ કેન્દ્ર :

ભારતભરમાં છેક અંગ્રેજોના સમયથી ઉચ્ચકક્ષાનું વહીવટી માળખું ચલાવવા માટે I.A.S. પાસ કરેલ ઉચ્ચ બુદ્ધિમત્તા ધરાવતા અધિકારીઓની સ્પેશિયલ કેડર કામ કરતી હતી. આઝાદી બાદ પણ એ જ પદ્ધતિ ચાલુ રાખેલ છે. ભારતભરમાં અને ગુજરાતમાં પણ સરકારી વહીવટના ક્ષેત્રમાં આવા ઉચ્ચ હોદ્દાઓ માટે ઉચ્ચકક્ષાના પ્રતિભાવંત અને ઉચ્ચ બુદ્ધિમત્તા ધરાવતા કાર્યદક્ષ અધિકારીઓની કેડર જ કામ કરે છે. આવા અધિકારીઓએ I.A.S.ની ભારત સરકારના U.P.S.C. દ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવી આવશ્યક છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાએ વિચાર્યું કે ખાસ કરીને ગુજરાતના સરકારી વહીવટમાં તો આપણા સમાજનો હિસ્સો હોવો જોઈએ. આ વિકાસશીલ સમાજનું સ્વપ્ન બને છે અને એ સ્વપ્નને સાકાર કરવાના પરિણામે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા તરફથી આ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાએ કોઈ યોગ્ય વ્યક્તિ આ કામની જવાબદારી સ્વીકારે તો સોલા કેમ્પસ ખાતે I.A.S. ટ્રેઈનિંગ સેન્ટર શરૂ કરવું. વિચારતાં ઊંઝાના વતની અને નિવૃત્ત I.A.S. ઓફિસર શ્રી મફતભાઈ આઈ. પટેલ ઉપર ધ્યાન ઠર્યું. તેમણે આ જવાબદારી સ્વીકારવાની સ્વેચ્છાએ તૈયારી બતાવી અને તેથી તેમની આગેવાની ને માર્ગદર્શન હેઠળ શ્રી ઉમિયા પથિકાશ્રમ-સોલા અમદાવાદ ખાતે શ્રી ઉમિયા I.A.S. ટ્રેનિંગ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. આ માટે રૂ. ૧૭ લાખનું બજેટ ફાળવ્યું છે. દર સાલ પાંચથી છ લાખ રૂપિયાના ખર્ચનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ કેન્દ્રમાંથી એક વિદ્યાર્થી I.A.S. થયો છે અને ઘણા વિદ્યાર્થીઓએ G.P.S.C.ની પરીક્ષા પાસ કરી છે.

૨૨. ઉચ્ચશિક્ષણ સહાય નિધિ :

ઉચ્ચશિક્ષણ સહાય નિધિનો ઉદ્ભવ એ સમાજના વિકાસના ચિંતનનું પરિણામ છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના કાર્યકર્તાઓ સમયને અનુરૂપ ચિંતન કરતા જ રહે છે. આ સમય વિજ્ઞાન અને ટેક્નોલૉજી, કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનો છે, તેને અનુરૂપ વિચારણા ચાલતી જ રહે છે.



ઉચ્ચ શિક્ષણ સહાય

કડવા પાટીદાર સમાજનો વિકાસ તેની નવી પેઢીને દરેક ક્ષેત્રે સમૃદ્ધ બનાવવાથી જ થઈ શકે. આ વિચારને લીધે કાર્યકર્તાઓએ નવી પેઢીની બાળાઓને કેળવવા ઉપર પ્રથમ ધ્યાન આપવા વિચાર્યું. કન્યા છાત્રાલયોને મદદ, ગૃહિણી તાલીમ શિબિરો, મહિલા સંમેલનો, કન્યાઓ માટેની પોલિટેક્નિકો વગેરે આયોજવાનો અભિગમ વિચારાયો અને તેનો અમલ પણ કરવામાં આવ્યો.

તે બાદ 'ઉમા યુનિવર્સિટી' કે 'ઉમિયા મેડિકલ કે એન્જિનિયરિંગ કોલેજ' ઊભી કરવાની વિચારણા ચાલી. ખૂબ મંથનને અંતે લાગ્યું કે યુનિવર્સિટી કે કોલેજોથી આપણાં કડવા પાટીદાર સમાજનાં તેજસ્વી બાળકોને લાભ આપવાનો મૂળભૂત હેતુ બર આવે તેમ ન બને. આ વાસ્તવિકતાને ધ્યાનમાં લઈ આપણા હેતુને પરિણામલક્ષી બનાવવા ''શ્રી ઉચ્ચશિક્ષણ સહાય નિધિ' ઊભો કરવાનું વિચારવામાં આવ્યું.

ઉચ્ચશિક્ષણ સહાય નિધિ માટે કડવા પાટીદાર સમાજમાંથી ૧૦૦૦ સભ્યો-દરેક પાસેથી રૂ. ૨૫,૦૦૦થી ન વધુ - ન ઓછી એવી દેગણી મેળવી રૂપિયા અઢી કરોડનો આ નિધિ ઊભો કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો. જો આ લક્ષ્ય બાર જ માસમાં પૂર્ણ કરવામાં આવે તો અન્ય સાત દાતાઓએ દરેક રૂપિયા એક લાખ આ નિધિના ભંડોળમાં આપશે, તેવી જાહેરાત કરવામાં આવી. આ પ્રોત્સાહને કાર્યકરોની ધગશ વધારી દીધી અને માતાજીની કૃપાથી આ લક્ષ્ય શ્રી મણિભાઈ મમ્મી અને શ્રી વિક્રમદાસ ધ. પટેલે સમાજના આગેવાનો અને સખિદાતાઓના સહકારથી માત્ર દસ જ માસમાં સભ્યો નોંધી પૂર્ણ કરવામાં આવ્યું. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં આ નિધિ ૧૧૬૦ સભ્યોએ રૂ. ૨,૯૫,૧૩,૦૦૦ ફાળો આપી છલકાવી દીધો છે. આ નિધિમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દર વર્ષે રૂપિયા પાંચ લાખનો ફાળો આપે છે. બૅન્કોના ઘટતાં વ્યાજ અને વિદ્યાર્થીઓની વધતી માગણી જોતાં આ નિધિ બેવડાવવો પડે તેમ છે. આ નિધિમાં રૂ. ૨૫,૦૦૦ ભરી સભ્ય બની શકાય છે.

આમ દર વર્ષે આ નિધિનું વ્યાજ તેમજ શ્રી માતાજી સંસ્થાનના રૂપિયા પાંચ લાખ મળી અંદાજે રૂપિયા સાઇઠથી પાસઠ લાખ વહેંચવામાં આવે

છે. તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં કુલ ૪૨૭૦ વિદ્યાર્થીઓને રૂ. ૩,૮૬,૩૩,૫૦૦ની વગર વ્યાજની લોન આપવામાં આવી છે.

જે તેજસ્વી વિદ્યાર્થી કમિટીએ નિયત કરેલ કોઈપણ ટેક્‌નિકલ લાઇન, મેડિકલ, એન્જિનિયરિંગમાં ભણતો હોય અને તેના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૧,૦૦,૦૦૦થી વધુ ન હોય તેને આ નિધિમાંથી વગર વ્યાજની લોન આપવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓ માતાજી સંસ્થાનમાંથી અરજીપત્રક મેળવી પૂર્ણ વિગતો ભરી જાન્યુઆરી માસ સુધીમાં અરજી કરી શકે છે. તેમને ફેબ્રુઆરી-માર્ચ માસ સુધીમાં વગર વ્યાજની લોન મળી શકે છે. સહાય મેળવનારે દર વર્ષે અરજી કરવાની રહે છે. લીધેલ લોન અભ્યાસપૂર્ણ થતાં બે-ત્રણ વર્ષમાં પરત કરવાની હોય છે.

૨૩. મંત્રલેખન પ્રવૃત્તિ :

શ્રી ઉમિયા માતાજીમાં 'શ્રી उमिया शरणं मम' મંત્રની મંત્રલેખન પ્રવૃત્તિ ચાલે છે. જે ભાવિકને આ મંત્રલેખન કરવું હોય, તેને શ્રીમાતાજી સંસ્થાન તરફથી કોઈ પણ ચાર્જ વગર નોટબુક મળે છે. જેમાં આ મંત્ર જાતે લખી બુકપૂર્ણ થયે માતાજીમાં પરત કરવાની રહે છે. ભાવિકો આનો ખૂબ જ લાભ લે છે.

● ■ ●

આમ સમગ્ર રીતે માતાજી સંસ્થાન સમાજલક્ષી ચિંતનયુક્ત બન્યો છે. મા ઉમિયાની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો ચેતના પ્રગટાવવાનો હેતુ સંપૂર્ણપણે સફળ રહ્યો છે. મા ઉમાની ચેતના સોળેકળાએ ખીલી ઊઠી છે. માતાજીમાં ધાર્મિક પ્રવૃત્તિઓનો પણ ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. સાથે સાથે સામાજિક ઉન્નતિના ક્ષેત્રે પણ વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. માતાજી શક્તિદાતાની સાથે સમાજકલ્યાણી દેવી તરીકે સોળે કળાએ ખીલી ઊઠ્યાં છે.

માતાજીની વ્યવસ્થાપક કમિટીનું નવું નવું ચિંતન ચાલી રહ્યું છે. જાણે મા જ પ્રેરણા આપી રહી છે. મહોત્સવ બાદ આવક વધતાં એક પછી બીજી સામાજિક પ્રવૃત્તિઓ અમલમાં આવતી રહી છે. કડવા પાટીદાર સમાજ માતાજીની ધજા નીચે એક છત્રમાં ભાઈચારો પ્રગટાવી આગળ વધે, તેમ માતાજીની ઈચ્છા છે. આજે ભારતભરમાં તેમજ દુનિયાના કોઈપણ ખૂણામાં રહેતો કડવો પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજીના માધ્યમથી એક બન્યો છે.

૮

શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ

ઉચ્ચશિક્ષણ સહાય નિધિની પૂર્ણતા અને સમાજના સુખી લોકોની આવકારદાયક મદદથી આપણા કાર્યકર્તાઓનો ઉત્સાહ ખૂબ વધ્યો. તેના પરિપાકરૂપે અને આગેવાનોની વિકાસલક્ષી દૃષ્ટિને લીધે 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ'નો વિચાર ઉદ્‌ભવ્યો.

તા. ૨૭-૧૦-૯૬ની શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાની જાહેરસભામાં આ ઉત્કર્ષ નિધિનો વિચાર રજૂ કરવામાં આવ્યો અને તેને 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ' એવું નામ આપવામાં આવ્યું. આ ઉત્કર્ષ નિધિમાં રૂ. ૧૦૦ કરોડ એકઠા કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ રકમ કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે એકઠી કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો.

આપણો સમાજ સમય પરિવર્તનને ઝડપથી ઓળખી સમય સાથે કદમ મિલાવે છે. આથી જ કડવા પાટીદાર સમાજ આજે ગાડાની સંસ્કૃતિમાંથી રોકેટની સંસ્કૃતિને અપનાવી શક્યો છે અને દરેક ક્ષેત્રે ખેડાણ કરી શક્યો છે.

'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ'નો વિચાર સમાજની આપી છૂટવાની મૂળભૂત તાસીરને લઈને અમલમાં મૂકવામાં આવ્યો છે. સંસ્થાનના પ્રમુખશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ તેમજ શ્રી મણિભાઈ મમ્મીની આધુનિક દૃષ્ટિને લીધે, સમાજને આર્થિક સદ્ધરતાના શુભ ઈરાદાના હેતુથી રૂ. ૧૦૦ કરોડ આ નિધિ માટે ઊભા કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો. કાર્યકર્તાઓનો ઉત્સાહ જોતાં અને માતાજીનાં શુભ કાર્યમાં આશીર્વાદ જોતાં આ નિધિ પૂર્ણ થવાનો દરેકને વિશ્વાસ પેદા થયો છે, જેથી આ નિધિ માટેનો સંકલ્પ કરવામાં આવ્યો અને આ નિધિ પૂર્ણ કરવાની કટિબદ્ધતા નક્કી કરવામાં આવી.

સમાજલક્ષી સતત ચિંતનનો પરિપાક અને માતાજીની હરદમ પ્રેરણાને લઈને આ ભગીરથ કામ હાથ ધરવામાં આવ્યું. જેમ શ્રી કૃષ્ણે ગોકુલ માટે ગોવર્ધન ઉપાડ્યો હતો તેમ કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાને આ 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ'નો એક નવો ગોવર્ધન ઉઠાવ્યો છે. સમાજના ઘરેઘરથી આ સંકલ્પ માટે ટહેલ નાખવામાં આવેલ છે. માતાજી સંસ્થાનના દરેક કાર્યકર્તાને પૂરી શ્રદ્ધા અને ભરોસો છે કે સમાજ માટે કરેલ આ શુભ સંકલ્પને માતાજી ચોક્કસ પૂર્ણ કરશે. આ નિધિની રકમ સમાજમાં કૃષિ, શિક્ષણ અને સમાજના સર્વાંગી વિકાસ માટે વાપરવાનો પણ સંકલ્પ છે.

આ ઉત્કર્ષ નિધિ માટે શુભ શરૂઆતરૂપે શ્રી સચ્ચિદાનંદજી મહારાજ દંતાલીવાળાના અધ્યક્ષપદે એક સામાજિક કાર્યકરોનું સંમેલન બોલાવવામાં આવ્યું. તે માટે ૫૦ બહેનો અને ૫૦ ભાઈઓ દરેક હાથમાં મશાલ લઈ ૧૦૦ કરોડના પ્રતીક રૂપે ૧૦૦ મશાલો સાથે ગામમાં શિસ્તબદ્ધ રીતે ફરી શ્રી માતાજી સંસ્થાને શ્રી સચ્ચિદાનંદજીના હાથે આ સરઘસને આવકારી સ્વાગત કરવામાં આવ્યું અને 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ'ના જ્યોતિનું નિર્માણ કરવામાં આવ્યું.





શ્રી ઉમિયા માતાજી પરિવાર ઉત્કર્ષ નિધિ



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી ઊંઝા (ઉત્તર ગુજરાત)

૯

શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ – જ્યોતિરથ

આપણે જોયું કે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે ૧૦૦ કરોડ રૂપિયાનો ઉત્કર્ષ નિધિ ઊભો કરવાનો સંકલ્પ કર્યો છે. આ કામ કઈ રીતે પાર પડે, તેની સતત વિચારણા ચાલે છે. જેના પરિણામસ્વરૂપે શ્રી માતાજીના 'જ્યોતિરથ'ના નિર્માણનું આયોજન વિચારવામાં આવ્યું.

'જ્યોતિરથ'ના નિર્માણનો વિચાર એ માતાજીની પ્રેરણા જ છે. મા ઉમિયા તેના બાલુડાના વિકાસ માટે હરપળે તૈયાર બેઠી છે. આમ તો જ્યોતિરથની પ્રેરણા કરોંદિયા (મ. પ્રદેશ) ગામે ઉદ્‌ભવી.

આ ગામમાં શ્રી ઉમિયા માતાજીનું નવીન મંદિર બનાવવામાં આવ્યું હતું. તેની પ્રાણપ્રતિષ્ઠાની ઉજવણી કરવાની હતી. કરોંદિયા જેવા નાનકડા ગામમાં આ માટે ઉત્સવના ખર્ચની પણ જોગવાઈ થવાની ચિંતા હતી. તે લોકોએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના કાર્યકર્તાઓની સલાહસૂચન પ્રમાણે આયોજન કરવાનું વિચાર્યું હતું. આ પ્રસંગે તે લોકોના ખાસ નિમંત્રણથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ શ્રી કેશુભાઈ પટેલ અને શ્રી મણિભાઈ મમ્મી ત્યાં ગયા હતા. શ્રી માતાજીની પ્રેરણાથી મણિભાઈ મમ્મીએ ત્યાં પ્રાણપ્રતિષ્ઠા માટે જ્યોત કે જે શ્રી ઉમિયા માતાજીથી ત્યાં લઈ જવામાં આવી હતી, તે જ્યોતને શોભાયાત્રા સાથે ફેરવવાનું આયોજન કરવાનો વિચાર રજૂ કર્યો. આ વિચાર સહર્ષ સ્વીકારવામાં આવ્યો. આ જ્યોતને શ્રી માતાજીના ફોટા સાથે રથ જેવું બનાવી કરોંદિયા ગામમાં ફેરવવાનું આયોજન કરવામાં આવ્યું. નાનકડા રથ જેવું બનાવવામાં આવ્યું. આ રથનું ત્યાં અભૂતપૂર્વ રીતે પૂર્ણ ભક્તિભાવ સાથે સમગ્ર વિસ્તારની વિશાળ મેદનીએ સ્વાગત કર્યું. આ પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ આપણા અઢારમી

શતાબ્દી મહોત્સવની જેમ ત્યાં ન ધારેલી સફળતાથી પાર પડ્યો. સાથેસાથે મધ્ય પ્રદેશના પાટીદારોમાં એકતા અને ભાઈચારાની એક નવીન ચેતના પેદા થઈ.

આ વિચાર જ આપણા જ્યોતિરથ તૈયાર કરવાના પાયામાં છે. કરોંદિયા મંદિરના નાનકડા રથે આપણા જ્યોતિરથની પ્રેરણા કરી. શ્રી મણિભાઈ મમ્મીએ શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિને પરિપૂર્ણ કરવા કડવા પાટીદારોના ગામે-ગામ આવો ભવ્ય જ્યોતિરથ બનાવી ફેરવવાનો વિચાર રજૂ કર્યો. આ વિચાર પ્રમુખ શ્રી કેશુભાઈને ગમ્યો અને ચર્ચાવિચારણાના અંતે સર્વ તરફથી સ્વીકારાયો. કડવા પાટીદારોને ઘેરઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજી દર્શન આપવા પધારે તે અહોભાવની વાત બને! આ વિચારને અમલમાં મૂકવામાં આવ્યો. પરિણામે આપણા ભવ્ય જ્યોતિરથનું નિર્માણ પણ કરોંદિયા ગામે જ કરવામાં આવ્યું.

જ્યોતિરથ : 'લંબાઈ-૨૩' 'પહોળાઈ-૮', 'ઊંચાઈ-૧૫' ખર્ચ રૂ. ૮,૬૦,૬૦૦ જ્યોતિરથ તાતા ૪૦૭ ગાડીમાં જોડવામાં આવ્યો.

આ જ્યોતિરથનું નિર્માણ એ અદ્‌ભુત રચના છે. આ રથ એવો બન્યો છે કે જાણે સ્વર્ગમાંથી માતાજી રથ લઈને પધાર્યા હોય તેવું લાગે છે. આ જ્યોતિરથમાં બિરાજમાન શ્રી ઉમિયા માતાજી સાક્ષાત પધાર્યા હોય તેવો ભાવ પેદા કરે છે. દર્શનાર્થી ભાવવિભોર થઈ જાય છે અને દર્શન કરી ધન્ય બને છે. રથમાં બિરાજમાન ઉમિયા માતાજીની મૂર્તિ માટે ઘણી દોડધામ બાદ પાટણ તૈયાર કરવામાં આવી હતી.

કરોંદિયા ગામેથી રથ તૈયાર થઈ જ્યારે ઊંઝા તરફ પ્રસ્થાન કરાવવામાં આવ્યું ત્યારે શ્રી ઉમિયા માતાજી સેવા ટ્રસ્ટ-કરોંદિયા-મધ્ય પ્રદેશના સૂત્રધારો તથા કડવા પાટીદાર સમાજ માલવા-નિમાડ-મધ્ય પ્રદેશે જે આયોજન કર્યું – તેની ભવ્યતાનો ખ્યાલ શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. આ લોકોએ જ્યોતિરથને પ્રસ્થાન કરવા માટે ત્રણ માસથી તૈયારીઓ કરી હતી અને

તા. ૨૩-૧૦-૧૯૯૭ના રોજ સવારે ૬-૦૦ વાગ્યે હવનના કાર્યક્રમથી શરૂ કરી બપોરે ૧૨-૦૭ મિનિટે સંસ્થાના પ્રમુખ શ્રી કેશુભાઈ પટેલે લીલી ઝંડી બતાવી પ્રસ્થાનનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળાઓ મંગળકળશ લઈ વધાવે અને બેન્ડવાજાંઓ સાથે કરોંદિયાથી ધરગાંવ સુધી ત્રણ કિલોમીટરનો ભરચક રસ્તો લગભગ દસ હજારની મેદનીના સરઘસ સાથે રથને દોરડાથી ખેંચીને પગપાળા પસાર કરવામાં આવ્યો. તે વખતે લોકોનો માતાજી પ્રત્યેનો ભાવ એ અનેરો પ્રસંગ હતો. ધરગાંવથી રથ ધામણોદ ગામે વાહનોથી લઈ જવામાં આવ્યો અને રાત્રીમુકામ ધામણોદ શ્રી અંબાજી મંદિરમાં કરવામાં આવ્યો. રસ્તામાં છોટી ખરગોન, મંડલેશ્વર કન્યાવિદ્યાલય, મહેશ્વર, ખરાડી, બડવી વગેરે ગામડાઓમાં રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. તા. ૨૪-૧૦-૯૭ના દિવસે રથ માનપુર, કટી, ગવલી, પાલાસિયા, મહુ થઈને ઉમિયાધામ - રાઉ પહોંચ્યો હતો. તા. ૨૫-૧૦-૯૭ના રોજ રથ ધાર-સરદારપુર થઈને તા. ૨૬-૧૦-૯૭થી ગુજરાતમાં પ્રવેશ્યો હતો. આમ મધ્ય પ્રદેશના કરોંદિયા ગામે રથ તૈયાર થઈ ગુજરાતમાં લાવવામાં આવ્યો. ત્યાંના કડવા પાટીદારોએ રથને અભૂતપૂર્વ વિદાય આપી હતી. આપણા માતાજી સંસ્થાનના મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ પણ ત્યાં હાજર હતા. મધ્ય પ્રદેશનાં વર્તમાનપત્રોએ આ વિરલ પ્રસંગની નોંધ લીધી હતી.

આ જ્યોતિરથ તા. ૨૭-૧૦-૯૭ના રોજ ઊંઝામાં પધારવાનો હતો. તે પહેલાં રસ્તામાં જ્યાંજ્યાંથી રથ પસાર થયો ત્યાં ત્યાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. લોકો પૂર્ણ ભક્તિભાવથી જ્યોતિરથમાં બિરાજમાન શ્રી ઉમિયા માતાજીનું સ્વાગત કરતા હતા.

છેવટે તા. ૨૭-૧૦-૯૭ને સોમવારે સાંજના ૪-૦૦ કલાકે જ્યોતિરથની ઊંઝામાં પધરામણી થઈ. ઊંઝાએ માતાજીના આ રથનું ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું. ઐઠોર રોડ ચારરસ્તાથી તેની શોભાયાત્રા નીકળી. જેનો રૂટ આ પ્રમાણે હતો.

ઐઠોર ચારરસ્તા, વિસનગર રોડ - નવા ગંજબજાર - ગંજબજારમાં થઈ આથમણા દરવાજેથી સ્ટેટ બૅન્ક - સરદાર ચોક - કન્યાછાત્રાલય રોડથી રામકૃષ્ણ

સોસાયટી થઈ રામબાગ - વાડીપરૂ - ઉનાવા દેશની વાડી - ગાંધીચોક - સ્વામીનારાયણ મંદિર - અચલેશ્વર મહાદેવ - ખજૂરી પોળ - પાંજરાપોળ - બહાર માઢ - વડેચી માતા - લાલ દરવાજાથી શ્રી માતાજી મંદિર.

ઉપર મુજબની રથની શોભાયાત્રા નીકળી હતી. જેમાં સૌથી આગળ બે હાથી ઝૂલતા હતા. તે બાદ ફેંટાધારી સ્કૂટરસવારો, ઊંટગાડીઓ, માતાજીની ધ્વજાઓ સાથે યુવાનો, ભજનમંડળીઓ, રાસ રમતા યુવાનો, ગરબા ગાતી બહેનો, મંગળ કલશધારી બહેનો, ભક્તિના સૂર રેલાવતું બેન્ડ, પચીસ હજારથી પણ વધુ ભાઈ-બહેનોનું સરઘસ. આ રીતે લગભગ છ કિલોમીટર લાંબી શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

રાજમાર્ગો પરથી પસાર થતા જ્યોતિરથની બંને બાજુએ લાઈનબંધ દર્શનાર્થીઓ રથમાં બિરાજમાન શ્રી ઉમિયા માતાજીને વધાવતા હતા. આખું ઊંઝા ગામ તોરણો, ધ્વજા-પતાકાઓ, બેનર્સ, બોર્ડોથી શણગારવામાં આવ્યું હતું. શ્રી જય અંબે પગપાળા સંઘે ૧૨૦૦ કિલો બુંદીનો પ્રસાદ વહેંચ્યો હતો. ઠેર ઠેર પાણીની પરબો તૈયાર કરવામાં આવી હતી. લીંબુંના શરબત પણ પીરસાતાં હતાં. આ રીતે સાંજના ૪-૦૦ વાગ્યે શરૂ થયેલ શોભાયાત્રા રાત્રે ૮-૩૦ વાગ્યે શ્રી માતાજીના મંદિરે પૂરી થઈ સભામાં ગોઠવાઈ હતી. સાથે સાથે મધ્ય પ્રદેશથી જ્યોતિરથ અને તેના પ્રસ્થાનને સફળ બનાવનાર મહેમાનોનું ફૂલ-હાર તેમજ શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદ પ્રવચનોમાં જ્યોતિરથ અને ઉત્કર્ષ નિધિ અંગે ખ્યાલ આપવામાં આવ્યો હતો.

આ રીતે જ્યોતિરથનું નિર્માણ થયું હતું. મા ઉમિયા સમાજ માટે ઘેર-ઘેર ફરી તેનાં બાળુડાંને દર્શન આપી આશીર્વાદ આપવા નીકળેલ છે. સાથે સાથે ઉત્કર્ષ નિધિની ટહેલ પણ નાખેલ છે.

શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિના સંચાલન માટે પણ અલગ કમિટીની રચના કરવામાં આવી છે. જેનું સંચાલન શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા થાય છે. સાથે સાથે દરેક ગામે-ગામ આ નિધિ માટે અને જે-તે ગામમાં

તેના સંચાલન માટે શ્રી ઉમિયા પરિવાર સમિતિની રચના કરવામાં આવે છે. જેમાં ૩૦ ટકા બહેનો, ૩૦ ટકા યુવાનો ૪૦ ટકા વડીલોનો સમાવેશ કરવામાં આવે છે. આ સમિતિને ઉત્કર્ષનિધિ અંગેની જવાબદારી અદા કરવાની રહે છે.

આ રીતે શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ - જ્યોતિરથ કડવા પાટીદારોનાં ગામેગામ ફરી રહ્યો છે. શરૂઆત મહેસાણા જિલ્લાથી કરવામાં આવી. ત્યારબાદ બનાસકાંઠા, કચ્છ, કાઠિયાવાડ, અમદાવાદ જિલ્લો, મહેમદાવાદ તાલુકો, સાબરકાંઠા જિલ્લો, પંચમહાલ, ખેડા, આણંદ, ખંભાત, વડોદરા, અંકલેશ્વર, ભરૂચ, સુરત, વલસાડ જિલ્લાની યાત્રા પૂરી કરી. લગભગ આખા ગુજરાતમાં ૩૨૦૦ ગામડાની પરિક્રમા પૂરી થયેલ છે. તે બાદ હવે રથે મધ્ય પ્રદેશની યાત્રા પણ પૂર્ણ કરી છે. લોકોનો ભક્તિભાવ અને રથનું સ્વાગત એકથી બીજું ચડિયાતું રહે છે. ફૂલ, કમાનો, બેનરો, ગામસફાઈ, ઘરેઘરે શણગાર, રસ્તા સુશોભન, મંડપો વગેરે ભવ્ય રીતે શણગારવામાં આવે છે. બહેનો પોતાની કીમતી સાડીઓ રથ આગળ પાથરે, મંડપો બનાવે છે અને ગામેગામ ધુમાડાબંધ જમે છે. વર્ષોની કડવાશો ભૂલાઈ જાય અને એકતાનો માહોલ જામે છે. ભાઈચારાનાં અભૂતપૂર્વ દર્શન થાય છે. માતાજી તેના દરેક બાળકને આશિષ આપી રહ્યાં છે. જ્યાં-જ્યાં રથનું રાત્રીરોકાણ થાય ત્યાં-ત્યાં રાત્રે રાસ ગરબાનાં, ધર્મસભાઓ અને ડાયરાઓનાં આયોજનો થાય છે. સૌથી મહત્ત્વની વાત તો એ બને છે કે માતાજી આગળ સમાજના યુવાનો, વડીલો, બહેનો સર્વે વ્યસન છોડવાની પ્રતિજ્ઞા લે છે. માતાજીનો પરિવાર વ્યસનથી મુક્ત બનવો જોઈએ - તેવી માની ઇચ્છા સ્પષ્ટ જણાય છે. જ્યાં માતાજીનો જ્યોતિરથ પધારે છે, ત્યાં દરેક કોમ ભાવવિભોર થઈ દર્શનનો લાભ લે છે અને માતાજીની આરતી વગેરે ઉછામણીઓમાં હોંશે હોંશે ભાગ લે છે. કોમી અને ધાર્મિક એકતાનાં અભૂતપૂર્વ દર્શન થાય છે. ભાઈચારાની ભાવના વધે છે અને કજિયા-કુસંપ દૂર થાય છે. શ્રી ઉમિયા માતાજીનો આ પ્રભાવ દરેક જગ્યાએ જાગ્યો છે.

માતાજીના જ્યોતિરથના પરિભ્રમણ સમયે ગામેગામે લેવાતા બે સંકલ્પો નીચે મુજબ છે

(૧) 'શ્રી ઉમિયા માતાજીનાં અમો સૌ સંતાનો, આથી સંકલ્પ કરીએ છીએ કે, આપણા સમાજના સર્વાંગી વિકાસ માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિમાં રૂ. ૧૦૦ કરોડ એકઠા કરવાનો જે સંકલ્પ કરેલ છે, તેને અમે સૌ તન-મન-ધનથી પરિપૂર્ણ કરીશું.'

આ સંકલ્પ શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ પૂર્ણ કરવા માટેનો છે. આમાં કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટેના જ એકમાત્ર હેતુને પરિણામલક્ષી બનાવવાની મહેચ્છાનો પડઘો પડે છે. આ સંકલ્પ સમાજલક્ષી છે.

(૨) 'શ્રી ઉમિયા પરિવારનાં અમો સૌ સંતાનો, શ્રી ઉમિયા માતાજીની સાક્ષીમાં આજથી-અત્યારથી પ્રતિજ્ઞા કરીએ છીએ કે - ગુટખા, પાન, મસાલા, બીડી, તમાકુ, સિગારેટ, છીંકણી, દારૂ, જુગાર, ઝઘડા આ તમામ વ્યસનો છોડીએ છીએ.'

આ બીજો સંકલ્પ વ્યક્તિલક્ષી છે. વ્યક્તિ જો વ્યસનમુક્ત હોય તો જીવન નિરોગી, આદર્શ અને નીતિમય બનાવી શકે છે. શુદ્ધ અને નિરામય જીવનમાં ઉચ્ચ વિચારો પેદા થાય છે. આમ સમાજનો સર્વાંગી વિકાસ થાય તે માટેના આ બે સંકલ્પ જ્યોતિરથ પર લેવડાવાય છે. માતાજીના નામે અને માતાજીને સાક્ષી રાખીને દરેક વ્યક્તિ પોતાના હાથ ઊંચા કરી ગંભીર રીતે આ સંકલ્પો ધારણ કરે છે. ધર્મના માધ્યમથી ગમે તેવાં કઠિન કાર્યો પણ પાર પડે છે. કેટકેટલા પૈસા ખર્ચવાથી કે મોટાં મોટાં અભિયાન ચલાવવાથી જે કામ થતું નથી, તે કામ માતાજીના નામે સહેજમાં બની જાય છે. સમાજના લાખો માણસો આ જ્યોતિરથના સંકલ્પથી વ્યસનમુક્ત બન્યા છે.

માતાજીના જ્યોતિરથની પધરામણી જે-જે ગામે થાય છે, ત્યાં ત્યાં તેનું ભવ્ય સ્વાગત થાય છે. એકતા અને સંપનું તેમજ કોમી એખલાસનું

વાતાવરણ ઊભું થાય છે. સાથે સાથે ત્યાં જ્યોતિરથ માટે નીચે મુજબની ઉછામણીઓ પણ થાય છે.

(૧) છડીદારની ઉછામણી - માતાજીના જ્યોતિરથ પર છડી ધારણ કરી બેસવા માટેની ઉછામણી.

(૨) માતાજીને ચૂંદડી અર્પણ કરવાની ઉછામણી.

(૩) માતાજીની આરતીની ઉછામણી-માતાજી જ્યાં-જ્યાં પધારે ત્યાં ત્યાં આરતી થાય છે. રાત્રીરોકાણ સમયે સાયંઆરતી તેમજ સવારે મંગળા-આરતીની ઉછામણીઓ અલગ થાય છે.

(૪) માતાજીને ફૂલમાળા ચડાવવાની ઉછામણી

(૫) નંદીને તિલક કરવાની ઉછામણી.

આ રીતે લોકઉમંગ ગમે તે રીતે પોતાની ભાવના માતાજી આગળ સમર્પિત કરે છે. આમ શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ - જ્યોતિરથ એ માતાજીના ઈતિહાસમાં એક સીમા ચિહ્નરૂપ વિચાર છે. જે માતાજીની ચેતના પ્રાગટ્યનું માધ્યમ તો છે જ, સાથે સાથે પાટીદાર સમાજની એકતા, ભક્તિભાવ અને ભાઈચારાની ભાવનાનો અનોખો સફળ પ્રયત્ન છે. માત્ર ગુજરાતમાં જ નહિ, પણ આખા ભારતવર્ષમાં પાટીદાર કે કુર્મિ એકતાના અભિયાન શરૂ થઈ ચૂક્યા છે. આ સમગ્ર સમાજની ચેતના અને બંધુત્વની ઝાંખી થઈ રહી છે. જાણે શ્રી મા ઉમિયા કહી રહી છે કે, આવતીકાલનો ભારતનો ઈતિહાસ તમારા હાથમાં છે.

૧૦

શ્રી ઉમિયા માતાજીમાં ઊજવાતા ધાર્મિક ઉત્સવો

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા મા ઉમિયાના વર્ષ દરમિયાન નીચે મુજબના ઉત્સવો ધામધૂમથી ઉજવે છે

૧. નૂતન વર્ષ-બેસતું વર્ષ :

વિક્રમ સંવતનું બેસતું વર્ષ એટલે કે કારતક સુદ-૧નો દિવસ. આ દિવસે પરંપરાથી લોકો શ્રી મા ઉમાનાં દર્શન કરી નવા વર્ષની શરૂઆત કરે છે. આ દિવસે લોકો દૂર-દૂરથી માનાં દર્શને પધારે છે અને દર્શન કરી ધન્યતા અનુભવે છે, તેમજ પોતાના ધંધાની નવા વર્ષથી શરૂઆત કરે છે. આ દિવસે માનવ મહેરામણ ઊભરાય છે. સવારથી સાંજ સુધી લોકોનો અવિરત પ્રવાહ ચાલુ રહે છે. આ દિવસે માને ભવ્ય શણગાર કરવામાં આવે છે.

૨. મહા અન્નકૂટ :

સંવત ૨૦૩૩ના માગસર સુદ-૪થી સુદ-૮ સુધી યોજાયેલ ૧૮મી શતાબ્દી મહોત્સવની યાદગીરીરૂપે મા.સુ. ૮ના દિવસે અહીં મહા અન્નકૂટ ભરવામાં આવે છે. છપ્પનભોગ ધરાવવામાં આવે છે. હજારો યાત્રીઓ અન્નકૂટ પ્રસાદનો લાભ લે છે.

૩. વસંતપંચમીનો મેળો :

સને ૧૮૮૭માં આ દિવસે માતાજીના નવીન તૈયાર થયેલ મંદિર ઉપર કળશ ચઢાવવામાં આવ્યો હતો, તેની યાદગીરીમાં અહીં ભવ્ય મેળો ભરાય છે. દૂર-દૂરથી લોકો આ મેળામાં ભાગ લે છે. આ દિવસને 'પરગણા પાંચમ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

૪. વૈશાખી પૂનમ - શ્રી ઉમિયા માતાજીનો વરઘોડો :

દર વૈશાખ સુદ-૧૫ દિવસે, માતાજીનો પાટોત્સવ ઊજવાય છે. આ દિવસે નગરમાં મા ઉમિયાનો વરઘોડો અને શોભાયાત્રા નીકળે છે. આખા ગામમાં વરઘોડો ફરે છે. જેમાં નગરના આબાલ-વૃદ્ધ સર્વે ખૂબ ઉમંગથી ભાગ લે છે. હાથી-ઘોડા-બગીઓ, ધાર્મિક ઝાંખીઓ (ટેબ્લો), રાસ-ભજન મંડળીઓ, ગામની કુમારિકાઓ મંગલકલશ સાથે ભાગ લે છે. ગામનાં મંડળો લતે-લતે શણગાર કરી માતાજીનું ભક્તિભાવથી સ્વાગત કરે છે. લોકો પૂર્ણ ભક્તિભાવ અને ઉમંગથી વરઘોડામાં જોડાય છે.

૫. નવરાત્રી મહોત્સવ :

દર વર્ષે આસો સુદ-૧થી આસો સુદ-૯ સુધી માતાજીના ચાચરચોકમાં ખૂબ ભક્તિભાવથી નવરાત્રી મહોત્સવ ઊજવવામાં આવે છે. આ દિવસોમાં ભવ્ય રોશની થાય છે. માતાજીના ચોકમાં નગરમાંથી બહેનો ગરબા ગાવા આવે છે. દરરોજ જુદા-જુદા કાર્યક્રમો રાખવામાં આવે છે. આજુબાજુનાં ગામોમાંથી ભજનમંડળીઓ ભજનની રમઝટ બોલાવે છે, ડાયરાનું પણ આયોજન થાય છે. ખ્યાતનામ ભજનિકોને આમંત્રણ આપવામાં આવે છે અને નવે દિવસ ભરચક કાર્યક્રમથી માતાજીનો ચોક ગાજી ઊઠે છે.

આ રીતે શ્રી ઉમિયા માતાજીમાં ઉત્સવો ઊજવાય છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની ધાર્મિક પ્રવૃત્તિઓ

શ્રી મા ઉમાના પાવન પ્રભાવ, ભક્તિભાવ અને શ્રદ્ધાને લીધે અહીં કેટલીક ધાર્મિક પ્રવૃત્તિઓ પણ ચાલે છે. લોકોની ભાવનાના પડઘારૂપ નીચે મુજબની પ્રવૃત્તિઓ ચાલે છે.

૧. કાયમી હવન તિથિ :

આ સંસ્થાને લોકોની ઈચ્છાને માન આપી કોઈપણ કડવા પાટીદાર વ્યક્તિ પોતાની મનગમતી તિથિના દિવસે કે પોતાના સ્વજનની જન્મતિથિ કે પુણ્યતિથિ કે જીવનના યાદગાર પ્રસંગની તિથિની સ્મૃતિમાં હવનની નોંધ કરાવે છે. રૂ. ૫૦૦૦ ભરી તેના વ્યાજમાંથી પોતે નોંધાવેલ તિથિએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દરવર્ષે હવન કરવાની વ્યવસ્થા કરી આપે છે.

તે દિવસે યજમાનને જાણ કરવામાં આવે છે. જેથી તે હવનની વિધિમાં હાજર રહે છે. વિદ્વાન બ્રાહ્મણો દ્વારા હવન કરવામાં આવે છે. આવી રોજની બે એવી આખા વર્ષની હવન તિથિઓ નોંધાઈ ગઈ છે. રોજ બે હવન કરવામાં આવે છે.

આ સિવાય પણ કોઈને હવન કરવો હોય તો તેની પણ જુદી આગવી વ્યવસ્થા કરવામાં આવે છે. આ માટે કારભારીનો સંપર્ક કરી હવન કરી શકાય છે.

૨. કાયમી થાળ તિથિ :

શ્રી ઉમિયા માતાજીને પોતાનો થાળ ધરાવવાની પણ ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવામાં આવે છે. રૂ. ૫૦૧ ભરી પોતાની ઈચ્છિત થાળ તિથિની નોંધ કરાવી શકાય છે. તે દિવસે આ રકમના વ્યાજમાંથી મા ઉમિયાને થાળ ધરાવવામાં આવે છે.

૩. કાયમી પ્રસાદ તિથિ :

શ્રી ઉમિયા માતાજીમાં સવારની મંગળાઆરતીનો મહાપ્રસાદ ધરાવાય છે. સવારના દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં આરતીમાં હાજર રહે છે. આથી રૂ. ૧૫૦૧ ભરી પોતાની ઈચ્છિત તિથિએ મંગળા આરતીના કાયમી

મહાપ્રસાદની પણ નોંધ કરવામાં આવે છે. તે દિવસ માટે ભરેલ રકમના વ્યાજમાંથી માતાજીને મહાપ્રસાદ ધરાવાય છે.

૪. સદાવ્રત તિથિ :

માતાજીમાં આવતા સાધુ-સંતો અને અભ્યાગતો માટે સદાવ્રત પણ ચાલે છે. તે માટે રૂ. ૧૦૦૧ ભરી તેના વ્યાજમાંથી પોતાની ઈચ્છિત તિથિએ સદાવ્રતમાં ભોજન અપાય છે.

૫. અખંડ ઘીનો દીવો :

શ્રી માતાજીમાં અખંડ જ્યોત જલે છે. આ અખંડ જ્યોત માટે ઘીની વ્યવસ્થામાં પણ ભેટ આપી લાભ લઈ શકાય છે.

૬. પ્રસાદ :

માતાજીના દર્શને આવતા યાત્રીઓને પ્રસાદ મળી રહે તેવી વ્યવસ્થા કરેલ છે. દરરોજ ગમે તે સમયે વહેંચાતા પ્રસાદમાં પણ ભેટ આપી શકાય છે.

૭. પાવડીપૂજા :

જે કોઈ ભાવિકને માની પાવડીપૂજા કરી આશીર્વાદ મેળવવાની ઇચ્છા હોય, તે રૂ. ૫૧ ભેટ ભરીને પૂજારીશ્રી પાસે માતાજીની પાવડીપૂજાનો લાભ લઈ શકે છે.

૮. કંકુપડો :

આપણે ત્યાં કોઈપણ શુભપ્રસંગે-ખાસ કરીને લગ્નપ્રસંગે શ્રી મા ઉમિયાને પ્રથમ કંકોત્રી લખવાની ભાવના હોય છે. આ રીતે માતાજીના આશીર્વાદ માટે આવતી કંકોત્રીઓ સામે અત્રે સંસ્થામાંથી આશિષરૂપે કંકુપડો મોકલી આપવામાં આવે છે. જેનો ઉપયોગ તે શુભ કાર્યમાં થાય છે, અને નિર્વિઘ્ને અવસર પાર પડે છે.

આમ શ્રી ઉમિયા માતાજી સંસ્થાનમાં ઉપર પ્રમાણેની ધાર્મિક પ્રવૃત્તિઓ ચાલે છે. લોકોના ભક્તિભાવનો પ્રતિભાવ અત્રેથી દરેક ભાવિકને મળી રહે છે અને દરેક ભક્તની શ્રદ્ધાપૂર્વકની મનોકામના મા પૂર્ણ કરે જ છે.

૧૧

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાની વહીવટી પાંખ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાનો વહીવટ તેની ૨૫૧ સભ્યોની કાર્યવાહક સમિતિ ચલાવે છે. તેના એક પ્રમુખ, બે ઉપપ્રમુખ, એક માનદ્‌મંત્રી તથા ત્રણ માનદ્‌સહમંત્રીઓ, બે ખજાનચી અને પાંચ ટ્રસ્ટીઓ એ રીતે હોદ્દેદારો હોય છે. ૨૦૦૬-૨૦૦૭ના હોદ્દેદારો નીચે મુજબ છે.

પ્રમુખ : શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ (સિદ્ધપુર)

ઉપપ્રમુખ : શ્રી ઓધવજીભાઈ રવજીભાઈ પટેલ, મોરબી
શ્રી અનિલભાઈ ત્રિભોવનદાસ પટેલ, મહેસાણા

માનદ્‌મંત્રી : શ્રી નથ્થુભાઈ લાલદાસ પટેલ, ચાણસ્મા

સહમંત્રીઓ : શ્રી દશરથભાઈ રેવાભાઈ પટેલ, (વકીલ)
શ્રી અંબાલાલ નાથાલાલ પટેલ, (ચારી)
શ્રી જયંતિભાઈ બાલચંદદાસ પટેલ, (જે.બી.)

ખજાનચી : શ્રી નટવરલાલ હરગોવનદાસ પટેલ, ઊંઝા
શ્રી ચીમનલાલ છબીલદાસ પટેલ, ઊંઝા

ટ્રસ્ટી મંડળ : શ્રી શંકરલાલ મોહનલાલ ગુરુ, ઊંઝા
શ્રી જીવરામભાઈ છબીલદાસ પટેલ, ઊંઝા
શ્રી ચુનીલાલ કાનજીભાઈ પટેલ, ઊંઝા
શ્રી પોપટલાલ એન. પટેલ, રાજકોટ
શ્રી ખેમાભાઈ હીરાભાઈ પટેલ,
નવારેવાસ (સાબરકાંઠા)

આંતરિક ઓડીટરો : શ્રી શંકરલાલ લક્ષ્મીચંદ પટેલ, ઊંઝા
શ્રી શંકરલાલ કાનજીદાસ પટેલ, ચાણસ્મા

આ ટ્રસ્ટ રજિસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ ટ્રસ્ટ કડવા પાટીદાર સમાજની માલિકીનું ટ્રસ્ટ છે. તેનો નંબર એ/૯૪૩ મહેસાણા છે.

આ સંસ્થાનની કાર્યવાહક કમીટી જુદી જુદી પેટા કમીટીઓથી તેનો વહીવટ ચલાવે છે. તેમાં નીચે મુજબની કમીટીઓ છે :

ક્રમ	કમિટી	ચેરમેન
૧.	બાંધકામ કમિટી	શ્રી મફતલાલ કિશોરદાસ પટેલ, ઊંઝા
૨.	રાજભોગ અને દેવસ્થાન કમિટી	શ્રી મણીલાલ શંકરલાલ પટેલ, ઊંઝા
૩.	પ્રચાર-પ્રકાશન કમિટી	શ્રી સીતારામભાઈ જોઈતારામ પટેલ, ઊંઝા.
૪.	મિલકત ખરીદ-વેચાણ કમિટી	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સિદ્ધપુર
૫.	કાયમી લગ્નોત્સવ કમિટી	શ્રી પ્રહલાદભાઈ લક્ષ્મીચંદ પટેલ, ઊંઝા
૬.	વિશ્રાંતીગૃહ કમિટી	શ્રી હરગોવિનભાઈ પરસોત્તમદાસ પટેલ, ઊંઝા
૭.	ભોજનાલય કમિટી	શ્રી ત્રિભોવનદાસ પી. પટેલ
૮.	કેળવણી સહાયક કમિટી	શ્રી પ્રભુરામ મોતીરામ પટેલ
૯.	ઉમિયા માતાજી પથિકાશ્રમ-અંબાજી કમિટી	શ્રી શિવરામભાઈ ઈશ્વરદાસ પટેલ, પાલનપુર
૧૦.	શ્રી ના. મા. પટેલ (લાટીવાળા) પરિવાર, શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ કમિટી-બેચરાજી	શ્રી વિઠ્ઠલભાઈ માધવલાલ પટેલ, અમદાવાદ
૧૧.	શ્રી ઉમિયા માતાજી કેમ્પસ - સોલા કમિટી	શ્રી બાબુભાઈ દિપચંદદાસ પટેલ, સુરેન્દ્રનગર
૧૨.	સર્વે કમિટી (વિધવા આર્થિક સહાય)	શ્રી માધવલાલ ભોળીદાસ પટેલ, ઊંઝા
૧૩.	ઉચ્ચશિક્ષણ સહાયક નિધિ કમિટી	શ્રી અનિલભાઈ ટી. પટેલ, મહેસાણા
૧૪.	પ્રસાદ-સાહિત્ય વેચાણ કમિટી	શ્રી શંકરલાલ લક્ષ્મીચંદદાસ (બેન્કર) ઊંઝા
૧૫.	રામપારાયણ અન્ન સહાય-સદાવ્રત કમિટી	શ્રી નટવરલાલ નારાયણદાસ પટેલ, ઊંઝા
૧૬.	શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ કમિટી	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સિદ્ધપુર

જેમ આપણે આગળ જોયું કે, ૧૮મી શતાબ્દિ મહોત્સવ એ આ સંસ્થાન માટે એક ઐતિહાસિક પ્રસંગ હતો. આ પ્રસંગ બાદ શ્રી ઉમિયા માતાજી મંદિર-ઊંઝાનો વહીવટ ખૂબ વિશાળ બન્યો અને આ સંસ્થાનની કારોબારી કમિટી અને તેની પેટા કમિટીઓએ વિકાસમાં મોટું યોગદાન આપ્યું છે.

૧૮મી શતાબ્દિ મહોત્સવની ભવ્યતા પ્રચાર અને પ્રકાશ કમિટી દ્વારા ઊભી થઈ. તે વખતના ચેરમેનશ્રી મણીભાઈ મમ્મી અને તેમના સાથીદારોની સૂઝ અને વિશાળ દૃષ્ટિને લીધે આ મહોત્સવમાં ભારતભરના ૧૬થી ૧૮ લાખ કડવા પાટીદારો ઉમટી પડ્યા અને માના દર્શનનો લાભ લીધો. આ કમિટીએ કડવા પાટીદારોની એક્તા અને સંગઠન ઊભુ કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. ઉત્કર્ષનીધિ જ્યોતિરથનું ગુજરાત ભરમાં પરિભ્રમણ માટે પણ આ કમિટીએ મહત્ત્વનું કામ કર્યું છે. તે બાદ આ કમિટીના ચેરમેનપદે શ્રી સીતારામભાઈ જો. પટેલ આવ્યા. તેમના વખતમાં આ કમિટીએ મા

ઉમિયાના ઈતિહાસ અને ગૌરવ માટે સી.ડી. રોમ તૈયાર કરી અને આ પુસ્તકનું પ્રકાશન કર્યું. આ કમિટીએ મા ઉમિયાની ધજા નીચે ભારતભરના કડવા પાટીદારો નજીક લાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

૧૮મી શતાબ્દિ મહોત્સવ બાદ ખાસ કરીને યાત્રી સુવિધાઓ ઊભી કરવાનું મહત્ત્વનું કામ બાંધકામ કમિટીએ કર્યું છે. શરૂઆતના ચેરમેન સ્વ. શંકરલાલ બાલચંદદાસ પટેલ, સ્વ. ચતુરભાઈ ઈશ્વરદાસ પટેલ, અને ચાલુ કમિટીના ચેરમેનશ્રી મફતલાલ કિશોરદાસ પટેલ તથા શ્રી જીવરામભાઈ છબીલદાસ પટેલે આ સંસ્થાના પરિસરને આધુનિક ઓપ આપી સુંદર બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. શ્રી ઉમિયા માતાજીના મંદિર, ભોજનાલય, વિશ્રાંતિગૃહો, ઓફિસ, માનો ચોક, સત્સંગ હોલ, યજ્ઞશાળા વગેરેમાં જરૂરી ફેરફારો અને સુધારા-વધારા કરી નવો ઓપ આપ્યો છે. આ કમિટીની સતત દેખરેખ અને માર્ગદર્શન, રોજની હાજરીથી આ સંસ્થાન શોભી ઊઠ્યું છે.

રાજભોગ અને દેવસ્થાન કમિટીમાં ચેરમેનશ્રી સ્વ. ભોગીલાલ કેવળદાસ પટેલ, શ્રી હરગોવનભાઈ ગોબરદાસ પટેલથી લઈ હાલના ચેરમેનશ્રી મણીલાલ શંકરલાલ પટેલે ખાસ કાળજી રાખી મંદિરની પવિત્રતા જળવાય અને યાત્રીને ધાર્મિક રીતે વિધિ-વિધાન કે હવન માટે કોઈ તકલીફ ન પડે તેની કાળજી રાખી છે. તેમણે આ સંસ્થાનમાં ઉજવાતા ઉત્સવોમાં પણ વધુને વધુ લોકો લાભ લેતા થાય. તેવા પ્રયત્નો કર્યા છે. ખાસ કરીને બેસતુ વર્ષ, અન્નકૂટ, વસંત પંચમી, વૈશાખી પૂનમની શોભાયાત્રા તેમજ નવરાત્રી મહોત્સવ દરમિયાન નવે દિવસ ભવ્ય રોશની, ગરબા પાર્ટીઓ અને ચાચરચોકમાં માંડવી અને બહેનો માટે ગરબા ગાવાનું આયોજન કરી માનો પ્રભાવ વધાર્યો છે. આ કમિટીની કામગીરીમાં શ્રી ઉમા માઈ મંડળના ભાઈઓ હર વખતે સહાયરૂપ બન્યા છે. તેમના સાથ અને સહકારથી દરેક પ્રસંગ શોભી ઊઠ્યા છે.

મિલકત વેચાણ કમિટીના ચેરમેન તરીકે તેમજ સંસ્થાના પ્રમુખ તરીકે શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલે તેમની દીર્ઘદૃષ્ટિને લઈને કરોડોની મિલકત ઊભી કરી છે. શરૂમાં સ્વ. બાલચંદદાસ ઉમેદદાસ પટેલ તથા સ્વ. ગોબરદાસ શંભુદાસ પટેલ અને શ્રી મણીલાલ ઘંટીએ અંબાજી, બેચરાજીનાં પથિકાશ્રમો,

સોલાભાગવતનું કેમ્પસ, ઊંઝામાં ખરીદેલી જમીનો વગેરે આજે આ સંસ્થા માટે આગવી ઓળખ ઊભી કરી છે.

આ સંસ્થાએ ૧૯૭૩માં સમૂહલગ્નોનું આયોજન કરેલું. ત્યારથી વર્ષમાં માતાજી તરફથી પાંચ-છ દિવસોએ સમૂહલગ્નોનું આયોજન થાય છે. તેમજ જે કોઈ કડવા પાટીદારને અહીં ગમે ત્યારે લગ્ન યોજવાં હોય તો તેને નજીવા ચાર્જથી લગ્ન કરી આપવામાં આવે છે. હાલના ચેરમેનશ્રી પ્રહ્લાદભાઈ લક્ષ્મીચંદ પટેલે લગ્નોના આયોજનને કાળજીથી વધુ લોકો જોડાય તેવા પ્રયત્નો કર્યા છે. આ કાયમી લગ્નોત્સવ યોજના દ્વારા સમાજને કરોડો રૂપિયાની બચત થઈ છે. અને સામાન્ય માણસોને આશીર્વાદરૂપ બન્યા છે.

વિશ્રાંતિગૃહ કમિટીના દરેક ચેરમેને યાત્રીઓની સુવિધા જાળવવાનો જાત દેખરેખથી પ્રત્ન કર્યો છે. આ કમિટીના ચેરમેનશ્રીઓમાં શ્રી અંબાલાલભાઈ ચારી, શ્રી કાશીરામ વિરચંદદાસ પટેલે ઊભી કરેલી સુંદર વ્યવસ્થાને હાલના ચેરમેનશ્રી હરગોવનભાઈ પરસોત્તમદાસ પટેલ સતત કાળજી લઈ સારી રીતે ચલાવી રહ્યા છે. ઉત્સવો સમયે ત્રણે વિશ્રાંતિગૃહો યાત્રીઓથી ભરચક થઈ જાય છે.

ભોજનાલય કમિટીએ ખાસ કરીને યાત્રીઓને રાહતદરે શુદ્ધ અને સાત્વિક જમવાનું મળે, તેની સતત કાળજી રાખી છે. યાત્રીઓ અહીંના ભોજનથી સંતુષ્ટ રહે છે. દર પૂનમે મિષ્ટાન્ન અપાય છે. ઘણા યાત્રીઓ અન્ય યાત્રાધામોએ દર્શને જાય પણ જમવાનો અહીં આગ્રહ રાખે છે. વિદ્યાર્થી પર્યટન ટૂરોને પણ રાહતદરથી જમાડવાની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલના ચેરમેનશ્રી ત્રિભોવનભાઈ પી. પટેલ ભોજનાલય મય રહે છે. તેઓ ચોખ્ખુ ઘી, સાફ ઘઉં-દાળ-ચોખા, સાત્ત્વિક તેલ-મસાલા વગેરે જાતે દેખરેખ રાખી ખરીદે છે.

કેળવણી સહાયક કમિટી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે તેમજ વિધવાઓના બાળકોને ધો. ૧૨થી કોલેજ સુધી ભણવામાં સહાય કરે છે. ઉચ્ચશિક્ષણ સહાય નીધિનો લાભ લઈ કેટલાયે વિદ્યાર્થીઓ એન્જિનિયર, ડૉક્ટર બન્યા છે. માના આર્થિક સહાયના પ્રસાદથી સમાજમાં કેળવણી વિષયક પ્રગતિ થઈ છે. ઉચ્ચશિક્ષણ માટે વગર વ્યાજની લોન અપાય છે. આ કમિટીને

સમર્પિત ચેરમેનશ્રી પ્રભુરામભાઈ મોતીરામ પટેલ ખૂબ જ ઝીણવટ અને ચોક્સાઈથી કામ કરે છે. સમાજના લગભગ ૪૫૦૦ વિદ્યાર્થીઓએ આનો લાભ લીધો છે. ઉચ્ચશિક્ષણ સહાય નીધિને રૂપિયા બે કરોડથી બેવડાવવાનો પ્રયત્ન તેના ચેરમેન શ્રી અનિલભાઈ ટી. પટેલ તથા શ્રી વિક્રમદાસ પટેલ કરી રહ્યા છે.

અંબાજી, બેચરાજી અને સોલા કેમ્પસ કમિટીના ચેરમેનશ્રીઓ ત્યાં ઉતરનાર યાત્રીઓની સુવિધા કેમ વધુને વધુ જળવાય તેની કાળજી રાખે છે.

સર્વે કમિટી - આ કમિટી વિધવાઓને આર્થિક સહાય - પેન્શનરૂપે આપે છે. સમાજની વિધવા બહેનો આર્થિક લાચારીથી હતપ્રભ ન થાય. તેની મા ઉમિયા હૂંફ આપી અને કાળજી રાખે છે. આ કમિટીના ચેરમેનશ્રી માધવલાલ ભોળીદાસ પટેલ તેમજ શ્રી કાન્તિભાઈ ચતુરભાઈ પટેલ, શ્રી બાબુભાઈ શિવરામદાસ પટેલ વગેરે વિધવાઓની અરજીઓ તેમના ઘેર રૂબરૂ જઈ જાત તપાસ કરી યોગ્યાયોગ્યતા જોઈ મદદ કરવા પાત્રને મદદ કરે છે.

પ્રસાદ-સાહિત્ય વેચાણ કમિટી મા ઉમિયાના દર્શને આવનાર યાત્રીને પ્રસાદ માટે ઠગાવાનું ન થાય - તેની કાળજી રાખે છે. પ્રસાદ જથ્થાબંધ વ્યાજબી ભાવે ખરીદી પડતર ભાવે યાત્રીઓને વેચાય છે. તેના ચેરમેનશ્રી શંકરલાલ લક્ષ્મીચંદ પટેલ (બેંકર) જાત દેખરેખ રાખે છે.

રામપારાયણ અન્ન સહાય - સદાવ્રત કમિટી મા ઉમિયામાં આવતા ગરીબ અને અભ્યાગતોને સદાવ્રતમાં જમાડે છે. શ્રી ડોંગરેજી મહારાજની કથા વખતે મળેલ રકમ આ કમિટીમાં વપરાય છે. ધાર્મિક વૃત્તિના લોકો પણ આમાં સહાય કરે છે. તેના ચેરમેન શ્રી નટવરલાલ નારાયણદાસ પટેલ ખાસ કાળજી લઈ અભ્યાગતોને સંતુષ્ટ કરે છે. સાથે સાથે સમાજમાં ગરીબ કુટુંબોને અનાજ વિતરણ પણ કરેછે. આ વિતરણ કોઈને ખ્યાલ ન આવે તે રીતે લેનારની મર્યાદા જાળવી કરવામા આવે છે.

શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષનિધિ - આ નિધિનો ૧૦૦ કરોડ એકઠા કરવાનો સંકલ્પ છે. ઉત્કર્ષ નિધિ જ્યોતિરથ પણ આ માટે ગુજરાતમાં ફેરવવામાં આવ્યો હતો. આના ચેરમેન શ્રી કેશવલાલ શેઠ આ નિધિ પૂર્ણ કરવા ઉત્સાહ અને પ્રેરણા આપે છે.

આ સર્વ કમિટીઓનું સંકલન અને સંચાલન કાર્યવાહક કમિટીના માર્ગદર્શનથી થાય છે. આ સંસ્થાના પૂર્વ મંત્રીશ્રી મણીભાઈ ઘંટીની સભા સંચાલનની આગવી સૂઝ અને શૈલી નોંધપાત્ર હતી. તેમણે ઘણાં વર્ષો સુધી માતાજીની સેવા કરી છે અને યોગ્ય સમયે યોગ્ય નિર્ણયોથી વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ સંસ્થાનની કારોબારીના સભ્ય હોવું એ ગૌરવની વાત છે. ગુજરાતભરમાંથી અને મધ્ય પ્રદેશથી આ કારોબારીના સભ્યો પ્રતિનિધિત્વ ધરાવે છે. સમાજનું નવનિત (ક્રીમ) એવા આ આગેવાનો માતાજીની પ્રેરણાથી માતાજી દ્વારા સમાજની દિલ દઈને સેવા કરે છે. સર્વ કાર્યવાહી સર્વાનુમતે થાય છે. મતભેદોનો ચર્ચા-વિચારણાને અંતે દૂરગામી અસરોને લક્ષ્યમાં લઈને નિર્ણય લેવાય છે. સમાજના સર્વ વિસ્તારોનું પ્રતિનિધિત્વ જળવાય તે રીતે કારોબારીની રચના કરવામાં આવે છે.

હાલમાં આ સંસ્થામાં કોઈપણ કડવા પાટીદાર આજીવન સભ્ય બની શકે છે.

૧. આજીવન સભ્ય - રૂ. ૧૦૦૦ ભરી બની શકાય છે.

૨. ઉચ્ચશિક્ષણ સહાયક નિધિના સભ્ય - રૂ. ૨૫,૦૦૦ ભરી બની શકાય છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાની રોનક અને પ્રભાવ ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી નવા સ્વરૂપે નિખરી ઉઠ્યો છે. મા ઉમિયાનું 'સમાજ કલ્યાણી દેવી' તરીકેનું સ્વરૂપ ધ્યાનાકર્ષક બન્યું છે. જુદી જુદી કલ્યાણકારી યોજનાઓ સમાજના સર્વાંગી વિકાસ માટે ચાલી રહી છે. આ સંસ્થાએ આ યોજનાઓ મારફતે સમાજને કરોડો રૂપિયાની દાન-ભેટ સહાય આપેલી છે.

અકસ્માત વીમા યોજના અન્વયે વીમા કંપની સાથેના ક્લેઈમ પાસ થતાં સીધા જ વીમેદારને પહોંચાડવામાં આવે છે. આવા ક્લેઈમ પણ લગભગ રૂ. એક કરોડથી વધુ ચૂકવાયા છે.

મા ઉમિયા જગતજનની, કડવા પાટીદાર કુળદેવી અને સમાજકલ્યાણી માતા સ્વરૂપે ઊંઝામાં બિરાજી રહી છે. મા ઉમિયાનું આ અખંડ સ્વરૂપ છે તે પૂર્ણરૂપે અહીં બિરાજમાન છે અને આખા જગતમાં તેની પૂજા થઈ રહી છે.

આજે ધર્મની ઉપેક્ષા થઈ રહી છે. ભૌતિકવાદની બોલબાલા છે. લોકો ભૌતિકવાદના રવાડે ચડી મળેલી સ્વતંત્રતાને સ્વચ્છંદતા રૂપે ભોગવી રહ્યા છે. નીતિ, પ્રામાણિક્તા, વિવેક, મર્યાદા, શીલ, ચારિત્ર્યના ગુણોનો છડેચોક ભંગ થઈ રહ્યો છે. માનવતાની ભાવના હડધૂત થઈ રહી છે, ત્યારે માણસ માટે સંયમ, વિવેક અને માનવતાની ભાવના જગાડવી જરૂરી છે. આ માટેનો એકમાત્ર ઉપાય ધર્મ છે. ધર્મ અનુશાસન છે, ધર્મ જીવનપ્રણાલી છે. ધર્મ એ ઉચ્ચઆદર્શોનું ધ્યેય છે. ધર્મ એ જીવન અધ્યાત્મનું અંગ છે. ધર્મ સંયમ, વિવેક અને શીલ-મર્યાદા શીખવે છે. ધર્મ એ સંસ્કૃતિની રચના અને રક્ષા કરે છે. માનવજીવનને ઉચ્ચ માનવીય આદર્શોના ધ્યેય તરફ ધર્મ લઈ જાય છે. આજે માણસને ધર્મની ખાસ આવશ્યકતા છે. આપણે સૌએ સમયે-સમયે ધર્મના સ્વરૂપને સામાજિક પ્રવાહ સાથે સંકલન કરીને તેની આરાધના કરવી જોઈએ. તેમાં વ્યક્તિ કરતાં સમષ્ટિનો ખ્યાલ રહેવો જોઈએ. ધર્મને સમયે સમયે ગતિશીલ બનાવી રૂઢિચુસ્તતા અને અંધશ્રદ્ધાથી બહાર લાવવો જોઈએ. આપણા ધર્મે આપણા જીવનના ચાર મુખ્ય પાયા બતાવ્યા છે - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ પાયા પર રચાયેલ ભારતીય સંસ્કૃતિ પર યુગે યુગે અગણિત આક્રમણો થયાં હોવા છતાં આજે તે ટકી રહી છે. તે જ તેની સર્વોપરિતા સિદ્ધ કરે છે.

આપણા ધર્મે અર્થોપાર્જનને પાયામાં લીધો છે. તે દ્વારા માણસ પોતે પોતાનો તો ઉદ્ધાર કરી શકે છે,પણ સમાજ માટે પણ તે ઉપયોગી બની શકે છે. દાનની ભાવના મુખ્ય છે. આપણા ધર્મે તો કમાણીનો દસમો ભાગ સમાજ માટે દાન માટે વાપરવા જણાવેલ છે. તો આપણે પણ ધર્મના આદેશને અનુસરી આપણી કમાણીનો ભાગ સમાજ માટે વાપરીએ, તે પુણ્યનું કામ છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા ધાર્મિક તેમજ સામાજિક ઉત્ક્રાંતિનું કામ કરી રહેલ છે. ત્યારે દરેક કડવા પાટીદારે આ કામમાં અને તે દ્વારા સામાજિક વિકાસમાં પોતાનો ફાળો આપવો જોઈએ. સમાજ માટેની સદ્ભાવના આપણા માટે પણ સદ્ભાવનાના પુણ્યરૂપે અગણિત રૂપે આપણને પરત મળે છે. આ જ તો ધર્મ છે, આ જ તો પુણ્ય છે.

જય શ્રી ઉમિયા!

પરિશિષ્ટ-૧

કડવા પાટીદાર સમાજ ઉત્તર ભારત - પંજાબથી આવી ગુજરાતમાં વસ્યો છે. તેની સાબિતીરૂપે તેની બાવન શાખાઓ છે, જે પંજાબના જે-તે ગામ - પ્રદેશનો નિર્દેશ કરે છે.

બાવન શાખ

ક્રમ	નામ	પેટા-શાખ	મૂળ વતન	સ્થળની જગ્યા
૧.	મોલ્લોત	લીંબાણી-આણદાણી	માંડલેહ	મેવાડની ઉત્તરે
૨.	રૂસાત	દડગા	રોહતગઢ	જેલમ નદીના કિનારે
૩.	ભેંમાત	રામજીઆણી	ભામ	હોશિયારપુર પાસે
૪.	ગામી	રામાણી, રવાણી, સેગાણી વાલાણી, દાનાણી, રૂનાણી વગેરે	ગમ્બાર	માઉન્ટ ગોમરી પાસે
૫.	ભૂવા	સુરાણી, રતનાણી, બેલાણી, સેંગાલ, પેથાણી, વાલાણી વગેરે	ભોવા	લાહોર પાસે
૬.	ફોક		ફુક	લારખાના પાસે
૭.	ઘુઘડા	ગોરાણી, હળપાણી, માનકુવાઈ	ગોધા	ભાવલપુર પાસે
૮.	ટિલાટ	માવાણી, સવાણી, લાલાણી, મેપાણી	ટિલાયુ	શાહબાગ પાસે
૯.	મજીઠિયા	ગોગારી	મજીઠમંડી	અમૃતસર પાસે
૧૦.	માંડવિયા	પારેખ, છાભૈયા, કેશરાણી	માંડી	પંજાબમાં
૧૧.	મુંજાલ		મુંજા	પંજાબમાં
૧૨.	વિજાયત		વજીરપુરા	જિલ્લો આગ્રા
૧૩.	ગોઠી	માંકાણી	ગોઠ	શરીફપુર પાસે
૧૪.	અમૃતિયા	રંગાણી	અમૃતસર	પંજાબ
૧૫.	મુંગલા		મંગલપુરા	લાહોર પાસે

૧૬.	ભૂત		ભૂતના	લુધિયાણા પાસે
૧૭.	પહાણ	ઠાકરાણી	પાન	ગોંડાબલરામપુર પાસે
૧૮.	જુવાતર	જખવાણી, વાગડિયા	જુવા	ઇટાવા પાસે
૧૯.	સોરઠા		સોનથા	પુરનીઅલ પાસે
૨૦.	લારી	વાડિયા	લાર	ગોરખપુર પાસે
૨૧.	લાકોડા		લાખોદર	લાહોર પાસે
૨૨.	કતવર		કાતના	મથુરા પાસે
૨૩.	દાણી	ભાવાણી	દાણાવલ	જલંધર પાસે
૨૪.	ચપલા		ચપલ	મહુ પાસે
૨૫.	હરણિયા		હર	મેદનીપુર પાસે
૨૬.	હોતી	ચૌધરી	હોતી	પેશાવર પાસે
૨૭.	લહુઓટ		લાહોર	પંજાબ
૨૮.	કલારા		કાલ	જેલમ પાસે
૨૯.	કાળપુછા		કાળસાયા	લુધિયાણા પાસે
૩૦.	ગોદાળ	ચૌહાણ	ગોન્દા	અલીગઢ પાસે
૩૧.	ભક્કા	પારસિયા, કાબેરિયા	ભક્કા	ગોપાળગંજ પાસે
૩૨.	ઢાન ટોડવા		ઢાનાપુર	ગોંડલ રામપુર પાસે
૩૩.	કરણાવત	ઉકાણી, ભૌમાણી, ખીમાણી	કરંડા	ઘાસીપુર પાસે
૩૪.	ધોળું	નરસિંહઆણી	ધોળ	મુજફ્ફરપુર પાસે
૩૫.	ઢેકાળ		ઢેખાલ	ફરીદપુર પાસે
૩૬.	ડાકોતર	સેગાણી	–	–
૩૭.	મોખાત	નાકારાણી, જાદવાણી	–	–
૩૮.	કડવાતર	ચીકાણી	–	–
૩૯.	ચેંચાટ		–	–
૪૦.	સાકરિયા	વાસાણી, ભાદાણી	–	–
૪૧.	મનવર	સાંખલા, પ્રેમજીઆણી	–	–
૪૨.	ચેંણિયા		–	–
૪૩.	ચપેલિયા	પજવાણી	–	–


૪૪.	શેઠિયા		–	–
૪૫.	વગદા		–	–
૪૬.	સીરવી	રૂડાણી, પંચાલી, મેઘાણી	–	–
૪૭.	કુવારા		–	–
૪૮.	ઢાંકાણિયા		–	–
૪૯.	દેવાણી	નાયાણી, કાનાણી	–	–
૫૦.	પોકાર	ભીમાણી, વડવાળી, ઉદેડાઈ, લવાણી, ધનાણી સાનાણી, અજોરિયા	–	–
૫૧.	ચોપડા		–	–
૫૨.	કોદાળ		–	–

આ ઉપરાંત ૪૩ કુટુંબો માળવા તરફ થઈને સિદ્ધરાજના સમયમાં ઈડર, વાંસવાડા અને આનર્ત પ્રદેશોમાં વસેલા.

આમ તો પંજાબથી ઉત્તર ભારત, રાજસ્થાન, માળવા થઈ ઊંઝા આવી ઠરીઠામ થયા બાદ જ આ લોકો 'કડવા પાટીદાર' તરીકે ઓળખાવા લાગ્યા. આમ છતાં ઊંઝાથી પણ કડવા પાટીદારો સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત વગેરે વિસ્તારમાં ફેલાયા. આમ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમની ગામ, ધંધો કે વડવાઓનાં નામ સાથે જુદી જુદી શાખો, પેટાશાખો અસ્તિત્વમાં આવી.

- ડૉ. અમૃત પટેલના સૌજન્યથી

પરિશિષ્ટ-૨


ભારતમાં
ગુજરાત
ગુજરાતમાં
મહેસાણા જિલ્લો
મહેસાણા જિલ્લામાં
ઊંઝા
શ્રી ઉમિયા
માતાજી મંદિર
સરદાર
ચોક
ગાંધી
ચોક
A.P.M.C.
CIRCLE
પાટણ રોડ
રેલવે
સ્ટેશન
શ્રી ઉમિયા માતાજી જવાનો રસ્તો
ઐઠોર ચાર રસ્તા
N

પરિશિષ્ટ-૩

ઊંઝા - ખ્યાતિ :

૧. મા ઉમિયાની પૂર્ણ - અખંડ સ્વરૂપ શક્તિપીઠ - યાત્રાધામ - કડવા પાટીદાર કુળદેવી.

૨. એશિયાનું મોટામાં મોટું ખેત ઉત્પન્નનું માર્કેટયાર્ડ - ખાસ કરીને જીરું, વરિયાળી, ઈસબગુલ માટેનું - વર્ષે લગભગ રૂ. ૪૦૦થી ૫૦૦ કરોડનું ટર્નઓવર થાય છે. અહીં લગભગ મોટાભાગની અગ્રહરોળની બેંકોની સગવડતા છે.

૩. આયુર્વેદિક દવાઓની મોટી ઊંઝા ફાર્મસી આવેલી છે, જે દેશભરમાં પ્રખ્યાત છે.

ઊંઝા પહોંચવા માટે :

– ગુજરાતમાં અમદાવાદથી ઉત્તરે ૧૦૦ કિલોમીટર

– મુંબઈથી વાયા અમદાવાદ ઉત્તરે ૭૫૦ કિલોમીટર

– દિલ્હીથી દક્ષિણે ૯૫૦ કિલોમીટર

રેલવેમાર્ગ :

– અમદાવાદથી દિલ્હીના રસ્તે વાયા કલોલ, મહેસાણા થઈ ઊંઝા

– મુંબઈથી અમદાવાદ થઈ દિલ્હીના રસ્તે ઊંઝા

– દિલ્હીથી રેવાડી, અજમેર, મારવાડ થઈ ઊંઝા

બસમાર્ગ :

– અમદાવાદથી ઊંઝા વાયા મહેસાણા સ્ટેટ હાઈવે નંબર. ૪૧ના રસ્તે

વિમાનમાર્ગ :

– મુંબઈથી અમદાવાદ - ત્યાંથી રેલવે યા બસ મારફત ઊંઝા

– દિલ્હીથી અમદાવાદ - ત્યાંથી રેલવે યા બસ મારફત ઊંઝા

નજીકનું હિલસ્ટેશન :

૧. માઉન્ટઆબુ (રાજસ્થાન) - ઊંઝાથી ઉત્તરે રેલવે કે બસ માર્ગે લગભગ ૧૩૦ કિલોમીટર.

(શિલ્પ સ્થાપત્યના નમૂનારૂપ ભારતભરમાં પ્રખ્યાત દેલવાડાનાં દેરાં)

૨. સાપુતારા (ગુજરાત) - ઊંઝાથી અમદાવાદ - સુરત થઈ રેલવે કે બસ માર્ગે લગભગ ૪૫૦ કિલોમીટર

નજીકનું ઐતિહાસિક સ્થળ :

૧. પાટણ - એક વખતની સોલંકીઓ સમયની રાજધાની - ઊંઝાથી ૨૬ કિલોમીટર પશ્ચિમે (રાણકીવાવ, સહસ્રલિંગ તળાવ)

૨. વડનગર - નાગર બ્રાહ્મણોનું મુખ્ય મથક - ઊંઝાથી ૪૦ કિલોમીટર પૂર્વમાં (તોરણ, હાટકેશ્વર મહાદેવ)

૩. મોઢેરા - ઊંઝાથી લગભગ ૬૦ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમ બાજુ (સૂર્યમંદિર, સ્થાપત્ય કલાનો અજોડ નમૂનો)

૪. સિદ્ધપુર - ઊંઝાથી લગભગ ૧૫ કિલોમીટર ઉત્તરે (રુદ્ર મહાલય - શિવમંદિર અલ્લાઉદ્દીન ખીલજીએ તોડ્યું - હાલ જીર્ણ)

નજીકનાં યાત્રાધામ :

— અંબાજી - અંબાજી માતાની શક્તિપીઠ - બસ રસ્તે ઉત્તરમાં ૧૧૦ કિલોમીટર

— બેચરાજી - બાલાત્રિપુરા સુંદરી શ્રી બેચરાજી શક્તિપીઠ - બસ રસ્તે દક્ષિણ-પશ્ચિમે ૮૫ કિલોમીટર

— સિદ્ધપુર - શાસ્ત્રોમાં સ્થાન પામેલ સિદ્ધક્ષેત્ર શ્રીસ્થળ-માતૃશ્રાદ્ધ માટે ખાસ સરસ્વતી નદી જે દરિયાને મળતી ન હોવાથી કુમારિકા કહેવાય છે. આથી પવિત્ર મનાય છે. સ્નાનનો મહિમા વધુ છે. બારે માસ વહેતી નથી - કપિલમુનીનો આશ્રમ - બિન્દુ સરોવર - ઊંઝાથી ૧૫ કિલોમીટર ઉત્તરે.

પરિશિષ્ટ-૪

શ્રી ઉમિયા માતાજીમાં ધર્મલાભ માટે નોંધાતી તિથિઓ :

૧. યજ્ઞતિથિ :

પોતાના જીવનની યાદગાર તિથિ કે કોઈની સ્મૃતિતિથિએ માતાજીમાં રૂ. ૫૦૦૦ ભરી દરવર્ષે તે તિથિએ હવન કરી શકાય છે. હાલ દરેક માસની રોજના ૨ હવનની તિથિઓની નોંધ થઈ ગયેલ છે.

કોઈ પોતાની ઈચ્છા મુજબ ગમે તે તિથિએ હવન કરવાની ઈચ્છા ધરાવે તો તેવી સગવડ કરી અપાય છે.

૨. કાયમી પ્રસાદ તિથિ :

માતાજીમાં સવારની મંગળાઆરતીમાં મહાપ્રસાદનો ભોગ ધરાવવામાં આવે છે. રૂ. ૧૫૦૦ ભરી ઈચ્છિત તિથિએ મહાપ્રસાદ વહેંચી શકાય છે.

૩. કાયમી થાળ તિથિ :

માતાજીને થાળ ધરાવવાની ભક્તની ઈચ્છા પણ રૂ. ૧૦૦૦ ભરવાથી ઈચ્છિત તિથિએ થાળ ધરાવવાની નોંધ કરાવી શકાય છે.

૪. સદાવ્રત તિથિ :

માતાજીમાં સદાવ્રત ચાલે છે. સાધુ, સંત કે અભ્યાગતોને ભોજન અપાય છે. રૂ. ૧૦૦૦ ભરી ઈચ્છિત તિથિની નોંધ પ્રમાણે ભોજન અપાય છે.

૫. અખંડ ઘીનો દીવો :

માતાજીમાં અખંડ જ્યોત જલે છે. તે માટે ઘીની વ્યવસ્થામાં પણ ભેટ આપી શકાય છે.

૬. પ્રસાદ :

માતાજીનાં દર્શને આવતા યાત્રીઓને પ્રસાદ વહેંચાય છે. આ પ્રસાદ માટે પણ ભેટ આપી શકાય છે.

માતાજીના વહીવટમાં ભાગ લેવા માટે :

રૂ. ૧૦૦૦ ભરી આ સંસ્થાના આજીવન સભ્ય થઈ શકાય છે.

વિશ્વના કડવા પાટીદારોની એકસૂત્રતા દર્શાવતી આગવી ઓળખ

૧. વિશ્વના કડવા પાટીદારોનું માદરે વતન 'ઉમાપુર' ઊંઝા જ છે.

૨. વિશ્વના કડવા પાટીદારોની કુળદેવી એક જ મા ઉમિયા છે.

૩. વિશ્વના કડવા પાટીદારો જન્મે ગામડામાં જ, કારણ માત્ર ખેતી આધારિત સમાજ હતો.

૪. વિશ્વના કડવા પાટીદારોની અંગત માલિકીની એક માત્ર ધાર્મિક સંસ્થા 'શ્રી ઉમિયામાતાજી સંસ્થાન-ઊંઝા' છે.

૫. વિશ્વના કડવા પાટીદારો વેદકાળથી મા ઉમિયાની પૂજા કરતા આવ્યા છે. એટલે તેમની રગેરગમાં મા ઉમિયાની ભક્તિ વ્યાપેલી છે.

॥ પંચસૂત્રી કાર્યક્રમ ॥

આપણે સૌ આટલું તો કરીએ જ !

(૧) ઘેર-ઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજીનો ફોટો રાખીએ.

(૨) કડવા પાટીદારનાં દીકરા-દીકરીનાં સગપણ (ચાંલ્લા) પ્રસંગે માતાજીનો ચાંદીનો સિક્કો આપીએ.

(૩) દીકરા-દીકરીના લગ્નપ્રસંગે સૌથી પહેલી કંકોત્રી માતાજીને લખવાનું ન ભૂલીએ.

(૪) કડવા પાટીદાર દંપતીએ લગ્ન કર્યાં પછી વર્ષે-દિવસે માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે ઊંઝા આવવાની પ્રથા જાળવીએ.

(૫) આપણી આવકમાંથી તથા શુભપ્રસંગોએ યથાશક્તિ ફાળો દરવર્ષે માતાજીમાં ભેટરૂપે મોકલાવીએ.

નોંધ : આ પંચસૂત્રી કાર્યક્રમ ૧૮મી શતાબ્દી મહોત્સવ વખતે સમાજને આપવામાં આવેલો.

॥ દસ સૂત્રી કાર્યક્રમ ॥

૧. દીકરા-દીકરી વચ્ચે ભેદ ન રાખીએ.

૨. પુત્રવધૂને દીકરીસમાન ગણીએ.

૩. બાળલગ્નો નામે બંધ કરીએ.

૪. વિધવા/ત્યક્તા બહેનોનાં પુનર્લગ્ન માટે સમજ કેળવીએ.

૫. બહેનોને કન્યાકેળવણીની સાથે ગૃહજીવનને ઉપયોગી શિક્ષણ આપીએ.

૬. અંધશ્રદ્ધા, વહેમ અને રૂઢિચુસ્તતામાંથી બહાર આવી સાચા અર્થમાં શક્તિ સ્વરૂપમાં મા ઉમાના પૂજકો બનીએ.

૭. સમયનાં પરિવર્તન સાથે આપણા સામાજિક રીતરિવાજોને પણ બદલીએ.

૮. આપણા સામાજિક પ્રશ્નો અદાલતોમાં ન લઈ જતાં સમાજ દ્વારા ઉકેલીએ.

૯. દિવસમાં એકવાર કુટુંબ સાથે જમીએ અને પ્રાર્થના કરીએ.

૧૦. ગામેગામ ઉમા મહિલામંડળોની સ્થાપના કરીએ.

નોંધ : ૧૮મી શતાબ્દી મહોત્સવનાં ૧૦ વર્ષ પૂરાં થયે મહિલાજાગૃતિ વર્ષની ઉજવણી વખતે સમાજને આ ૧૦ સૂત્રી કાર્યક્રમ આપેલો.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા,
અગત્યની તવારિખો

૧. ઈ.સ. ૧૫૬ સંવત ૨૧૨ શ્રી ઉમિયા માતાજીની પ્રાણપ્રતિષ્ઠા.

૨. વિ. સંવત ૧૧૨૪ ચૈત્ર માસ શ્રી ઉમિયા માતાજીનું મંદિર બનાવી શિખર ચડાવ્યું.

૩. વિ. સંવત ૧૩૫૬ મંદિરનો વિધ્વંસ-અલાઉદ્દીન ખીલજી.

૪. વિ. સંવત ૧૮૭૩થી વિ. સંવત ૧૮૭૯ મંદિરના કિલ્લાનું બાંધકામ.

૫. ઈ.સ. ૧૮૬૭ માતાજીના ઇંટ-ચૂનાના મંદિરને સ્થાને પથ્થરબંધી કલાપૂર્ણ મંદિરના સર્જનની શરૂઆત.

૬. ઈ.સ. ૧૮૮૩ પાટીદાર સમાજની શ્રી બહેચરદાસ લશ્કરીની સરપંચ. (પ્રમુખ) સ્થાને અન્ય પંચો (કારોબારી)ની માતાજીના મંદિર બાંધકામ માટે વરણી થઈ.

૭. ઈ.સ. ૧૮૯૫ (તા. ૧૩-૨-૧૮૯૫) માનસરોવર ખુલ્લું મુકાયું.

૮. ઈ.સ. ૧૯૨૧ (સંવત ૧૯૭૮) બંધુકાવિવાહનો છેલ્લો પ્રસંગ.

૯. ઈ.સ. ૧૯૩૧ (તા. ૨-૫-૧૯૩૧) શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું.

૧૦. ઈ.સ. ૧૯૫૩ (તા. ૨૦-૨-૧૯૫૩) આ સંસ્થાની ટ્રસ્ટ નોંધણી નં. એ/૯૪૩ - મહેસાણા.

૧૧. ઈ.સ. ૧૯૫૬ યાત્રિકો માટે ભોજનશાળા શરૂ થઈ.

૧૨. ઈ.સ. ૧૯૬૨ શ્રી માતાજીના ટાવરની રચના થઈ.

૧૩. ઈ.સ. ૧૯૭૨ મંદિર પર શેઠ શ્રી અરવિંદભાઈ મફતલાલના શુભહસ્તે ફરીથી નવીન ધ્વજદંડનું આરોપણ.

૧૪. ઈ.સ. ૧૯૭૪ (તા. ૧૫-૮-૧૯૭૪) માતાજીના પ્રાંગણમાં શિવાલયનો જીર્ણોદ્ધાર અને પ્રાણપ્રતિષ્ઠા.

૧૫. ઈ.સ. ૧૯૭૬ (તા. ૨૫-૧૧-૧૯૭૬ થી તા. ૨૯-૧૧-૧૯૭૬) માતાજીનો યાદગાર ૧૮મી શતાબ્દી મહોત્સવ ઊજવાયો.

૧૬. ઈ.સ. ૧૯૭૮ (તા. ૧૯-૨-૧૯૭૮) આ સંસ્થાનું સુધારા-વધારા સાથેનું નવીન બંધારણ મંજૂર કરવામાં આવ્યું.

૧૭. ઈ.સ. ૧૯૭૯ (તા. ૨૯-૪-૧૯૭૯/સંવત ૨૦૩૫) શ્રી કડવા પાટીદાર જ્ઞાતિનો ઉમિયા માતાજી ખાતે પ્રથમ સમૂહલગ્નોત્સવ - ૨૪ યુગલોનાં લગ્નો.

૧૮. ઈ.સ. ૧૯૮૨ (તા. ૩-૬-૧૯૮૨) યાત્રિકો માટે નવીન વિશ્રાંતીગૃહ અને ભોજનાલય ખુલ્લાં મુકાયાં.

૧૯. ઈ.સ. ૧૯૮૩ (તા. ૩૦-૧૦-૧૯૮૩) કડવા પાટીદાર જ્ઞાતિનાં ગમે ત્યાં યોજતાં સમૂહલગ્નોમાં કન્યાને આશીર્વાદરૂપે પાનેતર આપવા ઠરાવ્યું.

૨૦. ઈ.સ. ૧૯૮૫ (તા. ૮-૧૧-૧૯૮૫) નવીન યજ્ઞશાળા ખુલ્લી મુકાઈ.

૨૧. ઈ.સ. ૧૯૮૮ (તા. ૨૩-૧-૧૯૮૮) નવીન કાર્યાલય ખુલ્લું મુકાયું.

૨૨. ઈ.સ. ૧૯૮૮ (તા. ૨૩-૧૦-૧૯૮૮) શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ - અંબાજી ખુલ્લું મુકાયું.

૨૩. ઈ.સ. ૧૯૯૧ (તા. ૧૩-૩-૧૯૯૧) શ્રી ના. મા. પટેલ શ્રી ઉમા પથિકાશ્રમ - બેચરાજી ખુલ્લું મુકાયું.

૨૪. ઈ.સ. ૧૯૯૨ (તા. ૧૪-૭-૧૯૯૨) માતાજી ખાતે સત્સંગ હોલ ખુલ્લો મુકાયો.

૨૫. ઈ.સ. ૧૯૯૩ (તા. ૨૮-૧-૧૯૯૩) શ્રી ઉમિયા માતાજી કેમ્પસ-સોલા (અમદાવાદ) ખાતે વિશ્રાંતીગૃહ ખુલ્લું મુકાયું.

૨૬. ઈ.સ. ૧૯૯૬ (તા. ૨૭-૧૦-૧૯૯૬) શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિમાં રૂ. ૧૦૦ કરોડ સમાજના ઉત્કર્ષ માટે એકઠા કરવાનો ઠરાવ.

૨૭. ઈ.સ. ૧૯૯૮ (તા. ૨૦-૯-૧૯૯૮) કન્યા અને કુમારછાત્રાલયોને ખર્ચના ૨૫ ટકા અગર રૂ. ૫,૦૦,૦૦૦ આપવાનું ઠરાવ્યું.

૨૮. ઈ.સ. ૧૯૯૯ (તા. ૩-૧૦-૧૯૯૯) શ્રી ઉમિયા માતાજી કેમ્પસ-સોલા (અમદાવાદ) ખાતે આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવાનો ઠરાવ.

૨૯. ઈ.સ. ૨૦૦૦ (તા. ૨૫-૧૦-૨૦૦૦) માનસરોવર પરનું પથિકાશ્રમ ખુલ્લું મુકાયું.

આદ્યશક્તિ કુળદેવી
શ્રી ઉમિયા માતાજીની આરતી
(મંગલા અને સંધ્યાઆરતી સમયે પ્રાર્થના)

જય આદ્યશક્તિ માં, જય આદ્યશક્તિ,
અખંડ બ્રહ્માંડ દીપાવ્યાં (૨) પડવે પંડે મા,
ૐ જયો જયો મા જગદંબે,
દ્વિતિયા બેઉ સ્વરૂપ, શિવશક્તિ જાણું, મૈયા શિવશક્તિ જાણું
બ્રહ્મા ગણપતિ ગાએ, (૨) હર ગાએ હર મા,
ૐ જયો જયો મા જગદંબે,
તૃતિયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠાં, મૈયા ત્રિભુવનમાં બેઠાં.
દયા થકી તરવેણી (૨) તમે તરવેણી મા
ૐ જયો જયો મા જગદંબે,
ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચર વ્યાપ્યાં, મા સચરા ચર વ્યાપ્યાં
ચાર ભુજા ચૌ દિશા (૨) પ્રગટ્યાં દક્ષિણમાં,
ૐ જયો જયો મા જગદંબે,
પંચમી પંચ ઋષિ, પંચમી ગુણ પદ્મા, મૈયા પંચમી ગુણ પદ્મા
પંચસહસ્ર ત્યાં સોહીએ (૨) પંચે તત્ત્વોમાં
ૐ જયો જયો મા જગદંબે,
ષષ્ઠી તું નારાયણી, મહીષાસુર માર્યો, મૈયા મહીષાસુર માર્યો
નરનારીના રૂપે (૨) વ્યાપ્યાં સઘળે મા
ૐ જયો જયો મા જગદંબે,
સપ્તમી સપ્ત પાતાળ સંધ્યા સાવિત્રી મા સંધ્યા સાવિત્રી,
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી ગિરિજા મા,
ૐ જયો જયો મા જગદંબે,
અષ્ટમી અષ્ટ ભુજા, મા આઈ આનંદા મૈયા આઈ આનંદા
સૂરનર મુનિવર જન્મ્યા (૨) દેવે દૈત્યો મા
ૐ જયો જયો મા જગદંબે,

નવમી નવકુળ નાગ, સેવે નવ દુર્ગા મા સેવે નવદુર્ગા
નવરાત્રીનાં પૂજન, શિવરાત્રીના અર્ચન કીધાં હર બ્રહ્મા
ૐ જયો જયો મા જગદંબે,

દસમી દસ અવતાર જય વિજયા દસમી મૈયા જય વિજયા દસમી
રામે રામ રમાડ્યા (૨) રાવણ રોળ્યો મા
ૐ જયો જયો મા જગદંબે,

એકાદશી અગિયારસ કાત્યાયનીકામા મૈયા કાત્યાયનીકામા
કામ, દુર્ગા કાલિકા (૨) શ્યામા ને રામા
ૐ જયો જયો મા જગદંબે,

બારસે બાળારૂપ બહુચરી અંબા મા મૈયા બહુચરી અંબા મા
બટુક ભૈરવ સોહિયે. કાળ ભૈરવ સોહિયે, તારા છે તુજમા
ૐ જયો જયો મા જગદંબે,

તેરસે તુળજા રૂપ, તમો તારૂણી માતા મૈયા તમો તારૂણી માતા
બ્રહ્મા વિષ્ણુ, સદાશિવ (૨) ગુણ તારા ગાતા
ૐ જયો જયો મા જગદંબે,

ચૌદસે ચૌદા રૂપ ચંડી ચામુંડા મૈયા ચંડી ચામુંડા
ભાવ ભક્તિ કંઈ આપો, ચતુરાઈ કંઈ આપો, સિંહવાહિની મા
ૐ જયો જયો મા જગદંબે,

પૂનમે કુંભ ભર્યો, સાંભળજો કરુણા, મૈયા સાંભળજો કરુણા
વશિષ્ઠ દેવે વખાણ્યાં માર્કંડ દેવે વખાણ્યાં, ગાઈ શુભ કવિતા
ૐ જયો જયો મા જગદંબે,

સંવત સોળ સતાવન સોળસે બાવીસ મા, મૈયા સોળસે બાવીસ મા
સંવત સોળે પ્રગટ્યા (૨) મા રેવાને તીરે મૈયા ગંગાને તીરે,
મૈયા જમનાને તીરે ૐ જયો જયો મા જગદંબે,

ત્રંબાવટી નગરી, મૈયા રૂપાવટી નગરી, મૈયા મંછાવટી નગરી
સોળ સહસ્રા સોહીએ (૨) ક્ષમા કરો ગૌરી મૈયા દયા કરો ગૌરી
ૐ જયો જયો મા જગદંબે,

શિવશક્તિની આરતી જે કોઈ ગાશે, મા જે ભાવે ગાશે
ભણે શિવાનંદ સ્વામી (૨) સુખ-સંપત્તિ થાશે
હર કૈલાસે જાશે, મૈયા ઉમિયા દુઃખ હરશે, મૈયા અંબા દુઃખ હરશે,
મૈયા બહુચર દુઃખ હરશે, ૐ જયો જયો મા જગદંબે,
એકમે એક સ્વરૂપ અંતર નવ ધરશો મૈયા, અંતર નવ ધરશો
ભોળાં ઉમિયા માને ભજતાં, ભોળાં અંબે માને ભજતાં
ભવસાગર તરશો ૐ જયો જયો મા જગદંબે,
ભાવ ન જાણું, ભક્તિ ના જાણું, નવ જાણું સેવા, મૈયા નવ જાણું સેવા
બાળ તારા શરણે (૨) અવિચળ પદલેવા
ૐ જયો જયો મા જગદંબે,
મૈયા માનો મંડપ લાલ ગુલાલ, શોભા બહુ સારી, મૈયા શોભા બહુ સારી
અબીલ ઊડે આનંદે, ગુલાલ ઊડે આનંદે, જય ઉમિયા માડી
ૐ જયો જયો મા જગદંબે,

બોલો શ્રી ઉમિયા માત કી જય
બોલો શ્રી અંબે માત કી જય
બોલો શ્રી બહુચર માત કી જય
હર હર મહાદેવ હર...

આરતી

ૐ જય ઉમિયા શક્તિ, મૈયા જય ઉમિયા શક્તિ
તારુ સ્મરણ જ્યાં થાય (૨) ત્યાં તુ દુઃખ હરતી... ૐ જય ઉમિયા શક્તિ
તું પ્રગટ પરમેશ્વરી, તુ જગજનની મા... મૈયા તુ જગ જનની મા
તુ કડવેશ્વરી માતા (૨) તુ કલ્યાણી મા... ૐ જય ઉમિયા શક્તિ
તુ જગશક્તિ નારાયણી મા, તુ આદ્યશક્તિ... મૈયા તુ આદ્યશક્તિ
તારી લીલા કોઈ ન જાણે (૨) તુ જગ ધાત્રી મા... ૐ જય ઉમિયા શક્તિ
દક્ષ પ્રજાપતિ ઘેરે, તુ પુત્રી સ્વરૂપા... મૈયા તુ પુત્રી સ્વરૂપા
તુ અર્ધાંગીની શિવની (૨) તુ શક્તિ સ્વરૂપા... ૐ જય ઉમિયા શક્તિ
તે શિવના અપમાને, દેહનો હોમ કીધો... મૈયા દેહ હોમી દીધો
શિવ શંકરના કોપે (૨) શિવગણે હવન તુટ્યો... ૐ જય ઉમિયા શક્તિ

તારુ શબ લઈ કાંધે, શિવે તાંડવ કીધુ... મૈયા શિવે તાંડવ કીધુ
દેવોએ પ્રાર્થ્યા વિષ્ણુ (૨) શિવને શાંત કરવા... ૐ જય ઉમિયા શક્તિ

વિષ્ણુ સુદર્શને શબના, બાવન અંગ છેદ્યા... મૈયા બાવન અંગ છેદ્યા
જ્યાં જ્યાં અંગના ભાગો (૨) ત્યાં ત્યાં તમો પ્રગટ્યા... ૐ જય ઉમિયા શક્તિ

બાવન શક્તિ પીઠે, તું શક્તિ બેઠી... મૈયા તુ શક્તિ બેઠી
જે કોઈ ધ્યાવે-પ્રાર્થે (૨) દુ:ખ તેના હરતી... ૐ જય ઉમિયા શક્તિ

તુ હિમાલય પુત્રી, બીજા અવતારે...સતી ઉમા અવતારે
તે આરાધ્યા શિવને (૨) તપ કઠિન કીધુ... ૐ જય ઉમિયા શક્તિ

દેવોએ પ્રાર્થ્યા શિવને, તાડકાસુર હણવા... મૈયા તાડકાસુર હણવા
તમે જ શિવની શક્તિ (૨) પ્રગટ થયાં જગમાં... ૐ જય ઉમિયા શક્તિ

તમે સરસ્વતી તીરે, રમત કરી ભારી... મૈયા રમત કરી ભારી
બાવન પૂતડાં બનાવી (૨) પૂર્યા તેમાં પ્રાણ... ૐ જય ઉમિયા શક્તિ

તે કડવા કુળ પ્રગટ્યુ, તુ કુળદેવી મા... મૈયા તુ કુળદેવી મા
કૃપા થઈ શંકરની (૨) તમને સ્થાપ્યા જ્યાં... ૐ જય ઉમિયા શક્તિ

ઉંમા પુરની મધ્યે, તુ પૂર્ણ રૂપે મા... મૈયા પૂર્ણ સ્વરૂપે મા
તુ આદિ શક્તિ મા (૨) તુ જગ કલ્યાણી... ૐ જય ઉમિયા શક્તિ

તુ સર્જન કરતી મા, તુ પોષણ કરતી... મૈયા તુ પોષણ કરતી
તુ સંહારક મારક (૨) તુ જગધાત્રી મા... ૐ જય ઉમિયા શક્તિ

તારૂ પૂજન અર્ચન, જે કોઈ કરતું... મૈયા જે કોઈ કરતું
તુ પ્રગટ શક્તિ છે (૨) તુ આશા પુરતી... ૐ જય ઉમિયા શક્તિ

તુ કલ્યાણી, તુ જગજનની તુ કુળદેવી મા... મૈયા તુ કુળદેવી મા
વ્રજપાલજીએ સેવી (૨) મંદિર બાંધી જ્યાં... ૐ જય ઉમિયા શક્તિ

તુ પ્રગટ પરમેશ્વરી, તુ અખંડ સ્વરૂપા... મૈયા તુ અખંડ સ્વરૂપા
ઊંઝા ગામે બેઠી (૨) સૌના દુ:ખ હરતી... ૐ જય ઉમિયા શક્તિ

મા ઉમિયાની આરતી જે કોઈ ગાશે... મૈયા જે ભાવે ગાશે
માઈ ભક્ત કહે છે (૨) ભવસાગર તરશે, તેનું ઉમિયા દુ:ખ હરશે,
તેની આશા પૂરણ થશે... ૐ જય ઉમિયા શક્તિ

રચયિતા : **સીતારામભાઈ જોઈતારામ પટેલ**

શ્રી ઉમિયા માતાજીના રથ ઉપર ગવાતી આરતી

ઉમિયા દુઃખ હરે, મા ઉમિયા દુઃખ હરે,
આવ્યા શરણ તમારે (૨) બાળક દ્વાર પરે
મા ઉમિયા દુઃખ હરે...

તું અંબા તું તુળજા, તું બહુચર બાળી (૨)
તું ભુવનેશ્વરી માઈ (૨) જય વિજયા કાળી
મા ઉમિયા દુઃખ હરે...

તું લક્ષ્મી સાવિત્રી, તું રાધે-સીતા (૨)
તું ગંગા-ગાયત્રી, તું ગૌરી-ગીતા
મા ઉમિયા દુઃખ હરે...

આદ્યશક્તિ નારાયણી, તું મંગળ દાતા (૨)
બ્રહ્મા, વિષ્ણુ, સદાશિવ ગુણ તારા ગાતા
મા ઉમિયા દુઃખ હરે...

માનો મંડપ લાલ ગુલાલ, શોભા બહુ સારી (૨)
દર્શન કરવા આવે અગણિત નર-નારી
મા ઉમિયા દુઃખ હરે...

ભાવ ન જાણું ભક્તિ ન જાણું, નવ જાણું સેવા (૨)
વ્રજપાલ સિંહને રાખ્યા ચરણે સુખ દેવા
મા ઉમિયા દુઃખ હરે...

ઉમિયામાની આરતી જે કોઈ ગાશે
જે ભાવે ગાશે, ભણે રતિરેવાના સુખ-સંપત થાશે,
અતિ આનંદ થાશે, હર કૈલાસે જાશે, મારી ઉમિયા દુઃખ હરશે.
મા ઉમિયા દુઃખ હરે...

ઉમિયા દુઃખ હરે મા ઉમિયા દુઃખ હરે...
આવ્યા શરણ તમારે બાળક દ્વાર પરે.
મા ઉમિયા દુઃખ હરે....

કર્પુર ગૌરમ્ કરુણાવતારમ્ સંસાર સારમ્ ભુજગેન્દ્ર હારમ્
સદા વસન્તમ્ હૃદયાર્વિંદે ભવમ્ ભવાની સહિતમ્ નમામિ.
શરણાગત દીનાર્ત પરિત્રાણ પરાયણે સર્વસ્યાર્તિ હરે દેવી નારાયણી નમોસ્તુતે.
સર્વ મંગલ માંગલ્યે શિવે સર્વાર્થ સાધિકે શરણ્યે ત્ર્યંબકે ગૌરી નારાયણી નમોસ્તુતે.
कुलदेवी च विद्महे शिव पत्नी च धीमहि तन्नो उमा प्रचोदयात्।

માતાજીની છડી

સોનેકી છડી, રૂપેકી મશાલ, જરીયાનકી સાડી, મોતીયાંકી માલા,
રાજમાન રાજરાજેશ્વરી, કડવા પાટીદાર કુળદેવી,
શ્રી ઉમિયામાને ઘણી ખમ્મા...

શ્રી ઉમિયા માતાજીની મંગળાઆરતી સમયે પ્રાર્થના

કર જોડી જાચું રે મા તમને
નિસદિન ઉદો ઉદો, હું ચરણે ૨—કરજોડી...
પહેલી ભટ્ટ વલ્લભે જાચી,
માની અવિચળ સ્થિર પદ સ્થાપી ૨—કરજોડી...
માજી સૂરથ તણીતો વારે ચઢીયાં
જઈને મા બાણાસૂરથી લઢીયાં ૨—કરજોડી...
માને નિંદે તે નરકે જાશે.
ઉમિયાને ભજી સદા સુખી થાશે ૨—કરજોડી...
જદુરામ નામ છે સાચું,
ઉમિયાનાં ચરણકમળ રંગ રાચું ૨—કરજોડી...
ઉમિયા ઘણાં પ્રિય છો અમને,
ઉમાઅંબા ઘણાં પ્રિય છો, અમને ૨—કરજોડી...
માડી પાયે હું તો લાગું રે મા તમને.
નિસદિન ઉદો ઉદો! હું ચરણે ૨—કરજોડી...
શ્રી ઉમિયા માત કી જય : શ્રી અંબે માત કી જય,
શ્રી બહુચર માત કી જય : હર હર મહાદેવ હર.

માતાજીને મંગળાઆરતીનો મહાપ્રસાદ ધરાવ્યા પછીની સ્તુતિ

રામ કહે સુઃખ ઉપજે, કૃષ્ણ કહે દુઃખ જાય,
મહિમા મહાપ્રસાદનો ભાવે પ્રિત લગાય,
સિયાવર રામચંદ્રકી જય, રાજા રામચંદ્ર કી જય,
પવનપુત્ર હનુમાન કી જય, ગણપતિ મહારાજ કી જય,
ઉમાપતિ મહાદેવ કી જય.

કૃષ્ણ-બલદેવ કી જય, બોલો ભાઈ સબ સંતો કી જય.
સદ્‌ગુરુ દેવ કી જય, નમઃ પાર્વતી પતે હર હર મહાદેવ હર...
પ્રસાદ લઈ પાવન થયા, પૂર્યા મનના કોડ,
એક વાર સૌ બોલજો જય જય શ્રી રણછોડ,
સિયાવર રામચંદ્ર કી જય, રાજા રામચંદ્ર કી જય,
પવનપુત્ર હનુમાન કી જય, ઉમાપતિ મહાદેવ કી જય.
કૃષ્ણ-બલદેવ કી જય, બોલો ભાઈ સબ સંતો કી જય.
સદ્‌ગુરુ દેવ કી જય. શ્રી ઉમિયા માતા કી જય.
હર હર મહાદેવ હર.

શ્રી ઉમિયા માતાજીનો મધ્યાહ્‌ન, બપોરે રાજભોગ, સાંજે સંધ્યા આરતી પછીનો થાળ

ઉમિયા જમવા આવોને માત ભવાની
બહુચરને સાથે લાવોને માત ભવાની
માતાજી મારાં રસોઈ બનાવી મેં તો સારી રે
વાટલડી જોઉં તમારી રે, માત ભવાની
માતાજી મારા ઢેબર-જલેબી પૂરી ખારી રે
જોઈ જોઈ જમજો માતા મારાં રે માત ભવાની
માતાજી મારા પકવાન બનાવ્યાં મેં તો સારાં રે
ખૂબ ખાજો ખાંડને ખાજાં રે, માત ભવાની
માતાજી મારાં ભજિયાં બનાવ્યાં સાથે ભાજી રે
ચટણીઓ મેલી તાજી રે માત ભવાની
માતાજી મારા સોગંદ શરમ છોડી દેજો રે
જોઈએ તે માગી લેજો રે માત ભવાની
માતાજી મારા મોટા ઉપાડે નોંતરું દીધું રે
મેં જે હતું એ હાજર કીધું રે, માત ભવાની
માતાજી મારા શંકરની અરજી ઉરમાં ધરજો રે
અમ પર કરુણા કરજો રે, માત ભવાની
ઉમિયા જમવા આવોને, માત ભવાની

શ્રી ઉમિયા માત કી જય
શ્રી અંબે માત કી જય
શ્રી બહુચર માત કી જય
હર હર મહાદેવ... હર!

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન સંકુલ - એક નજર

મંદિરના અંદરની ધર્મશાળા

મંદિર ફરતે ૨૫થી ૩૦ ફૂટની જગ્યા રાખી ધર્મશાળા બનાવી.

ધર્મશાળાની લંબાઈ : પૂર્વ-પશ્ચિમ : ૧૮૫ ફૂટ

ઉત્તરે પહોળાઈ - ૧૬૦ ફૂટ

દક્ષિણે પહોળાઈ : ૧૪૮ ફૂટ

ખર્ચ : રૂ. ૧૭,૫૩૮

ધર્મશાળાના ૬૧ વિભાગ-૩ મહેલદાર દરવાજા - ચોમેર કિલ્લેબંધી.

થાંભલા કમાનો - ભોંયતળિયે પથ્થર જડેલો છે - ધર્મશાળા પર મજબૂત ધાબું કરી અગાશી છે - ચાર ખૂણે ચાર ઘુંમટ - પૂર્વ તરફના દરવાજે ૨૨ × ૧૧ ફૂટની ઓરડી છે, જે માતાજીના ગવૈયાઓ માટે અને ચોઘડિયાં વગાડવા ઉપયોગમાં લેવાય છે.

શ્રી ઉમિયા પથિકાશ્રમ - અંબાજી

શ્રી અંબાજી દેવસ્થાનના પશ્ચિમ દરવાજા જોડે સને. ૧૯૭૯માં વિશાળ જગ્યા સાથે લશ્કરી શેઠનો બંગલો ખરીદ્યો - રૂ. ૩,૨૫,૦૦૦ ત્યાં ૨૮ રૂમ - એક ઓફિસ - ૨ રસોડાં શેડ, ૫૦૦ યાત્રીઓની સગવડતા સાથે. ખર્ચ અંદાજે રૂ. ૨૫,૦૦,૦૦૦

શ્રી ઉમિયા માતાજી કેમ્પસ - સોલા (અમદાવાદ)

શ્રી ભાગવત વિદ્યાપીઠની બાજુમાં ૨૬ વીઘા જમીન તથા બોર અને ૨૬ રૂમોનાં બાંધકામ સાથે ખરીદવામાં આવ્યાં. ૨૬ રૂમ પૈકી ૧૩ રૂમ આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરને ફાળવી. ખર્ચ : રૂ. ૭૫,૦૦,૦૦૦

નાનકડું સુંદર શ્રી ઉમિયા માતાજીનું મંદિર બનાવવામાં આવ્યું.

પથિકાશ્રમ-૧ (ઉત્તર બાજુ)

આધુનિક સગવડતાવાળી ૩૬ રૂમ, ૩ સ્ટોર રૂમ, ૫ સાર્વજનિક હોલ તથા ભોજનાલય. ખર્ચ અંદાજે રૂ. ૪૦,૦૦,૦૦૦

પથિકાશ્રમ-૨ (પશ્ચિમ બાજુ)

આધુનિક ઓફિસ - તે ઉપર પથિકાશ્રમ-૧ હોલ - કર્મચારી આવાસ - ભોંયતળિયે દુકાનો ખર્ચ અંદાજે રૂ. ૧૦,૦૦,૦૦૦

પથિકાશ્રમ-૩ (પૂર્વ બાજુ)

માનસરોવર ઉપર આધુનિક સુવિધાયુક્ત પથિકાશ્રમ કુલ ૨૪ રૂમ તેમાં એ.સી.ની સગવડવાળી ૨ રૂમો સહિત.

માનસરોવર

લંબાઈ : ૧૨૦ ફૂટ પહોળાઈ : ૧૨૦ ફૂટ

ઊંડાઈ : ૫૬ ફૂટ વચ્ચે એક કુવો

પશ્ચિમ ભાગે શિવાલય - ૯ ફૂટ પહોળું અને ૨૮ ફૂટ ઊંચું

બાંધકામ : તા. ૧-૪-૧૯૮૭થી તા. ૧૩-૨-૧૯૯૫ સુધી.

શ્રી ઉમિયા માતાજી ટાવર

ઊંચાઈ ૮૦ ફૂટ

શ્રી ના. મા. પટેલ પરિવાર
શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ-બેચરાજી

સને ૧૯૭૯ આસપાસ શ્રી નારણભાઈ માધવલાલ પટેલ પરિવાર તરફથી ૯૨૦૧ ચોરસવાર જમીન પથિકાશ્રમ માટે ભેટ મળી.

- આ પથિકાશ્રમના બે માળ
- ૧૬ + ૧૬ = ૩૨ રૂમ
- ૨૦૦૦ માણસો જમી શકે તેવા ભોજનાલયની વ્યવસ્થા
- એકીસાથે ૨૪ રસોડાં થઈ શકે તેવી વ્યવસ્થા
- કુલ ખર્ચ રૂ. ૪૨,૦૦,૦૦૦
- આ ઉપરાંત ૫૪ × ૧૦૦ ફૂટનો એક સાંસ્કૃતિક હોલ
- તેના ઉપર આધુનિક સગવડતાવાળી ૧૧ રૂમો - એક ઓફિસ.

- ખર્ચ અંદાજે રૂપિયા ૫૪,૦૦,૦૦૦
- ભવિષ્યની જરૂરિયાત માટે બીજી ૨.૫ વીઘા જમીન પણ લેવામાં આવી.
- આ પથિકાશ્રમ ખાતે પટેલ કમુબહેન અંબાલાલ નારણદાસ સીતાપુરવાળાના રૂ. ૪,૭૫,૦૦૦ના દાનથી શ્રી ઉમિયા માતાજીનું મંદિર બનાવવામાં આવ્યું.

શ્રી ઉમિયા માતાજીનું મંદિર

ઊંચાઈ : ૬૩ ફૂટ - ૯ ઇંચ

પૂર્વ-પશ્ચિમ લંબાઈ : ૮૬ ફૂટ - ૬ ઇંચ

ઉત્તર-દક્ષિણ પહોળાઈ : ૮૧ ફૂટ - ૬ ઇંચ

રંગમંડપ : ૨૬ ફૂટ ૮ ઇંચ × ૧૧ ફૂટ ૧ ઇંચ

ચોકી : ૧૧ ફૂટ ૧ ઇંચ × ૧૧ ફૂટ ૧ ઇંચ

મંડોવરની ઊંચાઈ : ૧૫ ફૂટ - ૭ ઇંચ

મંદિરની જગતી : ૪ ફૂટ - ૩ ઇંચ

મંદિરની કર્ણપીઠ : ૨ ફૂટ - ૧૧ ઇંચ

મંદિરના શિખરની ઊંચાઈ : ૪૪ ફૂટ - ૧ ઇંચ

સ્થાપત્ય : ચૌલુક્ય શૈલી

લગભગ ૧૭૫ વર્ષ જૂનું બાંધકામ

ઉમિયા જ્યોતિરથ

લંબાઈ–૨૩', પહોળાઈ–૮', ઊંચાઈ–૧૫' ખર્ચ રૂ. ૮,૬૦,૬૦૦.

જ્યોતિરથ તાતા ૪૦૭ ગાડીમાં જોડવામાં આવ્યો છે.



મંદિરની અંદરની ધર્મશાળા



અંબાજી સ્થિત શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ



શ્રી ઉમિયા કેમ્પસ - સોલા



પથિકાશ્રમ (ઉત્તર બાજુ)



પથિકાશ્રમ (પશ્ચિમ બાજુ)



પથિકાશ્રમ (પૂર્વ બાજુ)




પૌરાણિક માહાત્મ્યવાળું માનસરોવર



શ્રી ઉમિયા માતાજી ટાવર



શ્રી ના. મા. પટેલ પરિવાર ઉમિયા માતાજી પથિકાશ્રમ - બેચરાજી



શ્રી ઉમિયા માતાજીનું મુખ્ય મંદિર



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી ઊંઝા (ઉત્તર ગુજરાત)

मा उमाम्बा शरणमस्तु जन्मातरेष्वपि।

કડવા પાટીદાર કુળદેવી

શ્રી ઉમિયા માતાજી દર્શન

(ઈતિહાસ - પાટીદારો - ઊંઝા)

(સચિત્ર)

अन्य क्षेत्रे कृतं पापं तीर्थक्षेतेरे विनश्यति ।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ।।

અન્ય સ્થળે કરેલુ પાપ, તીર્થસ્થાનમાં ધોવાઈ જાય છે. પરંતુ જો તીર્થસ્થાનમાં પાપ કર્યું હોય તો તે વજલેપ સમાન બને છે. જે કદી ધોવાતું નથી.

વિભાગ - ૨

શ્રી ઉમિયા માતાજીના અન્ય મંદિરો

- શ્રી ઉમિયા માતાજી-સિદસર
- શ્રી ઉમિયા માતાજી મંદિર-વાંઢાય
- શ્રી ઉમિયા માતાજી મંદિર
  - શ્રી ઉમિયા ધામ - સુરત
- શ્રી ઉમિયા માતાજી મંદિર
  - મેકન - જ્યોર્જિયા - યુ.એસ.એ.
- કડવા પાટીદાર કુળદેવી
  શ્રી ઉમિયા માતાજીનાં મંદિરોની યાદી

૧

શ્રી ઉમિયા માતાજી-સિદસર

જામજોધપુર, જિ. જામનગર, ફોન : ૦૨૮૯૮–૨૭૪૪૭૪, ૨૭૪૪૩૫

હોદ્દેદારો

ક્રમ	નામ	ગામ	હોદ્દો
૧.	શ્રી ઓધવજીભાઈ આર. પટેલ	મોરબી	પ્રમુખ
૨.	શ્રી મોહનભાઈ કરમશીભાઈ વાછાણી	જામજોધપુર	ઉપપ્રમુખ
૩.	શ્રી રમણીકભાઈ કાનજીભાઈ ભાલોડિયા	લાલપુર	ઉપપ્રમુખ
૪.	શ્રી જયેશભાઈ કે. પટેલ	જામનગર	મંત્રી
૫.	શ્રી નરસિંહભાઈ સવજીભાઈ માકડિયા	સિદસર	ખજાનચી
૬.	શ્રી હસમુખભાઈ વાલજીભાઈ પનારા	ધોરાજી	સહમંત્રી
૭.	શ્રી ઓધવજીભાઈ આર. પટેલ	મોરબી	મેનેજિંગ ટ્રસ્ટી

સિદસર ગામ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાનું વેણું નદીના કિનારે આવેલ એક રળિયામણું ગામ છે. કુદરતનાં સાંનિધ્યમાં આવેલ આ ગામે મા ઉમિયા પ્રગટ થયાં હતાં. શ્રીકૃષ્ણ ભગવાનની ગોપીઓ સાથેની રાસલીલા સમયે ગોપીઓની તરસ છીપાવવા વેણુંના નાદથી પ્રગટ કરેલી વેણું નદી અને આજુબાજુનો વનરાજી તેમજ ડુંગરાળ પ્રદેશ, સિદ્ધ સંતોને અલખની આરાધના કરવા પ્રેરે તેવા પવિત્ર સિદસર ગામે મા ઉમિયા પ્રગટ થયાં છે.

મા ઉમા દેવડા ગામના નખશિખ ભક્ત અને પવિત્ર એવા રતનાબાપાને પ્રસન્ન થયેલાં. રતનાબાપા કણસાગરા, એક કડવા પાટીદાર અને ખેડૂત હતા. વ્યવસાય ખેતીનો પણ રતનાબાપાનો જીવ સંતનો હતો. તેમના આંગણે આવેલ અતિથિ કદી રોટલાનો ભૂખ્યો રહેતો નહિ. 'સંતોની સેવા અને અભ્યાગતને રોટલો' - આ તેમનો જીવનમંત્ર હતો. એક દિવસ એક સાધુ તેમને ત્યાં પધાર્યા અને તેમને મા ઉમિયાની ભક્તિ કરવા આદેશ કર્યો. ત્યારથી તેમના દિલમાં મા ઉમિયા વસી ગયાં.

રાત-દિવસ, હરતાં-ફરતાં મા ઉમિયાનું સ્મરણ કરતા રત્નાબાપાને એક

રાત્રે દિવ્ય અનુભૂતિ થઈ. ભાવ સમાધિમાં ડૂબેલ આ મામય બનેલ જીવને મા ઉમિયાએ પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને આદેશ કર્યો કે, 'બેટા! સિદસર ગામે મારી મૂર્તિ દટાયેલી છે, એને તું બહાર કાઢ! જ્યાં કંકુના સાથિયાનું નિશાન હશે ત્યાં ખોદતાં તને મૂર્તિ મળશે!' એ દિવસે તો રત્નાબાપા સંકોચને લઈને કોઈને કંઈ કહી શક્યા નહીં. બીજા દિવસે પણ માએ દર્શન આપી ભગતને ફરી દટાયેલી મૂર્તિ બહાર લાવવા આદેશ કર્યો.

બીજા દિવસે ભગત સિદસર ગામે આવી, ગામ લોકોને આ વાત કરી. લોકો સાથે જગ્યા શોધતાં શોધતાં કંકુના સાથિયાના નિશાને પહોંચ્યા. વેણું નદીના કિનારે ખોદકામ શરૂ કર્યું. પ્રથમ કાળી શિલા નીકળી, તેને હટાવતાં ત્યાંથી સફેદ ચળકતી, પ્રકાશ રેલાવતી દેદીપ્યમાન સંગેમરમરની માની મૂર્તિ જોવામાં આવી. માની મૂર્તિને બહાર લાવ્યા - સર્વને માની દિવ્ય અનુભૂતિ થઈ. માને કપાળે રૂડો ચાંદલો, ચાર ભુજા, ગળામાં હાર, હાથમાં કંગન, પગમાં તોડા અને માથે શોભતો મુગટ દિવ્ય અને પ્રકાશપુંજ પાથરતાં સાક્ષાત મા ઉમિયા પ્રગટ થયાં. આ દિવસ તે સંવત-૧૯૫૫ના ભાદરવા સુદ-૧૫. મા પ્રગટ થયાની વાત વાયુવેગે ફેલાતાં લોકોનાં ટોળેટોળાં દર્શનાર્થે આવવાં લાગ્યાં. આ વાતની જાણ ગોંડલ નરેશ પ્રજાપ્રેમી રાજા શ્રી ભગવતસિંહજીને થઈ. તેમણે માનું સુંદર મંદિર બનાવી મૂર્તિને ગોંડલમાં પધરાવવા નક્કી કર્યું. મૂર્તિને ગોંડલ લઈ જવામાં આવી, પણ માએ રાત્રે રાજાજીને સ્વપ્નમાં ગોંડલ નહિ પણ સિદસર જ રહેવા જણાવ્યું. મૂર્તિને પાછી સિદસર લાવવામાં આવી અને ત્યાં નાનકડા મંદિરમાં તેની સ્થાપના કરવામાં આવી. માઇભક્ત શ્રી રત્નાબાપાએ ત્યારથી એક વસ્ત્ર ધારણ કરી માની સેવામાં જ પોતાનું જીવન સમર્પણ કર્યું. તેઓ સંવત ૧૯૯૯માં સ્વર્ગવાસી થયા.

માતાજીના પ્રાગટ્યદિવસે દર ભાદરવા સુદ-૧૫ના રોજ હવનનું આયોજન થાય છે.

તે બાદ તે જગ્યાએ નવીન મંદિર બાંધવાનું આયોજન થયું. તેમાં પણ માની કૃપાથી ન ધારેલી સફળતા મળી અને ભવ્ય મંદિરનું નિર્માણ થયું. જેમાં તા. ૨૪-૩-૧૯૮૫થી તા. ૨૮-૩-૧૯૮૫ દરમિયાન માતાજીની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી. મહાન ઉત્સવ ઊજવાયો. ઊંઝા નિજમંદિરથી અખંડજ્યોત લાવી પધરાવવામાં આવી. અખંડ જ્યોત લેવા માટે મોટી સંખ્યામાં ભક્તો પગપાળા


કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી - સિદસર

realpatidar.com

ઊંઝા આવ્યા હતા. માતાજીની મૂર્તિની પુનઃપ્રતિષ્ઠા સાથે શ્રી ગણપતિજી, શ્રી હનુમાનજી અને શિવલિંગની પણ શાસ્ત્રોક્ત વિધિસર સ્થાપના કરવામાં આવી. આ પ્રસંગે પાંચેક લાખ યાત્રીઓએ આ મહોત્સવનાં દર્શન કર્યાં.

સંવત - ૨૦૫૫માં મા ઉમિયાને પ્રગટ થયે ૧૦૦ વર્ષ પૂરાં થતાં હોવાથી તે વર્ષને 'શ્રી ઉમિયા માતાજી પ્રાગટ્ય શતાબ્દી વર્ષ' તરીકે ઊજવવાનું નક્કી કર્યું. તા. ૨૨-૪-૧૯૯૯થી તા. ૨૬-૪-૧૯૯૯ દરમિયાન શતાબ્દી મહોત્સવ ઊજવવામાં આવ્યો - જેની ભવ્યતા કંઈ ઔર જ હતી. શ્રી ઉમિયા પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ સમિતિએ જિલ્લા, તાલુકા અને ગામેગામ શ્રી ઉમિયા પરિવાર સમિતિઓ બનાવી - જેથી કડવા પાટીદાર સમાજના દરેક જણ લાભ લઈ શકે. આ મહોત્સવ ૪૦૦ વીઘા જમીનમાં આયોજવામાં આવ્યો. ત્યાં ૧૦૮ કુંડી મહાયજ્ઞ, કૃષિમેળો, આધ્યાત્મિક પ્રદર્શન, વિજ્ઞાનપ્રદર્શન, વ્યસનમુક્તિ પ્રદર્શન, ધર્મસભાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનાં આયોજનો પાર પાડવામાં આવ્યાં. આ મહોત્સવ લગભગ ૧૫/૨૦ લાખ માણસોએ માણ્યો. આટલા ભવ્ય અને મહાવિશાળ મહોત્સવના આયોજનમાં કડવા પાટીદાર સમાજની વ્યવસ્થા શક્તિનાં દર્શન પણ થયાં. ઊંઝાના ૧૮મી શતાબ્દી મહોત્સવ જેવો જ આ મહોત્સવ ઊજવાયો. આ મહોત્સવમાં ઊંઝા-મા ઉમિયાનો જ્યોતિરથ આ દિવસો દરમિયાન ત્યાં હતો. જે યોગાનુયોગ હતો. જેથી મહોત્સવને વિશેષ ભવ્યતા મળી.

શ્રી ઉમિયા માતાજી પ્રાગટ્ય શતાબ્દી વર્ષના મહોત્સવ પછી સિદસર ધામ યાત્રીઓથી ધમધમતું થયું. આર્થિક સદ્ધરતા ખૂબ વધી. આથી ટ્રસ્ટી મંડળે ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કર્યું, જે નીચે મુજબ છે.

૧. માનાં દર્શને આવનાર યાત્રીઓને વિનામૂલ્યે ચા, ભોજન પ્રસાદી અને ઉતારાની સગવડ આપવામાં આવે છે.

૨. 'કાયમી લગ્ન અભિયાન'માં ભાગ લેનાર સમાજની કોઈપણ વ્યક્તિને કોઈ ચાર્જ લીધા વગર લગ્ન કરી આપવામાં આવે છે. કન્યાને સંસ્થા તરફથી વિવિધ વસ્તુઓ ભેટમાં અપાય છે.

૩. સમાજની આર્થિક રીતે લાચાર વ્યક્તિને કોઈપણ મોટી બીમારીની સારવાર માટે રૂ. ૧૦,૦૦૦ સુધીની સહાય અપાય છે.

૪. સૌરાષ્ટ્રના કોઈપણ વિસ્તારમાં કન્યા કે કુમાર છાત્રાલય બનાવનારને રૂ. ૨,૫૦,૦૦૦ સુધીની આર્થિક સહાય અપાય છે.

૫. સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરાય છે.

૬. આ ટ્રસ્ટ તરફથી સર્વરોગ નિદાન કેમ્પ, રક્તદાન કેમ્પનું આયોજન કરાય છે.

૭. માતાજીના પ્રાગટ્યદિન દર ભાદરવા સુદ-૧૫ના દિવસે યજ્ઞનું આયોજન થાય છે.

૮. સરકારશ્રીની જળસ્રાવ વિકાસયોજના અન્વયે તાલુકાનાં ગામોમાં ચેકડેમ, પાળાબંધ તથા જંગલ વિસ્તરણની કામગીરીમાં ભાગ લેવાય છે, તેમજ વરસાદી પાણીના સંગ્રહની કામગીરી માટે પણ ટ્રસ્ટ સહાયભૂત થાય છે.

૯. 'ઉમિયા પરિવાર' નામનું માસિક મુખપત્ર ચલાવવામાં આવે છે.

આમ આ મંદિરનું ટ્રસ્ટ ધાર્મિક સાથે સાથે સામાજિક પ્રવૃત્તિઓ પણ ચલાવે છે, જે ઊંઝા મા ઉમિયા સંસ્થાનની પ્રવૃત્તિઓ જેમ જ કામ કરે છે.

સિદસર ટ્રસ્ટની ભેટ - યોજનાઓ

૧. ભોજન-પ્રસાદ તિથિ દાતા - રૂ. ૫૦૦૧
પોતાના સ્વજનની સ્મૃતિમાં કે પોતાની પુણ્ય ભાવના ખાતર રૂ. ૫૦૦૧ ભરી આજીવન તિથિદાતા બની શકાય છે.

૨. પ્રસાદ-થાળ તિથિ દાતા - રૂ. ૫૦૧
ઉપર પ્રમાણે ગમે તે પ્રસંગ કે યાદગાર સ્મૃતિની યાદમાં આજીવન તિથિ નોંધાવી શકાય છે.

૩. લગ્નહોલ તથા ભોજનાલયના એક ગાળાના દાતા રૂ. ૨૧,૦૦૦
સંસ્થાના ભોજનાલય ઉપર બાંધેલ કાયમી લગ્ન હોલના એક ગાળા માટે રૂ. ૨૧,૦૦૦ ભરી સહયોગી દાતા બની શકાય છે.

૪. સીમતળ ભૂમિદાન દાતા રૂ. ૫૦૦૦
ટ્રસ્ટના વિકાસ માટે સંપાદિત કરેલ જમીનના એક વીઘાના રૂ. ૫૦૦૦ પ્રમાણે ભૂમિદાન દાતા બની શકાય છે.

૫. કાયમી લગ્ન અભિયાન દાતા - રૂ. ૧૦૦૧
કાયમી લગ્ન યોજનામાં રૂ. ૧૦૦૧ આપી સ્પોન્સર દાતા બની શકાય છે.

૬. 'ઉમિયા પરિવાર' આજીવન સભ્ય રૂ. ૭૫૦
'ઉમિયા પરિવાર' માસિક માટે રૂ. ૭૫૦ ભરી આજીવન સભ્ય બની શકાય છે.

૨

શ્રી ઉમિયા માતાજી મંદિર – વાંઢાય

શ્રી ઉમિયા માતાજી ટ્રસ્ટ

ઈશ્વરનગર, વાંઢાય ● ફોન : ૦૨૮૩૨-૨૭૬૨૩૨

હોદ્દેદારશ્રીઓ

પ્રમુખશ્રી : હંસરાજભાઈ દેવજી ધોળુ

ઉપપ્રમુખશ્રી : બાબુલાલ હીરજી ચૌહાણ
ધનજીભાઈ ગોવિંદ સેંગાણી

માનદ્મંત્રીશ્રી : શિવજીભાઈ નાનજી કાનાણી

સહમંત્રી : પ્રો. કે. વી. પાટીદાર
ડૉ. પ્રેમજી રામજી ઘોઘારી
શ્રી શિવલાલ દેવશી સેંગાણી

ખજાનચીશ્રી : ગંગારામ શિવગણ ચૌહાણ

વાંઢાય ગામ સંતોની તપોભૂમિ છે. અહીં સંતશ્રી વિહારી સાહેબ, શ્રી ઈશ્વરરામજી અને સંતશ્રી ઓધવરામજી જેવા સંતોએ તપશ્ચર્યા કરી હતી. શ્રી ઉમિયા માતાજીનું મંદિર સંતશ્રી ઓધવરામજીની પ્રેરણાથી સંવત-૨૦૦૦માં સ્થાપવામાં આવેલું. સંવત ૨૦૦૩ના રામનવમીના દિવસે અહીં તે જ જગ્યાએ શ્રી ઉમિયા માતાજીની મૂર્તિ સ્થાપવામાં આવી હતી. આ મંદિરને આજે અડધી સદી ઉપરનો સમય થઈ ગયો છે.

શરૂઆતમાં અહીં નાનકડું મંદિર અને થોડાક ઓરડા હતા. સંતોની ભૂમિ અને કડવા પાટીદારની કુળદેવીની સ્થાપના થતાં લોકોનો વિશ્વાસ વધ્યો અને વિકાસ થવા લાગ્યો. અહીં પાણી માટે દેશલપરથી પાઈપલાઈન દ્વારા પાણી લાવવામાં આવ્યું. ઈ.સ. ૧૯૭૧માં વીજળીકરણ થયું અને ગૌશાળા પણ બની. ઈ.સ.૧૯૭૪માં મંદિરના પટાંગણમાં શ્રી ઓધવરામજી ભવનનું

નિર્માણ થયું. ઈ.સ. ૧૯૭૮માં સંત શ્રી વાલરામજીની પ્રેરણાથી ઉમાદેવી અને ઈશ્વરરામજી અન્નક્ષેત્રનો પ્રારંભ થયો. તે બાદ જરૂર મુજબ જમીન સંપાદન કરી પાંચ ભવનોનું નિર્માણ કરવામાં આવ્યું. યાત્રાળુઓ માટે ભોજન અને અદ્યતન સુવિધાયુક્ત આવાસની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી.

આજ અરસામાં મંદિરનો જીર્ણોદ્ધાર થયો. અન્નક્ષેત્ર માટે વિશાળ ભોજનખંડ, રસોઈઘર બન્યાં. માતાજીના મંદિરના પ્રાંગણમાં તપસ્વી બ્રહ્મનિષ્ઠ સંતશ્રી ઈશ્વરરામજી મહારાજનો ખંડ અને તેમાં તેમણે ઉપયોગમાં લીધેલ ઢોલિયો દર્શનાર્થે રાખવામાં આવ્યો. સાથે સાથે માતાજીના મંદિરના પ્રેરણાદાતા પ.પૂ. સંતશ્રી ઓધવરામજી મહારાજનું દર્શન મંદિરમાં તેમની પ્રતિમા મૂકવામાં આવી.

આ રીતે મા ઉમિયાનું વિશાળ પરિસર લીલાંછમ વૃક્ષોથી શોભી ઊઠે છે. અહીં નાના-મોટા સભાખંડો અને આવાસ ભવનો પણ છે. જેમાં ૯૫ અદ્યતન સુવિધાયુક્ત રૂમ છે.

વાંઢાય મંદિર ભૂજ તાલુકામાં ભૂજથી નખત્રાણા જતાં રાજ્ય ધોરીમાર્ગ પર ભૂજથી ૨૫ કિ.મી.ના અંતરે અને અમદાવાદથી ૪૦૦ કિ.મી. દૂર આવેલ છે. અહીં શ્રી ઉમિયા માતાજીના મંદિર સિવાય રામમંદિર, ઈશ્વરઆશ્રમ અને નજીકમાં ભગવાનશ્રી લક્ષ્મીનારાયણનું મંદિર પણ આવેલું છે.

અહીં યાત્રીઓને રહેવા માટે સર્વ સુવિધા ઉપલબ્ધ છે. અન્નક્ષેત્ર ખાતે સવારે ચા-પાણી અને બપોર-સાંજ જમવાની વ્યવસ્થા છે. ઈશ્વર આશ્રમમાં પણ આવી જ સગવડ છે. દરવર્ષે લગભગ ત્રણ લાખ યાત્રીઓ દર્શને આવે છે. આ મંદિર કચ્છના કડવા પાટીદારોની એકતાનું અને ભાઈચારાનું મહત્ત્વનું સ્થાન છે. આ મંદિરનો વહીવટ - ''શ્રી ઉમિયા માતાજી ઈશ્વરરામજી ટ્રસ્ટ-વાંઢાય'' કરે છે.

આ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ :

૧. કાયમી અન્નક્ષેત્ર : ઈ.સ. ૧૯૭૮થી અહીં સાધુસંતો, યાત્રીઓ અને અભ્યાગતોને કોઈપણ જાતના ભેદભાવ વગર ચાર્જ સિવાય જમાડવામાં આવે છે.



શ્રી ઉમિયા માતાજી - વાંઢાય

૨. પથિકાશ્રમની સુવિધા-અત્રે પાંચ વિશાળ ભવનોમાં કુલ-૯૫ નાના-મોટા અદ્યતન સુવિધાયુક્ત રૂમોમાં યાત્રીઓને ઉતારાની સગવડ અપાય છે.

૩. સમૂહલગ્ન યોજના : વર્ષમાં વસંતપંચમી અને અખાત્રીજ એમ બે વાર સમૂહલગ્નોનું આયોજન કરાય છે. અત્રેથી દાતાઓના સહયોગ દ્વારા કન્યાને મા માટલું અને અન્ય ચીજો ભેટ અપાય છે. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ દ્વારા જ્યાં સમૂહલગ્નો યોજાય તે ગામે કુમકુમ અને પાનેતર અપાય છે.

૪. ગૌસેવા પ્રવૃત્તિ : કાયમી ગૌશાળા ચલાવાય છે.

૫. ઉત્સવો : દર રામનવમીએ મંદિરનો વાર્ષિકોત્સવ ધામધૂમથી ઊજવાય છે. જેમાં દૂરદૂરથી લોકો ભાગ લે છે, ધર્મસભાઓ પણ યોજાય છે. નવરાત્રી પર્વ પણ ઊજવાય છે.

૬. 'ઉમાદર્પણ' માસિક : અત્રેથી 'ઉમાદર્પણ' માસિક સંસ્થાનું મુખપત્ર ચલાવાય છે.

આ ઉપરાંત દાતાઓનાં સન્માન, ધર્મસભાઓ, જરૂરતમંદ કુટુંબોને આર્થિકસહાય, રોગનિદાન કેમ્પ, શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સહાય જેવી પ્રવૃત્તિઓ પણ ચાલે છે.

વળી, નૂતન વર્ષે અન્નકૂટ પણ ઊજવાય છે. અન્નક્ષેત્ર, આરતી, ગૌશાળા, રાજભોગની કાયમી તિથિઓ પણ નોંધવામાં આવે છે.

3

શ્રી ઉમિયા માતાજી મંદિર – શ્રી ઉમિયા ધામ - સુરત

શ્રી ઉમિયા ધામ - સુરત ■ ફોન : ૦૨૬૧-૨૫૪૨૫૧૫

હોદ્દેદારશ્રીઓ

પ્રમુખશ્રી : શ્રી નરોત્તમભાઈ ઈશ્વરદાસ પટેલ
ઉપપ્રમુખશ્રી : શ્રી નારાયણભાઈ રણછોડદાસ પટેલ
શ્રી ગોવિંદભાઈ આર. ભૂંગાણી
માનદ્‌મંત્રીશ્રી : શ્રી કેશવલાલ માધવલાલ પટેલ
સહમંત્રીશ્રી : આત્મારામ એમ. પટેલ, શ્રી નટવરલાલ રણછોડદાસ પટેલ
ખજાનચી : શ્રી મોહનભાઈ ચેલદાસ પટેલ

ઉમિયાધામ

સુરતમાં ઉત્તર ગુજરાતના પાટીદારો ધંધાકીય કામગીરી માટે આવી વસ્યા છે. સુરત શહેરની તાસીર જ એવી છે કે તે ઉદ્યમી નગરી છે. ઘેર ઘેર નાનો મોટો ઉદ્યોગ ચાલે. સુરતમાં જેમ કમાઈની રેલમછેલ તેમ દાનની પણ સરવાણી વિશેષરૂપે વહેતી રહે છે. સુરતીઓ લહેરી, ભોજનપ્રિય અને શોખીન પ્રજા તરીકે પ્રખ્યાત છે. સુરતમાં જે વસે તે તેની તાસીરથી અલગ કેમ રહી શકે?

ઉત્તર ગુજરાતથી ધંધાર્થે આવી વસેલા પાટીદારોએ પોતાનું સંગઠન ઊભું કરવા પ્રથમ વિચાર્યું.

ખાસ કરીને ઊંઝા ખાતે ઉજવાયેલ ૧૮મી શતાબ્દી મહોત્સવ પ્રસંગે- સુરતમાં વસતા કડવા પાટીદારોએ ત્રણથી ચાર લાખનો ફાળો આપ્યો અને સુરતમાં માતાજીના મંદિરની રચના કરવા વિચાર થયો. સુરત ખાતે ઉત્તર ગુજરાતના દરેક વિભાગના એટલે કે આંગડિયા, મીઠાઈવાળા, હીરાવાળા, બિલ્ડરો બધા કડવા પાટીદારોને ભેગા કરવા વિચારાયું. બધાએ ભેગા મળી ૩૦ સભ્યોની એક એડ્‌હોક કમિટી બનાવી. આ કમિટીએ સૌપ્રથમ સુરત ખાતે કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું મંદિર બનાવવા પ્રસ્તાવ મૂક્યો, જે સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો. ત્યારથી મંદિર બાંધવા માટે જમીનની શોધ શરૂ થઈ.



શ્રી ઉમિયા માતાજી - સુરત

પ્રથમ તાપી નદીના કિનારે જમીન પસંદ કરી. મંદિર બનાવવા માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખશ્રી કેશુભાઈ પટેલે રૂપિયા એક લાખ આપવાની ઓફર કરેલી. નદીકિનારે પસંદ કરેલ જમીનની કિંમતનો રૂપિયા સાડા પાંચ લાખનો અંદાજ હતો. ધણી જમીનના બહાના માટે દોઢ લાખ રૂપિયા માગતો હતો. બહાના માટે એક વર્ષમાં પરત આપવાની શરતે રૂપિયા ઉછીના લેવા વિચારાયું. તે રીતે ઉછીના રૂપિયા મેળવી બહાનાની રકમ આપી. ધણીને બહાનું તો આપ્યું પણ તે લખાણ કરી આપવા તૈયાર ન હતો. પૂરી રકમ આપેથી દસ્તાવેજ કરવા તૈયાર હતો. જમીનની બાજુમાં ઝૂંપડપટ્ટી હતી. આ રીતે જગ્યા મેળવવા સંગઠનમાં વિરોધ હતો. તેમ છતાં સંગઠનનું માળખું તૈયાર કરી બંધારણ નક્કી કર્યું. નદીની જગ્યા માટે સર્વાનુમતિ ન સધાતાં ઊંઝાની માતાજીની કારોબારીના વડીલો જે જગ્યા નક્કી કરે તે વિચારવા નક્કી કર્યું. ત્રણ જગ્યા જોવામાં આવી તે પૈકી હાલની મંદિરવાળી પિપળોદની જગ્યા પસંદ કરવામાં આવી. સાથે સાથે અહીં મંદિર બનાવવા માટે માત્ર ઉત્તર ગુજરાતના કડવા પાટીદારો જ નહિ, પણ સમગ્ર કડવા પાટીદાર સમાજને સાથે લઈને મંદિર બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. પસંદ થયેલી જગ્યા માટે સર્વસંમતિ ન સધાય તો પણ શ્રી નરોત્તમભાઈ, શ્રી ખેતાભાઈ, શ્રી ગણેશભાઈ અને શ્રી ગુણવંતભાઈ આ ચારે જણાએ પોતાના જોખમે જગ્યા લેવા તૈયારી બતાવી. જમીનની કિંમત રૂપિયા ૨૧ લાખ થાય. કોઈ ભંડોળ તો હતું નહિ. સભ્યપદના અંકિતફંડના માત્ર રૂપિયા અઢી લાખનું બેલેન્સ હતું. આથી જમીનની કિંમતના એકવીસ લાખ રૂપિયા માટે એક વર્ષ માટે વગર વ્યાજે લોન લેવાનું નક્કી કર્યું. અગાઉ નદીકિનારાની જમીન નામંજૂર થઈ બહાનાના પૈસા ગયા. હાલની જમીન પણ ટ્રસ્ટની જમીન હતી. ઈ.સ. ૧૯૮૪માં આ જમીન ૧૭૧ રૂપિયે વારની કિંમતે નક્કી કરી હતી. નક્કી થયા બાદ જમીનનો ભાવ વધતો રહ્યો પણ ટ્રસ્ટીઓ નક્કી થયેલ વાત માટે અફર રહ્યા. તેમના ઉપર પણ જમીન સસ્તામાં વેચવાના આક્ષેપ થયા. હવે ચેરિટી કમિશનરના આદેશથી છ માસમાં દસ્તાવેજ કરવા નક્કી થયું. ફંડ તો હતું નહિ. ફંડ એકઠું કરવા કારોબારીસભા બોલાવી. તેમાં ૧૯ જણાએ એક લાખ એકવીસ હજાર આપવા જાહેર કર્યું. અને ૧૭ જણાએ પંચાવન હજાર આપવા જાહેર કર્યું. ફંડ થઈ ગયું દસ્તાવેજ કરવામાં આવ્યો. આ જમીનના વહીવટકર્તા ખાનદાન ટ્રસ્ટીઓ (૧) એડ્વોકેટ શ્રી વી. વી. ગાંધી અને (૨) માજી મેયર શ્રી નવીનચંદ્ર ભરતિયા હતા. જમીનનો વડોદરા કેસ

ચાલ્યો. ત્રણ ચેરિટી કમિશનરો બદલાયા. ૧૬ ધક્કા બાદ વેચાણ પરવાનગી સાત વર્ષે મળી. ઈ.સ. ૧૯૮૯માં શ્રી વી.વી. ગાંધીની દોરવણી હેઠળ વગર સ્ટેમ્પ ફીથી સ્ટેમ્પ કરવામાં આવ્યો. લેન્ડ સીલિંગ એક્ટ અન્વયે બાંધકામ પરવાનગી માટે પણ ગાંધીનગરના ધક્કા પછી ચાર વર્ષે પરવાનગી મળી.

મંદિર બાંધવા માટે પથ્થરની પસંદગી ગાંધીનગરના સ્વામીનારાયણ મંદિરમાં વપરાયેલા પથ્થરથી બાંધવા નક્કી થયું. પ્રથમ મંદિર બાંધકામનો અંદાજ રૂપિયા બે કરોડનો નક્કી થયો.

મંદિર ૮૫' લંબાઈ × ૧૩૨' પહોળાઈ અને ૯૧' ઊંચાઈથી બાંધવા નક્કી થયું. મંદિરના પાયાનો નીચેનો પથ્થર જોધપુર-બાલેશ્વરનો વપરાયો પછીનો બધો પથ્થર બંસી પહાડપુરનો વાપરવામાં આવ્યો. આમ બાંધકામનો અંદાજ રૂપિયા બે કરોડના બદલે ચાર કરોડ રૂપિયા થયો. એક કરોડ રૂપિયાનું અતિથિગૃહ બનાવવામાં આવ્યું. આ રીતે મંદિર પૂરું કરવામાં આવ્યું. બાંધકામમાં રૂપિયા ૮૫ લાખનું દેવું થયું. જે સ્વૈચ્છિક દાન-ભેટ આવકથી પૂરું કરવામાં આવ્યું.

મંદિર તૈયાર થતાં માતાજીની મૂર્તિ જયપુરમાં તૈયાર કરવામાં આવી. મંદિરની પ્રાણપ્રતિષ્ઠા માટે પાંચ દિવસનો મહોત્સવ ઊજવાયો. જેમાં ૧૦/૧૨ લાખ માણસોએ ભાગ લીધો. માતાજીની પ્રાણપ્રતિષ્ઠા માટે ઊંઝાના મૂળ મંદિરેથી જ્યોત લાવવામાં આવી. પ્રાણપ્રતિષ્ઠામાં માતાજીએ ઝોળી છલકાવી દીધી. કુલ બે કરોડ ને આઠ લાખની આવક થઈ, જેમાંથી એક કરોડ ત્રણ લાખનો ખર્ચ બાદ થતાં રૂપિયા એક કરોડ પાંચ લાખની બચત થઈ. જેમાંથી સર્વ દેવું પૂરું કરવામાં આવ્યું. આ રીતે સુરતનું 'ઉમિયાધામ' અસ્તિત્વમાં આવ્યું.

આજે આ મંદિરે મૂળ સ્થાન ઊંઝાનાં શ્રી ઉમિયા માતાજીમાં ઊજવાતા ઉત્સવો, પૂજા-પાઠ વગેરે અહીં પણ તે જ પ્રમાણે ધર્મકાર્યને ઉત્સવો ઊજવાય છે. અહીંની નવરાત્રીનો ઉત્સવ વખણાય છે - ચેનલો પણ તેને પ્રોત્સાહિત કરે છે.

આ સિવાય રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતા પ્રસંગો માટે શ્રી ઉમિયાધામ - સુરતને પસંદગી અપાય છે.

આ રીતે ઊંઝામાં બિરાજમાન મા ઉમિયા સુરત ખાતે પણ તેના ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે. આ જગ્યા ખાસ કરીને કડવા પાટીદાર સમાજ માટે આસ્થાનું સ્થાન છે. શ્રી ઉમિયાધામના વહીવટકર્તાઓ ખાસ કાળજી લઈ મા ઉમિયાની સેવા કરે છે.



શ્રી ઉમિયા માતાજી મંદિર
મેકન, જ્યોર્જિયા



મા ઉમા

મેકન, જ્યોર્જિયા

૪

શ્રી ઉમિયા માતાજી મંદિર – મેકન - જ્યોર્જિયા - યુ. એસ. એ.

હોદ્દેદારશ્રીઓ

૧.	શ્રી રસિકભાઈ બી. પટેલ	Chairman	478-474-4000
૨.	શ્રી કાંતિભાઈ એ. પટેલ	Vice-Chairman	229-273-2456
૩.	શ્રી પરસોત્તમભાઈ વી. પટેલ	Vice-Chairman	478-994-5603
૪.	શ્રી અજીતભાઈ એ. પટેલ	President	478-781-4343
૫.	શ્રી ભીખાભાઈ બી. પટેલ	Vice-President	478-784-1000
૬.	શ્રી દિનેશભાઈ એ. પટેલ	Vice-President	478-987-7355
૭.	શ્રી દિનેશભાઈ એન. પટેલ	Secretary	478-953-3800
૮.	શ્રી અશ્વિનભાઈ એન. પટેલ	Joint Secretary	478-956-1600
૯.	શ્રી વિનોદભાઈ ડી. પટેલ	Joint Secretary	478-781-6680
૧૦.	શ્રી સૂર્યકાંતભાઈ પી. પટેલ	Treasurer	478-994-9383
૧૧.	શ્રી જગદીશભાઈ આઈ. પટેલ	Joint Treasurer	478-746-0099
૧૨.	શ્રી મંગળભાઈ એસ. પટેલ	Joint Treasurer	770-507-7911

અમેરિકાના જ્યોર્જિયા સ્ટેટના મેકન પરગણામાં અમેરિકામાં વસતા કડવા પાટીદારોએ બે મિલિયન ડોલરના ખર્ચે મા ઉમિયાનું મંદિર અને સાંસ્કૃતિક ભવનનું નિર્માણ કર્યું છે. જેનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૩,૧૪,૧૫ જૂન ૨૦૦૩માં અમેરિકામાં વસતા ૫૦૦૦ પાટીદારોએ ઊજવ્યો. ત્યાં નીચેની પ્રવૃત્તિઓ ચાલે છે.

(૧) **ધાર્મિક પ્રવૃત્તિ :** હિન્દુ ધર્મના તહેવારો, પર્વો, ઉત્સવોની ધામધૂમથી ઉજવણી કરવી. રાસગરબા, પૂજન-અર્ચન-કીર્તનનું આયોજન કરવું. ધાર્મિક અને સમાજોઉપયોગી આખ્યાનો અને પ્રવચનો ગોઠવવાં.

(૨) **સામાજિક પ્રવૃત્તિઓ :** લગ્નસંસ્કાર, જન્મદિવસ ઉજવણી, સિમંત કે વેવિશાળ પ્રસંગે સ્નેહમિલનોની ઉજવણીની સુવિધા આપવી. આ પ્રસંગે ઉતારા ને ભોજનની વ્યવસ્થા કરવી.

મૃત્યુતિથિ કે શોકસભા પ્રસંગે ધાર્મિક વિધિ, કીર્તન તેમજ પ્રસાદની વ્યવસ્થા કરવી.

મંદિરે આવતા દર્શનાર્થીઓને રહેવા-જમવાની વ્યવસ્થાનું પણ આયોજન કરાય છે.

યુવાઓ માટે રમત-ગમત, વકતૃત્વ સ્પર્ધાઓ, શિબિરો, વ્યાયામ, સંગીત, નાટક, નૃત્ય, ગરબા, યોગ-ધ્યાન, પ્રાણાયામના વર્ગોનું આયોજન કરવું.

આ રીતે ભારત બહાર અમેરિકામાં મા ઉમિયાનું ભવ્ય મંદિર થયું છે. આ મંદિર દ્વારા ભારતીય સંસ્કારો અને સંસ્કૃતિનું કડવા પાટીદારોમાં સિંચન થાય તેમજ કુળદેવી મા ત્યાં પણ તેમનું રક્ષણ કરે છે. તેવી ભાવાત્મકતા કેળવાય, ભાઈચારો અને એકતા બની રહે તેવું ઉત્તમ કામ થયું છે.

× × ×

આ સિવાય મધ્ય પ્રદેશમાં કરોંદિયા અને રાહુ એમ શ્રી ઉમિયા માતાજીના બે મંદિરો થયાં છે.

યુ.પી. ખાતે ફતેહપુર મંદિર થયું છે અને દિલ્હીમાં મંદિર તૈયાર થઈ રહ્યું છે.

૫

કડવા પાટીદાર કુળદેવી

શ્રી ઉમિયા માતાજીનાં મંદિરોની યાદી

૧.	**શ્રી ઉમિયા માતાજી મંદિર**	**મુ. ઊંઝા, તા. ઊંઝા**
	નિજ મંદિર, આદ્ય મૂળ સ્થાન	
૨.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. સિદસર, જિ. જામનગર
૩.	શ્રી ઉમિયા માતાજી-વાંઢાય	મુ. વાંઢાય (કચ્છ) (ઈશ્વરનગર), પો. દેશલપર, તા. ભૂજ પી.કો. ૩૭૦ ૦૦૧
૪.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. કરોંદિયા (એમ.પી.)
૫.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. રાઉ રંગવાસા, જિલ્લો-ઈન્દોર (એમ.પી.)
૬.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. લીલીયા મોટા, જિ. અમરેલી, સૌરાષ્ટ્ર
૭.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ભાઠેના, મુ. સુરત
૮.	શ્રી ઉમિયા માતાજી મંદિર	શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટ, ઉમિયા ધામ માર્ગ, મુ. સુરત, પી.કો. ૩૯૫ ૦૦૮
૯.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. ઉમજ, જિ. વડોદરા
૧૦.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. વિસનગર, ઠે. પટણી દરવાજા, જિ. મહેસાણા
૧૧.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. ગોઝારિયા, તા. વિજાપુર, જિ. મહેસાણા
૧૨.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. શ્રી ઉમિયા પથિકાશ્રમ, મુ. બેચરાજી, જિ. પાટણ
૧૩.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. જહાજ, તા. ખંભાત
૧૪.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. મોરજ, તા. ખંભાત
૧૫.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. કણબી વાડ, ઠાકર દ્વારની શેરી, મુ. ભાવનગર
૧૬.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. ઉદેલ, તા. ખંભાત

૧૭.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. રિદ્રોલ, તા. વિજાપુર
૧૮.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. વિડજ, તા. કડી
૧૯.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. રાજપુર, તા. કડી
૨૦.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. કાંસા, તા. વિસનગર
૨૧.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. બુટ્ટાપાલડી, તા. જિ. મહેસાણા
૨૨.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. કડી, જિ. મહેસાણા, ઠે. ભાઉપુરા, તેજેશ્વર મહાદેવ પાસે, થોળ રોડ, મુ. કડી
૨૩.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. રેલવેસ્ટેશન પાસે, મુ. ચાંદખેડા, જિ. ગાંધીનગર, ઉમાભવાની સોસાયટી પી.કો. ૩૮૨ ૪૭૦
૨૪.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. જેપુર, તા. વિજાપુર
૨૫.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. જંત્રાલ, તા. વિજાપુર
૨૬.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. કૈયલ, તા. કડી
૨૭.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. શ્રી ઉમિયાનગર કોમન પ્લોટ, અર્બુદાનગર પાસે, ઓઢવ, અમદાવાદ
૨૮.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. ગાયત્રી શક્તિપીઠ, મુનસર તળાવ પાસે, મુ. વિરમગામ, જિ. અમદાવાદ પી.કો. ૩૮૨૧૫૦
૨૯.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. ગ્રીન ચોક, જગન્નાથ મંદિર, છાલિયાપુરા, લીમડી
૩૦.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. અસારવા, અમદાવાદ
૩૧.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. નરોડા, અમદાવાદ
૩૨.	શ્રી ઉમિયા માતાજી મંદિર	શ્રી ઉમિયા માતાજી કેમ્પસ, સોલા, ગાંધીનગર-સરખેજ હાઈવે, અમદાવાદ
૩૩.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. બસસ્ટેન્ડ પાસે, નવાવાડજ, અમદાવાદ
૩૪.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. લક્ષ્મીપુરા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા
૩૫.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. રાધનપુર, જિ. બનાસકાંઠા
૩૬.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. પ્રેસરોડ, મુ.તા. ખંભાત, પી.કો. ૩૮૮૬૨૦

સંચાલિત-૪૨ ગામ કડવા પાટીદાર સમાજ

૩૭.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. પીંપળોઈ, તા. ખંભાત
૩૮.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. મિયાંગામ - કરજણ, જિ. વડોદરા
૩૯.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. ઘડકણ, તા. પ્રાંતિજ, જિ. સા. કાંઠા
૪૦.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. મોઢેરા, તા. ચાણસ્મા
૪૧.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. ઉમિયાનગર, નંદાસણ, તા. કડી
૪૨.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. કોટડા ચક્રાર, તા. ભૂજ (કચ્છ)
૪૩.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. ભરૂચ, જિ. ભરૂચ
૪૪.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. રિંગરોડ, સુરત સંચાલિત - લાલચૂડા ક.પા. સમાજ
૪૫.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. નેત્રા, તા. નખત્રાણા (કચ્છ)
૪૬.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. સોમાખેડી, જિ. ખરગોન (એમ.પી.)
૪૭.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. મંડલેશ્વર, જિ. ખરગોન (એમ.પી.)
૪૮.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. તેલનાર, તા. કપડવંજ
૪૯.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. મોટી ઝેર, તા. કપડવંજ
૫૦.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. તેનપુર, તા. બાયડ, જિ. સાબરકાંઠા
૫૧.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. અરજણવાવ, તા. બાયડ, જિ. સાબરકાંઠા
૫૨.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. પેન્ટલપુરા, તા. બાયડ, જિ. સાબરકાંઠા
૫૩.	શ્રી ઉમિયા માતાજી મંદિર	શ્રી ઉમા સંસ્કાર તીર્થ, મુ. ચંદ્રાલા, જિ. અમદાવાદ
૫૪.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. શેરપુરા, તા. ઈડર, જિ. સાબરકાંઠા
૫૫.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. બડોલી, તા. ઈડર
૫૬.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. ગાંઠીલા, તા. વંથલી, જિ. જૂનાગઢ
૫૭.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. ગાંધીનગર, સેક્ટર - ૧૨-ડી, પિ. કો. ૩૮૪૫૩૦ સંચાલિત કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર, ક્લેક્ટર કચેરી સામે
૫૮.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. માલાશ્રમ, તા. કોડીનાર, જિ. જૂનાગઢ
૫૯.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. સ્વસ્તિક ચાર રસ્તા, કન્યાછાત્રાલય, નવરંગપુરા ગામ, ક.પા. સમાજ, અમદાવાદ-૯

૬૦.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. એલિસબ્રિજ, અમદાવાદ, સંચાલિત-સૌરાષ્ટ્ર પટેલ સમાજ
૬૧.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. ઓલવાડ, જિ. સુરત, સંચાલિત-કાળા ચૂડા ક.પા.સ.
૬૨.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. મથલ, તા. નખત્રાણા, કચ્છ ગૌરક્ષા કેન્દ્ર-મથલ, પિ.કો. ૩૭૦૬૦૫
૬૩.	શ્રી ઉમિયા માતાજી મંદિર	શ્રી સરસ્વતી ગ્રામવિકાસ કેળવણી મંડળ, સંચાલિત નાનાબાર, ક.પા.સમાજ, મુ. પાટણ
૬૪.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. કોલવડા (ગેરિતા) તા. વિજાપુર
૬૫.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. પાલજ, તા. જિ. મહેસાણા
૬૬.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. ગોઠડા, તા. સતલાસણા, જિ. મહેસાણા
૬૭.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. દહેગામ, જિ. ગાંધીનગર, પિ.કો.નં. ૩૮૨૩૦૫
૬૮.	શ્રી ઉમિયા માતાજી મંદિર	શ્રી ઉમિયાધામ, પ્રભાતપુરા, ગોરાદરોડ, રેલવેપુરા (ધીણોજ) તા. ચાણસ્મા.
૬૯.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. રામજીમંદિર, મુ. ટુંડાવ, તા. ઊંઝા, જિ. મહેસાણા
૭૦.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. ખાવડ, તા. કડી, જિ. મહેસાણા
૭૧.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. કુંડાળ, તા. કડી
૭૨.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. રખિયાણા, તા. વિરમગામ
૭૩.	શ્રી ઉમિયા માતાજી મંદિર	ઠે. વાવ પાસે, રાધાકૃષ્ણ મંદિર, મુ. ઉમતા, તા. વિસનગર
૭૪.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. અમૂઢ, તા. ઊંઝા
૭૫.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. પો. દયાપર, તા. લખપત, જિ. ભૂજ (કચ્છ), પિ.કો. ૩૭૦૬૨૫
૭૬.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. રામધન આશ્રમ, મહેન્દ્રનગર, મોરબી, જિ. રાજકોટ
૭૭.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. અલોડા, તા. જિ. મહેસાણા
૭૮.	શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. હરિપુર (રૂપાલ) તા. જિ. મહેસાણા, C/o રામજી મંદિર

૭૯. શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. સઈજ, તા. કલોલ, જિ. ગાંધીનગર, પિન-૩૮૨૬૨૧
૮૦. શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. બિલિયા, તા. સિદ્ધપુર
૮૧. શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. માતપુર, તા. જિ. પાટણ
૮૨. શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. કુંભાલ, સુરત, ઉમા ઇન્ડસ્ટ્રીયલ સોસાયટી, કુંભાલ
૮૩. શ્રી ઉમિયા માતાજી મંદિર	અમદાવાદ પૂર્વ, ક્રાંતિકુંજ, રબારીકોલોની ચાર રસ્તા પાસે, નેશનલ હાઈવે, અમદાવાદ, C/o. ગાયત્રી પરિવાર ટ્રસ્ટ
૮૪. શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. રેડ લક્ષ્મીપુરા, તા. વડનગર, જિ. મહેસાણા
૮૫. શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. વિજાપુર, ચક્કર પાસે
૮૬. શ્રી ઉમિયા માતાજી મંદિર	ડુમ્મસ, કણબીવાસ - વાયા - સુરત.
૮૭. શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. રાંચરડા, તા. કલોલ, જિ. ગાંધીનગર
૮૮. શ્રી ઉમિયા માતાજી મંદિર	મેકન, જ્યોર્જિયા - યુ.એસ.એ. (અમેરિકા)
૮૯. શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. માણસા, તા. માણસા જિ. ગાંધીનગર
૯૦. શ્રી ઉમિયા માતાજી મંદિર	ફતેપુર - બડાગાંવ (જલાલપુર) જિ. આંબેડકરનગર, યુ.પી.
૯૧. શ્રી ઉમિયા માતાજી મંદિર	માલવણ, તા. પાટડી જિ. સુરેન્દ્રનગર
૯૨. શ્રી ઉમિયા માતાજી મંદિર	વડુ, તા. કડી, જિ. મહેસાણા
૯૩. શ્રી ઉમિયા માતાજી મંદિર	કડવા પાટીદાર સમાજ - યુ.એસ.એ. કેનેડા - ૪૨૧૮૪, શ્રી કિરીટ પટેલ, ૧૨૦૨, Cononet DR River Side - CA-92506 Phone : (909) 784-2045
૯૪. શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. સાબલવાડ, મુ. સાબલવાડ, તા. ઇડર, જિ. સાબરકાંઠા
૯૫. શ્રી ઉમિયા માતાજી મંદિર	મુ. ઉમેદપુરા, તા. ઇડર, જિ. સાબરકાંઠા
૯૬. શ્રી ઉમિયા માતાજી મંદિર	પુંસરી, તા. તલોદ, જિ. સાબરકાંઠા પિન-૩૮૩૩૦૭, ફોન-૦૨૭૭૦-૨૮૬૯૨૭

૯૭. શ્રી ઉમિયા માતાજી મંદિર શ્રી ઉમાસંકુલ
ગુણાતીતનગર, પટેલ સોસાયટી પાસે,
૮૦ ફૂટ રોડ - સુરેન્દ્રનગર
ફોન-૦૨૭૫૨/૨૨૭૬૫૬

૯૮. શ્રી ઉમિયા માતાજી મંદિર શ્રીરામજી મંદિર અને શ્રી આનંદવાડી પરિસર
મુ.દેલવાડા, તા. માણસા, જિ. મહેસાણા
ફોન-૦૨૭૬૩/૨૮૭૪૭૪

૯૯. શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ઉમિયાનગર, તા. માણસા, જિ. મહેસાણા

૧૦૦.શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. નરસિંહપુરા, જિ. સાબરકાંઠા

૧૦૧.શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. બુઢિયા, તા. ઈડર, જિ. સાબરકાંઠા,
પો. બડોલી, ફોન-૦૨૭૭૮/૨૩૧૪૩૧

૧૦૨.શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. ખરસૌદકલા, તા. બડનગર, જિ. ઉજ્જૈન
મધ્યપ્રદેશ, ફોન-૦૭૩૬૭/૨૬૬૨૧૬

૧૦૩.શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. વાસ્કોડીગામ - ગોલા, વરૂણાપુરા
મંગુરહીલ, ફોન-૦૮૩૨/૨૫૩૧૯૩૪

૧૦૪.શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. વિસનગર, ઢોલનો ટેબો, ફતેહ દરવાજા

૧૦૫.શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. સણક, તા. ઊંઝા, જિ. મહેસાણા

૧૦૬.શ્રી ઉમિયા માતાજી મંદિર શ્રી અચલેશ્વર મહાદેવ, અંબિકાકૃપા સોસાયટી
ચાર રસ્તા, નિર્ણયનગર રોડ, રાણીપ, અમદા.

૧૦૭.શ્રી ઉમિયા માતાજી મંદિર મુ. મોવતપુરા, પો. ગુલાબપુરા,
તા. ઈડર, જિ. સાબરકાંઠા

નોંધ : જ્યાં નવા મંદિરો થાય છે ત્યાં પ્રાણપ્રતિષ્ઠા વખતે ઊંઝા મંદિરેથી જ્યોત લઈ જવામાં આવે છે. ઊંઝા મંદિર એ આપણું નિજ મંદિર છે.

मा उमाम्बा शरणमस्तु जन्मातरेष्वपि।

કડવા પાટીદાર કુળદેવી

શ્રી ઉમિયા માતાજી દર્શન

(ઈતિહાસ - પાટીદારો - ઊંઝા)

(સચિત્ર)

त्वं परा प्रकृतिः साक्षात् ब्रह्मणः परमात्मनः ।
त्वतो जातं जगत्सर्वं त्वं जगजननी शिवे ।।

હે શિવે, તું જ પરબ્રહ્મ પરમાત્માની પરાપ્રકૃતિ છે. તારામાંથી જ અખિલ વિશ્વની ઉત્પત્તિ થઈ છે. તું જ વિશ્વનીજનની છે.

વિભાગ - ૩

મા ઉમિયાનાં વિખરાયેલાં મોતી

સમાજયાત્રાઓ

- મધ્ય પ્રદેશ સમાજ યાત્રા
- રાજસ્થાન સમાજ યાત્રા
- ઉત્તર પ્રદેશ સમાજ યાત્રા

૧

મધ્ય પ્રદેશ સમાજયાત્રા

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા એ વિશ્વભરના કડવા પાટીદારોને દિશાસૂચન - માર્ગદર્શન આપતી સંસ્થા છે. મા ઉમિયા કડવા પાટીદારોની કુળદેવી છે, આથી દુનિયાભરના કડવા પાટીદારોના દિલમાં વસી છે. કોઈ પણ કડવા પાટીદાર ઊંઝા મા ઉમિયાનાં દર્શને ન આવ્યો હોય તેમ ન બને! આથી ઊંઝા સંસ્થાન કડવા પાટીદારોની આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસનું કેન્દ્ર છે.

કુળદેવી એટલે કુળનું રક્ષણ કરનાર દેવી. શાસ્ત્રો કહે છે કે કુળનો વિસ્તાર પણ કુળદેવી જ કરે છે – તેમ બતાવવામાં આવ્યું છે. મા ઉમિયા એ સદાશિવ શંકર ભગવાનનાં અર્ધાંગિની છે.

મા ઉમિયાએ સરસ્વતી તીરે બાવન પૂતળાં બનાવી કડવા પાટીદારોને ઉત્પન્ન કર્યા અને ભગવાન શંકરે ઊંઝા (ઉમાપુર)માં મા ઉમિયાની સ્થાપના કરી. આ રીતે દંતકથા મુજબ પાટીદારો છેક વેદકાળથી મા ઉમિયાની પૂજા કરતા આવ્યા છે.

પાટીદારો શ્રીરામચંદ્રજીના પુત્રો લવ અને કુશના વંશજો હોવાનું પણ માનવામાં આવે છે. લવના વંશજો 'લેઉવા' અને કુશના વંશજો 'કડવા' પાટીદારો માનવામાં આવે છે. સીતાજી ધરતીમાં સમાયાં ત્યારે લવ-કુશને તેમણે મા ઉમિયાને સોંપ્યા હતા. ત્યારથી લવ અને કુશ મા ઉમિયાની પૂજા કરતા હતા, જેથી તેમની કુળદેવી મા ઉમિયા છે. પરંપરાગત પાટીદારોની કુળદેવી મા ઉમિયા છે.

પાટીદારો દુનિયાના પ્રથમ કૃષિકારો છે. તેઓ પ્રકૃતિપ્રેમી અને પ્રકૃતિપૂજક છે. આથી પાટીદારો કૃષિ અને પશુપાલનને લીધે વિચરણ કરતા રહ્યા છે. તેઓ સૌપ્રથમ કુર્મિ ક્ષત્રિયની પ્રથમ ઓળખ ધરાવે છે. કુર્મિને લીધે તેઓ કુલમી, કુનંબી, કુલમ્બી કે કણબી તરીકે પણ ઓળખાય છે. મધ્ય એશિયાથી નીકળેલી આ મહાપ્રજા 'આર્ય' પંજાબ આવી. અહીં આક્રાન્તાઓ સામેના સંઘર્ષથી, પરિવારના વિકાસથી કે પશુપાલન અને કૃષિ

માટેની સારી જમીનની શોધથી આ પ્રજા વિચરણ કરવા લાગી અને અનેક ટોળીઓમાં વહેંચાઈ. કોઈ ટોળી હિમાચલ, હરિયાણા, યુ.પી., બિહાર ઓરિસ્સા થઈ છેક નેપાળ સુધી ગંગા-જમનાના તટપ્રદેશની ફળદ્રુપતાને લઈ પહોંચી. બીજી ટોળી પુરાણી સરસ્વતીનો તટપ્રદેશ પકડી હરિયાણા, રાજસ્થાન થઈ ગુજરાત આવી ઠરીઠામ થઈ. અહીં તેઓ પાટીદાર - પટેલ બન્યા. બીજા કેટલાક મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, વિદર્ભ, કર્ણાટક અને છેક તામિલનાડુ સુધી પહોંચ્યા. ગુજરાતથી પણ મધ્ય પ્રદેશ, નિમાડ-માળવા આ લોકો ગયા. આ માનવ ઉત્પત્તિથી ભારત આવેલી આર્યપ્રજા કુર્મિક્ષત્રિયો ભારતભરમાં પ્રસર્યા. આ તેમના પરિભ્રમણને લીધે સંઘર્ષ અને પરિશ્રમી જીવનનો ઊજળો ઇતિહાસ છે.

ઉત્તર ભારતમાં કુર્મિક્ષત્રિય પ્રજા ખેતી સાથે સાથે રાજ-રજવાડાંની સેવામાં જોડાયા. દક્ષિણ ભારતમાં તેઓ કૃષિમાં જોડાયા, પરંતુ ગુજરાતમાં આ પ્રજા ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં કૃષિ વ્યવસાયમાં વિશેષ નોંધપાત્ર પ્રગતિ કરી શકી. કૃષિ વ્યવસાયની નિપુણતાને લઈને આ પ્રજા મધ્ય પ્રદેશમાં માળવા-નિમાડમાં રાજ્યાશ્રમ મેળવી વસી.

આમ તો શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા છેક ૧૯૭૬ સુધી સામાન્ય ધાર્મિક સંસ્થા હતી. કડવા પાટીદારોની કુળદેવી હોવા છતાં સર્વ કડવા પાટીદારોને અહીંનું એટલું આકર્ષણ પણ ન હતું. કેટલાકને તો પોતાની કુળદેવી ઊંઝાવાળી શ્રી ઉમિયા માતાજી છે – તેની જ ખબર ન હતી.

ઈ.સ. ૧૯૭૬માં મા ઉમિયાનો ૧૮મી શતાબ્દી મહોત્સવ ઊજવાયો. આ મહોત્સવ અભૂતપૂર્વ હતો. એટલું જ નહિ એક સંસ્કારી પ્રજાનો ઐતિહાસિક મહોત્સવ હતો. આ પ્રસંગે ગુજરાતભરમાંથી તેમજ મધ્ય પ્રદેશ, રાજસ્થાનથી પણ કડવા પાટીદારો ઊમટી પડ્યા હતા. ૧૮થી ૨૦ લાખ માણસોએ પાંચ દિવસમાં મા ઉમિયાનાં આ વખતે દર્શન કર્યાં. આ મહોત્સવથી મા ઉમિયાનો પ્રભાવ સોળે કળાએ પ્રગટ્યો અને કડવા પાટીદારોમાં એકતા અને ભ્રાતૃભાવ વધ્યો. એ આ મહોત્સવની ફલશ્રુતિ હતી. આ મહોત્સવ દુનિયાભરના કડવા પાટીદારોના ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ છે.

આ મહોત્સવથી મા ઉમિયાનું સ્થાન કુળદેવીની સાથે-સાથે સમાજકલ્યાણી દેવી તરીકે ઊભરી આવ્યું. કડવા પાટીદાર સમાજની નજર હંમેશ શ્રી ઉમિયા

માતાજી સંસ્થાન - ઊંઝા તરફ રહે છે. માત્ર કડવા પાટીદાર સમાજ જ નહિ, પણ અન્ય સમાજો પણ સમાજના કલ્યાણકારી પગલાં માટે મા ઉમિયાધામ ઊંઝા તરફ નજર કરે છે.

આ મહોત્સવ પછી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાએ ધાર્મિકની સાથેસાથે સમાજના ઉત્કર્ષનો હેતુ પણ અપનાવ્યો. ધર્મસ્થાન સમાજનો વિકાસ કઈ રીતે કરી શકે – તે ઊંઝા સંસ્થાએ સમાજને દિશાસૂચન કર્યું. અન્ય સમૃદ્ધ મંદિરોમાં પોતાની સમૃદ્ધિનો વધારાનો ભાગ જ સમાજ ઉત્કર્ષમાં વાપરવામાં આવે છે, જ્યારે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન–ઊંઝાએ ધર્મ દ્વારા કઈ રીતે સમાજનો ઉદ્ધાર થઈ શકે – તે સર્વને શીખવ્યું. આથી આજે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા એક એવું સ્થાન છે કે માત્ર પાટીદાર સમાજ જ નહિ પણ દરેક સમાજ પોતાની નજર ઊંઝા તરફ રાખી સમાજના ઉત્કર્ષની નવી-નવી પ્રેરણા મેળવે છે. દા.ત., સમૂહલગ્નોની પહેલ ઊંઝાથી થયા બાદ સર્વ સમાજોએ અપનાવ્યાં. – તે જ રીતે સમાજવાડીઓ, વિધવાઓને પેન્શન, વ્યસનમૂક્ત સમાજનું નિર્માણ, ઉચ્ચશિક્ષણ સહાય, વીમા આરક્ષણ વગેરે યોજનાઓ પણ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન–ઊંઝાનું સમાજને યોગદાન છે.

સમાજયાત્રાઓ –

૧૮મી શતાબ્દી મહોત્સવની મહત્તા શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. આ મહોત્સવ કડવા પાટીદાર સમાજનો જાગૃતિયજ્ઞ સાબિત થયો. કડવા પાટીદારોમાં સમાજલક્ષી એક નવું જ જોમ પેદા થયું. તેઓમાં ભ્રાતૃભાવ, એકતા અને મા પ્રત્યેનો ભક્તિભાવ વધ્યો. સાથે સાથે વિકાસની ભૂખ ઊઘડી.

કોઈપણ યુગની શરૂઆત કાં તો કોઈ યુગપુરુષ દ્વારા, કાં તો કુદરતે ઊભા કરેલા પ્રસંગો દ્વારા કાં તો દૈવીશક્તિએ કરેલી પ્રેરણાને લઈને ઊભા થયેલા નવા ચીલા દ્વારા થાય છે. પાટીદાર સમાજના નવા યુગનાં મંડાણનો પાયો શ્રી ઉમિયા માતાજીની દૈવી પ્રેરણાથી ૧૮મી શતાબ્દી મહોત્સવ બન્યો. જેમજેમ ચિંતન કરીએ તેમતેમ સ્પષ્ટ જણાય છે કે મા ઉમિયાની પ્રેરણાથી જ આ યુગનું પરિવર્તન થયું છે, કારણ કે મા ઉમિયા આ સમાજની પ્રગતિ ઈચ્છે છે. એટલું જ નહિ મા ઉમિયા આ સમાજ પાસે દુનિયાને પ્રેરણારૂપ

અગમ્ય અને ઐતિહાસિક કાર્યો કરાવવા માગે છે.

દુનિયાએ જોયું છે કે માર્ક્સ અને લેનિન જેવા યુગપુરુષો દ્વારા સામ્યવાદનો વિચારક્રાન્તિનો યુગ પેદા થયો. બ્રિટને સદીઓથી ચાલી આવતી રાજાશાહીને કાબૂમાં લઈ લોકશાહીનો યુગ દુનિયાને બતાવ્યો. કુદરતે ઔદ્યોગિક ક્રાન્તિની અહાલેક જગાવી દુનિયાને નવા વિકાસની તકો પેદા કરી. ભારતમાં ગાંધીજીએ સત્ય અને અહિંસા દ્વારા દુનિયાને લોહીનું બૂંદ રેડ્યા વગર આઝાદી અપાવી. આ રીતે દુનિયાએ નવાં નવાં યુગપરિવર્તનો જોયાં છે. જ્યારે ઊંઝામાં ઊજવાયેલ ૧૮મી શતાબ્દી મહોત્સવ એ મા ઉમિયાની દૈવીશક્તિની પ્રેરણાએ પાટીદાર સમાજ દ્વારા આખા સમાજને વિકાસની વૈચારિક ક્રાન્તિ આણી છે.

૧૮મી શતાબ્દી મહોત્સવ બાદ ઊંઝા સંસ્થાનમાં ભાવ, ભક્તિ અને આર્થિક વિકાસનું નવું જોમ પેદા થયું. માત્ર ત્રણ લાખ રૂપિયાની હાથ પર સિલ્ક લઈ ઊજવાયેલ આ મહોત્સવે રૂપિયા ૪૨ લાખની બચત કરી સંસ્થાનની ઝોળી છલકાવી દીધી. આ અણધારેલી સફળતા બાદ સંસ્થાના સૂત્રધારોનો ઉમંગ ઉછાળા મારવા લાગ્યો. તેઓ દીર્ઘદૃષ્ટિની પાંખે ચડી નવાં-નવાં આયોજનો વિચારવા લાગ્યા. પ્રથમ યાત્રી સુવિધાઓ, બાદ શિક્ષણ પ્રત્યે લક્ષ્ય-ખાસ કરીને કન્યા કેળવણીના વિકાસ માટેના છાત્રાલયો સ્કૂલો વગેરેનાં આયોજનો થયાં. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા આ આયોજનોમાં સહાયભૂત થવા લાગી. સમાજની વેદનાને જાતે અનુભવી - સમૂહલગ્નો, વિધવા, નિરાધર બહેનોને પેન્શન, ઉચ્ચ શિક્ષણસહાય, નિરાધારો અને સમાજના તરછોડાયેલાઓને સહાય, કુદરતી હોનારતો વખતે દોડીને હૂંફ આપવી, રોગનિદાન કેમ્પો, ગૃહિણી તાલીમશિબિરોને સહાય. સમાજની ધાર્મિક કે સામાજિક વિશેષ અવરજવર હોય ત્યાં પથિકાશ્રમો બંધાયાં. આ બધાં આયોજનોએ વિકાસની નવી કેડી કંડારી.

આ બધાં તો વિકાસનાં પગથિયાં છે, પણ ખાસ કરીને પાટીદાર સમાજને જાગૃત કરી, નવા જોમ અને ઉત્સાહ સાથે વિકાસના પંથે દોરવો તે મહત્ત્વનું કામ હતું. આખા સમાજમાં ભ્રાતૃભાવ, એકતા અને ખાસ કરીને વિકાસ માટેની વૈચારિક ભૂમિકા તૈયાર કરવાનું મહત્ત્વનું કામ બાકી હતું. આ એક મહત્ત્વની કડી છે. સમાજને વિકાસોન્મુખ કરવામાં વૈચારિક જાગૃતિ

જ મહત્ત્વનું પરિબળ ગણાય. આ દિશામાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ ભગીરથ પ્રયત્ન કર્યો. આ દીર્ઘદૃષ્ટિભરી વિચારસરણીએ સમાજને દંગ કરી દીધો. આની શરૂઆત સમાજયાત્રાઓથી થવા લાગી.

પ્રથમ સંપર્કયાત્રા – સૌરાષ્ટ્ર અને કચ્છ

૧૮મી શતાબ્દી મહોત્સવ બાદ સમાજ ઊંઝામાં એકત્ર તો થયો પણ બાદમાં વિખરાઈને આ વિકાસનો માહોલ ન ભુલાય–તે મહત્ત્વનું હતું. કોઈપણ વિચારને સમયે-સમયે તાજો ન કરવામાં આવે તો તે દબાઈ જાય છે. જો કે વિચારબીજ જીવંત હોય તો અવશ્ય પાંગરે છે, પણ એને કાળજીપૂર્વક આગળ ધપાવવામાં ના આવે તો તેની ગતિ ધીમી પડી જાય છે. આમ ન બને તે માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના સૂત્રધારોએ અગમચેતી વાપરીને એકબીજાનો સંપર્ક વધારવાનું આયોજન કર્યું. જે સમાજયાત્રાઓ તરીકે ઓળખાયું.

આ બાબતનો વિચાર સંસ્થાના દીર્ઘદૃષ્ટા પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠ, શ્રી મણિભાઈ મમ્મી તેમજ અન્ય આગેવાનોને આવ્યો. તેમણે ૧૮મી શતાબ્દી મહોત્સવથી પ્રભાવિત થયેલ જુદા-જુદા વિભાગના પાટીદારો સાથે સંપર્ક ચાલુ રાખવાનો નિર્ણય નક્કી કર્યો. આ વિચારને અમલમાં મૂકવા અમદાવાદની ધરતી વિકાસમંડળ નામની પાટીદાર સમાજ માટે કામ કરતી સંસ્થાના આગેવાનોને જાણ કરી. તેઓ તરત જ તૈયાર થયા. પરિણામે સૌપ્રથમ સૌરાષ્ટ્ર, મુંબઈ અને કચ્છની સંપર્કયાત્રા કરવામાં આવી. આ સંપર્કયાત્રા ૧૯૮૧ના મે માસમાં યોજાઈ. પ્રથમ સૌરાષ્ટ્રમાં નીચેના મહાનુભાવો જોડાયા. ઊંઝાથી શ્રી મણિભાઈ મમ્મી અને શ્રી ચીમનભાઈ પટેલ - કારભારી તથા ધરતી વિકાસમંડળ, અમદાવાદથી શ્રી પ્રભાતકુમાર દેસાઈ, શ્રી હર્ષદભાઈ પી. પટેલ, શ્રી ઈશ્વરભાઈ હ. પટેલ, પ્રિ. ચતુરભાઈ હ. પટેલ, ડૉ. મફતભાઈ પટેલ અને શ્રી ચુનીભાઈ પટેલ હતા. આ આગેવાનો મેટાડોર દ્વારા પ્રથમ સૌરાષ્ટ્ર ગયા અને ત્યારબાદ મુંબઈ ગયા.

તે બાદ આ જ અરસામાં બીજી સંપર્કયાત્રા કચ્છ ખાતે થઈ. આ યાત્રા ઊંઝાથી થઈ. જેમાં આ મહાનુભાવો જોડાયા હતા. શ્રી મણિભાઈ મમ્મી, શ્રી મણિલાલ નેતા, શ્રી માધવલાલ ભોળીદાસ પટેલ, શ્રી ચતુરભાઈ

પટેલ અને શ્રી ચીમનભાઈ કારભારી હતા.

ત્યાં ઠેરઠેર તેને સારો પ્રતિભાવ મળ્યો. સમાજના આગેવાનો સાથે વિચારવિનિમય થયો અને સૌ નજીક આવ્યા. પરિણામે ગુજરાત કડવા પાટીદાર સમાજમાં એકતા અને ભાઈચારાનો ન કલ્પેલો માહોલ પેદા થયો.

મધ્ય પ્રદેશ સમાજ યાત્રા

ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છની સંપર્કયાત્રામાં ધાર્યા કરતાં પણ વિશેષ સફળતા મળતાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના સૂત્રધારોએ આવી સમાજયાત્રાઓ માટે સૌપ્રથમ મધ્ય પ્રદેશ ખાતે દૃષ્ટિ દોડાવી. પ્રથમ મધ્ય પ્રદેશ શા માટે?

મધ્ય પ્રદેશના નિમાડ અને માળવા પ્રદેશોમાં વસતા પાટીદારો ગુજરાતથી ત્યાં જઈ વસેલા છે. તેઓ આજે પણ પોતાને પાટીદાર તરીકે ઓળખાવે છે. આથી આ પાટીદારોનો ગુજરાતના પાટીદારો સાથેનો ભાઈચારો અને પારિવારિક સંબંધ ખૂબ નજીકનો ઈતિહાસ છે. મધ્ય પ્રદેશના પાટીદારો ગુજરાતથી સોલંકીકાળમાં ત્યાં જઈ વસ્યા છે. ઈતિહાસ સાક્ષી છે કે ઉજ્જૈનના મહારાજા સિન્ધુ, રાજા ભોજના પિતામહના લગ્ન પાટણના સોલંકી રાજા મૂળરાજની પુત્રી સાથે સંવત-૯૦૨-૩માં થયાં હતાં. આ લગ્નમાં મહારાજા સિન્ધુએ પહેરામણી પેટે કણબી પાટીદારોના ૧૦-૨૦ પરિવારોને માગી લીધા હતા. ગુજરાતના કણબી પાટીદારો ઉત્તમ ખેડૂતો હતા જ્યારે મધ્ય પ્રદેશમાં ખૂબ વિશાળ ભૂમિ હોવા છતાં સારી રીતે ખેતી કરી સારી ઊપજ લેનાર સૂઝવાળા ખેડૂતોનો અભાવ હતો. જેથી પોતાના રાજ્યમાં ગુજરાતના ઉત્તમ ખેડૂતોને વસાવી ખેતીથી રાજ્યને સમૃદ્ધ બનાવવા આ પરિવારોને ત્યાં વસાવ્યા. સંવત ૯૦૨માં આ પરિવારો ૧૭૫ બળદગાડાં દ્વારા ઉજ્જૈન આવ્યા. સંવત - ૯૦૩માં ૭૦૦ બળદગાડાં અને સંવત ૯૦૫માં ૧૧૦૦ બળદગાડાં સાથે ગુજરાતના પાટીદારોને માળવાના જુદાં-જુદાં ગામોની જાગીરો આપી વસાવવામાં આવ્યા. વળી સંવત - ૧૭૭૫માં રાજા ભીમદેવના સમયમાં દુકાળ પડ્યો, તેમજ પાટણના રાજવીએ ગુજરાતના સુખી, સંપન્ન અને સમૃદ્ધ ખેડૂતોની ખેતીની આબાદી જોઈ, તેમના પર જમીન મહેસૂલનો ભાર વધાર્યો - જેથી પણ ગુજરાતના પાટીદારો ચાંપાનેર થઈ મધ્ય પ્રદેશ ગયા. તે વખતે મહેશ્વરમાં મહારાણી અહલ્યાબાઈ હોલકરનું

રાજ્ય હતું. આ પ્રજાવત્સલ દેવીએ ગુજરાતના પાટીદારોની નિપુણતા અને ખમીર પારખી ત્યાં રાજ્યાશ્રમ આપી વસાવ્યા, જેઓ નિમાડ પ્રદેશમાં વસ્યા. આમ મધ્ય પ્રદેશના પાટીદારોનો સૌપ્રથમ નાતો ગુજરાત સાથેનો છે. આજે પણ ગુજરાતના પાટીદારોની અટકો, રીત-રિવાજ, ધંધા-રોજગાર બધું જ મધ્ય પ્રદેશમાં તે પાટીદારો ધરાવે છે. એટલું જ નહિ ગુજરાતના પાટીદારોનો ઈતિહાસ આજે જેમ વહીવંચા-બારોટોના ચોપડે સચવાયેલ છે, તેવી જ રીતે મધ્ય પ્રદેશમાં પણ વહીવંચા-બારોટોના ચોપડે તેમનો ઈતિહાસ છે - જેનું મૂળ એક જ પરિવારનું છે. મધ્ય પ્રદેશ વસેલા કડવા પાટીદારોનો પારિવારિક સંબંધ છેક બંધુકા વિવાહ બંધ થયા ત્યાં સુધી ચાલુ હતો. બંધુકા વિવાહ તો ત્યાં ગુજરાતના કડવા પાટીદારોના આયોજન મુજબ અને તે જ સમયે તેજ મુહૂર્તે થતાં હતાં. મા ઉમિયામાંથી નીકળતો કંકુપડો ત્યાં પણ જતો અને ત્યાં પણ તે જ સમયે બંધુકા વિવાહ યોજાતાં.

સન-૧૯૧૦થી ૧૯૨૦ દરમિયાન 'પાટીદાર શુભેચ્છક સમાજ' નામની સંસ્થાના સુધારકો ગુજરાતથી મધ્ય પ્રદેશના નિમાડનાં ગામોમાં આવતા અને તેમને પંવાર સ્ટેટના મહારાજા સાહેબે તમામ સહાય કરેલી. ગુજરાતથી મધ્ય પ્રદેશ સ્થાનાંતર થયેલા પરિવારો પોતાના ગુજરાત ખાતેના પરિવાર નાતે અવારનવાર ગુજરાત આવતા અને મા ઉમિયાનાં દર્શને પણ આવતા. આથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના આગેવાનોએ પ્રથમ મધ્ય પ્રદેશમાં સમાજસૂત્રને એક તાંતણે કરવા સમાજસંપર્ક માટે પ્રથમ સમાજયાત્રાઓનું આયોજન કર્યું.

મધ્ય પ્રદેશ સમાજયાત્રાનાં મંડાણ

આપણે જોયું કે ૧૯૭૬માં ઊંઝામાં મા ઉમાની પ્રેરણાથી પાટીદાર ઈતિહાસના સીમાચિહ્નરૂપ ૧૮મી શતાબ્દી મહોત્સવ સંવત ૨૦૩૩ના માગસર સુદ-૫થી ૯ સુધી - પાંચ દિવસનો સંપન્ન થયો. આ સમયે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા તરફથી મધ્ય પ્રદેશ અને રાજસ્થાન તેમજ દેશના જુદા-જુદા ભાગોમાં માના મહોત્સવમાં પધારી દર્શનનો લાભ લેવા આમંત્રણો આપવામાં આવ્યાં હતાં. પરિણામે મધ્ય પ્રદેશમાંથી કેટલાક પાટીદારો ઊંઝા આવ્યા હતા. આથી મા ઉમિયા પ્રત્યેના ભક્તિભાવ અને મહોત્સવની ભવ્યતા જોઈ આ લોકો ધન્ય ધન્ય બની ગયા હતા. તેમનો

મા ઉમિયા પ્રત્યેનો ગુજરાત સાથેનો દિવસે-દિવસે વિસરાતો નાતો તાજો થયો હતો. પરિણામે ઈ.સ. ૧૯૭૮ના જાન્યુઆરી માસમાં મધ્ય પ્રદેશના પાટીદાર સમાજનું અધિવેશન ઉજ્જૈનમાં યોજાઈ રહ્યું હતું, તે વખતે તેઓએ આ અધિવેશનમાં પધારવા અને ભાગ લેવા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના આગેવાનોને ખાસ નિમંત્રણ પાઠવ્યું હતું. આથી આ અધિવેશનમાં આ સંસ્થાના આગેવાનો - શ્રી કેશુભાઈ શેઠ (પ્રમુખશ્રી - માતાજી સંસ્થાન - ઊંઝા), શ્રી વિઠ્ઠલભાઈ પટેલ (માજી ધારાસભ્ય સિદ્ધપુર), શ્રી મણિભાઈ મમ્મી (ચેરમેન - પ્ર. અને પ્ર. સમિતિ માતાજી સંસ્થાન - ઊંઝા) તથા શ્રી કૌશિકભાઈ કે. પટેલ ઉજ્જૈન ગયા હતા. તેઓ ત્યાં બે દિવસ રહી મધ્ય પ્રદેશના જુદા-જુદા જિલ્લાઓમાંથી પધારેલા આગેવાનો સાથે ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યા. આથી બંને પ્રદેશોના પાટીદારો પ્રત્યે પ્રેમ, સદ્‌ભાવ અને ભાઈચારાની ભાવના વધી અને તે બાદ અવારનવાર સમાજયાત્રાઓ ચાલુ રાખવાનો નિર્ણય થયો. ગુજરાતના આગેવાનોને જોઈ મધ્ય પ્રદેશ પાટીદાર સમાજમાં એક નવી ચેતના, ભાવ, આત્મીયતા અને બંધુત્વનો ઉત્સાહ જાગ્યો. આ મધ્ય પ્રદેશની ઘણી બધી સમાજયાત્રાનું પ્રથમ ચરણ હતું.

મધ્ય પ્રદેશથી ગુજરાતની સમાજયાત્રા -

ગુજરાતથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના આગેવાનોની સમાજયાત્રાની ૧૯૭૮માં પહેલ થઈ. તે બાદ મધ્ય પ્રદેશના આગેવાનોને પણ ગુજરાતનો સંપર્ક ચાલુ રાખવાની ખાસ ઈચ્છા પેદા થઈ. જો મધ્ય પ્રદેશથી આગેવાનોના મનમાં ગુજરાત ખાતે સંપર્કસૂત્ર ચાલુ રાખવું જોઈએ, તેવો ખ્યાલ ના થયો હોત તો આજનો ગુજરાત - મધ્ય પ્રદેશનો ભાઈચારાનો અને આત્મીયતાનો ભાવ કદાચ પેદા ના થઈ શક્યો હોત. આમાં મા ઉમિયાની જ પ્રેરણા કામ કરી રહી હતી. જેથી મધ્ય પ્રદેશથી તા. ૧૩-૯-૧૯૮૬ના રોજ ઉજ્જૈન ન્યાયમંડળના સભ્યો ગુજરાતની સમાજયાત્રા પર ઊંઝા પધાર્યા. જે નીચે પ્રમાણે છે.

૧. શ્રી ગોવર્ધનલાલજી પાટીદાર અધ્યક્ષ – ન્યાયમંડળ, ઉજ્જૈન
૨. શ્રી આત્મારામજી પાટીદાર સચિવ – ન્યાયમંડળ, ઉજ્જૈન
૩. શ્રી બદ્રીલાલજી પાટીદાર કોષાધ્યાક્ષ – ન્યાયમંડળ, ઉજ્જૈન
૪. શ્રી રાધાકિશનજી પાટીદાર–અન્નક્ષેત્રના ઉપાધ્યક્ષ–ન્યાયમંડળ, ઉજ્જૈન

૫.	શ્રી રતનલાલજી	વ્યવસ્થાપક – ન્યાયમંડળ, ઉજ્જૈન
૬.	શ્રી માંગીલાલજી પાટીદાર	સહસચિવ – ન્યાયમંડળ, ઉજ્જૈન
૭.	શ્રી પુરુષોત્તમજી શેઠ	સહસચિવ – ન્યાયમંડળ, ઉજ્જૈન
૮.	શ્રી પુરુષોત્તમ મુકાતી	ઓડિટર – ન્યાયમંડળ, ઉજ્જૈન

આ આગેવાનો સાથે અન્ય સામાજિક કાર્યકર્તાઓ પણ હતા.

આ લોકોને ઊંઝામાં સારો આવકાર મળ્યો. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠ અને અન્ય આગેવાનો સાથે તેમની બેઠક થઈ. જેમાં મધ્ય પ્રદેશ ખાતે સમાજસુધારણા, સંગઠન અને શિક્ષણ વિકાસ અંગે ખાસ ભાર મુકાયો અને ચર્ચાઓ થઈ. વળી અવારનવાર અન્યોન્ય સમાજયાત્રાઓ ચાલુ રાખવાનો નિર્ણય થયો. મધ્ય પ્રદેશના આગેવાનોએ ગુજરાતની વળતી સમાજયાત્રાનું આમંત્રણ આપ્યું.

ગુજરાતની મધ્ય પ્રદેશ ખાતેની સમાજયાત્રાઓ

મધ્ય પ્રદેશની ગુજરાત ખાતેની સમાજયાત્રા બાદ ઈ.સ. ૧૯૮૭ જાન્યુઆરીમાં મધ્ય પ્રદેશના પ્રાંતીય અધ્યક્ષ શ્રી ચૈનસિંહજીનું શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા ખાતે ગુજરાતમાંથી મધ્ય પ્રદેશ ખાતે સમાજયાત્રા યોજવાનું ભાવભર્યું આમંત્રણ મળ્યું. આ આમંત્રણનો સ્વીકાર કરી પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠની આગેવાનીમાં ગુજરાતની સમાજયાત્રાનું આયોજન થયું. જેમાં શ્રી મણિભાઈ મમ્મી, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ સહિત લગભગ ૧૫ સભ્યો હતા. જેઓ તા. ૧-૧-૧૯૮૭ના રોજ મધ્ય પ્રદેશ પાટીદાર સમાજના મુખ્ય સ્થળ શ્રીરામ મંદિર-ઉજ્જૈન પહોંચ્યા તા. ૨-૧-૮૭ના રોજ તેઓ શ્રીરામ મંદિર-કુશલપુરા ગયા. ત્યાં ધર્મશાળા ખાતે સામાજિક કાર્યકર્તાઓની બેઠક યોજાઈ, જ્યાં શ્રી કેશુભાઈ શેઠે સર્વપ્રથમ શ્રીરામ મંદિરને રૂ. ૨૦૦૦ અને કુશલપુરા ધર્મશાળાને રૂ. ૧,૦૦૦નાં દાનથી શુભ આરંભ કર્યો.

તા. ૩-૧-૮૭ના રોજ ગુરુકુળ આશ્રમ-અભયપુરાના વાર્ષિકોત્સવમાં તેઓ હાજર રહ્યા. અહીં મધ્ય પ્રદેશના તમામ જિલ્લાના કાર્યકર્તાઓ સાથે મુલાકાત થઈ. ત્યાંથી શાજાપુર જિલ્લાના મકસી, નૈનાવદ, શાજાપુર, ભરડ, અભયપુર ખાતે આ યાત્રા થઈ – જ્યાં તેમનું ભવ્ય સ્વાગત થયું. દરેક જગ્યાએ શિક્ષણના વિકાસ માટે ખાસ ભાર મૂકવામાં આવ્યો. શ્રી કેશુભાઈ શેઠે અભયપુર આશ્રમને રૂ. ૧૧,૦૦૦નું દાન જાહેર કર્યું. સાથે સાથે તે

દિવસે વસંત પંચમી હોવાથી આશ્રમનાં બાળકોને મિષ્ટભોજન આપવા માટે બીજા રૂ. ૨૫૦૦ દાનમાં આપ્યા. આ પ્રસંગે મહારાષ્ટ્રથી પણ પાટીદાર ભાઈઓ આવ્યા હતા.

તા. ૪-૧-૮૭ના રોજ આ યાત્રા દેવાસ જિલ્લામાં પ્રવેશી. આ યાત્રાને મધ્ય પ્રદેશ સમાજે મહાન નેતાઓના સ્વાગતની રીતે ભવ્ય કાફલાઓ સાથે સ્વાગત કર્યું. અહીં દેવાસ, નેવરી, ચાપડા, હાટપિપલ્યા, કરણાવદમાં સમાજસભાઓ થઈ. હાટપિપલ્યા ખાતે સમાજના છાત્રાલય ભવનનો શ્રી કેશુભાઈ શેઠના હાથે શિલાન્યાસ થયો, જ્યાં તેમણે રૂ. ૨૫૦૦૦નું દાન જાહેર કર્યું. આ પ્રસંગથી પ્રેરણા લઈ અન્ય સ્થળોએ પણ શાળાઓ, છાત્રાલયો ઊભા કરવાને માટે દાનનો પ્રવાહ શરૂ થયો. રાત્રે કરણાવદમાં સભા થઈ અને રોકાણ કર્યું.

તા. ૫-૧-૮૭ના રોજ યાત્રા ઈન્દોર પહોંચી. સમાજના આગેવાનો સાથે મુલાકાતો થઈ. અહીં રાઉ-રંગવાસા ખાતે શ્રી ઉમિયાધામ બનાવવાની ભૂમિનું નિરીક્ષણ કર્યું અને મંદિર માટે જગ્યા પસંદ કરી.

તે બાદ આ યાત્રા નિમાડ જિલ્લામાં પ્રવેશી. નિમાડમાં ધામણોદ ખાતે આવ્યા. ગુજરાતના આગેવાનોના સ્વાગત માટેનો લોકોનો ઉત્સાહ ખૂબ હતો. ભવ્યતાથી સ્વાગત થતાં હતાં. તા. ૬-૧-૮૭ના રોજ ધામણોદ ખાતે સ્વાગત બાદ શ્રી ઉમિયા માતાજીના મંદિર ખાતે સભા થઈ. તે બાદ યાત્રા મહેશ્વર, મંડલેશ્વર થઈ સોમાખેડી પહોંચી. આ પ્રદેશ વિંધ્યાચળની ગોદમાં વસેલો છે. અહીં શ્રી માંગીલાલજી પાટીદાર (ભૂત) દ્વારા દાનમાં મળેલી ૨.૩૩ એકર જમીન પર બાળકો માટે આશ્રમ અને શાળા બાંધવા માટેનો શેઠ શ્રી કેશુભાઈના હાથે શિલાન્યાસ થયો. શ્રી કેશુભાઈ શેઠે આ માટે રૂ. ૨૫,૦૦૦નું દાન આપ્યું. અહીં શ્રી ઉમિયા માતાજી ટ્રસ્ટ - સોમાખેડીની સ્થાપના થઈ. સાંજે આ યાત્રા ધરગાંવ પહોંચી. અહીં શેઠ શ્રી કેશુભાઈએ શ્રી અંબિકા માતાજી મંદિરનું ભૂમિપૂજન કર્યું. તે બાદ કરોંદિયા ગામે શ્રી ઉમિયા માતાજીના મંદિરના ભાવિ નિર્માણની વિચારણા થઈ. અહીંથી રાત્રે ૯-૦૦ વાગ્યે આ સમાજયાત્રા પૂરી કરી. રાત્રી મુકામ ઓમકારેશ્વરની ધર્મશાળામાં કર્યો. અહીં શ્રી કેશુભાઈ શેઠે રૂ. ૪૦૦૦ દાનમાં આપ્યા.

આ સમાજયાત્રાથી મધ્ય પ્રદેશ પાટીદાર સમાજમાં એક નવો ઉત્સાહ

અને ઉમંગ પેદા થયો. શ્રી કેશુભાઈ શેઠના સૌમ્ય વ્યક્તિત્વ અને શ્રી મણિભાઈ મમ્મીના સમાજચિંતનયુક્ત વિચારોએ સમાજની એકતામાં નવો પ્રાણ પૂર્યો. શિક્ષણ માટે આ સમાજ વધુ અભિમુખ થયો.

સમાજના સમગ્ર ચિંતન માટે યોજાયેલ ઊંઝા સેમિનાર

મધ્ય પ્રદેશની સફળ સમાજયાત્રાથી પ્રભાવિત થયેલ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના સૂત્રધારો સમગ્ર પાટીદાર સમાજના સંગઠન માટે કટિબદ્ધ થયા. વિકાસના આ યુગમાં એકતા અને સંગઠન દ્વારા જ સામૂહિક પ્રગતિ થઈ શકે. - આ વાતને વિકાસમંત્રરૂપે સ્વીકારી ગુજરાત, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના પાંટીદારોનો એક સેમિનાર યોજવા વિચારવામાં આવ્યું. જે તા. ૧૪-૧૫ નવેમ્બર ૧૯૮૭ના રોજ ઊંઝા ખાતે અમલી બન્યું.

આ સેમિનારમાં ગુજરાત - મધ્ય પ્રદેશ અને રાજસ્થાનથી લગભગ ૭૫૦ કાર્યકર્તાઓએ ભાગ લીધો. આ સેમિનારમાં મહિલાઓ પણ મોટી સંખ્યામાં આવી હતી. જેમાં મધ્ય પ્રદેશથી આવેલી મહિલાઓ વિશેષ ધ્યાન ખેંચતી હતી. આ સેમિનારના અધ્યક્ષશ્રી કેશુભાઈ શેઠ હતા. સેમિનારના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમણે સંદેશ આપ્યો કે, આ સેમિનાર ત્રણેય રાજ્યોના ઈતિહાસની ગૌરવઘટના છે. યુગપરિવર્તન માટે આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓને સમજવી જોઈએ. જગત સાથે કદમ મિલાવવાં જરૂરી છે. કુરિવાજો, પ્રેતભોજન અને લગ્નોના અધિક અને વ્યર્થ ખર્ચાઓ છોડી વિકાસ થઈ શકશે. નારીશિક્ષણ, ખેતી અને અખિલ ભારતીય સમાજ સંગઠન માટે ચર્ચાઓ કરી નિર્ણય લેવા જોઈએ.

તે બાદ માનદ્‌મંત્રી શ્રી મણિભાઈ ઘંટી, પ્રચાર અને પ્રકાશન સમિતિના ચેરમેન શ્રી મણિભાઈ મમ્મીએ સંસ્થાની પ્રવૃત્તિઓ અને પાટીદારોની સાવ નીચેની પાયરીમાંથી પરિશ્રમ દ્વારા કરેલી વિકાસયાત્રાનો પણ ખ્યાલ આપ્યો. ડૉ. મંગુભાઈ પટેલે પણ ઈતિહાસના સંદર્ભમાં વિદ્વતાપૂર્ણ પ્રવચન આપ્યું હતું.

મધ્ય પ્રદેશના શ્રી ચૈનસિંહજી પાટીદાર - અભયપુર, શ્રી પરશુરામજી પાટીદાર-મંદસૌર, ડૉ. પ્રહ્‌લાદજી પાટીદાર - મંદસૌર, શ્રી માંગીલાલજી પાટીદાર - ઈન્દોર, શ્રી રાજમલ ભીમાવાદ - શાજાપુર, શ્રી પુરુષોત્તમજી મુકાતી - ઈન્દોર, શ્રી રમેશ જુઆરિયા - ઉજ્જૈન, રાજસ્થાનના ધનેશ્વરજી

પાટીદાર વગેરેએ સેમિનારમાં સમાજવિકાસ અને સંગઠનના પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આ સેમિનારમાં નીચેના વિષયો પર ચર્ચાઓ થઈ હતી.

૧. જન્મ, મૃત્યુ, લગ્નોમાં સમાજના વ્યર્થ ખર્ચા અને ખોટા કુરિવાજો બાબત
૨. શિક્ષણ અને વિશેષરૂપે કન્યાકેળવણી બાબત
૩. ખેતી દ્વારા આર્થિકવિકાસ બાબત
૪. સમાજમાંની અંધશ્રદ્ધાઓ, વહેમો અને કુરુઢિઓ છોડી આધુનિક દૃષ્ટિનું પરિવર્તન કરવા બાબત
૫. અખિલ ભારતીય સ્તરે પાટીદાર સંગઠન અને સબળ નેતૃત્વ ઊભું કરવા બાબત

આ સેમિનારનો સંગઠન અને એકતા પર મોટો પ્રભાવ ઊભો થયો, સાથે-સાથે સમાજના વિકાસની ભૂખ ખૂલી. કન્યાકેળવણીનો પ્રસાર-પ્રચાર વધ્યો. ત્રણેય રાજ્યોના પાટીદાર સમાજમાં અભૂતપૂર્વ ભાઈચારો અને ભાવનાત્મક એકતા વધી. સર્વને એકબીજાના સંપર્કમાં રહેવાની ઇચ્છા પેદા થઈ.

અત્રે પધારેલ મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના પ્રતિનિધિઓને સેમિનાર બાદ ઊંઝાના જુદા-જુદા વિભાગના પાટીદારોએ પોતે પોતાની સમાજવાડીઓમાં આમંત્રીને મિલન સમારંભો પણ યોજ્યા. આ બાબતથી અરસપરસ આત્મીયતા પેદા થઈ. જાણે વિસરાયેલા પોતાના ભાઈઓનું પુનર્મિલન ન થતું હોય તેમ લાગતું હતું.

ઊંઝાના સેમિનાર બાદ મધ્ય પ્રદેશ ખાતે નીમચ સંમેલન

ઊંઝાના સેમિનાર બાદ મધ્ય પ્રદેશમાં વિકાસ અને સંગઠનની એક નવી જ ચેતના પેદા થઈ. પરિણામે મધ્ય પ્રદેશ - રાજસ્થાન પાટીદારોનું પાંચમું વિશાળ અધિવેશન મંદસોર જિલ્લાના નીમચ ખાતે પાટીદાર છાત્રાલયમાં તા. ૨૧/૨૨ મે - ૧૯૮૮ના રોજ શેઠ શ્રી કેશુભાઈ પટેલના મુખ્ય અતિથિવિશેષપદે તથા શ્રી ચૈનસિંહજી પાટીદાર - શાજાપુરના પ્રમુખપદે યોજાયું.

આ સંમેલનમાં ગુજરાતથી શેઠ શ્રી કેશુભાઈની આગેવાનીમાં નીચેના મહાનુભાવોએ ભાગ લીધો. શ્રી મણિભાઈ મમ્મી, ડૉ. મંગુભાઈ પટેલ તથા શ્રી જયંતીભાઈ પટેલ - તંત્રીઓ - 'ઉમિયાદર્શન' માસિક, ડૉ. લીલાબહેન

પટેલ, આચાર્યા શ્રી મહિલા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, અમદાવાદ તથા શ્રીમતી પાર્વતીબહેન પટેલ મુખ્ય હતાં.

આ સંમેલનમાં મુખ્ય અતિથિવિશેષપદેથી શ્રી કેશુભાઈ શેઠે પોતાનું પ્રભાવશાળી ભાષણ કર્યું. તેમણે કહ્યું, 'પાટીદાર સમાજ એક શક્તિશાળી સમાજ છે. આ સમાજ કોઈ જગ્યાએ અન્ય સમાજોથી પાછળ નથી, પરંતુ પ્રગતિ માટે આપણે સામાજિક કુરુઢિઓને દૂર કરવી પડશે. આપણો સંબંધ અતૂટ બન્યો છે. આપણે સૌએ વારંવાર મળતા રહી, સંગઠિત બની પ્રગતિના પંથે આગળ વધવું પડશે.' તેમણે બાળલગ્ન પ્રતિબંધ, કન્યાકેળવણી વધારવી, પ્રેતભોજનની બંધી, કન્યાઓ માટે છાત્રાલયો, ઉદ્યોગ-ધંધા વધારવા, સમૂહલગ્નો કરવાં વગેરે બાબતો અમલી બનાવી વિકાસપંથ કંડારવા પણ અપીલ કરી. ડૉ. લીલાબહેન પટેલે પણ નારીવિકાસ બાબતે મનનીય પ્રવચન આપ્યું.

આ પ્રસંગે શ્રી કેશુભાઈ શેઠે પાટીદાર સમાજ છાત્રાવાસ - નીમચ માટે રૂ. ૧૧,૦૦૦નું દાન આપ્યું.

મધ્ય પ્રદેશમાં બીજું સંમેલન હાટપિપલ્યા ખાતે

હવે મધ્ય પ્રદેશ ખાતે સંગઠન, શિક્ષણ અને વિકાસને અનુલક્ષીને સંમેલનોનો સિલસિલો ચાલુ થયો. પરિણામે તા. ૨૪/૨૫ ડિસેમ્બર-૧૯૯૪ના રોજ મધ્ય પ્રદેશ - રાજસ્થાન પાટીદાર સમાજનું છઠ્ઠું પ્રાંતીય અધિવેશન દેવાસ જિલ્લાના હાટપિપલ્યા નગરમાં પાટીદાર સમાજ છાત્રાલયના પટાંગણમાં યોજાયું. જેમાં મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, બિહાર, વગેરે રાજ્યોમાંથી મોટી સંખ્યામાં લગભગ ૧૦ હજાર પુરુષો અને ૫ હજાર મહિલાઓએ હાજરી આપી. પ્રમુખસ્થાને ત્યાંના પ્રાંત અધ્યક્ષ શ્રી શાંતિલાલ ગામી હતા. આ સંમેલનમાં ગુજરાતથી શ્રી કેશવલાલ શેઠ, શ્રી મણિભાઈ મમ્મી, શ્રી અનિલકુમાર પટેલ, શ્રી વિક્રમભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ પટેલ,અમદાવાદ વગેરે સહિત ૧૫ સભ્યોના પ્રતિનિધિમંડળે હાજરી આપી.

આ ખુલ્લા અધિવેશનમાં મધ્ય પ્રદેશના માનનીય મુખ્યમંત્રી શ્રી દિગ્વિજયસિંહજી વિશેષ આમંત્રિત તરીકે હેલિકોપ્ટર દ્વારા પધાર્યા હતા. તેમની સાથે ત્યાંના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહજી બઘેલ તથા પાટીદાર

સમાજના યુવાન ધારાસભ્ય શ્રી વલ્લભ અંબાવતિયા (સુસનેર, શાજાપુર) પધાર્યા હતા.

આ વિશાળ અધિવેશનમાં મધ્ય પ્રદેશના મુખ્યમંત્રીશ્રીએ પાટીદાર સમાજના ભાવભીના સ્વાગત અને અભિવાદન સ્વીકારતું સમાજને પ્રોત્સાહક પ્રવચન કર્યું. તેમણે કહ્યું, 'પાટીદાર સમાજ પ્રગતિશીલ છે, તે કોઈ પાસે માગતો નથી, પણ આપે છે. પાટીદાર સમાજે શિક્ષણક્ષેત્રે ઘણી ઉન્નતિ કરી છે. હવે સમાજની ઉન્નતિ માટે કંઈક કરે - જે માટેની આપની માગણીઓ પૂર્ણ થશે. આ પ્રસંગે શ્રી કેશુભાઈ શેઠે પણ પ્રોત્સાહક પ્રવચન કર્યું. શ્રી મણિભાઈ મમ્મીએ પણ ઉપસ્થિત જનસમુદાયને પ્રેરણાત્મક પ્રવચન કર્યું. આ બાદ ગુજરાતના અતિથિઓનો માનનીય મુખ્યમંત્રી શ્રી દિગ્વિજયસિંહજી સાથે પરિચય કરાવવામાં આવ્યો.

આમ આ સંમેલનમાં પણ ગુજરાતના પ્રતિનિધિઓએ મધ્ય પ્રદેશ તેમજ હાજર તમામ રાજ્યોના પ્રતિનિધિઓને પ્રોત્સાહિત કર્યા અને સંગઠન, શિક્ષણ, કુરિવાજોની નાબૂદી, પ્રેતભોજન નાબૂદી, સમૂહલગ્નોનો વિસ્તાર તેમજ વ્યસનમુક્તિના આચરણ દ્વારા પ્રગતિ અને વિકાસને આગળ ધપાવવાનો સંદેશ આપ્યો. સમાજયાત્રાઓ વિસ્તારવા અને ચાલુ રાખવા પણ જણાવ્યું.

અખિલ ભારતીય સમાજની સ્થાપના

કોઈપણ ક્ષેત્ર જેમ-જેમ વિશાળ બને તેમ તેમ તેના કેન્દ્રવર્તી આયોજનને વિચારવું જ પડે. તે સિવાય તેનું યોગ્ય સંચાલન થઈ શકે નહિ. ગુજરાતમાંથી તેમજ મધ્ય પ્રદેશની સમાજયાત્રાઓએ કોઈ કેન્દ્રસ્થ સંસ્થાની આવશ્યકતા ઊભી કરી, પરિણામે ઊંઝામાં કેન્દ્રસ્થ સંસ્થા માટેના પ્રસ્તાવોનો અમલ થયો. તા. ૭/૮-૫-૧૯૯૦ના રોજ શ્રી ઉમિયાધામ રાઉ-રંગવાસામાં માતાજીના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શેઠ શ્રી કેશુભાઈ પટેલની અધ્યક્ષતામાં અખિલ ભારતીય પાટીદાર સમાજની સ્થાપના કરવામાં આવી. અન્ય કારોબારી સભ્યોની પણ નિમણૂક કરવામાં આવી. આ પ્રસંગે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા, શ્રી ધરતી વિકાસમંડળ - અમદાવાદ, શ્રી કન્યાકેળવણી મંડળ - વડોદરા તથા મહેસાણા, સુરત અને ભાવનગરના કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં પુરુષો-મહિલાઓ હાજર હતાં.

અખિલ ભારતીય પાટીદાર સમાજનું બીજું સંમેલન તા. ૨૨ ફેબ્રુઆરી-૧૯૯૧ના રોજ વિલ્લોર ખુર્દ ગામ (ઇન્દોર) ખાતે કેશુભાઈ શેઠની અધ્યક્ષતામાં યોજાયું. જેમાં તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલનાં ધર્મપત્ની શ્રીમતી ઊર્મિલાબહેન પટેલ અને ડૉ. લીલાબહેન પટેલ પણ હાજર રહ્યાં હતાં.

અખિલ ભારતીય પાટીદાર સમાજના સંગઠન અને કાર્યને વેગ આપવા માટે તા. ૨૨-૧-૧૯૯૫ના રોજ શ્રી ઉમિયા માતાજી કેમ્પસ-સોલા ખાતે કાર્યકર્તાઓની વિશાળ બેઠક યોજાઈ હતી. જેમાં મધ્ય પ્રદેશ, રાજસ્થાન સમાજ તરફથી શ્રી શાંતિલાલજી ગામીની અધ્યક્ષતામાં ૫૦ પ્રતિનિધિઓ આવ્યા હતા. ઉપરાંત અમદાવાદ, વડોદરા, સુરત તથા ઊંઝાથી તેમજ સૌરાષ્ટ્રથી પણ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. ચર્ચામાં સંગઠનને વેગ આપવા અને અખિલ ભારતીય કક્ષાએ 'એક વિશાળ સંમેલન' યોજવા અંગે ઠરાવ કરવામાં આવ્યો. આ સંમેલનમાં ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, દિલ્હી, ઉત્તર પ્રદેશ તથા બિહાર અને છેક નેપાળથી પણ સ્વજાતિ બંધુઓને આમંત્રણ આપવા ઠરાવ્યું.

મધ્ય પ્રદેશ સમાજયાત્રાની ફલશ્રુતિ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના દીર્ઘદૃષ્ટા અને વિશાળદિલ પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠ અને તેમની સાથીદાર ટીમે મધ્ય પ્રદેશની કાયાપલટ કરી. ખાસ કરીને શિક્ષણક્ષેત્રે મોટું યોગદાન આપી આ સમાજને બેઠો કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી. શ્રી કેશુભાઈ શેઠ અને સાથીદારોએ સમયે-સમયે યથાયોગ્ય દાનનો પ્રવાહ વહેવડાવી મધ્ય પ્રદેશને મોટી આર્થિક સહાય ઊભી કરવામાં ખાસ પ્રેરણા આપી. મધ્ય પ્રદેશની લગભગ તમામ શૈક્ષણિક સંસ્થાઓ તથા છાત્રાલયોને શ્રી કેશુભાઈ શેઠે દાન આપી પ્રોત્સાહિત કરી હતી. જેની ઝાંખી નીચે મુજબ છે—

૧. શ્રી ઉમિયા બાલ વિદ્યાઆશ્રમ - સોમાખેડી

તા. ૬-૧-૮૭ના રોજ આ આશ્રમનો શિલાન્યાસ શેઠ શ્રી કેશુભાઈના વરદ્હસ્તે થયો હતો. તા. ૨૦-૬-૮૭ના રોજ આ આશ્રમભવનનું ઉદ્ઘાટન પણ તેમના જ હાથે થયું. તેમની સાથે ૩૨ પુરુષો અને ૨૦ બહેનો હતી. જેમાં શ્રી બાબુલાલ દીપચંદ પટેલ, શ્રી નથુભાઈ લાલદાસ પટેલ, શ્રી ઈશ્વરલાલ શંકરલાલ પટેલ, શ્રી મણિભાઈ મમ્મી, શ્રી માધવલાલ ભોળીદાસ

પટેલ, શ્રી ત્રિભોવનદાસ ઈશ્વરદાસ પટેલ, શ્રી મનજીભાઈ કરસનદાસ પટેલ, શ્રી ગટોરભાઈ કાનજીભાઈ પટેલ, ડૉ. મંગુભાઈ પટેલ, શ્રી બાબુલાલ શિવલાલ પટેલ, શ્રી જયંતીભાઈ પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ તથા શ્રી ચીમનભાઈ પટેલ વગેરે સામેલ હતા.

તા. ૨૦-૨-૮૯ના રોજ શ્રી ઉમિયા કન્યા માધ્યમિક ભવન, જેનું નામ 'કેશવભવન' આપવામાં આવ્યું. - તેના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી કેશુભાઈ શેઠ મુખ્યઅતિથિ હતા. તેમણે આ સંસ્થાને કુલ રૂ. ૭૧,૦૦૦નું દાન આપી પોતાના દરિયાદિલને પ્રગટ કર્યું. આ પ્રસંગે જી.મ. કન્યા છાત્રાલયની કન્યાઓ પણ સાથે હતી. તેમણે ત્યાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી - મધ્ય પ્રદેશમાં કન્યાઓને શિક્ષણ આપવાની યોગ્ય પ્રેરણા આપી. આ પ્રસંગે શ્રી ત્રિભોવનદાસ ઈશ્વરદાસે રૂ. ૧૧૦૦૧નું કન્યા છાત્રાલયને દાન આપ્યું. તા. ૯-૩-૯૦ના રોજ કેશવભવનના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી માધવલાલ ભોળીદાસે રૂ. ૫૦૦૦નું દાન આપ્યું. ઉપરાંત મધ્ય પ્રદેશને ગુજરાત સાથે ભાઈચારાનો નાતો બાંધી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાની કારોબારીમાં પણ પ્રતિનિધિત્વ આપ્યું. જેથી ગુજરાતની જેમ મધ્ય પ્રદેશમાં પણ જ્યાં-જ્યાં કન્યા છાત્રાલયો બને, તેમને રૂ. ૧,૨૫,૦૦૦નું દાન આપવા ઠરાવ્યું. જે અન્વયે સોમાખેડી આશ્રમને પણ રૂ.૧,૨૫,૦૦૦ ભેટરૂપે આપવામાં આવ્યા.

આજ સંસ્થામાં શ્રી ઉમિયા બાલવિદ્યા આશ્રમ-સોમાખેડી ખાતે તા. ૬-૧-૯૬ના રોજ હાયર સેકન્ડરી ભવનનું ઉદ્ઘાટન થયું. અહીં પણ શેઠ શ્રી કેશુભાઈ પટેલ, શ્રી મણિભાઈ મમ્મી, શ્રી વિક્રમભાઈ પટેલ અને મધ્ય પ્રદેશના આગેવાનો હાજર હતા. આ પ્રસંગે ઉચ્ચશિક્ષણ સહાયક નિધિમાં રૂ. ૨૫,૦૦૦ ભરી સભ્ય બનવા અપીલ કરવામાં આવી અને આ નિધિનો લાભ મધ્ય પ્રદેશના વિદ્યાર્થીઓને આપવામાં આવશે તે જાહેર કરવામાં આવ્યું.

૨. શ્રી ઉમિયા માતાજી પાટીદાર કન્યા છાત્રાલય - મંડલેશ્વર

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના આગેવાનોની અવારનવાર મુલાકાતો અને શિક્ષણ તરફના વિશેષ ઝોકને લીધે નિમાડ પાટીદાર સમાજે મા રેવાના પાવનતટે મંડલેશ્વરમાં કન્યા છાત્રાલય સ્થાપવાનો સંકલ્પ કર્યો. એનો શિલાન્યાસ તા. ૨૫, મે - ૧૯૮૯ના રોજ શ્રી કેશુભાઈ શેઠના વરદ્હસ્તે થયો. આ છાત્રાલયને પણ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

તરફથી રૂ. ૧,૨૫,૦૦૦ની ભેટ આપવાની જાહેરાત થઈ, જે ચૂકવી દેવાયા.

આ શ્રી ઉમિયા કન્યા છાત્રાલયનું ઉદ્‌ઘાટન તા. ૨૧-૨-૯૧ના રોજ શ્રી કેશુભાઈ શેઠના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે ગુજરાતના મહેમાનોની ભવ્ય શોભાયાત્રા મંડલેશ્વર શહેરમાં કાઢવામાં આવી, જેમાં વિશાળ જનમેદનીની હાજરી હતી. મધ્ય પ્રદેશના પણ મહેમાનો હતા. આ પ્રસંગે છાત્રાલય સાથે કન્યાવિદ્યાલય શરૂ કરવાનું નક્કી થયું, જેમાં શ્રી કેશુભાઈ શેઠે રૂ. ૨૫,૦૦૦ની રકમ વધારી કુલ આ સંસ્થાને રૂ. ૧,૧૧,૦૦૦ના દાનની રકમ કરી. તેમના આવા દાનથી આ સમાજ ખૂબ ઉત્સાહ અને ઉમંગ સાથે ગુજરાત સાથેનો વડીલબંધુનો નાતો દિલમાં ઊભરી આવ્યો અને સર્વને ગુજરાત પ્રત્યે આભારની લાગણીથી વિશેષ બંધુત્વનો ભાવ પેદા થયો. કન્યાવિદ્યાલયની શરૂઆત જુલાઈ-૧૯૯૩થી થઈ. તેનું ઉદ્‌ઘાટન તા. ૭ જાન્યુઆરી - ૧૯૯૪માં શ્રી કેશુભાઈ શેઠના હસ્તે કરવામાં આવ્યું.

૩. પાટીદાર સમાજ છાત્રાલય તથા ઉમા મંદિર હાટપિપલ્યા -

મધ્ય પ્રદેશમાં નિમાડ સાથે માળવા ક્ષેત્રમાં પણ શિક્ષણનાં કેન્દ્રો શરૂ થયાં. ગુજરાતના દાનવીરો સાથે મધ્ય પ્રદેશમાંથી પણ સારી એવી રકમોથી આ કેન્દ્રો બન્યાં. ગુજરાતની સમાજયાત્રાની ચેતનાએ હાટપિપલ્યામાં પણ છાત્રાલય અને વિદ્યાલય ભવનો બન્યાં. તા. ૧૯-૧૨-૯૨ના રોજ શ્રી કેશુભાઈ શેઠે આ ભવનોનાં ઉદ્‌ઘાટન કર્યાં. આ પ્રસંગે શ્રી કેશુભાઈ શેઠે રૂ. ૨૫,૦૦૦ તથા બે અપંગ વિદ્યાર્થીઓને ટ્રાઈસિકલ અર્પણ કરી. શ્રી અનિલભાઈ પટેલે રૂ. ૧૧,૦૦૦નું દાન આપ્યું.

૪. જય અંબિકા પાટીદાર સમાજ છાત્રાવાસ - આષ્ટા

મધ્ય પ્રદેશ ખાતે જ્યાં-જ્યાં નવાં છાત્રાલય કે વિદ્યાલય બનાવવાનું આયોજન થાય, ત્યાં ત્યાં શ્રી કેશુભાઈ શેઠ તેમની મંડળી સાથે પહોંચી જતા રહ્યા છે. તે રીતે તા. ૨૦-૧૨-૯૨ના રોજ છાત્રાલય ભવનનું ઉદ્‌ઘાટન શ્રી કેશુભાઈ શેઠે કર્યું. જેમાં તેમણે રૂ. ૨૫,૦૦૦નું દાન આપ્યું.

૫. પાટીદાર સમાજ શૈક્ષણિક ન્યાસ - સુજાલપુર બજાર

આષ્ટાના કાર્યક્રમમાં સુજાલપુર બજારના કાર્યકરોની હાજરી હોવાથી તેમણે શ્રી કેશુભાઈ શેઠને સુજાલપુર આવી કેળવણી સંસ્થા ઊભી કરવા ભૂમિ પસંદ કરવા આગ્રહ કર્યો. તેઓ ત્યાં ગયા, જમીન પસંદ કરી અને

તેઓએ તા. ૧૨ ફેબ્રુઆરી - ૧૯૯૩ના રોજ આ જમીન પર શૈક્ષણિક ભવન બાંધવાનો શિલાન્યાસ કર્યો, જેથી આ વિસ્તાર પછાત હોવા છતાં અન્ય સક્ષમ વિસ્તારની હરોળમાં આવી ગયો. અહીં પણ શ્રી કેશુભાઈ શેઠે રૂ. ૨૫,૦૦૦ના દાનની જાહેરાત કરી.

૬. અભયપુર આશ્રમ

શ્રી કેશુભાઈ શેઠ પ્રથમ સમાજયાત્રાના અંતિમ ચરણમાં અહીં રોકાયા હતા. તે વખતે તા. ૨-૧૨-૯૨ના રોજ હાયર સેકન્ડરી ભવનનું ઉદ્‌ઘાટન અને વિજ્ઞાનભવનનું શિલારોપણ કરેલું. આ સંસ્થા ઊભી કરવામાં સ્વ. ચૈનસિંહજી પાટીદારનો મુખ્ય ફાળો હતો. આ સંસ્થાને સફળતાપૂર્વક ચલાવવા બદલ શ્રી કેશુભાઈ શેઠે શ્રી ચૈનસિંહજી પાટીદાર અને શ્રી લક્ષ્મીનારાયણજી પાટીદારનું યથાયોગ્ય સન્માન કરી પ્રોત્સાહિત કર્યા. શેઠશ્રીએ આ ગુરુકુળને રૂ. ૨૫૦૦૦નું દાન અર્પણ કર્યું.

૭. શ્રી ઉમિયા માતા પાટીદાર છાત્રાવાસ આશ્રમ - ઉજ્જૈન

મધ્ય પ્રદેશ ખાતે શ્રી કેશુભાઈ શેઠ અને તેમના સાથીદારોએ શિક્ષણની જ્યોત તો જલાવી જ પણ સાથે સાથે કાર્યકર્તાઓને દાનની પ્રેરણા તેમજ આ બાબતે ઉત્સાહથી નવા નવા સંકુલો ઊભાં કરવા તૈયાર કર્યાં. એમાં ઉજ્જૈન પ્રદેશમાં પણ એક વર્ષના ટૂંકાગાળામાં છાત્રાલય માટે ૧૬ ઓરડા બનાવવાની તૈયારી કરી. તે કામ પૂર્ણ કર્યું. આ છાત્રાલયનું ઉદ્‌ઘાટન પણ સમાજયાત્રામાં પધારેલ શ્રી કેશુભાઈ શેઠે કર્યું અને રૂ. ૨૫,૦૦૦ દાનમાં આપ્યા. અત્રે ગુજરાતના આગેવાનોએ ઉજ્જૈન, સુજાલપુર અને શાજાપુરની યાત્રા કરી. તેમણે શાજાપુરમાં તૈયાર થઈ રહેલ છાત્રાલય ભવનનું પણ અવલોકન કરી ઝડપથી પૂરું કરવાની પ્રેરણા આપી.

૮. પાટીદાર સમાજ છાત્રાવાસ - શાજાપુર

આ છાત્રાલયનો શિલાન્યાસ તા. ૧૨-૨-૯૧ના રોજ શેઠશ્રી કેશુભાઈના હસ્તે થયેલો, જ્યાં તેમણે રૂ. ૨૫,૦૦૦નું દાન આપેલું. તે ભવનનું ઉદ્‌ઘાટન તા. ૨૫-૪-૯૩ના રોજ અખાત્રીજના દિવસે શેઠજીના હાથે જ કરવામાં આવ્યું.

આ રીતે ગુજરાતની મધ્ય પ્રદેશની સમાજયાત્રાઓએ પ્રથમ સમાજને શૈક્ષણિક રીતે અગ્ર હરોળમાં લાવવાના પ્રયત્નો કર્યા. જેમાં સફળતા પણ મળી. આ સાથે સાથે ગુજરાતના આગેવાનો જ્યાં-જ્યાં ગયા ત્યાં-ત્યાં શ્રી

કેશુભાઈ શેઠે ઉમા-બાલમંદિરો ઊભા કરવાની પણ પ્રેરણા કરી. એ મુજબ શેઠજીએ જાહેરાત કરી કે જ્યાં-જ્યાં ઉમા-બાલમંદિર શરૂ કરવામાં આવશે, ત્યાં ત્યાં દરેકને રૂ. ૨૫૦૦નું દાન આપવામાં આવશે. આ જાહેરાત સાથે શ્રી કેશુભાઈ શેઠે આ યોજના અન્વયે પ્રથમ તબક્કામાં ૪૦ બાલમંદિરો શરૂ કરાવવાનું કામ શ્રી માંગીલાલ પાટીદાર પ્રોફેસરને સોંપવામાં આવ્યું. જેનું પરિણામ સારું આવ્યું. બાલમંદિરોની યોજના વેગવંતી બની અને ખરગોન જિલ્લા(નિમાડ)માં ૧૯, ઇન્દોર જિલ્લામાં ૫, દેવાસ જિલ્લામાં ૫, ઉજ્જૈન જિલ્લામાં ૧, ધાર જિલ્લામાં ૨ બાલમંદિરો શરૂ થયાં. જેમને શેઠશ્રી તરફથી દરેકને રૂ. ૨૫૦૦ પણ ચૂકવાયા.

આ ઉપરાંત મધ્ય પ્રદેશમાંથી કેટલાયે વિદ્યાર્થીઓ નવોદય વિદ્યાલયોમાં પણ દાખલ થઈ શક્યા છે.

આ રીતે ગુજરાત - મધ્ય પ્રદેશની સમાજયાત્રાઓ અને આવન-જાવન શરૂ થઈ. મધ્ય પ્રદેશમાં શિક્ષણની લહેર વર્તાઈ. સાથે સાથે ગુજરાતનાં મા ઉમિયાનાં તેમજ અન્ય શક્તિઓ અંબાજી, બહુચરાજી જેવાં મંદિરો જોઈ મધ્ય પ્રદેશમાં પણ મા ઉમિયાજીનાં મંદિરો તૈયાર કરવાની પ્રેરણા મળી.

શ્રી ઉમિયા માતાજી મંદિર - કરોંદિયા (નિમાડ)

ધર્મની ધજા જ્યાં લહેરાય ત્યાં ભાવના અને ભક્તિ પણ પેદા થાય જ. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા એ ધર્મસ્થાન છે. આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે. માનવજીવનમાં ધર્મનું સ્થાન એ જીવનપ્રવાહનું માધ્યમ છે. ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી કડવા પાટીદાર સમાજમાં મા ઉમિયાની પ્રેરણાથી નવી જ ક્રાન્તિ જોવા મળે છે. સમાજની એકતા અને ભ્રાતૃભાવ ખૂબ વધ્યો છે. મા ઉમિયાની પ્રેરણાથી સમાજમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. ખાસ કરીને મધ્ય પ્રદેશમાં સમાજ બેઠો થયો છે. ૧૮મી શતાબ્દી મહોત્સવ એ પાટીદાર સમાજના ઐતિહાસિક પરિવર્તનનું મહત્ત્વનું સીમાચિહ્ન છે. એક ઐતિહાસિક વળાંક (turning point) છે. આ બધું ધર્મની ધજા નીચે થયું.

મધ્ય પ્રદેશમાં આવન-જાવન થતાં મા ઉમિયાનાં ત્યાં પણ મંદિરો ઊભાં થવા લાગ્યાં. તેમાં કરોંદિયા ખાતે બનેલ મંદિર એ મહત્ત્વની પહેલ છે. શ્રી કેશુભાઈ શેઠ અને તેમના સાથીદારોએ ત્યાં ભૂમિની પસંદગીથી માંડીને મંદિર નિર્માણ સુધીના આયોજનના માર્ગદર્શક, સલાહકાર અને

સહાયક બન્યા. ત્યાં તા. ૮-૩-૯૦ના રોજ મંદિરનું શિલારોપણ થયું. આ પ્રસંગે મધ્ય પ્રદેશના પાટીદારોના ઈતિહાસનો ભવ્ય પ્રસંગ હતો. હજારો ભાવિકોની હાજરી હતી. શેઠશ્રીએ આ મંદિર નિર્માણમાં રૂ. ૧૧૦૦૦નું દાન આપ્યું.

આ મંદિર તૈયાર થતાં તેનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તથા સહસ્ર ચંડી મહાયજ્ઞનું આયોજન કરોંદિયા ગામે તા. ૨૦-૨-૯૪થી તા. ૨૮-૨-૯૪માં યોજાયું. આ પ્રસંગે પણ શેઠ શ્રી કેશુભાઈ તેમજ શ્રી મણિભાઈ મમ્મી તથા અન્ય કાર્યકર્તાઓ હાજર રહ્યા. હોલ્કર સ્ટેટનાં પ્રજાવત્સલ મહારાણી અહલ્યાબાઈની કર્મભૂમિ મહેશ્વર નજીક કરોંદિયા ગામ એક ભવ્ય યાત્રાધામ બન્યું. આ અદ્વિતીય અને ભવ્ય પ્રસંગે ઊંઝાના અન્ય મહાનુભાવોમાં શ્રી મણિભાઈ ઘંટી - માનદ્‌મંત્રીશ્રી, શ્રી નથુભાઈ પટેલ સહમંત્રીશ્રી, શ્રી મણિલાલ નેતા, શ્રી અંબાલાલ ચારી તેમજ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના અન્ય માન્ય નેતાઓ પણ હાજર હતા. આ મહોત્સવમાં મહેશ્વરથી કરોંદિયા સુધીની ભવ્ય શોભાયાત્રા, અખંડ જ્યોતની રથયાત્રા, છોટે મોરારિબાપુની પવિત્ર વાણી તથા ગુજરાત અને મધ્ય પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્રના પાટીદારોની વિશાળ ઉપસ્થિતિ નોંધપાત્ર બાબતો હતી. આ મંદિરના નિર્માણમાં રૂ. ૧૭,૦૦,૦૦૦ એકત્ર થયા, જેમાંથી રૂ. ૧૪,૦૦,૦૦૦ ખર્ચપેટે વપરાયા. આ કરોંદિયા ઉમિયાધામ સમાજની સામાજિક, શૈક્ષણિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓનું કેન્દ્રસ્થાન બન્યું. આ ધામે દર વાર્ષિકોત્સવ પ્રસંગે યજ્ઞનું આયોજન થાય છે અને મધ્ય પ્રદેશના યાત્રાળુઓ મોટી સંખ્યામાં ભાગ લે છે.

આ પછી ત્યાં આઠ ઓરડાનું વિશ્રાંતિગૃહ પણ નિર્માણ થયું. જેમાં ગુજરાતના શ્રી ગોવિંદભાઈ મફતલાલ પટેલે ભૂમિપૂજન કરેલું. રૂ. ૬,૦૦,૦૦૦ના ખર્ચે નિર્માણ પામેલ આ ભવનનું તા. ૨-૨-૯૬ના રોજ શ્રી રણછોડભાઈ પુરુષોત્તમદાસ - અમદાવાદના હસ્તે ઉદ્‌ઘાટન થયું હતું.

શ્રી ઉમિયા માતાજી મંદિર - સોમાખેડી

શ્રી ઉમિયા બાલવિદ્યા ભવનના પ્રાંગણમાં આ સંસ્થાના ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યોએ એક નાનકડું શ્રી ઉમિયા માતાજીનું મંદિર બાંધવાનો નિર્ણય કર્યો. જ્યાં શિક્ષણ અપાતું હોય ત્યાં ધાર્મિક શિક્ષણ અને અધ્યાત્મના

પાઠો પણ ભણાવાય - તે હેતુથી રૂ. ૧,૫૦,૦૦૦ના ખર્ચે મા આદ્યશક્તિ ઉમિયાજીના મંદિરનું નિર્માણ થયું. અહીં મા ઉમિયાજી સાથે મા અંબિકાજી અને વિદ્યાદેવી સરસ્વતીજીની મૂર્તિઓની પણ પ્રાણપ્રતિષ્ઠા તા. ૭-૧-૧૯૯૬માં શ્રી કેશુભાઈ શેઠના હસ્તે કરવામાં આવી. આ પ્રસંગે મધ્ય પ્રદેશના આગેવાનો શ્રી ચતુર્ભુજજી પાટીદાર, શ્રી માંગીલાલજી મુકાતી, તેમજ તમામ જિલ્લા પ્રમુખો, સમાજસેવકોની હાજરી હતી. ગુજરાતથી શ્રી ઓધવજી પટેલ, શ્રી કાનજીભાઈ પટેલ, શ્રી ગટોરભાઈ પટેલ તેમજ શ્રી ફૂલજીભાઈ પટેલ પણ હાજર હતા.

શ્રી ઉમિયા માતાજી મંદિર - મંડલેશ્વર

સોમાખેડી વિદ્યાસંકુલ ખાતે મા ઉમિયાનું મંદિર થતાં - તે પ્રેરણાથી મંડલેશ્વર ખાતે પણ શ્રી ઉમિયા કન્યા પાટીદાર છાત્રાલયના અંદરના ચોકમાં તા. ૭-૧-૧૯૯૪ના રોજ ગુજરાત અને મધ્ય પ્રદેશના આગેવાનોની હાજરીમાં શ્રીનારાયણજી (મામા) પાટીદાર - કરોંદિયાના હસ્તે મા ઉમિયાના મંદિરનું શિલારોપણ થયું. અહીં પણ મા ઉમિયાજી સાથે શ્રી અંબિકાજી અને શ્રી સરસ્વતીજીની મૂર્તિઓ પણ સ્થાપવામાં આવી છે.

શ્રી ઉમિયાધામ - રાઉ રંગવસા (ઇન્દોર)

મધ્ય પ્રદેશ ખાતે મા ઉમિયાનાં મંદિરોની શૃંખલામાં રાઉ-રંગવાસાનું શ્રી ઉમિયાધામ મંદિર ભવ્ય, ગૌરવશાળી અને આગવી ભાત ઊભી કરે છે. મધ્ય પ્રદેશ પાટીદાર સમાજે ઉજ્જૈનમાં શ્રીરામ મંદિરનું ઐતિહાસિક નિર્માણ કર્યા બાદ બીજા નંબરે રાઉ-રંગવાસા મંદિરનું મહત્ત્વનું સ્થાન છે. આ મંદિરના નિર્માણમાં પણ શ્રી કેશુભાઈ શેઠ અને તેમના સાથીદારોએ ભૂમિ પસંદગીથી માંડીને મંદિરના નિર્માણ સુધી તન-મન અને ધનથી સહયોગ આપ્યો છે. તેમણે અહીં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો છે. આ પ્રસંગે તા. ૭-૫-૧૯૯૦ના દિવસે ૨૫૦ ઓરડાઓના વિશાળ છાત્રાલય અને વિદ્યાલય ભવનનું શિલારોપણ પણ શ્રી કેશુભાઈ શેઠના વરદ્‌હસ્તે થયું. જેમાં શેઠશ્રીએ રૂ. ૧,૧૧,૧૧૧/-ના દાનની જાહેરાત કરી. આ પ્રસંગે ગુજરાતથી શ્રી અરવિંદભાઈ પટેલ (રાજ્યમંત્રી - ગુજરાત રાજ્ય), શ્રી માધવલાલ ભોલીદાસ પટેલ, શ્રી મણિભાઈ મમ્મી, શ્રી બાબુલાલ દીપચંદ પટેલ, શ્રી ગોર્ધનભાઈ પટેલ (વડોદરા) શ્રી હર્ષદભાઈ પટેલ (ધરતી), ડૉ.

મફતલાલ પટેલ (અમદાવાદ), શ્રી જયંતીભાઈ પટેલ (તંત્રી-ઉમિયાદર્શન), પાર્વતીબહેન પટેલ તથા હંસાબહેન પટેલ વગેરે હાજર હતાં.

મા ઉમિયાના રાઉ-રંગવાસાના મંદિરે પ્રાણપ્રતિષ્ઠા વખતે મધ્ય પ્રદેશ પાટીદાર સમાજનો કોઈ માણસ એક હજાર રૂપિયાનું દાન આપવાની હિંમત કરી શકતો ન હતો. તે જ સમાજે ગુજરાતના ભાઈઓની દાન પ્રવૃત્તિની પ્રેરણાથી ચાર કલાકના ટૂંકા ગાળામાં કન્યા છાત્રાલય, વિદ્યાલય તથા મંદિર નિર્માણ માટે રૂ. ૪૬,૦૦,૦૦૦ (રૂપિયા છેતાલીસ લાખ)નાં દાન જાહેર કર્યાં. પરિણામે જુલાઈ-૧૯૯૬માં છાત્રાલય તેમજ વિદ્યાલય શરૂ થઈ ગયાં. અહીં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાએ પણ રૂ. ૨,૫૦,૦૦૦ની કન્યા છાત્રાલયને સહાય આપી. આ મંદિર અને શૈક્ષણિક સંકુલ માટે શ્રી અંબિકા પાટીદાર સમાજ ધાર્મિક તથા પારમાર્થિક ટ્રસ્ટ બનાવવામાં આવ્યું. આ ટ્રસ્ટે અનેકવિધ યોજનાઓ કાર્યાન્વિત કરી રૂપિયા ૫૦,૦૦,૦૦૦ના ખર્ચે ‘મા ઉમિયા પાટીદાર કન્યા છાત્રાલય ભવન’નું ટૂંકા ગાળામાં નિર્માણ કર્યું. આ ભવનનું ઉદ્‌ઘાટન કરવા આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ સૌરાષ્ટ્રની સમાજયાત્રા કરી અને સૌરાષ્ટ્રને પણ મધ્ય પ્રદેશ સાથે જોડ્યું. પરિણામે ગુજરાતમાંથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના કાર્યકર્તાઓ, અમદાવાદથી ધરતી પરિવારના કાર્યકર્તાઓ તથા સૌરાષ્ટ્રના કાર્યકરો ત્યાં ઉદ્‌ઘાટન સમયે હાજર રહ્યા. સૌરાષ્ટ્રમાંથી શ્રી ઓધવજી આર. પટેલ (પ્રમુખ - સિદસર ઉમિયા માતા મંદિર), શ્રી કાનજીભાઈ પટેલ, શ્રી ભવાનભાઈ પટેલ, શ્રી વેલજીભાઈ પટેલ, શ્રી આસુભાઈ પટેલ, શ્રી ભગવાનભાઈ પટેલ, શ્રી ઠાકરસીભાઈ પટેલ તથા શ્રી વસરામભાઈ પટેલ તેમજ શ્રી ગટોરભાઈ તથા શ્રી ફૂલજીભાઈ પટેલ વગેરે હતા. આ પ્રસંગે માનનીય શ્રી કેશુભાઈ શેઠ, શ્રી મણિભાઈ મમ્મી, શ્રી માધવલાલ ભોળીદાસ પટેલ વગેરે ઊંઝાથી હાજર હતા. અમદાવાદથી શ્રી કનુભાઈ પટેલ તથા શ્રી રણછોડદાસ પટેલ પણ હતા. આ પ્રસંગે શ્રી ઓધવજીભાઈ પટેલે રૂ. ૧,૧૧,૧૧૧નું દાન આપ્યું. સાથે સાથે માળવા, ગુજરાત અને નિમાડના આગેવાનોએ થોડાક સમયમાં રૂ. ૪૦,૦૦,૦૦૦નું દાન જાહેર કર્યું. અત્રે શ્રી ભાગીરથ ચુનીલાલજી - રાલા-ખજરાનાએ સૌથી વધુ રૂ. ૩,૦૧,૧૧૧નું દાન આપ્યું.

શ્રી ઉમિયાધામ-રાઉ-રંગવાસાના મંદિર તેમજ શૈક્ષણિક સંકુલના

ઉદ્‌ઘાટન પ્રસંગે દિલ્હી વિસ્તારના યુ.પી.ના પાટીદારો પણ આમંત્રણને માન આપી આવ્યા હતા. જેમાં દિલ્હીમાં રહેતા ગુજરાતી કચ્છીભાઈ શ્રી કવિ પટેલ તેમજ દિલ્હીના ડો. દિલાવરસિંહજી જય સવાર અધ્યક્ષ, શ્રી કુર્મિક્ષત્રિય સમાજ - દિલ્હીથી આવ્યા હતા. ડૉ. દિલાવરસિંહજીએ પોતાના પ્રવચનમાં કુર્મિક્ષત્રિય પાટીદારોનો સંક્ષિપ્ત ઈતિહાસ રજૂ કરી - સર્વ પાટીદારો એક ભાઈ છે, તેવું પ્રતિપાદિત કર્યું. સાથેસાથે ગુજરાતના ભાઈઓએ જેમ મધ્ય પ્રદેશના વિખૂટા ભાઈઓને ઉઠાવી ગળે લગાડ્યા તેમજ દિલ્હી, યુ.પી. બિહાર, નેપાલના પાટીદારોને પણ ઉઠાવવા અને અપનાવવા સમાજયાત્રાઓ યોજવા અપીલ કરી. તેમણે ઊંઝાસ્થિત શ્રી ઉમિયા માતા સૌની કુળદેવી છે તેમ જણાવ્યું. સાથે સાથે અખિલ ભારતીય પાટીદાર સમાજની એકતા ઊભી કરવા ખાસ અપીલ કરી.

શ્રી ઉમિયા માતાજી - ઊંઝાથી મધ્ય પ્રદેશનાં મંદિરો માટે અખંડજ્યોત પદયાત્રાઓ

મધ્ય પ્રદેશમાં જ્યાં-જ્યાં મા ઉમિયાનાં મંદિર નિર્માણ થયાં ત્યાંથી શ્રી ઉમિયા માતાજી - ઊંઝાના મંદિરથી અખંડજ્યોત લેવા પદયાત્રીઓ આવ્યા. ખાસ કરીને કરોંદિયા મંદિર માટે કરોંદિયાથી તા. ૨૭-૩-૮૬ના રોજ ૮૫ ભાઈઓ અને ૫૫ બહેનો જ્યોત લેવા નીકળી તા. ૧-૪-૮૬ના રોજ ઊંઝા આવી જ્યોત લઈ પરત થયાં. આ પ્રસંગે ઊંઝા મંદિરેથી આ જ્યોતને શ્રી કેશુભાઈ શેઠ અને આગેવાનોએ ભવ્ય વિદાય આપી હતી. આ જ્યોત જ્યાં જ્યાંથી પસાર થઈ ત્યાં ત્યાં તેમનુ ભવ્ય સ્વાગત થયું અને ખાવા-પીવાની વ્યવસ્થાઓ પણ થઈ. આ પદયાત્રા તા. ૧૮-૪-૯૬ને રામનવમીએ ૧૮ દિવસમાં પૂર્ણ થઈ.

બીજી જ્યોત શ્રી ઉમિયાધામ-રાઉ-રંગવાસા માટે લેવા કુલ ૧૩૧ પદયાત્રીઓ આવ્યા. તેમને પણ તા. ૧૪-૩-૯૦ના રોજ સર્વ આગેવાનોએ ભવ્ય વિદાય આપી. આ પદયાત્રીઓએ ૬૦૦ કિ. મીટરની પદયાત્રા કરી. આ પદયાત્રીઓનું પણ હર જગ્યાએ ભવ્ય સ્વાગત થયું અને ખાવા-પીવાની સુંદર વ્યવસ્થા કરી આપી.

આ જ્યોતની પદયાત્રાઓએ પણ ગુજરાતના રસ્તે આવતાં ગામે ગામ સંપર્ક કરી આત્મીયભાવ પેદા કર્યો.

સમૂહલગ્નોનું આયોજન -

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની સમાજસુધારક પ્રવૃત્તિની પહેલરૂપ મહત્ત્વની યોજના એ સમૂહલગ્નોની યોજના છે. પાટીદાર સમાજ લગ્નોના ખર્ચાઓમાં પોતાની શક્તિથી પણ વધુ ખર્ચ કરી ખોટી મોટાઈમાં ખુવાર થતો હતો. આવા મિથ્યાતત્ત્વને નાથવા ઊંઝાએ સમૂહલગ્નો યોજ્યાં. ગુજરાતમાં સમાજનો મોટો ભાગ હવે સમૂહલગ્નો યોજતો થઈ ગયો છે. સમાજને આર્થિક બેહાલીમાંથી બચાવવા આ યોજનાએ ઉત્તમ કામ કર્યું છે.

જ્યારે મધ્ય પ્રદેશ ખાતે પાટીદાર સમાજને પોતાના ભાઈઓનો ભૂલાયેલો સંબંધ તાજો કર્યો છે, ત્યારે ગુજરાતની જેમ જ તેઓને પણ લગ્નોના ખોટા ખર્ચાઓથી બચાવી સમૂહલગ્નોમાં જોતર્યા છે. મધ્ય પ્રદેશમાં અખાત્રીજ અને વસંતપંચમીએ નિમાડ-માળવા ક્ષેત્રોના દરેક જિલ્લાઓમાં સમૂહલગ્નોનું દરવર્ષે આયોજન થાય છે. આવાં લગ્નોમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના આગેવાનો શ્રી કેશુભાઈ શેઠની રાહબરી નીચે ખાસ હાજરી આપે છે. સાથે સાથે સમૂહલગ્નોમાં જોડાનાર દરેક દીકરીને મા ઉમિયાના પ્રસાદરૂપે પાનેતર, કંકુપડો અને માતાજીનો ફોટો ઊંઝાથી આપવામાં આવે છે. ઈ.સ. ૧૯૮૮માં યોજાયેલ સમૂહલગ્નોના સમારંભ વખતે હાજર રહેલ શેઠ શ્રી કેશુભાઈએ ઈન્દોર તથા નિમાડ જિલ્લા સમૂહલગ્ન આયોજન સમિતિઓને રૂ. ૨૫૦૦૦નું દાન આપેલું છે. ઈ.સ. ૧૯૯૪માં શાહજાપુર ખાતે અખાત્રીજે યોજાયેલ સમૂહલગ્નોત્સવ ખાસ મહત્ત્વનો બની રહ્યો. આ વખતે સૌથી વધુ ૪૯૨ જોડાં પવિત્ર લગ્નબંધનમાં જોડાયાં. આ સમૂહલગ્ન સમારંભની બચતના રૂપિયા ૨૧,૦૦,૦૦૦ પાટીદાર સમાજ છાત્રાવાસ -શાહજાપુરના શૈક્ષણિકભવનના નિર્માણમાં આપવામાં આવ્યા. આ રીતે ઈ.સ. ૧૯૯૫માં ૨૫૦ જોડાં તથા ઈ.સ. ૧૯૯૬માં ૨૫૦ જોડાંનાં સમૂહલગ્નો થયાં. આની બચત દરવર્ષે છાત્રાલય અને શિક્ષણસંસ્થા સંચાલનમાં આપવામાં આવે છે.

આ રીતે એક બાજુ સમૂહલગ્નોથી ખોટા ખર્ચમાં તણાતો સમાજ અટક્યો અને બચત શૈક્ષણિક હેતુઓમાં વપરાવા લાગી. એમ બંને રીતે સમાજ માટે ઉપયોગી વિકાસનું વાતાવરણ પેદા થયું.

ગુજરાતે મધ્ય પ્રદેશના પાટીદાર ભાઈઓનો હાથ પકડ્યો

અગાઉ દર્શાવ્યું તેમ શ્રી ઉમિયા માતાજીનો ૧૮મી શતાબ્દી મહોત્સવ

એ પાટીદાર સમાજની ઉત્ક્રાન્તિના નવા યુગનું મંડાણ સાબિત થયું છે, જે ઈતિહાસમાં સીમાચિહ્ન રૂપ છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાએ સમસ્ત પાટીદાર સમાજમાં એકતા અને ભાઈચારો પેદા કરી વિકાસની કેડીઓ કંડારી છે. ગુજરાતમાં કડવા પાટીદારો મા ઉમિયાની ધજા નીચે એક બન્યા. સમાજ સુધારણાની જુદી જુદી યોજનાઓ અમલમાં મૂકી સમગ્રપણે સમાજને સધ્ધર બનાવવાના પ્રયત્નો શરૂ થયા છે. સાથે સાથે ધર્મનું આચરણ કરી પાટીદાર સુખી, સમૃદ્ધ અને આબાદ બને, ખોટી રૂઢિઓ દૂર કરે, વ્યસનમુક્ત બને અને પોતાની આગવી ઓળખ ઊભી કરે, તે જાતનો અભિગમ ચાલે છે. પાટીદાર સમાજ ગતિશીલ છે એટલે સમયના વહેણને પારખી પરિવર્તન સ્વીકારી લે છે. આથી એકવીસમી સદીમાં સમય સાથે કદમ મિલાવવામાં તે સૌથી અગ્રેસર રહેવાનો છે - તેમ મા ઉમિયાની પ્રેરણા અને ઈચ્છા છે.

મધ્ય પ્રદેશમાં નજીકમાં વસતા આપણા ભાઈઓને સમાજયાત્રાઓ દ્વારા સંપર્કમાં રહી વિકાસના નવા વિચારોની પ્રેરણા આપી તેમને ઊંચે લાવવાનો પ્રયત્ન કર્યો, જે સફળ બન્યો છે. આજે મધ્ય પ્રદેશમાં ઠેર-ઠેર છાત્રાલયો, વિદ્યાલયો, સમાજભવનોનાં નિર્માણ થયાં છે. કેળવણીમાં ખાસ કરીને કન્યાકેળવણી પર વિશેષ લક્ષ આપ્યું. સાથે સાથે સમાજમાં ડોક્ટરો, એન્જિનિયરો, આઈ.એ.એસ. અધિકારીઓ, કોમ્પ્યુટર નિષ્ણાતો તૈયાર કર્યા છે. આજથી ૨૫ વર્ષ પહેલાં જે સમાજ સાવ નીચલી પાયરીએ હતો તે, આજે તાલુકા - જિલ્લા કક્ષાએ સદસ્ય કે પ્રમુખસ્થાને બેસે છે. મોટાભાગના પાટીદાર બહુલનાં ગામોમાં સરપંચ તરીકે બેસે છે. એવા કેટલાયે સમાજના હીરલાઓ છે, જે વિધાનસભ્ય તેમજ સાંસદ પણ બન્યા છે અને મધ્ય પ્રદેશ સરકારમાં મંત્રીપદે પણ બેસે છે. સમાજના કેટલાયે ભાઈઓ સારા વકીલો બન્યા છે અને સમાજસેવાનાં ક્ષેત્રોમાં પોતાનો પ્રભાવ પાડે છે. કેળવણીનો ઉપયોગ ખેતીમાં કરી સારું ઉત્પાદન લેતા થયા છે. ઔદ્યોગિક ક્ષેત્રે પણ ઘણા ભાઈઓએ નામના મેળવી છે.

આ મધ્ય પ્રદેશ સમાજની તાસીર છે, જે સમાજ સાવ નીચે બેઠેલો હતો, તેને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના માધ્યમથી આજે ક્યાંનો ક્યાં પહોંચ્યો છે - તે ખરેખર મા ઉમિયાની પ્રેરણાનું જ પરિણામ છે. અત્રે ખાસ કરીને શ્રી

ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના સૂત્રધારો પૈકી દીર્ઘદ્દષ્ટા પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠ, મંત્રી શ્રી મણિભાઈ ઘંટી, શ્રી નથુભાઈ લાલદાસ પટેલ, શ્રી માધવલાલ ભોળીદાસ પટેલ, શ્રી અંબાલાલ ચારી, શ્રી વિક્રમભાઈ પટેલ તથા આ અભિગમને આકાર આપવામાં જેમના ચિંતન અને સમાજ ઉત્કર્ષ માટેની ઊંડી તમન્નાને લઈને મોટો ફાળો આપ્યો છે તેવા પ્રચાર અને પ્રકાશન કમિટીના ચેરમેન શ્રી મણિભાઈ મમ્મી તેમજ અન્ય કારોબારી સભ્યો કે જેમણે આવા પવિત્ર કામમાં હરદમ સહાય કરી છે - તે સર્વ આ પરિણામ ઊભું કરનાર ઘડવૈયાઓ છે.

આ સમાજ વિકાસનો પ્રવાહ એકધારો વહેતો રાખવા માટે ૧૮મી શતાબ્દી મહોત્સવ બાદ 'શ્રી ઉમિયા જ્યોતિરથ'નું પણ ખાસ સ્થાન છે. કરોંદિયામાં તૈયાર થયેલા આ દિવ્ય અને ભવ્ય રથે ગુજરાતમાં ૩૫૦૦ ગામોમાં અને મધ્ય પ્રદેશમાં ૭૨૦ ગામોમાં પરિભ્રમણ કર્યું છે. મધ્યપ્રદેશમાં શ્રી ઉમિયા જ્યોતિ રથની ૭૨૦ ગામોમાં પરિક્રમાથી રૂ. ૫ કરોડ એકઠા થયા જે ઇંદોરમાં છાત્રાલય અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં વાપરવામાં આવશે. આ જ્યોતિરથના પરિભ્રમણથી ગામગામ વેરઝેર, ટંટા-ફસાદ, ઈર્ષા-ભાવ ત્યજી એક બન્યા અને રથના આગમનના દિવસે સૌ સાથે બેસી ધુમાડાબંધ જમ્યા. માએ પોતાના દરેક પુત્રની ઘેર-ઘેર ફરી ખબર લીધી. પાટીદારોમાં અભૂતપૂર્વ ભક્તિભાવ અને ભાઈચારો તેમજ એકતા પેદા થઈ અને પાટીદારોએ સર્વ સમાજોમાં પોતાની આગવી ભાત ઊભી કરી. અન્ય સમાજોને વિકાસમંત્રના પાઠ ભણાવ્યા.

ગુજરાત અને મધ્ય પ્રદેશમાં ચાલતી આ સમાજવિકાસની તાસીર જોઈ દિલ્હી, યુ.પી., બિહાર, ઓરિસ્સા, નેપાળ, મહારાષ્ટ્ર, રાજસ્થાનના પાટીદારો પણ જાગૃત થયા છે. તેઓ પણ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાને વારંવાર વિનંતી અને આગ્રહપૂર્વક જણાવતા રહે છે કે, તમોએ જે રીતે મધ્ય પ્રદેશમાં આવન-જાવન કરી તેમને ગુજરાતની સાથે કર્યા, તેમ તેઓને પણ સાથે લઈ ચાલો. મા ઉમિયાની પ્રેરણા આગળ શું નિર્માણ કરે છે - તે ભાવિ બતાવશે. આજે તો પાટીદાર સમાજ સર્વોચ્ચ સ્થાને બેસે તેવાં એંધાણ વર્તાય છે. ભારતભરનો પાટીદાર સમાજ મા ઉમિયાની ધજા નીચે એક બને - ત્યારે એમ ચોક્કસ કહી શકાય કે આવતીકાલ એકવીસમી સદી મા ઉમિયાના દીકરાઓની છે. ભાવિ એવાં એંધાણ સૂચવે છે. ■

૨

રાજસ્થાન સમાજયાત્રા

મા ઉમિયાએ મધ્ય પ્રદેશને ગુજરાતની સાથે જોડી દીધું. મધ્યપ્રદેશ ખાતે ગુજરાતમાં ચાલતી પ્રવૃત્તિઓની જેમ જ સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. મધ્ય પ્રદેશ ખાતે કેળવણી - કન્યા કેળવણી, સમૂહલગ્નો, પ્રેતભોજન બંધી, વ્યસનમુક્તિ, કેળવાયેલ યુવા ધન સારી નોકરીઓમાં લાગ્યું, ધંધા-રોજગાર વધ્યા. મધ્ય પ્રદેશ સમાજમાં સુધારાનો પવન ફૂંકાયો અને ખૂબ જ ટૂંકા સમયમાં મધ્યપ્રદેશે હરણફાળ ભરી ગુજરાત સમકક્ષ આવી ગયું. જેમાં કેવળ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાનો જ ફાળો છે, જે પણ મા ઉમિયાની પ્રેરણાનું જ પરિણામ છે.

એક બાજુ મા ઉમિયાની ધજા નીચે ગુજરાતે પાટીદાર સમાજ માટે સર્વવિકાસ અભિયાન ચલાવ્યું, જેથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનનો એક સુધારાવાદી નવો ધાર્મિક અને સામાજિક પ્રભાવ ઊભો થયો. ગુજરાતમાં આની સર્વ સમાજે નોંધ લીધી અને કોઈ પણ બાબતના નવા ચિંતન માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા તરફ નજર રાખી માર્ગદર્શન મેળવવાનું શરૂ કર્યું.

ઘણા સમાજોએ 'જ્યોતિરથ' જેવા રથ ફેરવ્યા. મોટાભાગના અન્ય સમાજોએ સમૂહલગ્નોનાં આયોજનો કર્યાં. કન્યાછાત્રાલયો ઊભાં કર્યાં. શૈક્ષણિક સુવિધાઓ ઊભી કરી લોન વગેરેની સહાય અપાવા લાગી. સમાજમાં પાછળ પડેલ વર્ગ માટે સહાયરૂપ બનવાની યોજનાઓ થવા લાગી. આ બધું શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની પહેલનું સમાજને પરિણામ મળ્યું.

બીજી બાજુ મા ઉમિયાનો ધાર્મિક તેમજ સામાજિક સુધારાનો પ્રભાવ વધ્યો. મા ઉમિયા સમાજકલ્યાણી દેવી તરીકે ઊભરી આવ્યા. આ પરિસ્થિતિએ ૧૮મી શતાબ્દી મહોત્સવ બાદ કરવટ બદલી - એ જ તેનું એકધારી રફતારનું વળાંક બિંદુ (Turning Point) સાબિત થયું અને સમાજમાં સુધારાનો સૂર્યોદય થયો.

આ પ્રભાવનું તેજ ઘણું વિશાળ બન્યું. રાજસ્થાન, યુ.પી. બિહાર, નેપાળ, મહારાષ્ટ્રના પાટીદાર સમાજોએ ઘણીવાર શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાને પત્રો દ્વારા, ટેલિફોન દ્વારા તેમજ રૂબરૂ મુલાકાતો લઈ તેમને પણ મધ્ય પ્રદેશની માફક માર્ગદર્શક બની આગળ લાવો. મા ઉમિયાની ધજા નીચે તેઓ પણ જોડાવા તૈયાર છે. 'તમે અહીં આવો, અહીં આવો'ની વારંવાર વિનંતીઓ આવતી રહે છે.

સમાજયાત્રાની ભૂમિકા -

આ રીતે જ રાજસ્થાન પાટીદાર સમાજના કેટલાક આગેવાનો મા ઉમિયાનો પ્રભાવ સાંભળી ઊંઝા ખાતે રૂબરૂ મુલાકાતે આવ્યા.

રાજસ્થાન પાટીદાર સમાજ ગુજરાતના ઉત્તરે આવેલ સાબરકાંઠા જિલ્લો અને પંચમહાલ જિલ્લાની સરહદે ડુંગરપુર જિલ્લાનાં ૯૧ ગામોમાં લગભગ ૬૦૦૦ પરિવારો વસે છે. આ લેઉવા પાટીદારો છે.

રાજસ્થાનનો દક્ષિણ ભાગનો આ પાટીદાર સમાજનો ડુંગરપુર જિલ્લો કપરા સંઘર્ષ ખેલી આગળ આવવા મથી રહેલ છે. આ પ્રદેશમાં કે જ્યાં બે-ત્રણ વીઘા જમીન પણ સમથળ-સપાટ નથી, પાણીની અછત છે અને કુદરત પર આધારિત છે. ખૂબ જ ખડકાળ જમીન છે. આવા પ્રદેશમાં આ પાટીદાર સમાજ વસે છે, જ્યાં કુદરત આધારિત ખેતી તેમજ મજૂરી સિવાય કોઈ આધાર નથી, તેવા પ્રદેશના આ પાટીદારોએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના ધાર્મિક ઉદારતા અને વિકાસલક્ષી અભિગમ સાંભળી માર્ગદર્શન અને સહાયની ગણતરીએ તેમના આગેવાનો ઊંઝા આવ્યા.

આ રાજસ્થાન પાટીદાર સમાજ લગભગ ૮૪૦ વર્ષ પહેલાં ગુજરાતના ચાંપાનેર (પાવાગઢ) વિસ્તારથી રાજસ્થાનના ડુંગરપુર વિસ્તારમાં વિચરણ કરી વસ્યો છે. આમ તો પાટીદાર જાતિ વિચરણ કરતી જાતિ છે અને જ્યાંજ્યાં સારી ફળદ્રુપ જમીન અને સારાં પાણી-નદીનાળાં, સરોવરની સગવડ હોય ત્યાં જ વસી છે. છતાં રાજસ્થાનનો આ પાટીદાર સમાજ આવી ખડકાળ અને પાણીની સગવડ વગરની જમીન હોવા છતાં ત્યાં કેમ વસ્યો હશે-તે કોયડો છે. કદાચ ડુંગરપુર સ્ટેટના રાજ્યે તેમને રાજ્યાશ્રય આપ્યો હશે. આ સમાજમાં આઝાદી સુધી તો કેળવણીનું બિલકુલ નગણ્ય

પ્રમાણ હતું. રૂઢિઓ, અંધવિશ્વાસ, પ્રેતભોજન, લગ્નોના ખોટા ખર્ચા, વ્યસનો વગેરેથી ખદબદતો હતો.

ઈ.સ. ૧૯૫૩ની સાલમાં આવા પછાત સમાજના એક ભાઈ શ્રી કેશવજીભાઈ જસેલા માત્ર ૧૭ વર્ષની નાની ઉંમરે તલાટી (પટવારી)ની સરકારી નોકરીમાં રહ્યા. કુદરતે તેમને પોતાના સમાજ માટે કંઈક કરી છૂટવાની પ્રેરણા કરી. તેમને શ્રી મોગજીભાભા નામના આવા જ આગેવાનનો સાથ મળ્યો.

શ્રી કેશવજીભાઈ જસેલાએ શ્રી મોગજીભાભાના સાથથી સમાજની બદીઓ - જેવી કે અભણ સમાજ, કુરૂઢિઓ, અંધવિશ્વાસ, ખોટા ખર્ચાઓ સામે જંગ માંડ્યો. તેમણે ઈ.સ. ૧૯૫૩માં જ સાગવાડામાં ભાડાના મકાનમાં છાત્રાલયની શરૂઆત કરી.

સુધારાનું પ્રથમ કિરણ

શ્રી કેશવજીભાઈ જસેલા અને શ્રી મોગજીભાભાએ પ્રથમ છાત્રાલય શરૂ કર્યું. સમાજના કેટલાક આગેવાનોનો સાથ મળ્યો. પરિણામે નીચેની બે સંસ્થાઓ શરૂ કરવામાં આવી. તેમને શ્રી ધનેશ્વરજી એસ.ડી.એમ. અને તેમના સાથીઓનો સાથ મળ્યો.

૧. શ્રી ગુજરાતી પાટીદાર સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ - સાગવાડા

૨. શ્રી ગુજરાતી પાટીદાર પ્રગતિ મંડળ - જિલ્લા ડુંગરપુર

આ બંને સંગઠનો સમાજ સુધારણાનાં કામો તેમજ કેળવણી વિષયક બાબતો પણ એકબીજાના પૂરક રહીને કરે છે.

ઈ.સ. ૧૯૫૩માં સાગવાડા છાત્રાલયના ૩૦ ઓરડા હતા અને તેમાં ૬૦ વિદ્યાર્થીઓ રહીને ભણતા હતા. તેમને રહેવા, જમવા અને ભણવા માટે વર્ષે માત્ર રૂ. ૩૦૦ આપવા પડતા હતા.

તે બાદ ઈ.સ.૧૯૭૦માં ડુંગરપુર છાત્રાલયની શરૂઆત થઈ. અહીં ૨૬ ઓરડાઓમાં ૮૦ વિદ્યાર્થીઓ રહી ભણતા હતા. તેઓ રૂ. ૫૦૦ વર્ષે આપી રહેતા હતા.

આ પછી ઈ.સ. ૧૯૯૪માં ઉદયપુરમાં છાત્રાલયની શરૂઆત થઈ. અહીં ૨૬ ઓરડાઓમાં ૬૫ વિદ્યાર્થીઓ વાર્ષિક રૂ. ૧૦૦૦ આપી રહેવા લાગ્યા.

ઈ.સ. ૧૯૯૨માં કન્યા છાત્રાલય સાગવાડાના જે ભાડાના મકાનમાં હતું ત્યાં પોતાનું મકાન બનાવવામાં આવ્યું. જેના ૩૦ ઓરડા અને તેમાં ૩૫ કન્યાઓ રહેતી અને તેઓ વર્ષે ફક્ત રૂ. ૩૧ એટલે કે મફત જ રહેતી હતી.

આ સાથે આ આગેવાનો તરફથી આ છાત્રાલયો સિવાય કોઈપણ જગ્યાએ આ સમાજના કુમાર - કન્યા જ્યાં પણ ભણતાં હોય તો તેમને રૂ. ૧૫૦૦ની સહાય આપવામાં આવે છે.

રાજસ્થાન સમાજના આગેવાનોનું ઊંઝા આગમન

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાનું મોટું નામ સાંભળીને શ્રી ધનેશ્વરજી પાટીદાર અને બીજા ચાર સાથીઓ ઊંઝા આવ્યા. અહીં આવ્યા બાદ જાણ્યું કે શ્રી ઉમિયા માતાજી કડવા પાટીદાર કુળદેવી છે અને આ સંસ્થાન કડવા પાટીદાર સમાજ માટે વિશેષરૂપે કામ કરે છે. તેઓ નિરાશ થયા, પરંતુ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠની ઉદાર અને દીર્ઘદૃષ્ટા વિચારસરણીને લઈને તેમની આશા ફળી. શ્રી કેશુભાઈ શેઠે તેમને પ્રેમથી આવકાર્યા, તેમની સારી મહેમાનગતિ કરી અને મદદરૂપ થવાની તમામ ભાવના બતાવી. રાજસ્થાનના ભાઈઓ નિરાશ થયા હતા પણ પ્રમુખશ્રીના વિશ્વાસે તેમનામાં નવો આશાનો સંચાર થયો. મા ઉમિયાની કોઈ અજબ પ્રેરણા કામ કરી ગઈ. તેમણે ઊંઝાના આગેવાનોને રાજસ્થાન પધારવા આમંત્રણ આપ્યું.

રાજસ્થાનનો આ લેઉવા પાટીદાર સમાજ સરદાર વલ્લભભાઈ પટેલની દરેક જન્મજયંતી તા. ૩૧મી ઓક્ટોબરે સાગવાડાની આ સંસ્થામાં એકત્ર થાય છે. સમાજનાં ૬૦૦૦ કુટુંબો દર વર્ષે આવે છે. અહીં આ દિવસે મોટો સમારંભ થાય છે. તે દિવસે સમાજનાં પ્રતિભાશાળી કન્યા-કુમારો કે જેઓ આઇ.એ.એસ. આર.એ.એસ., પી.એમ.ટી., આઇ.આઇ.ટી. કે તેની સમકક્ષ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયાં હોય તેમને આ અધિવેશનમાં સન્માનિત કરવામાં આવે છે.

ઊંઝાના આગેવાનોની વળતી પ્રથમ મુલાકાત

આ અધિવેશનમાં રાજસ્થાનના આગેવાનોએ ઊંઝાના આગેવાનોને સાગવાડા પધારવાનું આમંત્રણ આપ્યું. લગભગ દસ-બાર વર્ષ પહેલાની વાત છે. ઊંઝાના આગેવાનો શેઠ શ્રી કેશુભાઈ પટેલની આગેવાનીમાં શ્રી

મણિભાઈ મમ્મી તથા શ્રી વિક્રમભાઈ પટેલ વગેરે સાથે તા. ૩૧મી ઓક્ટોબરે સરદાર જયંતીના દિવસે સાગવાડા પહોંચ્યા. રાજસ્થાન પાટીદાર સમાજનો ઉત્સાહ કંઈક ઔર જ હતો. સર્વને ગુજરાતના આગેવાનો પાસે મોટી આશા હતી. આ અધિવેશનનો સમારંભ સાગવાડા ગામમાં પોલીસસ્ટેશન સામે હાઈ-વે પર શ્રી કન્યા છાત્રાલયના મકાનમાં રાખવામાં આવ્યો હતો. સમારંભ ખૂબ જ ઉત્સાહપૂર્વક ચાલ્યો અને રાજસ્થાનના ભાઈઓએ ઊંઝાના આગેવાનોને કન્યા છાત્રાલયનું પોતાનું મકાન બનાવવા માટે મદદરૂપ થવા અને દાતાઓ મેળવી આપવા વિનંતી કરી. ઊંઝાના આગેવાનોએ તેમને હકારાત્મક પ્રતિભાવ આપ્યો. આથી તેમને મોટું આશ્વાસન મળ્યું.

રાજસ્થાન સમાજમાં સુધારાની ધગશ અને તત્પરતા

રાજસ્થાન સમાજના આગેવાનોએ કેળવણી પાછળ વિશેષ ધ્યાન આપ્યું. સમાજ કોઈ સમૃદ્ધ ન હતો - ઉદ્યોગ-ધંધા પણ નહિ. માત્ર ખેતી અને તે પણ કુદરત આધારિત-ઉપર તેમનું જીવનધોરણ ચાલે. છતાં કેળવણીની ભૂખ ખૂલી હતી. તેમના તે માટેના પ્રયત્નો ખરેખર અભિનંદનીય છે.

સમાજવિકાસનાં કામ માટે અને આખા સમાજને વિકાસમાં જોડવા માટે તેમણે એક સુંદર અભિયાન ચાલુ કરેલું છે. સમાજનાં ૬૦૦૦ ઘરોમાં દરેક ઘરેથી દરવર્ષે એક રૂપિયો અને પાંચ કિલો અનાજ લેવામાં આવે છે, તેમજ સમાજના અંદાજે ૭૦૦ સરકારી કર્મચારીઓ પાસેથી તેના મૂળ પગારના રૂ. ૩૦૦૦ અને વાર્ષિક રૂ. ૧૦૦ પણ લેવામાં આવે છે. આ અભિયાનમાં ગુજરાતના આગેવાનોના સંપર્ક બાદ, તેમની સૂચનાથી વાર્ષિક એક રૂપિયાની જગ્યાએ રૂ. ૧૦ અને પાંચ કિલો અનાજના બદલે ૧૦ કિલો અનાજ લેવાનો સુધારો કર્યો છે-જે આજે પણ ચાલુ છે.

રાજસ્થાનના આગેવાનોની ગુજરાતની બીજી મુલાકાત

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના આગેવાનોની રાજસ્થાન મુલાકાત અને છાત્રાલયનું મકાન બનાવવા માટેની આર્થિક સહાયના આશ્વાસનના અનુસંધાનમાં શ્રી ધનેશ્વરજી પાટીદારની આગેવાનીમાં રાજસ્થાનનું એક પ્રતિનિધિમંડળ બીજી વાર ઊંઝાની મુલાકાતે આવ્યું.

આ વખતે ઊંઝાના આગેવાનોએ અહીંના બીજા સધ્ધર મહાનુભાવો સાથે તેમની મુલાકાત કરાવી. જેમાં વિસનગરના શ્રી ભોળાભાઈ પટેલ,

અમદાવાદથી શ્રી કરશનભાઈ પટેલ (નિરમાવાળા), વાલમના શ્રી કાનજીભાઈ પટેલ જેવાઓ સાથે મુલાકાતો થઈ અને આર્થિક સહયોગની આશા આપવામાં આવી.

છાત્રાલયના ભૂમિપૂજન વખતે ગુજરાતના પ્રતિનિધિમંડળની મુલાકાત

રાજસ્થાનના ભાઈઓએ ઊંઝા આવી ઉપરના મહાનુભાવોને મળી છાત્રાલયના ભૂમિપૂજનમાં પધારવા આમંત્રણ આપ્યું. પરિણામે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠની આગેવાનીમાં એક પ્રતિનિધિમંડળ રાજસ્થાન ભૂમિપૂજનના કાર્યક્રમમાં હાજરી આપવા ગયું. આ સમારંભમાં ગુજરાતના ભાઈઓએ નીચે મુજબ દાન આપ્યું-

૧. શ્રી કરસનભાઈ પટેલ
નિમા ચેરિટેબલ ટ્રસ્ટ - અમદાવાદ — રૂ. ૩,૫૦,૦૦૦

૨. શ્રી ભોળાભાઈ ચ. પટેલ
શ્રી સાંકળચંદ પટેલ જનકલ્યાણ ટ્રસ્ટ - વિસનગર — રૂ. ૨,૫૦,૦૦૦

૩. શ્રી ઓધવજીભાઈ આર. પટેલ
શ્રી ઓરપેટ ચેરિટેબલ ટ્રસ્ટ - મોરબી — રૂ. ૨,૮૫,૦૦૦

૪. શ્રી કેશવલાલ વિ. પટેલ
પ્રમુખ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા — રૂ. ૧,૫૨,૦૦૦

૫. શ્રી વિષ્ણુભાઈ પટેલ
ઉદ્યોગપતિ, અમદાવાદ — રૂ. ૧,૦૦,૦૦૦

૬. શ્રી પોપટભાઈ એન. પટેલ
શ્રી ફિલ્ડ માર્શલ ફાઉન્ડેશન ટ્રસ્ટ - રાજકોટ — રૂ. ૬૨,૦૦૦

૭. શ્રી શિવલાલ વેકરિયા
અધ્યક્ષ, અમૃતબહેન ચેરિટેબલ ટ્રસ્ટ - રાજકોટ — રૂ. ૫૦,૦૦૦

૮. શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ
એપોલો ઈન્ડસ્ટ્રીઝ - મહેસાણા — રૂ. ૨૫,૦૦૦

૯. શ્રી શંભુભાઈ આપાભાઈ પટેલ
ઉદ્યોગપતિ - ઈસબગોલ ઈન્ડસ્ટ્રીઝ - સિદ્ધપુર — રૂ. ૨૫,૦૦૦

૧૦. શ્રી બાબુભાઈ દીપચંદ પટેલ - સુરેન્દ્રનગર — રૂ. ૧૧,૦૦૦

૧૧. શ્રી જાદવભાઈ ટપુભાઈ પટેલ - સુરેન્દ્રનગર — રૂ. ૧૧,૦૦૦

આ રીતે છાત્રાલયના ભૂમિપૂજન વખતે ગુજરાતના મહાનુભાવોએ રૂ. ૧૨ લાખનું દાન આપ્યું તથા ત્યાંના સ્થાનિક સમાજના મહાનુભાવોએ રૂ. ૧૦ લાખનું દાન આપ્યું. જે સમાજ આર્થિક રીતે સદ્ધર નથી, છતાં વિકાસની ભૂખ અને નિષ્ઠા છે, તેને આર્થિક મુશ્કેલી નડતી નથી. જેનું ધ્યેય ઉમદા હોય તેને દૈવીશક્તિ પણ મદદ કરે છે. એ વાત સિદ્ધ થઈ.

રાજસ્થાન સમાજ પાસે છાત્રાલય માટે સારું ફંડ ઊભું થયું. તે મા ઉમિયાની પ્રેરણાએ ગુજરાત સાથેનો અતૂટ નાતો જોડ્યો. હવે રાજસ્થાન સમાજને શૈક્ષણિક સંકુલ ઊભું કરવાની હામ જાગી. તેમણે ગલિયાકોટ રોડ ઉપર ૧૬ વીઘા જમીન રૂ. ૪,૫૦,૦૦૦ના ખર્ચે સાગવાડામાં ખરીદ કરી - ત્યાં છેક કોલેજ સુધીનું શૈક્ષણિક સંકુલ બનાવવાનું આયોજન વિચાર્યું. આ સંકુલનું ભૂમિપૂજન શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના ઉપપ્રમુખ અને સિદસર સંસ્થાના પ્રમુખ ઓર્પેટવાળા શ્રી ઓધવજીભાઈ આર. પટેલના વરદ્‌હસ્તે સંપન્ન થયું. તેના અતિથિવિશેષપદે શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ ઉદ્યોગમંત્રી-ગુજરાત રાજ્ય-એપોલોવાળા બિરાજમાન હતા. સાથે વિક્રમભાઈ, મણીભાઈ મમ્મી પણ હતા.

રાજસ્થાન સમાજ આ રીતે ગુજરાતના સાથ, સહકાર અને માર્ગદર્શનથી વિકાસપંથે આગળ વધી રહ્યો છે. ખરીદાયેલ જમીન સમથળ કરવાનું કામ ચાલે છે. કન્યાઓ હાલ ગામનાં જૂનાં મકાનમાંથી નવા મકાનમાં રહેવા લાગી છે. હાઈ-વે પોલીસસ્ટેશનની સામેવાળું મકાન ગેસ્ટહાઉસ અને સમાજવાડીના ઉપયોગમાં લેવાય છે. સાથે દુકાનો કાઢી છે. આ બધાનું ભાડું પણ વર્ષે ૧૨ લાખ આવે છે, જે વિકાસનાં કામોમાં વપરાય છે. સમાજ પ્રગતિના પંથે છે.

ખાસ નોંધપાત્ર બાબત એ છે કે આ વિસ્તારમાં કોઈ ઉદ્યોગ નથી. પણ સૌપ્રથમ સમાજના કેટલાક યુવાનો મુંબઈ ગયા. તેમણે ત્યાં ચાની લારીઓ કરી. તે પછી એકની પાછળ બીજો એમ ઘણા લોકો મુંબઈ ગયા અને ચાની લારીઓનો ધંધો કરવા લાગ્યા. તેમાં ફાવ્યા, કમાયા અને તેમાંના ઘણા આજે હોટેલોના માલિક બન્યા છે.

સમાજમાં જાગૃતિનો ઉદય

શરૂ શરૂમાં થયેલાં સાગવાડા અને ડુંગરપુરનાં બે સંગઠનો દ્વારા

સમાજવિકાસનાં કાર્યો હાથ ધરવામાં આવ્યાં. તેઓએ ગામડાંઓમાં ગ્રામસ્તરની સમિતિઓ બનાવી. તે સમિતિઓએ સમાજના અધિવેશનમાં ૪૪ નિયમો તૈયાર કરી આખા સમાજને તેનું પાલન કરવા પ્રયત્નશીલ બનાવ્યો.

તેમણે ઈ.સ. ૨૦૦૩થી ૨૦૦૫ સુધીમાં ચાર સમૂહલગ્નોનું આયોજન કર્યું, જેમાં ૫૦ જોડાંનાં વિનામૂલ્ય લગ્નો થયાં. સમાજમાં પ્રેતભોજન બિલકુલ બંધ કરવાનો પ્રયત્ન ચાલે છે. કેળવણીને લીધે સરકારી નોકરીઓમાં પણ ઘણા જોડાયા. નાનો-મોટો વેપારધંધો પણ કરવા લાગ્યા. ઉદ્યોગોની અહીં કોઈ અનુકૂળતા નથી.

આમ રાજસ્થાન સમાજ માત્ર કુદરત પર આધારિત સામાન્ય સ્તર પર જીવતો હતો. તે માત્ર છેલ્લાં પંદર વર્ષોમાં આજે મધ્ય પ્રદેશના સમકક્ષ થવા જઈ રહ્યો છે. આ વિકાસગાથા માત્ર મા ઉમિયાની પ્રેરણાનું જ પરિણામ છે. જેના નિમિત્ત બન્યા છે, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના મુખ્ય વિચારમંથનના પ્રણેતા અને સમગ્ર પાટીદાર સમાજને વિકાસના પંથે દોરનાર ઉદારદિલ, દીર્ઘદૃષ્ટા અને ભવિષ્યને વાંચી શકનાર પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠ, શ્રી મણિભાઈ મમ્મી અને શ્રી વિક્રમભાઈ પટેલ. ■

3

ઉત્તર પ્રદેશ સમાજયાત્રા

શ્રી ઉમિયા માતાજીની વિખરાયેલી મોતીની માળા પૈકી ઉત્તરપ્રદેશના કુર્મિક્ષત્રિયો પણ માળાનો એક મણકો છે.

૧૮મી શતાબ્દી મહોત્સવની ઊંઝાની ઉજવણીના ભવ્યતાનાં કેવાં દૂરગામી પરિણામો પડ્યાં છે તે બાબતે વિસ્તારથી મધ્ય પ્રદેશનો ગુજરાતનો ભૂલાયેલો નાતો ફરી જાગૃત થયો-તે આપણે જોયું.

ઉત્તર પ્રદેશના કૂર્મિક્ષત્રિયો એ વાત જાણે છે કે પંજાબથી અલગ પડી આ જાતિ રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ, મધ્ય પ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ તેમજ નેપાળ ખાતે વિસ્તરેલી છે અને દરેક જગ્યાએ જુદાંજુદાં નામે ઓળખાય છે. છેલ્લાં સો વર્ષ દરમિયાન આ જાતિનાં લગભગ ૪૦ અધિવેશનો ખાસ કરીને યુ.પી.માં યોજાયાં હતાં. જેમાં સાત-આઠ અધિવેશનોમાં તો ગુજરાતના વિદ્વાન આગેવાનોએ પ્રમુખપદ શોભાવ્યાં હતાં. ડૉ. દિલાવરસિંહ જયસ્વારે તેમના પુસ્તક 'कूर्मि चेतना के सो वर्ष'માં (૧૮૯૪થી ૧૯૯૪) આ બાબતનો વિસ્તારથી ખ્યાલ આપ્યો છે. ડૉ. મંગુભાઈ પટેલે પણ 'પાટીદારોની ગૌરવગાથા' નામના તેમના પુસ્તકમાં આ વિશે વિશ્લેષણ કર્યું છે.

આમ છતાં આ મહાન જાતિની એકતા અને ભાઈચારા માટે કોઈએ પ્રયત્ન કર્યો ન હતો. થોડાઘણા વિદ્વાનો અને અભ્યાસુઓ સિવાય આ જાતિ એક છે, તેઓ દરેકેદરેક એક જાતિ બંધુઓ છે અને તેમની જીવન પ્રણાલીમાં કે સામાજિક રીતભાતમાં સૈકાઓ વીતી જવા છતાં દરેક જગ્યાએ મૂળભૂત રીતે આશ્ચર્યજનક એકતા દર્શાવે છે, તેમ છતાં તેમનો સંપર્ક કરી એકતા અને ભાઈચારાની દિશામાં કોઈએ પ્રયત્ન કર્યો ન હતો.

આ કામ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ માની પ્રેરણાથી કર્યું. પરિણામે ઉત્તર પ્રદેશ ખાતે પણ આવન-જાવન, સમાજયાત્રાઓ શરૂ થઈ.

ઉત્તર પ્રદેશની સમાજયાત્રાનું મૂળ મધ્ય પ્રદેશની સમાજયાત્રાઓમાં પડેલું છે.

મધ્ય પ્રદેશ ખાતે શ્રી ઉમિયાધામ-રાઉ-રંગવાસા (ઇન્દોર) તૈયાર થતા શ્રી ઉમિયા માતાજીના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા તા. ૭-૫-૧૯૯૦ના રોજ થઈ. તે જ વખતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠના હસ્તે ૨૫૦ ઓરડાનું વિશાળ છાત્રાલય તેમજ વિદ્યાલયની શિલારોપણવિધિ પણ કરવામાં આવી.

શ્રી અંબિકા પાટીદાર સમાજ ધાર્મિક અને પારમાર્થિક ટ્રસ્ટે રૂપિયા ૫૦ લાખના ખર્ચે 'મા ઉમિયા પાટીદાર કન્યા છાત્રાલય ભવન'નું ટૂંકાગાળામાં નિર્માણ કર્યું. આ ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે તા. ૨૮-૨-૧૯૯૬ના રોજ ગુજરાત, સૌરાષ્ટ્ર, અમદાવાદ, મધ્ય પ્રદેશમાંથી તેમજ નિમાડના આગેવાનો હાજર હતા. આ પ્રસંગે દિલ્હીથી શ્રી કવિ પટેલ અને ડૉ. દિલાવરસિંહ જયસ્વાર - અધ્યક્ષ કૃષિક્ષત્રિય પાટીદાર સમાજ-દિલ્હીને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેથી આ બંને આગેવાનો પણ દિલ્હીથી પધાર્યા હતા.

શ્રી કવિ પટેલ (કરસન વિશ્રામ પટેલ) કચ્છના ગુજરાતી પટેલ છે અને દિલ્હીમાં ફર્નિચરનો ધંધો કરે છે અને 'દિલ્હીવાલા' તરીકે ઓળખાય છે. આ કચ્છી ભાયડો વિશેષ વ્યક્તિત્વ ધરાવે છે. આ માણસ દિલ્હી પાટીદાર સમાજમાં સક્રિય છે. સર્વે સાથે સારા સંબંધો ધરાવે તો છે જ, પણ દિલ્હી કુર્મિક્ષત્રિય સમાજને ગુજરાત સાથે જોડવામાં સેતુરૂપ છે. તેમણે જ દિલ્હી કુર્મિક્ષત્રિય સમાજને ગુજરાત સાથે જોડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. દિલ્હીવાળાઓને ગુજરાત આવવા અને ગુજરાતના પાટીદારોની પ્રગતિ જોવા અને સ્વજાતિ બંધુનો નાતો પુનઃ શરૂ કરવા કવિ પટેલે જહેમત ઉઠાવી છે. યુ.પી. - ગુજરાતની એકતામાં આ કચ્છી ભાયડાનો ઐતિહાસિક ફાળો છે.

દિલ્હીના આગેવાનો રાઉ-રંગવાસા - મધ્ય પ્રદેશના કાર્યક્રમમાં આવ્યા તે પહેલાં કવિ પટેલે દિલ્હીના આગેવાનોને ગુજરાતની મુલાકાત માટે તૈયાર કર્યા હતા. તેમણે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠને પણ દિલ્હીના ડૉ. દિલાવરસિંહ જયસ્વાર જેવા વિદ્વાન અને

ઈતિહાસવિદ્‌ને ઊંઝા આમંત્રવા સમજાવ્યા. પરિણામે શ્રી કેશુભાઈ શેઠે ડૉ. દિલાવરસિંહ જયસ્વારને ઊંઝા - ગુજરાત પધારવા આમંત્રણ પાઠવ્યું. શ્રી કેશુભાઈ શેઠના મનમાં મધ્ય પ્રદેશના સંબંધો તાજા થયા અને તે સમાજને મોટો ફાયદો થયો તેવો ઉત્તર પ્રદેશમાં અને દિલ્હીમાં માહોલ ઊભો કરવાનો ખ્યાલ હતો જ.

શ્રી કેશુભાઈ શેઠના આમંત્રણને માન આપી તા. ૨૪ એપ્રિલ-૧૯૯૫ના રોજ દિલ્હીથી શ્રી કવિ પટેલ, ડૉ. દિલાવરસિંહજી જયસ્વાર અને શ્રી સતિશચંદ્ર ગંગવાર - અધ્યક્ષ કુર્મિક્ષત્રિય સમાજ - પૂર્વ દિલ્હીને લઈ ઊંઝા પધાર્યા. ઉત્તર પ્રદેશ કુર્મિક્ષત્રિય સમાજના ભૂલાયેલા સંબંધને તાજો કરવાનો આ પાયો નખાયો. દિલ્હીવાલાઓ ગુજરાતમાં પાંચ દિવસ રોકાયા. તેમને જુદાજુદા શૈક્ષણિક સંકુલો, ઉદ્યોગગૃહો અને મંદિરો ખાતે ફેરવવામાં આવ્યા. તેઓ સાબરકાંઠા, બનાસકાંઠા પાટણ, ગાંધીનગર, ખેડા, આણંદ, ગોધરા અને અમદાવાદ ફર્યા. ગુજરાતના પાટીદાર સમાજનો ગુજરાતના સમાજ જીવન, તેમજ રાજકીય પ્રવાહમાં પ્રભાવ જોઈ આ લોકો ખૂબ પ્રભાવિત થયા.

રાઉ-રંગવાસાના કાર્યક્રમમાં ડૉ. દિલાવરસિંહજી જયસ્વાર સાથે કવિ પટેલ પણ હતા. દિલ્હી કૃષિ સમાજના અધ્યક્ષ દિલાવરસિંહજીએ પોતાના પ્રવચનમાં જુદા-જુદા રાજ્યોમાં વસતા અને જુદાં જુદાં નામથી ઓળખાતા કુર્મિક્ષત્રિયો એક છે અને સર્વએ એક નાતો ઊભો કરવો જોઈએ. ભારતની વસતિના ૧/૩ ભાગની આપણી જાતિ છે. તે જાતિએ આગામી ૨૧મી સદીમાં એક બની ભારતનું ભાગ્ય ઘડવામાં પોતાનો ફાળો આપવો જોઈએ એમ જણાવ્યું. સાથે સાથે ગુજરાતના ભાઈઓને વિનંતી પણ કરી કે મધ્ય પ્રદેશ - રાજસ્થાનની એકતા અને જાગૃતિ માટે જેમ સમાજયાત્રાઓ દ્વારા પ્રયત્નો થયા છે, તેમજ દિલ્હી, યુ.પી., બિહારના સમાજને પણ બેઠો કરવા સમાજયાત્રાઓ યોજવા આમંત્રિત કર્યા. સાથેસાથે અખિલ ભારતીય પાટીદાર સમાજનું સંગઠન ઊભું કરવા પણ આહ્‌વાહન કર્યું.

દિલ્હીવાલાઓની આ મુલાકાતથી દિલ્હી - યુ.પી.ની નજર હવે ગુજરાત તરફ રહી. મધ્ય પ્રદેશનો ગુજરાતનો નાતો થતાં તેમણે જે પ્રગતિ

કરી તેનો પણ ખ્યાલ તેમના મગજમાં હતો. આથી તા. ૮/૯ માર્ચ, ૧૯૯૭માં શ્રી ઉમિયા કેમ્પસ, સોલા (અમદાવાદ) ખાતે મળેલ અખિલ ભારતીય પાટીદાર સમાજના ત્રીજા અધિવેશનમાં પણ ગુજરાતના નિમંત્રણને માન આપી, મધ્ય પ્રદેશ, રાજસ્થાનના પ્રતિનિધિઓ સાથે દિલ્હીથી શ્રી કવિ પટેલ અને ડૉ. દિલાવરસિંહજી જયસ્વાર હાજર રહ્યા આમ દિલ્હીના સંપર્કો ગુજરાત સાથે ચાલુ થયા.

ગુજરાતનું નાનકડું પ્રતિનિધિમંડળ દિલ્હી ખાતે

માર્ચ-૧૯૯૭ના ગુજરાત ખાતેના અધિવેશનમાં હાજર રહી દિલ્હી ગયા બાદ શ્રી કવિ પટેલે ગુજરાતના પ્રતિનિધિમંડળને દિલ્હી બોલાવવાના પ્રયત્નો શરૂ કર્યા. પરિણામે દિલ્હીના આગેવાનોએ ગુજરાતથી દિલ્હી પધારવા ગુજરાતના પ્રતિનિધિમંડળને તા. ૫-૭-૧૯૯૭ના રોજ ખાસ આમંત્રણ આપ્યું. તેના અનુસંધાનમાં ગુજરાતથી કેટલાક આગેવાનો દિલ્હી જવા તૈયાર થયા. તે દિવસોમાં ગુજરાતમાં ભારે રેલસંકટ હતું. રેલવેવ્યવહાર બંધ હતો. સામાન્ય રીતે આવા કુદરતી હોનારતના સંજોગોમાં ગમે તે પ્રવાસ મુલતવી જ રહે, પરંતુ શ્રી ઉમિયા માતાજીની પ્રેરણા અને ધગશથી સંસ્થાનના સંચાલકોમાં દિલ્હીના ભાઈઓનાં દિલ નાખુશ ન થાય અને સમાજ જાગૃતિનો પ્રવાહ મોળો ન પડે-તેથી માતાજી સંસ્થાનના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠની આગેવાનીમાં એક પ્રતિનિધિમંડળ વિમાન મારફતે દિલ્હી જવા તૈયાર થયું. આ પ્રતિનિધિમંડળમાં પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠ, શ્રી મણિભાઈ મમ્મી, શ્રી ગોવિંદભાઈ એમ. પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ તથા શ્રી રણછોડભાઈ પટેલ હતા. શ્રી ઓધવજીભાઈ આર. પટેલ આવનાર હતા, પણ જઈ શક્યા નહી. આ પ્રતિનિધિમંડળ દિલ્હી વિમાનીમથકે પહોંચ્યું.

અહીં દિલ્હી કુર્મિ સમાજના આગેવાનો ડૉ. દિલાવરસિંહ જયસ્વાર (અધ્યક્ષ), શ્રી પી.સી.આર. પટેલ (મહામંત્રી) શ્રી રાજેન્દ્રસિંહજી, કાર્યકારી અધ્યક્ષ શ્રી રામકેવલ વર્માજી (ઉપાધ્યક્ષ), ડૉ. અરુણ સચાન (પ્રચારમંત્રી), મેજરશ્રી આલોકસિંહજી, શ્રી યોગેન્દ્રસિંહ તથા શ્રી કવિ પટેલ વગેરેએ ગુજરાતથી પધારેલા પ્રતિનિધિમંડળનું ફૂલહારથી ઉષ્માભર્યું સ્વાગત કર્યું. તેમને સ્વામીનારાયણ મંદિર ખાતે ઉતારો આપ્યો. અહીં કુર્મિક્ષત્રિય સમાજ-

દિલ્હી, પટેલ સેવા સંસ્થાન - ગાઝિયાબાદ વગેરેના અગ્રણીઓની રાતના ૧.૩૦ વાગ્યા સુધી બેઠક થઈ. જેમાં સમાજની એકતા, ભાઈચારો અને સંગઠન અંગે તેમજ સમાજઉત્કર્ષ અને વિકાસના પાસાઓની વિગતે ચર્ચા થઈ. બીજા દિવસે સવારે પણ ગાઝિયાબાદમાં પછી નોર્થ એવન્યુ-દિલ્હીમાં ત્યાંના સર્વ કુર્મિ સમાજના આગેવાનો સાથે બેઠક થઈ. બંને પક્ષે એકબીજાનો પરિચય થયો. વાતાવરણ ખુશીનું હતું. સમાજ માટે કંઈક કરી છૂટવાની તમન્ના હતી. આ પ્રસંગે શ્રી મણિભાઈ મમ્મીએ પોતાની જોશીલી જબાનમાં આપણે સમાજ માટે શું કરી શકીએ અને જ્યારે સમાજને હવે નવા સમય સાથે જોડવો છે - ત્યારે આપણે શું ફરજ બજાવવાની છે, તે અંગે શિક્ષણ, કુરિવાજો, કુરૂઢિઓ, વ્યસનમુક્તિ, દહેજ નાબૂદી, સમૂહલગ્નો, સહકારી પ્રવૃત્તિઓ વગેરેને આવરી લેતી આ નાનકડી સંપર્કયાત્રાનો હેતુ સમજાવ્યો. અવારનવાર મધ્ય પ્રદેશની સમાજયાત્રાઓ અને સંપર્કોથી ત્યાં નવી દિશાઓ ખૂલી-વિકાસ તરફી આગેકૂચ ચાલી, તેમજ દિલ્હી, યુ.પી.ની પણ સમાજયાત્રાઓ અને સંપર્કસૂત્રો ચાલુ રાખવા નક્કી થયું. અને આ ગુજરાતના આગેવાનો તે દિવસે સાંજે વિમાન મારફતે પરત ગુજરાત આવ્યા. તેમણે દિલ્હી, યુ.પી.થી એક સમાજયાત્રા ગુજરાત આવે અને સંપર્ક ચાલુ રહે, તેમ આમંત્રણ પણ આપ્યું.

ઉત્તર પ્રદેશથી ગુજરાતની સમાજયાત્રા

ગુજરાતના આગેવાનો રેલસંકટ હોવા છતાં દિલ્હીના સંપર્ક માટે ગયા. આવા અસામાન્ય સંજોગોમાં પણ જો યાત્રા થાય - તો તેમાં મા ઉમિયાની પ્રેરણા જ કામ કરી રહી હોય, તેમ સ્પષ્ટ જણાઈ આવે છે. દિલ્હીવાળાઓને પણ ગુજરાતનું વિશેષ આકર્ષણ જણાઈ આવે છે. આથી ગુજરાતનું નાનું પ્રતિનિધિમંડળ દિલ્હી જઈ આવ્યું અને દિલ્હીને વળતી ગુજરાતની સમાજયાત્રા માટે આમંત્રણ આપ્યું. ત્યારે એ વાતને કવિ પટેલે દિલ્હી ખાતે આગળ ધપાવી. દિલ્હીના આગેવાનોએ ગુજરાતની સમાજયાત્રાની તૈયારી કરી. જેમાં ડૉ. દિલાવરસિંહ પટેલ, શ્રી સી.બી. સીંગ, શ્રી પી. સી. આર. પટેલ, શ્રી રાજેન્દ્રસિંહ, ડૉ. અરુણ સચાન વગેરેની આગેવાનીમાં તા. ૧૨ સપ્ટેમ્બરથી તા. ૧૭ સપ્ટેમ્બર-૧૯૯૮ દરમિયાન ૪૬ પ્રતિનિધિઓ જેમાં

૨૬ પુરુષ અને ૨૦ સ્ત્રીઓ તથા બાળકો દિલ્હીમેલ દ્વારા ઊંઝા - ગુજરાતના પ્રવાસે આવ્યાં. અહીં તેમનું ઊંઝા ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. મા ઉમિયાની કારોબારીના સભ્યો પણ હાજર હતા. આ પ્રતિનિધિમંડળમાં રાજસ્થાનના પણ બે સભ્યો શ્રી જોધારામ પટેલ અને શ્રી ધનરાજ પટેલ - સ્ટેશનથી જ દાખલ થયા.

ઊંઝા આવ્યા બાદ આ દિલ્હી તેમજ યુ.પી.ના એક જ જ્ઞાતિભાઈઓને ગુજરાતનાં વિવિધ સ્થળોએ ફેરવવામાં આવ્યા. શૈક્ષણિક સંકુલો - છાત્રાલયો, અંબાજી, બેચરાજી, સોલા, અમદાવાદ, સાબરમતી આશ્રમ, ચંદ્રાલા, ધરતી વિકાસમંડળ, દ્વારકા જેવાં ધાર્મિકસ્થળો, દૂધસાગર ડેરી, મોઢેરા, કડી, ગાંધીનગર, ખેડા - અમૂલ ડેરી, વડોદરા, કરમસદ, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર વગેરે જગ્યાઓએ ઉદ્યોગગૃહો તેમજ ઐતિહાસિક સ્થળોની પણ મુલાકાત કરાવી.

આ પ્રતિનિધિઓ ગુજરાત ખાતે પાટીદાર સમાજનો શૈક્ષણિક વિકાસ, આર્થિક પ્રગતિ, અને રાજકીય પ્રભાવ જોઈ અચંબો પામી ગયા. સાથેસાથે સામાજિક પ્રગતિ, જીવનધોરણની પદ્ધતિ, ખેતી વિકાસ-વૈજ્ઞાનિક પદ્ધતિ, સુધારેલાં બિયારણ, ખાતર વગેરે જોઈ ખૂબ જ પ્રભાવિત થયા. તેમની સાથે રહીને ગુજરાતની યાત્રા કરાવી. તેમને ખૂબ આનંદ થયો. આત્મીયતા વધી.

આ દિલ્હી, યુ.પી. અને રાજસ્થાનની સમાજયાત્રાની સ્મૃતિએ દિલ્હીવાસીઓમાં એક વાત પેદા કરી કે આખો પાટીદાર સમાજ એકતાના પંથે આગળ વધે. આ ખ્યાલથી દિલ્હીવાળાઓએ શ્રી કવિ પટેલના પ્રયત્નોથી હવે ગુજરાતનું પ્રતિનિધિમંડળ યુ.પી., દિલ્હીના પ્રવાસે આવે તેવો તીવ્ર પ્રતિભાવ ઊભો થયો. શ્રી કવિ પટેલના પ્રયત્નો ફળ્યા. તેમણે સર્વ દિલ્હી યુ.પી.ના આગેવાન મિત્રો સાથે રહીને યુ.પી.નો પ્રવાસ તૈયાર કર્યો. તેમણે ગુજરાતના આગેવાનોને ઊંઝા ખાતે સતત સંપર્કમાં રહી યુ.પી.ની સમાજયાત્રા માટે તૈયાર કર્યા. શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના દીર્ઘદષ્ટા અને ભાવિના સંકેતોને ઝીલનારા આગેવાનોએ માત્ર ઊંઝાના જ નહિ, પણ ગુજરાતભરના જુદાંજુદાં ક્ષેત્રોના પ્રતિભાવંત આગેવાનોનો સંપર્ક કરી, ગુજરાતના ક્રીમ (નવનીત) સમાન વ્યક્તિત્વોને યુ.પી.ની યાત્રા માટે તૈયાર

કર્યા. છેલ્લે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખ શ્રી કેશુભાઈ પટેલ અને ઉપપ્રમુખશ્રી ઓધવજીભાઈ આર. પટેલની આગેવાનીમાં તા. ૭-૧૦-૨૦૦૦થી તા. ૧૫-૧૦-૨૦૦૦ સુધી યુ.પી.-દિલ્હીની સમાજયાત્રાએ જવાની તૈયારી કરી.

ઉત્તર પ્રદેશની સમાજયાત્રા

દિલ્હી, યુ.પી.ના કાર્યકરોએ ઊંઝા ખાતે સતત સંપર્કમાં રહી યુ.પી.ની સમાજયાત્રાનો કાર્યક્રમ તૈયાર કર્યો. પરિણામે ગુજરાત કચ્છ-સૌરાષ્ટ્રના સર્વ સમાજયાત્રામાં સામેલ થનાર ભાઈઓને તા. ૫-૧૦-૨૦૦૦ની સાંજ સુધીમાં ઊંઝા પહોંચી જવા જાણ કરી. શ્રી વિક્રમભાઈ પટેલે સર્વ કાર્યક્રમ અને લક્ઝરી બસની પૂર્ણ તૈયારી કરી રાખી હતી.

આમ તા. ૬-૧૦-૨૦૦૦ના રોજ કુલ ૫૫ ગુજરાતના યાત્રીઓ લક્ઝરી બસ તેમજ ખાનગી વાહનો દ્વારા તા. ૬-૧૦-૨૦૦૦ના રોજ સવારે ૭-૩૦ કલાકે દિલ્હી જવા રવાના થયા. ગુજરાતના સર્વ યાત્રીઓનો ઉત્સાહ પણ ઓર જ હતો. દરેકના દિલમાં નવો પ્રદેશ, નવું વાતાવરણ અને નવું જોમ જાણવાની ઇંતેજારી તો હતી જ પણ તે ઉપરાંત આમંત્રિત યુ.પી.ના ભાઈઓના પ્રથમ મિલનનો રોમાંચ જુદો જ હતો. સદીઓથી જુદા પડેલા ભાઈઓને મળવાનો અનેરો રોમાંચ અનુભવાતો હતો.

તા. ૬ના બપોરે શિહોરી (રાજસ્થાન) ખાતે બપોરનું ભોજન લીધું અને ત્યાંથી વિદાય થઈ રાત્રે ૯.૩૦ વાગ્યે જયપુર પહોંચ્યા. રાત્રિવિરામ અહીં ગુજરાતી સમાજમાં હતો. ત્યાં ઉતારાની વ્યવસ્થા થયા બાદ જમ્યા. રાત્રી ત્યાં જ પસાર કરી.

તા. ૭મીના સવારે જયપુરદર્શનનો કાર્યક્રમ પતાવ્યો. આ ઐતિહાસિક નગરી જોઈ સૌ આનંદિત થયા. બપોરે જમણ ગુજરાતીસમાજમાં જ પત્યું. તે બાદ ત્યાંથી દિલ્હી તરફ પ્રયાણ કર્યું. લાંબી મુસાફરી હોવા છતાં અને સર્વ આગેવાનો ઉંમરલાયક લગભગ ૫૫-૬૦ની કે તે ઉપરની ઉંમરના હોવા છતાં કોઈને થાક જેવું લાગતુ ન હતું, કારણ કે આ યાત્રાનો હેતુ જ ઉમદા હતો. જાણે વિસરાયેલા પરિવારબંધુઓને મળવાની આતુરતા હતી. છેવટે સાંજે ૬.૩૦ વાગ્યે અમારી યાત્રામંડળી દિલ્હી પહોંચી. અહીં અમને

સામે લેવા માટે હાઈવે પર દિલ્હીના ભાઈઓ આવ્યા હતા. તેઓ અમને સાંસદ ડૉ. અશોક પટેલના સાંસદ ક્વાર્ટર-નોર્થ એવન્યુ ખાતે લઈ આવ્યા. અહીં બગીચામાં દિલ્હીના ભાઈઓ વિશાળ સમુદાયમાં અમારા સ્વાગત માટે તૈયાર હતા.

દિલ્હીમાં સ્વાગત તા. ૭-૧૦-૨૦૦૦

અહીં અખિલ ભારતીય કુર્મિ પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - દિલ્હીના પ્રમુખશ્રી સી. બી. સિંઘ, મહામંત્રી શ્રી પી. સી. આર. પટેલ, ડૉ. દિલાવરસિંહ જયસ્વાર, ડૉ. અરુણ સચાન, શ્રી પી.સી. કટિયાર, શ્રીમતી પ્રેમલતા રાહી, શ્રી કવિ પટેલ તેમજ અન્ય આગેવાનોએ અમારું પુષ્પમાળાઓથી ભવ્ય સ્વાગત કર્યું. તે દિવસે વિજયાદશમી હતી. બંગલાની બાજુમાં રાવણદહનનો કાર્યક્રમ ચાલુ હતો. વિજયાદશમીએ અમારી વધામણી ફટાકડાના ધડાકા-ભડાકા સાથે થતી હોય તેમ લાગ્યું. ગુજરાત - દિલ્હીનું ભવ્ય મિલન હતું. સર્વના દિલમાં એક અનોખો ઉત્સાહ હતો.

સર્વ જગ્યાઓ પર ગોઠવાયા. શ્રી મણિભાઈ મમ્મીએ ગુજરાતના પ્રતિનિધિમંડળનો પરિચય આપ્યો અને યાત્રાના ઉદ્દેશને ટૂંકમાં વર્ણવ્યો. અત્રે એ પણ નોંધવું રહ્યું કે ગુજરાતના સમાજયાત્રીઓ સાથે મધ્ય પ્રદેશથી પણ શ્રી માંગીલાલ પાટીદાર અને શ્રી હરિશંકર પાટીદાર સામેલ થયા. દિલ્હી સંસ્થાના મહામંત્રી શ્રી પી. સી. આર. પટેલે ત્યાં ઉપસ્થિત દિલ્હીના સર્વ આગેવાનોનો પરિચય કરાવ્યો.

શ્રી મણિભાઈ મમ્મીએ યાત્રાનો હેતુ સમજાવતાં જણાવ્યું કે પાટીદાર સમાજ આખા ભારતવર્ષમાં ફેલાયેલો છે. તેમનું મૂળ અને કુળ એક જ છે. તેઓ ધરતીપુત્રો છે અને કૃષિ તેમનો વ્યવસાય છે. તેમનું જીવન પ્રકૃતિ સાથે જોડાયેલ છે, તે મહેનતકશ અને ઈમાનદાર છે. પાટીદારો ભારતભરમાં જુદી-જુદી જગ્યાઓએ ફેલાયેલા છે, પણ તેમની રહેણીકરણી, પહેરવેશ, રીતરિવાજો એકસમાન છે. આથી હવે સર્વએ સંગઠિત થવાની જરૂરિયાત છે અને સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ઉન્નતિ માટે એકઝૂટ થઈ પ્રયત્નો કરવા જોઈએ. આમ તેમણે આખી યાત્રા સમાજની એકતા અને જાગૃતિ માટે યોજાઈ છે અને સંગઠનની આવશ્યકતા છે, તેમ જણાવ્યું.

સામે દિલ્હી સંસ્થાનાં મંત્રી શ્રી પી.સી.આર. પટેલે જણાવ્યું કે ઉત્તર પ્રદેશ અને સમગ્ર ભારતમાં વસતા કુર્મિ ક્ષત્રિય પાટીદારો - પટેલ, પાટીદાર, સચાન, કટિયાર, કનોજિયા, ગંગવાર, વર્મા, સિંગ, જયસ્વાર, કુનબી, અમીન, ગાયકવાડ, પાટીલ વગેરે અટકોથી ઓળખાય છે. તેઓએ હવે એક થઈ એક જ અટક 'પટેલ' રાખી આપણી એક ઓળખાણ ઊભી કરવી જોઈએ. સાથે સાથે તેમણે ઉત્તર પ્રદેશની સમાજયાત્રાનો કાર્યક્રમ રજૂ કર્યો. તે બાદ ડૉ. દિલાવરસિંહ જયસ્વારે એકતા અને સંગઠન મજબૂત કરવા અપીલ કરી અને તેમની ગુજરાતયાત્રાનાં સંસ્મરણો યાદ કર્યાં. પછી દિલ્હી સંસ્થાના પ્રમુખ શ્રી સી.બી. સીંઘે ત્યાં અખિલ ભારતીય કુર્મિ પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - દિલ્હી નામની સંસ્થા રજિસ્ટર કરાવ્યાની જાણ કરી અને શ્રી ઉમિયા માતાજીનું મંદિર બાંધવાની વાત કરી. પછીથી મહિલા સાંસદ શ્રીમતી કુમકુમ રાયે પણ સંબોધન કર્યું. આ પ્રસંગે કુર્મિક્ષત્રિય શિવાજી સંઘ-ફરીદાબાદના સંરક્ષક શ્રી એસ.સી. કનોજિયા તરફથી ગુજરાત - મધ્ય પ્રદેશના સમાજયાત્રીઓને શ્રી ઉમિયા માતાજીના ચિત્રથી સુશોભિત સુંદર મોમેન્ટો ભેટ આપ્યો. બાદમાં નાસ્તો પતાવી રાત્રીરોકાણ અને ભોજન માટે સર્વને સૈનિક ફાર્મ બંગલા નં. ૨૦૧માં લઈ જવાયા. આ સૈનિક ફાર્મના માલિક શ્રી સતિશ ગંગવારે ફેમિલી સાથે હાજર રહી સમાજયાત્રીઓની સારી મહેમાનગતિ કરી.

સમાજયાત્રાનો કાર્યક્રમ


ગુજરાત - મધ્ય પ્રદેશના સમાજયાત્રીઓના પ્રવાસનું આયોજન હવે દિલ્હી-યુ.પી.ના આગેવાનોના હાથમાં હતું. તેમણે આખો કાર્યક્રમ દરેકનો સંપર્ક સાધી તૈયારી કર્યો હતો. જ્યાં જઈએ ત્યાં ભવ્ય સ્વાગત થતું હતું. કાર્યક્રમ નીચે મુજબ હતો.

દિલ્હી, આગ્રા, ઇટાવા (રાત્રિરોકાણ), બુધોલી, પુખરાયા, કાનપુર, (રાત્રી) ફતેહપુર, અલહાબાદ, વારાણસી (રાત્રી), આંબેડકરનગર, આઝમગઢ (રાત્રી), ગોરખપુર, સંત કબીરનગર, બસ્તી, ફૈઝાબાદ - અયોધ્યા (રાત્રી), બારાબાંકી, લખનઉ, સીતાપુર (રાત્રી), લખીમપુર ગોલા, બરેલી (રાત્રી)થી ગુજરાત તરફ જેનો નકશો નીચે મુજબ છે.

ઉત્તરપ્રદેશ સમાજયાત્રા

(તા. ૭-૧૦-૨૦૦૦ થી તા. ૧૫-૧૦-૨૦૦૦)

પ્રવાસ નક્શો



કાર્યક્રમની રૂપરેખા

આ સમાજયાત્રા દિલ્હી સંસ્થાના પ્રમુખ શ્રી સી. બી. સિંઘ તથા મહામંત્રી શ્રી પી.સી.આર.પટેલની આગેવાનીમાં ચાલી રહી હતી. આ મહાનુભાવો ઉપરાંત શ્રી સી.એલ. સિંહ, ડૉ. સચાન, શ્રી પ્રતાપ વર્મા, શ્રીમતી પ્રેમલતા રાહી વગેરે પણ યાત્રામાં અમારી સાથે જોડાયા હતા.

આગ્રા - તા. ૮-૧૦-૨૦૦૦

દિલ્હીના સૈનિક ફાર્મ ખાતે સવારે ચા-નાસ્તો લીધા બાદ ૭.૩૦ કલાકે આગ્રા તરફ પ્રયાણ કર્યું. આગ્રામાં પ્રવેશતાં આગ્રાના કુર્મિ યુવાનો મોટરસાઈકલો અને સ્કૂટરો લઈ અમને લેવા હાઈવે પર સામે આવ્યા હતા. આગ્રા ખાતે મોટી સંખ્યામાં બહેનો-ભાઈઓએ અમારું ફૂલહારથી સ્વાગત કર્યું. વિશેષતા એ હતી કે અહીંથી હર જગ્યાએ દરેક યાત્રીનું ફૂલહારથી સ્વાગત થતું - અહીં પણ થયું. અહીંના સમાજના અધ્યક્ષ શ્રી પ્રેમનારાયણ સિંધ અને ઉપાધ્યક્ષ શ્રી નગેન્દ્રપાલસિંઘે સરદાર વલ્લભભાઈ પટેલ ધર્મશાળા ખાતે શ્રી કેશુભાઈ શેઠનું અને શ્રી ઓ.આર. પટેલનું પુનઃ સ્વાગત કર્યું. અહીં સભામંચ પર સરદાર વલ્લભભાઈ પટેલ અને છત્રપતિ શિવાજીની છબિઓ વચ્ચે મા ઉમિયાની છબી હતી. અહીં અખિલ ભારતીય કુર્મિ મહાસભાનું ૧૧મું અધિવેશન પણ ઈ.સ. ૧૯૧૬માં યોજાયેલું. જેના પ્રમુખપદે ગુજરાતના બેરિસ્ટર શ્રી મગનભાઈ ચતુરભાઈ પટેલ હતા. અહીં સ્વાગત બાદ શ્રી મણિભાઈ મમ્મી, ડૉ. મફતલાલ પટેલ અને શ્રી સીતારામભાઈ પટેલે યાત્રાના હેતુ, વિકાસ અને સંગઠન બાબતે પ્રવચનો કર્યાં. બપોરનું ભોજન અહીં હતું.

ઇટાવા - તા. ૮-૧૦-૨૦૦૦

આગ્રામાં ઘણો સમય થયો. ઈટાવા ખાતે ૫.૩૦ના બદલે ૬.૩૦ વાગ્યે પહોંચ્યા. અહીં કે.કે. ઈન્ટરકોલેજના સભા હોલમાં બેઠક હતી. અહીંનું સંચાલન યુવાવર્ગના હાથમાં હતું. તેમનો ઉત્સાહ ખૂબ હતો. શ્રી રાજકુમાર વર્મા, શ્રી આશિષ પટેલની આગેવાનીમાં કાર્યક્રમ થયો. શ્રી અંબાલાલ ચારી અને શ્રી જયરામભાઈ વાંસજાલિયાએ પરિચયવિધિ કરી. શ્રી મણિભાઈ

મમ્મીએ યાત્રાનો હેતુ સમજાવ્યો. દહેજ, વ્યસનમુક્તિ, મૃત્યુભોજબંધી કરવા અને સંગઠિત થવા આહ્‌વાન કર્યું. ત્યાં ડીવાય.એસ.પી. શ્રી શ્રવણકુમાર પટેલે સમાજયાત્રા માટે ગુજરાતના પ્રતિનિધિઓને ભાવવિભોર બની લાખ-લાખ અભિનંદન આપ્યા. રાત્રે ભોજન લઈ ૧-૦૦ વાગ્યે સૂતા.

બુધોલી તા. ૯-૧૦-૨૦૦૦

સવારે ઇટાવાથી ચા-નાસ્તો પતાવી ૧૦-૦૦ વાગ્યે અમારી યાત્રા બુધૌલી પહોંચી. આ ગામની પાંચ હજારની વસતિ પૈકી ૨/૩ વસતિ કુર્મિ પાટીદારોની છે અને વ્યવસાય ખેતીનો છે. અહીં ગ્રામ વિકાસ ઈન્ટરકોલેજ અને વિદ્યાલય ખાતે દરેકનું પુષ્પમાળાથી સ્વાગત થયું. અહીં કાનપુર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભૂપેન્દ્રસિંહ સચાનની આગેવાનીમાં સભા થઈ. શ્રી મણિભાઈ મમ્મીએ વિદ્યાર્થીઓને સંબોધન કર્યું. અહીં શાળાના અપંગ વિદ્યાર્થીઓને શ્રી કેશુભાઈ શેઠે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા તરફથી ટ્રાઈસિકલ આપવાનું એલાન કર્યું.

પુખરાયા તા. ૯-૧૦-૨૦૦૦

બુધૌલીથી અમારી યાત્રા પુખરાયા લગભગ ૧-૦૦ વાગ્યે પહોંચી. અહીં હાઈવે પર પાંચ જીપો, ઘણાં સ્કૂટર પીળા ઝંડા લઈ યુવાનોએ કતારબંધ અમારું પાઈલોટિંગ કર્યું. જાણે કોઈ રાજકીય વી.વી.આઈ.પી. નેતા પધારતા હોય તેમ. ગામમાં અમારા સ્વાગત માટે કમાનો, ગેટ બનાવ્યા હતા. દરેક ગેટને શ્રી ઉમિયા માતાજી દ્વાર, શ્રી સરદાર પટેલ દ્વાર એવાં નામ આપેલાં હતાં. રસ્તા પર જુદાંજુદાં સૂત્રોનાં બેનરો લગાવ્યાં હતાં. વાજતે-ગાજતે અમને સભામંડપમાં લઈ જવામાં આવ્યા. સભા પટેલ ઈન્ટરકોલેજ ખાતે રાખેલ હતી. ત્યાં દરેકનું પુષ્પમાળાઓથી સ્વાગત થયું. સભા ખાતે ત્યાંના આગેવાનો શ્રી ભૂપેન્દ્રસિંહ સચાન-જિલ્લા પંચાયતના માજી પ્રમુખ,શ્રી કિરણસિંહ, શ્રી સંતોષકુમાર, શ્રી રામલખનસિંહ વગેરેએ દહેજપ્રથા, મૃત્યુભોજ જેવાં દૂષણો સાથેની વાસ્તવિક સામાજિક અને આર્થિક સ્થિતિનો ખ્યાલ આપ્યો. શ્રી સીતારામભાઈ પટેલ, ડો. અમૃતભાઈ પટેલ અને શ્રી મણિભાઈ મમ્મીએ સમયોનુચિત પ્રવચનો કર્યાં અને યાત્રાનો હેતુ તથા કુર્મિ

પાટીદારોના ઈતિહાસનો ખ્યાલ આપ્યો. સંગઠનની જોરદાર હિમાયત કરી. છેવટે ૨.૩૦ વાગ્યે ભોજન લીધું.

બરૌર તા. ૯-૧૦-૨૦૦૦

પુખરાયાથી યાત્રા બરૌર મોડેથી ૫-૦૦ વાગ્યે પહોંચી લોકો ઘણા સમયથી રાહ જોતા બેઠા હતા. અહીં પટેલ વિદ્યાલય ઈન્ટરકોલેજમાં સભા હતી. પરિચયવિધિ શ્રી વિશ્રામભાઈ રૂડાણીએ કરી. શ્રી પી.સી.આર. પટેલે કુર્મિ પાટીદારોને મા ઉમિયાની ધજા નીચે એક થવા સંબોધન કર્યું.

કાનપુર તા. ૯-૧૦-૨૦૦૦

કાનપુર સાંજના ૫-૦૦ વાગ્યાના બદલે છેક રાત્રે ૮-૧૫ વાગ્યે પહોંચ્યા. કાર્યક્રમ અને ઉતારો સચાન ગેસ્ટહાઉસ હોલ ખાતે હતો. અહીં પ્રવેશદ્વારે કુમકુમ તિલક અને પુષ્પમાળાથી દરેક યાત્રીનું સ્વાગત થયું. અખિલ ભારતીય કુર્મિ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગદેવપ્રસાદ કનોજિયા અને પ્રદેશમંત્રી જયકુમારસિંહ સાથે સમાજઉત્કર્ષ અને સંગઠન બાબતે ચર્ચા થઈ. રાત્રિભોજન ખૂબ મોડેથી લઈ વિરામ થયો.

ફતેહપુર તા. ૧૦-૧૦-૨૦૦૦

કાનપુરમાં સવારે ૭.૩૦ વાગ્યે કાનપુરના કલેક્ટર શ્રી કુર્મિ પાટીદાર હોવાથી તેમની મુલાકાતે ગયા. તે બાદ યાત્રા ફતેહપુર તરફ આગળ વધી. ફતેહપુરના સાંસદ ડો. અશોક પટેલ અમારા રસાલા સામે ઘણા દૂર આવ્યા હતા. તેમના નિવાસસ્થાન અને હોસ્પિટલે મંડપ ખાતે યાત્રીઓનું ફૂલહારથી સ્વાગત થયું. અહીં નાસ્તો કર્યો. હોસ્પિટલની મુલાકાત લીધી. ડો. અશોક પટેલે યાત્રીઓનું શાલ ઓઢાડી સ્વાગત કર્યું.

આગળની યાત્રા રક્ષપાલપુર તરફ ચાલી. રસ્તામાં પટેલનગર 'ચૌરાહા', શિવપુર વગેરે નાનાં ગામડાંના રસ્તા પર યાત્રાનાં સ્વાગતનાં બેનરો નજરે પડતાં હતાં. રસ્તાની બંને બાજુ લોકો 'આપ કા સ્વાગત હૈ'ના નારા બોલતા હતા. એક બે જગ્યાએ તો લોકોએ બસમાં જ યાત્રીઓનું ફૂલમાળાઓથી સ્વાગત કર્યું.

રક્ષપાલપુર તા. ૧૦-૧૦-૨૦૦૦

અમારી યાત્રા લગભગ બપોરે ૧૨-૩૦ વાગ્યે રક્ષપાલપુર આવી. ડૉ. અશોક પટેલ સાથે હતા. ગામમાં મોટો મંડપ તૈયાર કરેલો હતો. બેન્ડવાજા સાથે સ્વાગત થયું. ડો. અશોક પટેલે સભા સંબોધન કર્યું અને સંગઠનની આવશ્યકતા પર ભાર મૂક્યો. શ્રી મણિભાઈ મમ્મી અને શ્રી અંબાલાલ ચારીએ યાત્રા વિશે વિગતે ખ્યાલ આપ્યો.

ધાતા તા. ૧૦-૧૦-૨૦૦૦

રક્ષપાલપુરથી આગળ વધતાં માર્ગમાં મંજનપુર માધ્યમિક વિદ્યાલયમાં બાલિકાઓએ પુષ્પોથી યાત્રાનું સ્વાગત કર્યું. ત્યાથી વધુ રોકાયા વગર બપોરે ૧.૩૦ વાગ્યે ધાતા પહોંચ્યા. બસમાંથી ઉતરતાં પુષ્પમાળાઓથી યાત્રાનું સ્વાગત થયું. ધાતા ઈન્ટરકોલેજમાં કાર્યક્રમ હતો. કોલેજના વિદ્યાર્થીઓએ રોડની બંને બાજુ કતારબંધ ઊભા રહી ધ્વજ પતાકાઓથી સ્વાગત કર્યું. અહીં શ્રી મણિભાઈ મમ્મી અને ડૉ. મફતભાઈ પટેલે વિદ્યાર્થીઓને શીખરૂપ ઉદ્બોધન કર્યું. ડો. અશોક પટેલ અહીંથી પરત થયા.

અલાહાબાદ તા. ૧૦-૧૦-૨૦૦૦

અલાહાબાદ જતા રસ્તામાં ઉદ્હીનદુર્દ અને મનૌરી ગામ આવ્યાં. મનૌરી ખાતે બપોરથી સ્વજાતિ બંધુઓ યાત્રાની રાહ જોતા હતા. તે સાંજના ૫-૦૦ વાગ્યે ત્યાં પહોંચ્યા. અહીં ફૂલહાર અને નાસ્તા (જલપાન)થી સ્વાગત થયું. અહીં અખિલ ભારતીય પટેલ સંસ્થાન-અલાહાબાદના ઉપાધ્યક્ષ શ્રી વસંતલાલસિંગ યાત્રીઓને લેવા સામે આવ્યા હતા. અલાહાબાદ બપોરે ૧૨-૩૦ વાગ્યે પહોંચવાના બદલે અમો ૬.૩૦ વાગ્યે પહોંચ્યા. બપોરે યાત્રીઓ માટે ગુજરાતીસમાજમાં તૈયાર કરેલ ભોજન પણ ઠંડુ થઈ હતુ, જે સાંજે જમ્યા. બાદ સરદાર પટેલ સેવા સંસ્થાન ખાતે પહોંચ્યા. અહીં શ્રી વિશ્રામભાઈ રૂડાણીએ સમાજયાત્રા વિશે, સંગઠન વિશે ખ્યાલ આપ્યો. કાર્યક્રમ ઝડપથી પતાવી આગળ વારાણસી તરફ ચાલ્યા.

વારાણસી તા. ૧૦-૧૦-૨૦૦૦

વારાણસી ખાતે સરદાર પટેલ મેમોરિયલમાં ત્યાંના સ્વજાતિ બંધુઓ સાથે સાંજે ૭-૦૦ વાગ્યે કાર્યક્રમ હતો, પણ અમે રાત્રે ૧૧-૦૦ વાગ્યે

ત્યાં પહોંચ્યા. વારાણસીમાં પ્રવેશતાં બુદ્ધિ જીવીઓ, ડૉક્ટરો, એન્જિનિયરો પ્રોફેસરો વગેરેની પટેલ વિકાસમંચ-વારાણસી રસ્તા પર મંડપ બાંધી અમારા આગમનની રાહ જોતા હતા. રાત્રે ૧૧-૧૫ વાગ્યે પણ તેમની સાથે સભા થઈ. શ્રી મણિભાઈ મમ્મીએ સંગઠન વિશે અને યાત્રાના હેતુ વિશે ખ્યાલ આપ્યો. અહીંના તથા ત્યાંના બુદ્ધિજીવીઓ સાથે વૈચારિક આદાન-પ્રદાન થયું. સભા પતાવી રાત્રે ૧૨-૦૦ વાગ્યે પટેલ મેમોરિયલ ખાતે પણ સ્વાગત થયું. આટલું મોડું થયું છતાં સર્વે હાજર હતા. અહીં શ્રી જયરામભાઈ વાંસજાલીયા તથા શ્રી વિશ્રામબાઈ રૂડાણીએ યાત્રાનો ખ્યાલ આપ્યો. રાત્રે ૧.૩૦ વાગ્યે સૂતા.

બીજા દિવસે સવારે ગંગાઘાટે સ્નાન માટે ગયા. પછી હિન્દુ આસ્થાના પ્રતીક શ્રી કાશીવિશ્વનાથ મહાદેવનાં દર્શન કર્યાં. ત્યાંથી ૮-૩૦ વાગ્યે ચા-નાસ્તો કરી આંબેડકરનગર તરફ પ્રયાણ કર્યું.

ફતેહપુર - બડાગાંવ તા. ૧૧-૧૦-૨૦૦૦

વારાણસીથી બપોરે ૨-૦૦ વાગ્યે યાત્રા ફતેહપુર - બડાગાંવ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ મહાવિદ્યાલય ખાતે તૈયાર કરેલ સુંદર મંડપમાં યાત્રીઓનું સુંદર સ્વાગત થયું. અહીં શ્રી જયરામભાઈ વાંસજાળીયા, મનુભાઈ પટેલે પ્રવચનો કર્યાં. ત્યાં મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય શ્રી વિશ્વનાથ વર્મા અને પ્રબંધક શ્રી રામચંદ્ર વર્માએ પ્રતિભાવ આપ્યો. શ્રી મણિભાઈ મમ્મીએ પાટીદાર સમાજની ખાસિયતો વર્ણવી સર્વને સંગઠન માટે પ્રોત્સાહિત કર્યા. અત્રે ફતેહપુરમાં શ્રી કેશવલાલ શેઠના હાથે કુળદેવી શ્રી ઉમિયા માતાજીના મંદિરનો શિલાન્યાસ થયો. જે માતાજીનું ઉત્તર પ્રદેશ ખાતે પ્રથમ મંદિર બન્યું.

રાહુઆર - બદૌલી (આઝમગઢ) તા. ૧૧-૧૦-૨૦૦૦

ફતેહપુરથી ૪-૦૦ વાગ્યે નીકળી માદલપુર ખાતે ડૉ. જયરામ વર્માની આઈસ ફેક્ટરીમાં બપોરનું ભોજન સાંજના ૬-૦૦ વાગ્યે લીધું. ત્યાંથી રાત્રે ૮-૩૦ વાગ્યે રાહુઆર બદૌલી પહોંચ્યા. અહીંનો કાર્યક્રમ અભૂતપૂર્વ હતો. અમારું ભવ્ય સ્વાગત થયું. અહીં આજુબાજુના ૧૦ કિલોમીટરના વિસ્તારમાંથી લગભગ ૧૦-૧૫ હજાર લોકો એકત્રિત થયા હતા. આખું

કેમ્પસ ધજા-પતાકાઓથી શણગારેલ હતું. ઢોલ - ત્રાંસાંથી સ્વાગત થયું. લોકો સ્વાગત માટે બંને બાજુ કતારબંધ ઊભા હતા. 'સરદાર પટેલ અમર રહો', 'ઉમિયા માતકી જય'ના નારાઓથી સ્થળ ગાજી ઊઠ્યું હતું.

શ્રીકૃષ્ણા પટેલ મહાવિદ્યાલય ખાતે વિશાળ મંચ તૈયાર કરવામાં આવ્યો હતો. મંચ તરફ અમને દોરી જવામાં આવ્યા, જ્યાં ફૂલહારોથી દરેકનું સ્વાગત થયું. ત્યાંથી જલપાન (નાસ્તા) માટે ગયા. નાસ્તા બાદ ૯.૩૦ વાગ્યે કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.

ખાસ ધ્યાનપાત્ર વાત એ હતી કે આ વિદ્યાલયના પ્રબંધક શ્રી રામસકલસિંહ પટેલ એક સાદા, સરળ અને ગાંધીવાદી ઉમદા કાર્યકર છે. જેઓએ પોતાની સેવા દ્વારા આ પછાત વિસ્તારને ઠીકઠીક વિકસિત કર્યો છે. ખાદીની ટૂંકી ધોતી, સાદો સફેદ ઝભ્ભો એમનો પોષાક છે. શ્યામ વર્ણના છે. તેમને જોતાં કોઈને ખ્યાલ ના આવે કે આ માણસની આટલી શક્તિ હશે અને આ વિસ્તાર તેમના બોલ પર ગમે તે કરવા તૈયાર થતો હશે. તેમના વ્યક્તિત્વ અને પ્રભાવથી આ કાર્યક્રમમાં આટલી વસતિ આવી હતી. લોકો ટ્રેક્ટરો દ્વારા દૂરદૂરથી આવ્યા હતા.

કાર્યક્રમ સ્થળે મંચ પર મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને મા ઉમિયાનું ત્યાંના ચિત્રકારે તૈયાર કરેલ તૈલચિત્ર રાખવામાં આવ્યું હતું. આ ચિત્રોને શેઠ શ્રી કેશુભાઈ પટેલે ફૂલમાળાઓ અર્પિત કરી. મંચ પરના યાત્રીઓની ઓળખ શ્રી મણિભાઈ મમ્મીએ આપી. દરેક યાત્રીને મા ઉમિયાની છબિવાળો સુંદર મોમેન્ટો-'એવોર્ડ ઓફ ઓનર' ભેટ આપવામાં આવ્યો. દરેકનું ગરમ શાલથી સ્વાગત થયું. શ્રી રામસકલસિંહ પટેલે સ્વાગતપ્રવચન કર્યું. શ્રી મણિભાઈ મમ્મી એ યાત્રાનો હેતુ, ભારતમાં વસતા પાટીદારોની એકતા, સંગઠન વિશે તેમજ પાટીદારોની પ્રમાણિકતા, મહેનતની ખૂબીઓ વિશે, સમૂહલગ્નો યોજવા બાબતે લાંબું પ્રવચન આપ્યું. આ સિવાય મધ્ય પ્રદેશના શ્રી માંગીલાલ પાટીદારે ગુજરાતના પાટીદારોના સથવારે સમૂહલગ્નોનાં આયોજનો અને વિકાસ બાબતે મનનીય પ્રવચન કર્યું. દિલ્હીના શ્રી સી.બી. સિંઘ અને શ્રી પી.સી.આર. પટેલે પણ ગુજરાતની સમાજયાત્રાને બિરદાવી, પાટીદાર સંગઠનને મજબૂત બનાવવા હાકલ કરી. શ્રી કેશુભાઈ શેઠે યુ.પી.

ખાતે જ્યાં-જ્યાં સમૂહલગ્નો થાય ત્યાં દરેકને રૂ. ૫૦૦૦ આપવાનું એલાન કર્યું. શ્રી ઓ.આર. પટેલે આ સંસ્થાને ૧૧ ઘડિયાળો ભેટ આપવાની જાહેરાત કરી. અંતમાં શ્રી રામસકલસિંહ પટેલે મા ઉમિયાને જીવન સમર્પિત કરવાનું એલાન કર્યું અને યુ.પી. ખાતે પ્રથમ દહેજ વગર સમૂહલગ્નો કરવાની જાહેરાત કરી. છેવટે રાત્રે ૧.૩૦ વાગ્યે કાર્યક્રમ પૂરો થયો. ત્યારબાદ ભોજન થયું અને રાત્રે ૨.૩૦ વાગ્યે સૂતા.

બીજા દિવસ સવારે શ્રી કેશુભાઈ શેઠના હસ્તે વિદ્યાલય સંકુલ ખાતે શ્રી ઉમિયા હોલનું ખાતમુહૂર્ત થયું, જેમાં બધા જ યાત્રીઓ તરફથી રૂ. ૨૫,૦૦૦નું દાન આપવામાં આવ્યું.

ગોરખપુર - તા. ૧૨-૧૦-૨૦૦૦

રાહુવર-બદૌલીની સૌથી પ્રભાવક મુલાકાત બાદ સવારે ચા-નાસ્તો કરી ૮.૩૦ વાગ્યે ભાવભરી વિદાય લઈ અમે ગોરખપુર જવા ઊપડ્યા. ગોરખપુરના ડેપ્યુટી મેયર શ્રી જિતેન્દ્ર ચૌધરી પાંચ કિલોમીટર સામે લેવા આવ્યા હતા. અમારી યાત્રા જનતા ઇન્ટરકોલેજ ખાતે પહોંચી. અહીં પણ મંડપ સજાવેલો હતો. ચા-નાસ્તો કર્યો. આ સંસ્થા પૂર્વ સાંસદ શ્રી પંકજ ચૌધરીની હતી. તેમનાં માતાજી ઉજવલ ચૌધરી - પ્રમુખ શ્રી મહારાજગંજ જિલ્લા પંચાયત અને તેમનાં બહેન શ્રીમતી સાધના ચૌધરી-અધ્યક્ષ શ્રી સિદ્ધાર્થનગર જિલ્લા પંચાયત અને બનેવી શ્રી પપ્પુ ચૌધરી-ધારાસભ્ય સર્વેએ અમારું સ્વાગત કર્યું અને બેઠક થઈ. શ્રી નરસિંહ પટેલ - 'અજ્ઞાની'એ સ્વાગત પ્રવચન કર્યું. શ્રી મણિભાઈ મમ્મીએ યાત્રાનો હેતુ સમજાવ્યો. કુરૂઢિઓ દૂર કરવા જણાવ્યું. શ્રી સીતારામભાઈ જો. પટેલે શ્રી ઉમિયા માતાજી - ઊંઝાની સ્થાપનાનો ઇતિહાસ કહ્યો અને ભારતભરના કુર્મિ પાટીદારો માતાજીની ધજા નીચે એક બની સામાજિક - આર્થિક વિકાસ સાધે, તેવો અનુરોધ કર્યો. અહીંથી અમો સંત કબીરનગર રવાના થયા.

સંત કબીરનગર તા. ૧૨-૧૦-૨૦૦૦

અહીં પણ યાત્રીઓનું પુષ્પમાળાઓથી સ્વાગત થયું. ચા-નાસ્તો પતતાં સભા થઈ. શ્રી વિશ્રામભાઈ રૂડાણીએ સંબોધન કર્યું. સમાજયાત્રાનો હેતુ અને સંગઠન મજબૂત બનાવવા આહ્વાહન કર્યું. શ્રી રામલલિતજી-કિસાન

નેતાએ ભાવવિભોર થઈ ગુજરાતના આગેવાનો માટે ઉપકાર ભાવ દર્શાવ્યો. શ્રી રામાધાર ચૌધરી તરફથી દરેક યાત્રીને આકર્ષક ટુવાલની ભેટ મળી.

બસ્તી - તા. ૧૨-૧૦-૨૦૦૦

અમારી યાત્રા અહીં ૪-૧૫ વાગ્યે આવી. શ્રીરામપ્રસાદ ચૌધરી-પૂર્વ ધારાસભ્ય અને મંત્રી, શ્રી રામલલિત ચૌધરી, શ્રી શિવનારાયણ ચૌધરી-સંસ્થાના અધ્યક્ષ વગેરેએ પટેલ છાત્રાવાસ ખાતે અમારુ સ્વાગત કર્યું. ત્યારબાદ ૪.૩૦ વાગ્યે ભોજન કર્યું. બાદમાં કાર્યક્રમ શરૂ થયો. અહીં શ્રી એમ.સી. ચૌધરી અને શ્રી નરસિંહ પટેલ 'અજ્ઞાની' અમારી સાથે હતા.

શ્રી મણિભાઈ મમ્મીએ યાત્રીઓનો પરિચય આપ્યો અને યાત્રાનો હેતુ સમજાવ્યો. અહીં જુદા-જુદા નામધારી કુર્મિક્ષત્રિયો ઊંચનીચના ભેદમાં રાચે છે, તે સર્વે એક જ લોહીના છે, તેમ જણાવી સંગઠન મજબૂત કરવા તૈયાર થવા જણાવ્યું.

અયોધ્યા-ફૈઝાબાદ - તા. ૧૨-૧૦-૨૦૦૦

અયોધ્યા સાંજના ૫.૩૦ વાગ્યે પહોંચવાનું હતું, પરંતુ રાત્રે ૮.૩૦ વાગ્યે પહોંચ્યા. અહીં રામજન્મભૂમિ - બાબરી મસ્જિદના વિવાદને લઈને અમારી ગાડી અટકાવી. ત્યાં પી.એસ.આઈ.ને ગુજરાતના સમાજયાત્રીઓનો ખ્યાલ આપ્યો. જેથી તેઓ અમારી ગાડીમાં જ અમને અમારા જાનકીમહલના ઉતારે મૂકી ગયા. ત્યાં રાત્રે વિશ્રામ કર્યો.

બીજા દિવસે સવારે વહેલા ઊઠી સરયુમાં સ્નાન કર્યું અને રામલલ્લાના દર્શને ગયા. અહીં વિવાદને લીધે કડક સલામતીવ્યવસ્થા હતી. રામલલ્લાનાં તથા હનુમાન ગઢીએ દર્શન કરી અમો સવારે ૮.૩૦ વાગ્યે ત્યાંથી વિદાય થયા. [અહીં સભા જેવું કોઈ આયોજન થયું ન હતું.]

બારાબાંકી - તા. ૧૩-૧૦-૨૦૦૦

અહીં અમે સવારે ૧૧-૦૦ વાગ્યે આવ્યા. અહીં પાવરલૂમ, સોલ્વંટ ઉદ્યોગ, કેમિકલ્સ, ડાયમન્ડ ઈન્ડસ્ટ્રીઝ, ફાર્માસ્યુટિકલ્સ વગેરે ઉદ્યોગો પર કુર્મિ-સમાજની સારી પકડ છે. અહીં સરદાર પટેલ સંસ્થાન - પટેલનગર ખાતે કાર્યક્રમ હતો. સ્વાગત,માલ્યાર્પણ, ચા-નાસ્તો થયા બાદ કાર્યક્રમ શરૂ

થયો. સંસ્થાના અધ્યક્ષ શ્રી રમાપતિ વર્માએ સૌને આવકાર્યા. શ્રી મણિભાઈ મમ્મી અને શ્રી પી.સી.આર. પટેલ - દિલ્હીએ સભા સંબોધી. મણિભાઈએ ઉત્તર પ્રદેશની જમીન સારી તેમજ મબલખ પાણી છતાં ખેડૂત પછાત કેમ? તે પ્રશ્ન પૂછી ગુજરાતના મહેનતકશ ખેડૂતની આબાદીનો ખ્યાલ આપ્યો. શ્રી નારણભાઈ ડી. ધોળુ-કચ્છે સૂકી, રણની જમીનને મહેનતથી સાધ્ય કરી ઓછા પાણીએ પણ સારો પાક લઈ શકાય છે - તે સમજાવ્યું. આ પ્રસંગે ઉત્તર પ્રદેશના કૃષિમંત્રી શ્રી સંગ્રામસિંહ પણ ખાસ હાજર હતા.

લખનઉ તા. ૧૩-૧૦-૨૦૦૦

બારાબાંકીથી લખનઉ જતાં બપોરે ૧-૦૦ વાગ્યે શેખર હોસ્પિટલ - ઈન્દ્રનગરના ડોક્ટરોએ અમારુ સ્વાગત કર્યું. પરિચયવિધિ બાદ ચા-નાસ્તો પતાવી સભા થઈ. બાદ અમે લખનઉ પબ્લિક સ્કૂલ ખાતે ૨-૩૦ વાગ્યે પહોંચ્યા. સ્કૂલના અધ્યક્ષશ્રી એસ.પી. સિંઘ અને અન્ય મહાનુભાવોએ અમારુ ફૂલમાળાઓથી સ્વાગત કર્યું. અહીં શ્રી પી.સી.આર. પટેલ - દિલ્હી અને શ્રી મણિભાઈ મમ્મીએ સભા સંબોધી અને એકતા બનાવવા પર ભાર મૂક્યો. કુરૂઢિઓ દૂર કરવા જણાવ્યું. યુ.પી. ખાતે વસતિના ૧૮ ટકા કુર્મિક્ષત્રિયો છે, છતાં વેરવિખેર હોઈ કોઈ પ્રભાવ નથી - તો સંગઠિત બની પ્રભાવી બનવા ચર્ચા થઈ. શ્રી માંગીલાલ પાટીદારે ગુજરાતના સાથથી મધ્ય પ્રદેશમાં આવેલી જાગૃતિનું વર્ણન કર્યું. ડો. લીલાબહેન પટેલે પણ સ્ત્રીવિકાસ માટે સંબોધન કર્યું. અત્રે ઉત્તર પ્રદેશ સહકાર મંત્રી શ્રી રાજકુમાર વર્માએ પણ ચર્ચામાં ભાગ લીધો હતો. અહીં રાયબરેલીના પણ દસેક કાર્યકર્તાઓ આવ્યા હતા. કાર્યક્રમ બાદ બપોરનું ભોજન સાંજના ૪-૦૦ વાગ્યે કરી સાંજના ૫-૦૦ વાગ્યે ત્યાંથી સીતાપુર જવા રવાના થયા.

સીતાપુર તા. ૧૩-૧૦-૨૦૦૦

અહીં રાત્રે ૮-૦૦ વાગ્યે ઘણી મોટી સંખ્યામાં સ્વજાતિ બંધુઓએ અમારું ફૂલ માળાઓથી સ્વાગત કર્યું. રેસ્ટહાઉસમાં જલપાન (નાસ્તા)ની વ્યવસ્થા હતી. તે બાદ કાર્યક્રમ શરૂ થયો. સીતાપુરના સાંસદ શ્રી રાજેશ વર્મા હાજર હતા. જિલ્લા પંચાયત અધ્યક્ષ શ્રી મહેન્દ્રસિંહ વર્મા, શ્રી પ્રેમનાથ વર્મા, શ્રીમતી માલતી વર્મા, લખીમપુર જનપદના શ્રી ઓમપ્રકાશ પટેલ

વગેરે મહાનુભાવો હાજર હતા. અહીં પણ સુગરમિલો, ગોળના ભઠ્ઠા, પ્લાયવૂડ ફેક્ટરીઓ, ઇંટોના ભઠ્ઠા વગેરે ઉદ્યોગો પર આપણા બંધુઓનો કાબૂ છે - તેમ શ્રી એ.કે. કટિયારે જણાવ્યું. તેમના પૂર્વજો ઝાંસીની રાણીના લશ્કરમાં હતા. તેમણે પણ સંગઠનની અનિવાર્યતા પર ભાર મૂક્યો. શ્રી મણિભાઈ મમ્મીએ પરિચય વિધિ બાદ યાત્રાનો હેતુ વર્ણવ્યો. સાંસદ શ્રી રાજેશ વર્માએ ગુજરાતના આ સંગઠન પ્રયાસને બિરદાવ્યો. કાર્યક્રમ ૧૧-૦૦ વાગ્યે પતાવી ભોજન લઈ રેસ્ટહાઉસમાં રાત્રિવિરામ કર્યો.

બીજા દિવસે સવારે તૈયાર થઈ ત્યાંની પ્રખ્યાત આંખની હોસ્પિટલ જોવા ગયા. અહીં ગુજરાતીઓના ફાળાથી તૈયાર થયેલ ગુજરાતી વોર્ડ પણ છે. ત્યારબાદ લખીમપુર ગોલા તરફ પ્રયાણ કર્યું.

ગોલા તા. ૧૪-૧૦-૨૦૦૦

સીતાપુરથી સવારે ૯-૦૦ વાગ્યે અમે લખીમપુર તરફ નીકળ્યા. લગભગ ૧૧-૦૦ વાગ્યે ગોલા-ગોકરનનાથ આવ્યા. અહીં શ્રી ગોકરનનાથ મહાદેવના પ્રાચીન મંદિરે દર્શને ગયા.

આ મંદિરની દંતકથા છે કે શિવભક્ત રાવણ હરરોજ લંકાથી કૈલાસ મહાદેવજીની પૂજા અને દર્શને જતો. તેણે દરરોજ આમ મુસાફરી કરવાને બદલે ત્યાંથી મહાદેવજીનું શિવલિંગ લંકા લઈ જવા નક્કી કર્યું, જેથી રોજ કૈલાસ જવું મટે. તેણે શિવજીને પ્રસન્ન કરી લિંગરૂપે લંકા જવા પ્રાર્થના કરી. શિવજી સંમત થયા પણ રાવણને તે લિંગ રસ્તામાં ક્યાંય નીચે ન મૂકવા જણાવ્યું. જો તે લિંગને નીચે મૂકશે તો લિંગ ત્યાં જ રહેશે. રાવણ તે મુજબ લિંગ લઈને નીકળ્યો. રસ્તામાં આ ગોકરણનાથની ગોલાની જગ્યાએ રાવણને કુદરતી હાજતે જવાની તીવ્ર ઇચ્છા થઈ. રાવણે તે લિંગ ત્યાં ગાયો ચરાવતા ગોવાળને નીચે નહિ મૂકવાની સૂચના આપી સોંપ્યું. ગોવાળથી લિંગનું વજન સહન ન થયું. તે લિંગને ત્યાં મૂકી ભાગ્યો. લિંગ ત્યાં જ સ્થિર થયું. તે જ આ મંદિરમાંનું લિંગ છે.

ગોલામાં કુર્મિ ક્ષત્રિય કલ્યાણ સમિતિ તરફથી કંકુ-ચોખા અને ફૂલહારથી અમારું સ્વાગત થયું. કૃતક સમાજ ઇન્ટરકોલેજમાં કાર્યક્રમ હતો. અહીંના સાંસદ શ્રી રામસિંહ વર્મા, શ્રી કૌશલકુમાર વર્મા - વિધાયક, શ્રી

યશપાલ ચૌધરી-પૂર્વ વિદ્યાયક, શ્રી સાજનલાલ વર્મા-અધ્યક્ષ-લેન્ડ ડેવલપમેન્ટ બેન્ક, શ્રી કપિલ વર્મા - અધ્યક્ષ-જિલ્લા સહકારી બેન્ક વગેરે અગ્રણીઓ હાજર હતા. શ્રી પ્રહ્લાદભાઈ જે. પટેલે પરિચય આપ્યો. શ્રી મણિભાઈ મમ્મીએ યાત્રાનો હેતુ સમજાવ્યો. શ્રી સીતારામભાઈ જો. પટેલે પણ ગુજરાત - યુ.પી.ના કુર્મિ પાટીદારોના સમાજજીવનનું વિશ્લેષણ કર્યું. દિલ્હીવાલાઓએ પણ પ્રવચનો કર્યાં. કાર્યક્રમ ૨-૩૦ વાગ્યે પૂરો થયા બાદ ભોજન લઈ બરેલી તરફ યાત્રાપ્રયાણ થયું.

બરેલી તા. ૧૪-૧૦-૨૦૦૦

અમારી યાત્રા રાત્રે ૮-૦૦ વાગ્યે બરેલી પહોંચી. અહીં બરેલી અર્બન કો.ઓ. બેન્કના પટાંગણમાં કુર્મિક્ષત્રિય પાટીદાર સમાજ તરફથી ફૂલમાળાઓથી અમારું સ્વાગત થયું. જલપાન (નાસ્તા)ની વ્યવસ્થા હતી. બરેલી ખાતે ચાર રસ્તા પર સરદારસાહેબની મોટી પ્રતિમા રાખેલી છે, તે બરેલીમાં કુર્મિ પાટીદારો વધુ પ્રમાણમાં છે તે બતાવે છે. અહીંના સ્વજાતિ બંધુઓ સાથેની બેઠકમાં શ્રી મણિભાઈ મમ્મીએ યાત્રાનો હેતુ અને યુ.પી. ફર્યા બાદ થયેલ ત્યાંના સમાજદર્શન બાબતે વિગતે પ્રવચન આપ્યું. માંગીલાલ પાટીદારે મધ્ય પ્રદેશ ખાતે ગુજરાતના સહકારથી થયેલ સામાજિક પરિવર્તનનો ખ્યાલ આપ્યો. દિલ્હીના ભાઈઓએ પણ શ્રી ઉમિયા માતાજીના માધ્યમથી સંગઠન મજબૂત કરવા જણાવ્યું. બરેલીના ધારાસભ્ય શ્રી ભગવતશરણ ગંગવારે ગુજરાતનો સંદેશ ઝીલી સમાજવિકાસ સાધવા અનુરોધ કર્યો.

બરેલી ખાતેનો અમારી સમાજયાત્રાનો આ છેલ્લો પડાવ હતો. આ યાત્રા કાર્યક્રમ યોજવાનું અને અમારી સાથે રહી તેને સફળ બનાવવાનું આયોજન કરનાર દિલ્હીના આઠેય ભાઈઓ બીજા દિવસે અમારાથી છૂટા થઈ દિલ્હી પ્રયાણ કરવાના હતા. અમારી ગુજરાત ટીમે શ્રી કેશુભાઈ શેઠના હસ્તે તેમની આ ઉત્સાહભરી જહેમત બદલ તે દરેકનું શાલ ઓઢાડી સન્માન કર્યું અને આભારની લાગણી વ્યક્ત કરી. રાત્રે ૧૧-૦૦ વાગ્યે આ કાર્યક્રમ પતાવી ભોજન લઈ નિદ્રાધિન થયા.

બીજા દિવસે તા. ૧૫-૧૦-૨૦૦૦ના રોજ સવારે વહેલા નીકળવાનું હતું. ૬.૩૦ વાગ્યે તૈયાર થયા. ત્યાં અમારા આશ્ચર્ય વચ્ચે ભારતના

પેટ્રોલિયમ મંત્રી શ્રી સંતોષચંદ્ર ગંગવાર દિલ્હીથી ખાસ ગુજરાતના સમાજયાત્રીઓને મળવા વિમાન મારફતે વહેલી સવારે ત્રણ વાગ્યે આવીને અમારી રાહ જોતાં બેઠા હતા. તેઓ રાત્રે હાજર રહેનાર હતા, પણ કારણવશાત્ આવી શક્યા નહોતા. જેથી વહેલી સવારે ખાસ વિમાન મારફતે દોડતા આવ્યા હતા. બરેલી તેમનો મતવિસ્તાર હતો, જેથી ગુજરાતના સ્વજાતિ બંધુઓને મળવાના દિલના ઉમળકાને ન રોકી શક્યા અને આખી રાતનો ઉજાગરો કરી આવ્યા હતા. ગુજરાતના યાત્રીઓ સાથે મિલન થયું. ખૂબ જ સરળ વ્યતિત્વ છેલ્લા ચાર ટર્મથી ચૂંટાતા આવતા અને કેન્દ્રના મંત્રી હોવા છતાં નિર્દંભ હતા. તેમની સાથે મિટિંગ થઈ. સમાજયાત્રા વિશે પૂછપરછ થઈ. છેલ્લે તેમણે યાત્રીઓ માટે રસ્તામાં નાસ્તાની વ્યવસ્થા કરાવી આપી અને અમે વિદાય લીધી.

અમે બરેલીથી સવારે ૮-૩૦ વાગ્યે ગુજરાત તરફ નીકળ્યા. નીકળતાં સરદારસાહેબને પુષ્પમાળા ચડાવી. ત્યાંથી જયપુર રોકાઈ બીજા દિવસે ગુજરાત આવ્યા. આમ અમારી યુ.પી.ની સમાજયાત્રા પરિપૂર્ણ થઈ.

સમાજયાત્રા દરમિયાન ધ્યાન ખેંચતી બાબતો

૧. યુ.પી.ના લોકોનો પ્રેમ ખૂબ મળ્યો.
૨. દરેક જગ્યાએ દરેકનું ફૂલમાળાથી સ્વાગત
૩. નાસ્તો તો ખરો જ. - જે ફૂલ ડિશ જેટલો.
૪. ગુજરાતમાં વેવાઈની મહેમાનગતિ કરીએ, તેનાથી પણ અદકેરી મહેમાનગતિ માણી.
૫. જમીન સારી, મબલખ પાણી છતાં ખેડૂત આળસુ. જેથી વિકાસમાં પાછળ. સરખામણીએ ગુજરાતનો ખેડૂત ઓછી જમીન, ઓછું પાણી છતાં ખૂબ શ્રમથી વધુ ઉત્પાદન લે છે.
૬. દહેજ, વ્યસન, પ્રેતભોજન જેવાં વ્યસનોના પ્રભાવે આર્થિક બેહાલ- ગુજરાતમાં ખૂબ ઓછું જેથી આગળ.
૭. શિક્ષણમાં આગળ. આઇ.એ.એસ. વધુ પણ સમાજની ઓછી જાગૃતિને લીધે શૈક્ષણિક સંકુલો કે કન્યાકેળવણીમાં પાછળ- ગુજરાત શૈક્ષણિક રીતે આગળ પણ આઇ.એ.એસ. અધિકારીઓ ન ગણ્ય.

૮. સરકારનો પછાત જાતિનો અનામતનો લાભ મળે પણ માનસિક પછાતપણું સમાજના ઉચ્ચવર્ગ સાથે કદમ મિલાવી ન શકે. ગુજરાતમાં અનામતનો લાભ નથી, જેથી પછાતપણાની માનસિકતા નથી.

૯. હાથમાં બંદૂક જેવાં હથિયાર હોય, જલદી ગરમ થવાનો સ્વભાવ, ગુજરાતમાં તેવું નથી.

૧૦. મોટી સંખ્યામાં કુર્મિઓની વસતિ હોવા છતાં સરકાર પર પ્રભાવ ઓછો - ગુજરાત સરકારમાં ભાગીદારી તેમજ પ્રભાવ ઘણો.

૧૧. કન્યાકેળવણી નહિવત્, કન્યા છાત્રાલયો લગભગ નહીં જ - ગુજરાતમાં કન્યાકેળવણી માટે ખાસ ધ્યાન અપાય, કન્યા છાત્રાલયો પણ ઘણાં છે.

૧૨. કેળવણી તેમજ સામાજિક પછાતપણાને સહાયરૂપ થવા સામાજિક સંસ્થાઓ પ્રયત્નશીલ નથી, જ્યારે ગુજરાતમાં સંસ્થાઓ પ્રયત્નશીલ છે.

૧૩. યુ.પી. ખાતે જીવનધોરણનું પછાતપણું દેખાઈ આવે - ગુજરાતમાં જીવનધોરણની આગેકૂચ દેખાય.

૧૪. યુ.પી. ખાતે સ્વજાતિ બંધુની એકતા ઓછી - ગુજરાત તે બાબતે આગળ છે.

૧૫. યુ.પી.માં કુર્મિક્ષત્રિયોને સંગઠિત કરે તેવી આગળ પડતી કોઈ સંસ્થા નથી. ગુજરાતમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા તેમજ બીજાં મંદિરો અને સામાજિક સંસ્થાઓએ સંગઠનનું કામ ઉપાડી લીધું છે.

૧૬. સમાજના આર્થિક ધોવાણને અટકાવવા સમૂહલગ્નો જેવું કોઈ આયોજન નથી. ગુજરાતમાં આ બાબતે જાગૃતિ.

૧૭. યુ.પી.માં સરદારસાહેબ, શિવાજી મહારાજ અને શાહજી મહારાજ માટે અહોભાવ, જ્યારે સરદારસાહેબ ગુજરાતના હોવા છતાં તેવું માનપાન નથી.

સમાજયાત્રાની ફલશ્રુતિ

યુ.પી.ની આ સમાજયાત્રાએ ત્યાંના સમાજને વિચાર કરતો કરી મૂક્યો છે. સમાજયાત્રાના વિચારચિંતનનાં વાવેલાં બીજનો ફણગો રાહુવર - બદૌલી

- આઝમગઢ ખાતે શ્રી રામસકલસિંહ પટેલે ઉગાડ્યો. તેમણે સમાજયાત્રા વખતે સમૂહલગ્નો યોજવાની આપેલી ખાતરીનો અમલ ઈ.સ. ૨૦૦૧ની સાલથી શરૂ કર્યો. પ્રથમવાર તેમણે બીના દહેજ શાદી ૮૦ યુગલોની કરાવી. તે વખતે ઊંઝાથી શ્રી કેશુભાઈ શેઠ - પ્રમુખ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાની આગેવાનીમાં શ્રી ઓ.આર. પટેલ - ઉપપ્રમુખ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા અને અજન્ટા ઘડિયાળના માલિક, શ્રી મણિભાઈ મમ્મી, શ્રી વિક્રમભાઈ પટેલ, શ્રી સોમાભાઈ પટેલ, શ્રી પ્રહ્‌લાદભાઈ જે. પટેલ શ્રી શંકરભાઈ પટેલ અને શ્રી તુલસીભાઈ પટેલ હાજર રહ્યા હતા. તેમાં યુ.પી. સરકારના આઠ મંત્રીશ્રીઓ હાજર હતા. સરકાર માટે આ નવો પ્રયોગ હતો. તે જાણવા અને જોવા પણ ઘણા પદાધિકારીઓ હાજર રહ્યા. લગભગ ૫૦,૦૦૦થી એક લાખ માણસો હાજર હતા.

શ્રી રામસકલસિંહ પટેલ છેલ્લાં ચાર વર્ષથી આવાં સમૂહલગ્નો યોજે છે. ત્રણ વર્ષ ઊંઝાથી પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. દરેક વખતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા તરફથી દરેક કન્યાને પાનેતર, કંકુપડો અને માતાજીનો ફોટો ભેટ અપાય છે. પ્રથમ વખતે શ્રી ઓ.આર. પટેલે દરેક કન્યાને કાંડા ઘડિયાળ આપી હતી.

સમાજયાત્રાને લીધે ફતેહપુર - બડાગાંવ ખાતે મા ઉમિયાનું મંદિર બન્યું છે. દિલ્હી ખાતે પણ મંદિરનું આયોજન થઈ રહ્યું છે.

રાહુવર-બદૌલી સિવાય પણ અન્ય જગ્યાઓએ હવે સમૂહલગ્નો થવા લાગ્યાં છે.

સમાજસેવકોને વ્યસનમુક્તિ, પ્રેતભોજન બંધી દહેજબંધી, શૈક્ષણિક વિકાસ, આર્થિક વિકાસ, સરકારી પ્રવૃત્તિ વગેરે ગુજરાતમાં જોઈ યુ.પી.માં પણ આયોજન કરવામાં રસ જાગ્યો છે.

જુદી-જુદી અટકો બંધ કરી માત્ર 'પટેલ' લખવાનું ચાલુ થયું છે.

મા ઉમિયાને કુળદેવી તરીકે સ્વીકારવા લાગ્યા છે.

× × ×

ભારતભરમાં કૂર્મિ ક્ષત્રિયો ફેલાયેલા છે. તે જુદા જુદા પ્રદેશોમાં જુદા જુદા નામોથી ઓળખાય છે. હવે કૂર્મિ ક્ષત્રિય પ્રજાને જાણ થઈ છે કે તેઓ એક મહાજાતિ છે અને જુદાજુદા રાજ્યોમાંના દરેક પોતાના સ્વજાતિબંધુ છે.

દરેક એક્તા માટે અપેક્ષા રાખી રહ્યા છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, યુ.પી.ના ભાઈઓ એક બીજાની સમાજ યાત્રાઓથી સંપર્કમાં આવ્યા છે. તેઓ બધા સંગઠિત બને તે માટે તૈયાર છે. તેઓ મા ઉમિયાની ધજા નીચે એક્તા અને ભાઈચારો ઇચ્છે છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા ખાતે બિહાર, નેપાલ, મહારાષ્ટ્રના ભાઈઓ સંપર્ક કરી રહ્યા છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, યુ.પી. ખાતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ એક્તા માટે જે પ્રયત્નો કર્યા, અને સમાજયાત્રાઓ યોજી તેજ પ્રમાણે બિહાર, નેપાળ, મહારાષ્ટ્રમાં પણ યોજવા માટે આમંત્રિત કરી રહ્યા છે.

ભારતભરમાં દરેક રાજ્યોમાં જુદા જુદા નામે વસતી પટેલ જાતિ અંદાજે નવ કરોડથી પણ વધુ છે. તેમની એક્તા અને ભાઈચારો એ આગામી સમયની વાસ્તવિક્તા હશે અને આ મહાજાતિ ૨૧મી સદીમાં મા ઉમિયાને કુળદેવી સ્વીકારી તેની ધજા નીચે એક બનશે. એવી માની ઇચ્છા જણાય છે આ ભવિષ્યવાણી ટૂંક સમયમાં વાસ્તવિક્તા બનશે અને ભારતના વિકાસમાં એક મહત્ત્વનું અંગ હશે.

મા ઉમિયાના આશીર્વાદ આપણી સાથે જ છે!

સમાજયાત્રાના કાર્યક્રમની રૂપરેખા
(તા. ૭ ઓક્ટોબર-૨૦૦૦થી તા. ૧૫ ઓક્ટોબર-૨૦૦૦)

તારીખ	વાર	સમય	સ્થળ અને કાર્યક્રમ
૭-૧૦-૨૦૦૦	શનિવાર	૧૮-૦૦	ગુજરાતથી દિલ્હી આગમન. ૬૯, નોર્થ એવન્યુ પર. સ્વાગત મિલન.
		૧૮-૩૦	સૈનિક ફાર્મમાં રાત્રીભોજન, મુલાકાત અને રાત્રીવિશ્રામ
૮-૧૦-૨૦૦૦	રવિવાર	૭-૩૦	આગ્રા તરફ પ્રયાણ
		૧૧-૩૦	પટેલ ધર્મશાળા, આગ્રામાં સ્વજાતિ બંધુઓ સાથે મુલાકાત
		૧૪-૩૦	ઈટાવા તરફ પ્રસ્થાન
		૧૭-૩૦	કે.કે. ઈન્ટરકોલેજ ઈટાવામાં મુલાકાત તથા રાત્રીવિશ્રામ
૯-૧૦-૨૦૦	સોમવાર	૭-૩૦	કાનપુર તરફ પ્રયાણ
		૯-૩૦	શ્રીરામ અવતાર મહાવિદ્યાલય - બુધૌલીમાં મુલાકાત અને ચા-નાસ્તો.
		૧૧-૦૦	પુખરાયાઁમાં સામાજિક મુલાકાત
		૧૨-૩૦	પટેલ વિદ્યાપીઠ મહાવિદ્યાલય બરૌરમાં મુલાકાત
		૧૭-૦૦	કાનપુરમાં સ્વજાતિબંધુઓ સાથે મિલન અને રાત્રીરોકાણ
૧૦-૧૦-૨૦૦૦	મંગળવાર	૭-૦૦	અલાહાબાદ તરફ પ્રયાણ
		૯-૦૦	ફતેહપુરમાં ચા-નાસ્તો
		૧૨-૩૦	પટેલ સેવા સંસ્થાન-અલાહાબાદમાં મુલાકાત (મિટિંગ)
		૧૯-૦૦	સરદાર પટેલ મેમોરિયલ વારાણસીમાં મુલાકાત અને રાત્રીવિરામ
૧૧-૧૦-૨૦૦૦	બુધવાર	૬-૦૦	વારાણસીમાં ગંગાસ્નાન અને કાશીવિશ્વનાથનાં દર્શન

		૮-૦૦	આંબેડકરનગર તરફ પ્રયાણ
		૧૨-૦૦	શિક્ષણ સંસ્થાન-જલાલપુરમાં મુલાકાત (મિટિંગ)
		૧૪-૦૦	આઝમગઢ તરફ પ્રયાણ
		૧૭-૦૦	કૃષ્ણા પટેલ મહાવિદ્યાલય-રોહુઆરમાં સભા અને રાત્રીવિશ્રામ
૧૨-૧૦-૨૦૦૦	ગુરુવાર	૮-૦૦	ગોરખપુર તરફ પ્રયાણ
		૧૦-૦૦	ગોરખપુરમાં ચા-નાસ્તો
		૧૧-૩૦	સંત કબીરનગરમાં સંસ્થાનું નિરીક્ષણ અને મુલાકાત
		૧૨-૩૦	સરદાર પટેલ સંસ્થાન બસ્તીમાં મુલાકાત (મિટિંગ)
		૧૭-૩૦	ફૈઝાબાદ-અયોધ્યામાં જાનકીમહેલમાં મુલાકાત અને રાત્રીરોકાણ
૧૩-૧૦-૨૦૦૦	શુક્રવાર	૬-૩૦	અયોધ્યા મંદિર દર્શન
		૯-૦૦	લખનઉ તરફ પ્રયાણ
		૧૨-૦૦	પટેલ સેવા સંસ્થાન બારાબંકીમાં મુલાકાત (મિટિંગ)
		૧૩-૦૦	લખનઉ પબ્લિક સ્કૂલ-લખનઉમાં મુલાકાત (મિટિંગ)
		૧૬-૩૦	સીતાપુર તરફ પ્રયાણ
		૧૮-૦૦	સીતાપુરમાં મુલાકાત અને રાત્રીવિશ્રામ
૧૪-૧૦-૨૦૦૦	શનિવાર	૭-૩૦	લખીમપુર તરફ પ્રસ્થાન
		૧૧-૦૦	કૃષક સમાજ ઇન્ટરકોલેજ-ગોલામાં મુલાકાત.
		૧૪-૦૦	બરેલી તરફ પ્રયાણ
		૧૮-૦૦	બરેલીમાં મુલાકાત (મિટિંગ) અને રાત્રીવિશ્રામ
૧૫-૧૦-૨૦૦૦	રવિવાર	૮-૦૦	બરેલીમાં ચા-નાસ્તો, મુલાકાત
		૯-૦૦	ગુજરાત તરફ પ્રસ્થાન

ઉત્તર પ્રદેશ સમાજયાત્રાનો ઉપર્યુક્ત સમગ્ર કાર્યક્રમ અખિલ ભારતીય કુર્મિ પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. ઉત્તરપ્રદેશની સમગ્ર સમાજયાત્રાનું આયોજન પણ એ સંસ્થાનાં પ્રમુખ શ્રી સી. બી. સિંઘ અને મહામંત્રી શ્રી પી.સી.આર. પટેલ અને અન્ય સાથી કાર્યકર્તાઓએ કર્યું હતું. આથી આ ઉત્તર પ્રદેશ સમાજયાત્રામાં દિલ્હીથી શ્રી સી. બી. સિંઘ (પ્રમુખ), શ્રી પી.સી.આર. પટેલ (મહામંત્રી), શ્રી સી.એલ. સિંહ, ડૉ. સચાન, શ્રી પ્રતાપ વર્મા, શ્રીમતી પ્રેમલતા રાહી વગેરે પદાધિકારીઓ પણ અલગ વાહન (ટાટા સુમો) લઈ અમારી સાથે જોડાયા હતા.

ઉત્તર પ્રદેશ સમાજયાત્રામાં જોડાયેલ

ગુજરાત પ્રતિનિધિમંડળના સભ્યો

૧. શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ - સિદ્ધપુર
પ્રમુખ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા
પ્રમુખ, ઉત્તર ગુજરાત કેળવણી અને સંશોધન કેન્દ્ર, ખેરવા
પ્રમુખ, શ્રી અખિલ ભારતીય પાટીદાર સમાજ સંગઠન

૨. શ્રી બાબુભાઈ દીપચંદ પટેલ - સુરેન્દ્રનગર
ઉપપ્રમુખ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા
મંત્રી, અંધશાળા, સુરેન્દ્રનગર

૩. શ્રી ઓધવજીભાઈ આર. પટેલ-મોરબી
પ્રમુખ, શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ, મોરબી
ચેરમેન, શ્રી ઓર્પેટ ચેરિટેબલ ટ્રસ્ટ, મોરબી
પ્રોપ્રાઈટર, અજન્ટા ઘડિયાળ ફેક્ટરી, મોરબી
ઈન્ટરનેશનલ એવોર્ડ વિનર

૪. શ્રી મણિભાઈ ઈશ્વરલાલ પટેલ (મમ્મી) - ઊંઝા
મંત્રી, શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ-જ્યોતિરથ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા

૫. ડૉ. મફતલાલ જે. પટેલ - અમદાવાદ
ભૂતપૂર્વ તંત્રી, 'ધરતી' માસિક અમદાવાદ
ભૂતપૂર્વ ચેરમેન, અમદાવાદ જિલ્લા શિક્ષણ સમિતિ, જાણીતા લેખક અને સામાજિક કાર્યકર, કેળવણીકાર

૬. પ્રિ. ડૉ. અમૃતભાઈ પી. પટેલ - મક્તુપુર
પ્રિન્સિપાલ, મહિલા કોલેજ, વિજાપુર
શ્રી ઉમિયા માતાજી તેમજ કડવા પાટીદારના ઈતિહાસના લેખક, ઉત્તર ગુજરાતનાં લોકગીતોના સંપાદક

૭. પ્રિ. સોમાભાઈ વી. પટેલ - અમદાવાદ
નિવૃત્ત પ્રિન્સિપાલ, સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ - અમદાવાદ
ભૂતપૂર્વ તંત્રી અને હાલ સલાહકાર : 'ધરતી' માસિક, અમદાવાદ, જાણીતા સાહિત્યકાર, અમદાવાદ દૂરદર્શન કેન્દ્રમાં સમાચાર સંપાદન સહાયક

૮. પ્રિ. વિશ્રામભાઈ આર. રૂડાણી - અમદાવાદ
નિવૃત્ત પ્રિન્સિપાલ, મણિનગર સાયન્સ કોલેજ - અમદાવાદ
પ્રમુખ, અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર - સારસ્વત પરિવાર
આયોજક, શ્રી ઉમિયા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર, ઉમિયા કેમ્પસ, સોલા

૯. શ્રી સીતારામભાઈ જોઈતારામ પટેલ - ઊંઝા
ચેરમેન, પ્રચાર અને પ્રકાશન કમિટી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા
ભૂતપૂર્વ ઉપપ્રમુખ, નગર પ્રા. શિક્ષણ સમિતિ-ઊંઝા
ભૂતપૂર્વ પ્રમુખ, ઊંઝા નાગરિક સહકારી બેન્ક લિ.
ભૂતપૂર્વ ઉપપ્રમુખ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા
ભૂતપૂર્વ મંત્રી, કન્યા કેળવણી મંડળ - ઊંઝા

૧૦. પ્રિ. ડો. લીલાબહેન કેશવલાલ પટેલ - અમદાવાદ
નિવૃત્ત પ્રિન્સિપાલ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
ભૂતપૂર્વ સેનેટ સભ્ય, ગુજરાત યુનિવર્સિટી
ભૂતપૂર્વ સભ્ય-હાયર સેકન્ડરી બોર્ડ તેમજ સેકન્ડરી બોર્ડ, ગુજ. રાજ્ય

૧૧. શ્રી કરમશીભાઈ નાગજીભાઈ પટેલ - ભૂજ
તંત્રી, 'પાટીદાર સંદેશ અને એડ્વોકેટ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

૧૨. શ્રી મનુભાઈ કાન્તિલાલ પટેલ - લિમ્બડિયા
કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા
મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી ઉમા સંસ્કાર તીર્થ-ચંદ્રાલા, મંત્રી, નર્મદા જલરક્ષકસંઘ
પ્રમુખ, શ્રી ગુજરાત રાજ્ય ચેમ્બર ઓફ એગ્રિકલ્ચર

૧૩. શ્રી માધવલાલ ભોળીદાસ પટેલ - ઊંઝા
ચેરમેન, વિધવા-ત્યક્તા પેન્શન સહાય કમિટી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા, ટ્રસ્ટી, શ્રી ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા

૧૪. શ્રી અંબાલાલ નાથાલાલ પટેલ(ચારી) ઊંઝા
ચેરમેન, વિશ્રાંતિગૃહ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા
ભૂતપૂર્વ પ્રમુખ, ઊંઝા નગરપાલિકા
ભૂતપૂર્વ ડાયરેક્ટર, ગુજરાત રાજ્ય એસ.ટી. કોર્પોરેશન

૧૫. શ્રી પ્રહ્લાદભાઈ જોઈતારામ પટેલ - મહેસાણા
મંત્રી, ધરતી પરિવાર-મહેસાણા
ટ્રસ્ટી, શ્રી ગણપત વિદ્યાનગર - ખેરવા
આયોજક, શ્રી ગૃહિણી તાલીમ શિબિર

૧૬. શ્રી ઈશ્વરભાઈ જોઈતારામ પટેલ - અમદાવાદ
મેનેજિંગ ટ્રસ્ટી, ભારતીય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ

૧૭. શ્રી ખેતશીભાઈ ખુશાલભાઈ પટેલ - સુરેન્દ્રનગર
કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા
ભૂતપૂર્વ પ્રમુખ, શ્રી જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર

૧૮. શ્રી વિઠ્ઠલભાઈ અમથારામ પટેલ - ઊંઝા
કારોબારી સભ્ય અને ઈન્ટર્નલ ઓડિટર, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

૧૯. શ્રી કાન્તિભાઈ ચતુરદાસ પટેલ - ઊંઝા
સભ્ય, વિધવા-ત્યક્તા પેન્શન સહાય સર્વે કમિટી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

૨૦. શ્રી ત્રિભોવનભાઈ પુરુષોત્તમદાસ પટેલ - ઊંઝા
ચેરમેન, ભોજનાલય કમિટી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

૨૧. શ્રી મનુભાઈ નાથાલાલ પટેલ - કડી
મંત્રી, કડી તાલુકા ભવન-કડી
મેનેજિંગ ટ્રસ્ટી, દેવુ આઇઝ એન્ડ પોલિયો ચેરિટેબલ ટ્રસ્ટ, ડાયરેક્ટર, શ્રી કડી નાગરિક સહકારી બેન્ક લિ., ટ્રસ્ટી સદ્ભાવના ટ્રસ્ટ - કડી

૨૨. શ્રી મનીષભાઈ બાબુભાઈ ચાંગેલા-ગોંડલ
કો. ઓપ્ટ. સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા
પત્રકાર અને એડ્વોકેટ

૨૩. શ્રી ઈશ્વરભાઈ નાગરદાસ પટેલ (નેતા) વિસનગર
સેનેટ મેમ્બર, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણ, સામાજિક કાર્યકર

૨૪. શ્રી બેચરભાઈ રાયચંદદાસ પટેલ - ચાણસ્મા
પ્રમુખ - ચાણસ્મા નાગરિક સહકારી બેન્ક લિ.
ટ્રસ્ટી, શ્રી બહુચર માતાજી ટેમ્પલ, ટ્રસ્ટ, બેચરાજી

૨૫. શ્રી ગટોરભાઈ કાનજીભાઈ પટેલ - બોટાદ
કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા
ઉપપ્રમુખ, શ્રી ઉમિયા માતાજી મંદિર, સિદસર

૨૬. શ્રી જયરામભાઈ ગોવિંદભાઈ વાસજાલિયા - જામનગર
પ્રમુખ, શ્રી જામનગર જિલ્લા કડવા પાટીદાર સમાજ
પ્રમુખ, શ્રી ધ્રોલ-જોડિયા કડવા પાટીદાર છાત્રાલય
ટ્રસ્ટી, શ્રી અખિલ પાટીદાર એજ્યુકેશન મહાસંઘ
કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

૨૭. શ્રી શંકરલાલ કાનજીદાસ પટેલ - ઊંઝા
સામાજિક કાર્યકર, માનદ્ સેવક, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

૨૮. શ્રી બબાભાઈ રામચંદદાસ પટેલ - ઊંઝા
કો.ઓપ્ટ. કારોબારી સભ્ય અને આસિ. સેક્રેટરી, ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા

૨૯. શ્રી જીવરાજભાઈ ધનજીભાઈ પટેલ - વડાલી
કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા

૩૦. શ્રી માધવલાલ શંકરલાલ પટેલ - ચડાસણા
કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા

૩૧. શ્રી તુલસીભાઈ ડાહ્યાભાઈ પેટલ - સદાતપુરા
કો. ઓપ્ટ. કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

૩૨. શ્રી બાબુભાઈ ભગવાનદાસ પટેલ (વાસણવાળા) વિસનગર
કોર્પોરેટ - વિસનગર નગરપાલિકા
ઉપપ્રમુખ, શ્રી મહેસાણા જિલ્લા રાષ્ટ્રીય અંધકલ્યાણ સંઘ

૩૩. શ્રી ભાઈચંદભાઈ અમથારામ પટેલ - વિસનગર
ઉપપ્રમુખ, શ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ, વિસનગર
ડાયરેક્ટર, વિસનગર નાગરિક સહકારી બેન્ક લિ.
ટ્રસ્ટી, સાંકળચંદ પટેલ જનકલ્યાણ ટ્રસ્ટ-વિસનગર

૩૪. શ્રી જેઠાભાઈ મગનલાલ પટેલ - ઊંઝા
નિવૃત્ત પ્રાધ્યાપક, માનદ્ સંચાલક, ગર્લ્સ પોલિટેકનિક - ઊંઝા

૩૫. શ્રીમતી આનંદીબહેન અંબાલાલ પટેલ - મહેસાણા
ઉપપ્રમુખ, ધરતી પરિવાર, મહિલા વિભાગ-મહેસાણા
મંત્રી, શ્રી મહિલા મંડળ, મહેસાણા

૩૬. શ્રીમતી સુશીલાબહેન મોહનલાલ પટેલ - પાટણ
મહિલા સેવા, સામાજિક પ્રવૃત્તિઓ અને ધાર્મિક પ્રવૃત્તિઓ

૩૭. શ્રીમતી પુષ્પાબહેન પ્રહ્લાદભાઈ પટેલ - મહેસાણા
ઉપપ્રમુખ, શ્રી ધરતી પરિવાર, મહિલા વિભાગ-મહેસાણા
સહકાર્યકર, ગૃહિણી તાલીમ શિબિર

૩૮. શ્રી મનુભાઈ રમણલાલ પટેલ - વિરમગામ
પ્રમુખ, કડવા પાટીદાર પરિવાર, વિરમગામ
પ્રમુખ, પાંજરાપોળ, વિરમગામ

૩૯. શ્રી ચંદ્રકાંત બલદેવદાસ પટેલ- વિરમગામ
ડાયરેક્ટર, વિરમગામ મર્કન્ટાઈલ બેન્ક, વિરમગામ

૪૦. શ્રી ડુંગરભાઈ માવજીભાઈ પટેલ - વઢવાણ
પ્રમુખ, શ્રી સુરેન્દ્રનગર જિલ્લા કડવા પાટીદાર કેળવણી મંડળ

૪૧. શ્રી જાદવભાઈ ટપુભાઈ પટેલ - વઢવાણ
કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા

૪૨. શ્રી મણિભાઈ ભાઈલાલભાઈ પટેલ - ખંભાત
ટ્રસ્ટી, વટાદરા કેળવણી મંડળ

૪૩. શ્રી નરોત્તમભાઈ ત્રિભોવનદાસ પટેલ - વિસનગર
મંત્રી, શ્રી ના.વિ. કન્યા છાત્રાલય-વિસનગર
ડાયરેક્ટર, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિસનગર

૪૪. શ્રી પુરુષોત્તમભાઈ કુરજીભાઈ ફળદુ-રાજકોટ
ટ્રસ્ટી, શ્રી ઉમિયા માતાજી મંદિર - સિદસર
કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા
મંત્રી, પટેલ વિદ્યાર્થી આશ્રમ - પોરબંદર

૪૫. શ્રી કાનજીભાઈ રામજીભાઈ પટેલ - કલ્યાણપુર (ભૂજ)
કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા

૪૬. શ્રી નારણભાઈ હીરજીભાઈ ધોળુ - નાગલપુર (કચ્છ)
ઉપપ્રમુખ, શ્રી ઉમિયા માતાજી મંદિર, વાંઢાય
ચેરમેન, અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજ ન્યાય સમિતિ
સંચાલક, નખત્રાણા કચ્છ કડવા પાટીદાર કન્યા છાત્રાલય
ખેતી વિકાસ ક્ષેત્રે ગુજરાત રાજ્ય એવોર્ડ વિજેતા

૪૭. શ્રી ઈશ્વરલાલ હીરાભાઈ પટેલ - ખેરિયા કંપા (સાઠંબા)
કારોબારી સભ્ય શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા
ચેરમેન, અજબપુરા સેવા સહકારી મંડળી

૪૮. શ્રી જગજીવનભાઈ પોપટભાઈ વીરજા પીપરડી (રાજકોટ)
કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી મંદિર, સિદસર

૪૯. શ્રી બકોરભાઈ માધાભાઈ પટેલ - વદરાડ (સાબરકાંઠા)
કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા

૫૦. શ્રી રમણભાઈ મંગલદાસ પટેલ - વદરાડ (સાબરકાંઠા) સામાજિક કાર્યકર

૫૧. શ્રી મફતલાલ હરગોવનદાસ પટેલ - ઊંઝા
ભૂતપૂર્વ પ્રમુખ, ઊંઝા વેપારી મંડળ

૫૨. શ્રી વેલજીભાઈ હરિભાઈ પટેલ - મોરબી, સામાજિક કાર્યકર

૫૩. શ્રી કેશુભાઈ અમરશીભાઈ પટેલ - ધ્રાંગધ્રા, સામાજિક કાર્યકર

મધ્ય પ્રદેશના પ્રતિનિધિ સભ્યો

૫૪. શ્રી માંગીલાલ બી. પટેલ - મંડલેશ્વર (જિ. ખરગોન)
કારોબારી સભ્ય, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા
મંત્રી, શ્રી ઉમિયા ગર્લ્સ કોલેજ, મંડલેશ્વર (મ.પ્ર.)
સંયુક્ત મંત્રી, અ.ભા. પાટીદાર સમાજ શિક્ષા મહાસંઘ (મ.પ્ર.)

૫૫. શ્રી હરિશંકર બાબુલાલ પાટીદાર - કરહી, (જ. ખરગોન)
ભૂતપૂર્વ ટ્રસ્ટી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સોમાખેડી (મ.પ્ર.)

દિલ્હીના પ્રતિનિધિમંડળના સભ્યો

કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - દિલ્હીના નીચેના સાત સભ્યોએ (પદાધિકારીઓ) આ યાત્રાનું આયોજન કર્યું હતું અને તેઓ પણ આ સમાજયાત્રામાં જોડાયા હતા.

૧. શ્રી સી.બી. સિંહ – પ્રમુખ
૨. શ્રી પી.સી.આર. પટેલ – મહામંત્રી
૩. ડૉ. અરુણ સચાન – ખજાનચી
૪. શ્રી સી.એલ. સિંઘ – પ્રચારમંત્રી
૫. શ્રીમતી પ્રેમલતા રાહી – સંગઠનમંત્રી
૬. શ્રી પ્રતાપ વર્મા – સભ્ય
૭. શ્રી કવિ પટેલ-દિલ્હીવાલા – ગુજરાત-ઉ.પ્ર. સેતુરૂપ કાર્યકર

■ ● ■

આભારદર્શન

'શ્રી ઉમિયા માતાજી દર્શન' નામના આ પુસ્તકને તૈયાર કરવામાં જેમનો પણ સહયોગ પ્રાપ્ત થયો છે, તેમને આ પ્રસંગે યાદ કરી તેમનું ઋણ અદા કરવું જરૂરી છે.

૧. સ્વ. શ્રી પુરુષોત્તમદાસ લલ્લુભાઈ પરીખ - આ માણસે સૌપ્રથમ 'કણબી ક્ષત્રિય ઉત્પત્તિ ને ઈતિહાસ' નામનું પુસ્તક લખી મોટું કામ કર્યું છે. સંદર્ભગ્રંથ તરીકે આ પુસ્તક માટે તેમનો આભાર.

૨. શ્રી મંગુભાઈ પટેલ - કડવા પાટીદારોના ઈતિહાસ સંશોધનના તેમના સાહિત્ય દ્વારા અને હરવખતે તેમના પ્રોત્સાહન માટે તેમનો આભાર.

૩. શ્રી અમૃતભાઈ પટેલ - કડવા પાટીદારોના સર્વાંગી અભ્યાસ અને તેમનું પ્રકાશિત સાહિત્ય તેમજ રૂબરૂ સલાહ-સૂચનો, પ્રોત્સાહન અને આત્મીયતા બદલ તેમનો પણ આભાર.

૪. વહીવંચા બારોટો, શ્રી રજનીભાઈ બારોટ, શ્રી અરવિંદભાઈ બારોટ અને શ્રી જશુભાઈ બારોટ - સિદ્ધપુરના ભાઈઓ પાસે કડવા પાટીદારોના ઈતિહાસની સચવાયેલી વહીઓ કે જે અમને સહાયભૂત થઈ છે. તેમનો પણ ખૂબ ખૂબ આભાર.

૫. શ્રી મણીભાઈ મમ્મી-પૂર્વ ચેરમેન-પ્રચાર અને પ્રકાશન કમિટી - તેમણે આ પુસ્તક તૈયાર કરવામાં માર્ગદર્શન સલાહ સૂચન અને સતત પ્રોત્સાહન આપી સહાયભૂત બન્યા છે. તેમનો પણ ખૂબ આભારી છું.

■ ● ■

વર્તમાન પાટીદાર મુખપત્રો

સામયિકનું નામ	પ્રકાશન સ્થળ	કેટલા વર્ષથી
ધરતી	અમદાવાદ	૬૦
કડવા પાટીદાર પરિવાર	અમદાવાદ	૩૦
જય ઉમિયા	મહેસાણા	૨૭
પાટીદાર સંદેશ	અમદાવાદ	૨૫
ઉમિયાદર્શન	અમદાવાદ	૨૨
પાટીદાર સૌરભ	નખત્રાણા	૧૫
ઉમિયા પરિવાર	સિદસર	૧૪
ઉમા દર્પણ	વાંઢાય	૧૦
ઉમા વાણી	સુરત	૧૦


શ્રી ઉમિયા માતાજીની સંસ્થાઓના ટેલિફોન નંબરો

૧. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા
ફોન : (૦૨૭૬૭) ૨૪૫૪૭૨, ૨૪૫૯૭૨, ૨૪૫૭૭૪
ફેક્સ : ૨૪૫૭૭૨

૨. શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ-અંબાજી
ફોન : (૦૨૭૪) ૯૨૬૨૧૬૯

૩. શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ-બહુચરાજી
ફોન : (૦૨૭૩૪) ૨૮૬૩૩૦

૪. શ્રી ઉમિયા માતાજી કેમ્પસ-સોલા, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૭૪૭૫૯૫૮, ૨૭૪૭૨૬૮૬


ઉમિયા જ્યોતિ રથ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી
ઊંઝા (ઉત્તર-ગુજરાત)